

કુમાર

સંસ્થાપક રવિશંકર રાવળ



મરમેઈડ · કોપનહાગનના બારામાંનું સુંદર શિલ્પ · જુઓ આ અંકમાં રંગગઠરિયાં

વર્ષ ૩૯ · અંક ૭ તંત્રી · બચુભાઈ રાવત જુલાઈ ઈ. ૧૯૬૩



માછીમાર (કપડા પર બાટીક પદ્ધતિએ કરેલું ચિત્ર) ચિત્રકાર - કોકિલાબહેન દેસાઈ (બ્લૉક ગુજરાત રાજ્યના સૌજન્યથી)   વધુ માટે જુઓ અંકમાં અન્યત્ર

વાચકો લખે છે

સુદાનમાં હું એક મહિનો ફર્યો તે વેળા સ્વ. સુકુમાર સેનની જે પ્રશંસા સાંભળી તેવી કદી કોઇ ભારતવાસીની, સોળેક દેશ ફર્યો તેમાં સાંભળી નથી. 'તંદલતી' ગામના સુદાનીઓ પાસેથી જાણવા મળ્યું: 'દુકાનદારને અહીં લોકો કહે છે કે સુકુમાર સેનના સોગંદ ખાઇને કહે કે માલ સારો છે તો અમે લઇએ.' એમની પૂર્ણકદની પ્રતિમા ખારતૂમમાં ખડી કરવાના હતા, તે હવે થઇ ગઇ હશે.

અને ત્યાંની સુકુમારે કરી આપેલી ચૂંટણી પછીની પહેલી વિધાનસભાનું ઉદ્ઘાટન (રામપાદુકાવત્) સુકુમાર સેનની તસવીર સમક્ષ કરવામાં આવ્યું હતું. ઉદ્ઘાટન કરવા બોલાવેલા, પણ આવી શકે તેમ નહોતું તેથી.

(સુરત) —નટવરલાલ માલવી

જૂન અંકમાં સ્વામી કૃષ્ણાનંદના પરિચયમાં સર્પદંશ માટે નરમૂત્રનો ઉલ્લેખ કેટલો સૂચક છે! શ્રી પદેજીએ 'આર્યભિષક્'માં નરમૂત્રને રેચક, ખારું, ઉષ્ણ, રસાયન, કડવું તથા રૂક્ષ કહેવા ઉપરાંત તે વિષ, આમ, કૃમિ, રક્તદોષ, વ્રણ, ત્વગ્દોષ, વાયુ, મેદ, કફ તથા પિત્તનો નાશ કરનારું કહીને 'વિષારી સર્પદંશ ઉપર પણ પાવાં' માટે જણાવે છે. મૂત્રમાં આવા ગુણો હોવા છતાં સામાન્ય રીતે તેના પ્રત્યે જનસમાજમાં સૂગ પ્રવર્તતી હોવાથી જ આપણો સમાજ તેના ફાયદાથી અજાણ છે. હાલમાં ભારત સેવક સમાજ તરફથી માનવમૂત્રનો જે પ્રચાર થઇ રહ્યો છે તે ખરેખર દલિત–પીડિત માટે આવકારપાત્ર છે.

(બીલીમોરા) —પ્રબોધ પુરોહિત

જૂન અંકમાં 'નાવલી નદીના તીરે' નામનું શ્રી છગનલાલ જાદવનું દૃશ્ય જોઇને જૂની યાદ તાજી થઈ. ત્યારે અમે હજી 'ચડ્ડી પહેરીને બહાર રખડતાં' શીખેલા. દૃશ્ય આજે થોડુંઘણું બદલાઇ ગયું છે. ડાબા હાથ તરફ જે ભીંત–બે બારીઓવાળી–દેખાય છે ત્યાં, હાલમાં જ અદ્યતન દુકાનો બની છે. વચ્ચેના ભાગમાં જે મકાન છે તે 'લાલજી મિસ્ત્રીની ઘંટી' હજુ પણ તેમજ છે. ફક્ત વચ્ચે જ્યાં પીળાશ પડતી ભીંત છે તે હાલ નથી. ત્યાં ઊંચી દુકાનો થઇ છે. મકાન ઉપરની ઘટા પણ હવે એટલી બધી રહી નથી. ડાબી તરફના ખૂણામાં દેખાતી લીમડી પણ હજુ છે.

આ બધું લખવાનું કારણ આ ચિત્રનું સર્જન થતું મેં નજરોનજર જોયું છે. જાદવભાઇએ જે બે લીંમડા નીચે બેસીને આ સ્કેચ કર્યો ત્યાં પણ હવે વિશાળ મકાન ઉપર લૉજ ને નીચે દુકાન, ઑફિસો, દવાખાનું વગેરે થઈ ગયું છે.

(અમરેલી) —ગજેન્દ્ર એસ. ભટ્ટ

(શ્રી રવિશંકર રાવળ ઉપરનો પત્ર)

આપની આત્મકથની બધી જ વયનાલોકોને આનંદ આપી શકે તેવી છે. આ કથની વાંચતાં આપના બાળપણનો તો ખયાલ આવે જ છે, પણ એ સમયના ગુજરાત ને સૌરાષ્ટ્રના લોકજીવનનો પણ સુંદર ચિતાર અમારી સામે તાદૃશ ખડો થાય છે. મારા પિતાજી કે જેમણે પોતાનું બાળપણ કાઠિયાવાડમાં ગાળેલું તેમનું કહેવું છે: 'આ આત્મકથામાં આવતાં લેખકનાં શૈશવસ્મરણો વાંચતાં મને પોતાનું બાળપણ યાદ આવ્યા વગર રહેતું નથી.'

આપની આ સ્મૃતિઓમાંનો એક પ્રસંગ તો ખાસ અત્યારના બધા જ વિદ્યાર્થીઓને બોધપ્રદ થઈ પડે એવો છે. અનેક નરસા છોકરાઓના સંસર્ગમાં આવવા છતાં આપ જે રીતે શુદ્ધિ જાળવી શકો છો તે અત્યારના સોબતની અસર પામેલા ઘણા યુવકોએ વાંચી વિચારી અમલમાં મૂકવા જેવું છે.

—ગૌરાંગ મહેતા

જૂન અંકમાં નવાં પ્રકાશનોમાં 'Bibliography of Stageable Plays in Indian Languages–Part 1'ની નોંધ લેવાઈ છે. આપણે ત્યાં રંગમંચ લાયક નાટકોની એક યા વધુ સંદર્ભસૂચિની જે ખોટ હતી તેની આ શરૂઆત થએલી જોઈ સર્વકોઈ નાટ્યપ્રેમીઓને આનંદ સહ ઉપયોગી માહિતી મળવા પામશે એ નક્કી. આ સારુ લાગતી વળગતી યુનિવર્સિટીને, નાટ્યસંઘને અને સંદર્ભસૂચિના નાટ્યકલા-વિશારદ સંપાદક શ્રી ચન્દ્રવદન સી. મહેતાને ધન્યવાદ ઘટે છે.

અત્રે એક સંબંધિત સૂચના કરવાની રજા લઈશ કે સૂચિનો બીજો ભાગ જ્યારે પ્રગટે ત્યારે તેમાં નાટ્યકલા (Histrionic Art)-ના અને અભિનયકલાના આપણી દેશી ભાષાઓમાં પ્રગટેલાં પુસ્તકોની ટીપ પણ સમાવવી કે જેથી આપણે ત્યાંનો નાટ્યઇતિહાસ સવિશેષ સમૃદ્ધ થવા પામે.

(કરાચી) —રુસ્તમ જમશેદજી દસ્તૂર

વૉલરસ એ પ્રાણી નાનું હોય છે ત્યારે તે જાડી, બરછટ અને આછી કથ્થાઈ રુંવાટીથી આચ્છાદિત હોય છે, પરંતુ આગળ જતાં તેની કરચલીઓવાળી ચામડી ઉપર વાળ રહેતા નથી. તેના જ વર્ગનું સીલ નામે પ્રાણી પણ આવી રુંવાટી ધરાવે છે, જે પ્રમાણમાં વધુ લીસી અને સુંવાળી હોય છે. આ પ્રાણીની બે મુખ્ય જાતિઓ સાંપડી છે: એક ઍન્ટલાન્ટિકમાં ગ્રીનલૅન્ડ અને લૅબ્રડર આગળ તથા બીજી પૅસિફિકમાં બેહરિંગ સી (Behring Sea) નામના ટાપુ*ઉપર.

(અમદાવાદ) —સુશ્રુત પટેલ

[*સીલ એ એક આખા વર્ગનું નામ છે, જેની અનેક જાત પૈકી એક તે વૉલરસ. 'બેરિંગ સી' સમુદ્રનું નામ છે, ટાપુનું નહિ.]

જૂન અંકમાં મુરબ્બીશ્રી હરિવલ્લભદાસ ભાયાણી 'શબ્દકથા: વસંત-વાસર'માં વર્ષાઋતુ માટે 'વરસાવો' એ રૂપ અત્યારે જળવાયું નથી એમ લખે છે; પણ એ શબ્દ આજે બનાસકાંઠાનાં ગામડાંમાં પ્રચલિત જ છે.

(વીરમગામ) —સુશીલા આર. પટેલ

અંક ૪૭૪: એવરેસ્ટના અમેરિકન આરોહણના લેખમાં 'હજી હમણાં સુધી અજેય રહેલા દુનિયાના એ ઉચ્ચોચ્ચ ને અડીખમ શિખર પર એક જ મહિનામાં એમણે ત્રણ વખત પગ મૂક્યો' એ વાંચીને આશ્ચર્ય થયું. શું આ શિખર હજી અજેય હતું? શું શેરપા તેનસિંગની સફળતા એ સફળતા ન હતી?

(મુંબઇ) —અમૃત પટેલ

[*'હજી હમણાં સુધી'નો અર્થ આપે જુદો કર્યો છે.]

અરીસાની પાછળની કલાઇ ઘસાઇ ગઈ હોય તો એટલી જ સરસ કલાઇ કઈ રીતે બનાવી શકાય?

(પાલણપુર) —રમણિક રાવળ

એપ્રિલના 'કુમાર'માં એક ભાઇએ શિલ્પ માટે ઠંડી ઋતુમાં સાબુ સુકાઈ જવાથી કાર્ય અઘરું બને છે તે માટે સૂચનો ઈચ્છયાં છે. તેના જવાબમાં: 'સાબુમાં હાલ હરીફાઇને ભાવે વેચવા માટે પૂરક પદાર્થો (ધોવાનો સોડા, સિલિકેટ સોડા, શંખજીરું, માટી વગેરે) મેળવવામાં આવે છે, જેથી સમય જતાં સાબુ અત્યંત સખત બને છે, ઉપર છારી જામે છે, દેખાવ બગડે છે; એટલે આવા પદાર્થો જેમાં સપ્રમાણ વપરાયા હોય એવો સાબુ વાપરવો કે ખાસ બનાવડાવવો. જુદાં જુદાં વનસ્પતિ

(અનુસંધાન પૃષ્ઠ ૨૭૩)

સાંકળિયું

જુલાઇ ૧૯૬૩ · અંક ૪૭૫

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૧૦; પરદેશમાં રૂ. ૧૪ અથવા શિ૦ ૨૧; છૂટક નકલ : રૂ. ૧-૨૫

અનુસંધાન] **વાચકો લખે છે** [પૃ. ૨૭૨થી

તેલોનો સાબુ પણ નરમ કે સખત પ્રકારનો બને છે. તલના તેલ કે ડોળિયા તેલ વડે બનેલો સાબુ નરમ પ્રકારનો બને છે. ઉપરાંત કૉસ્ટિક સોડા સાથે કૉસ્ટિક પોટાશનો વપરાશ કરવાથી કે ફક્ત કૉસ્ટિક પોટાશ વડે જ સાબુ બનાવવાથી તે નરમ પ્રકારનો બને છે. વળી આવો સૉફ્ટસોપ મિલ ઍાકઝીલીઅરીઝના વેપારીઓ પાસેથી તૈયાર પણ મળી શકે છે.

(ખીલોસ) —એમ. એમ. ટેઈલર

જૂન અંકમાં ડૉ. રઘુવીરની અવસાન-નોંધમાં જોનપુરથી ફરુખાબાદ જતાં નાગપુર નજીક મોટર એક વૃક્ષ સાથે અથડાતાં એમને ગંભીર ઈજા થયાનો ઉલ્લેખ છે. હકીકતમાં 'નાગપુર' નહિ પણ 'કાનપુર' જોઇએ.

એ જ અંકમાં છેલ્લા પાના ઉપર અફઘાનિસ્તાનના ઉલ્લેખમાં એ 'એકમાત્ર સાગરકાંઠા વિનાનો એશિયાઈ દેશ છે' એમ જણાવ્યું છે. જ્યારે એશિયામાં અફઘાનિસ્તાન, ટ્રાન્સજૉર્ડન, નેપાળ, લાઓસ અને મોંગોલિયાને પણ સાગરકાંઠો નથી.

(મુંબાઇ) —સુંદરજી રતનજી ગાલા

'કુમાર' અંક ૪૭૪માં (છેલ્લું પાનું) ફિરોઝશાહ રૂસ્તમજી મહેતાની 'અંક-ગમ્મતમાં' ૨૫+૭+૧૯૬૨=૩૨=૫ જોઇએ.

(બારડી) —દેવજી એચ. સાલીઆ

શ્રી જનાર્દન કલ્યાણજી મકવાણાએ શ્રી ન. મા. ભટ્ટે ભૂલ શોધવા મુજબ આપેલા સમીકરણની ભૂલની જે સમજૂતી આપી છે એમાં '૦' વિષેનાં પરિણામોમા ત્રીજા પરિણામમાં ભૂલ કરી છે. (૩) ક્ષ − ૦ = ૦ આપેલું છે તે ક્ષ − ૦ = ક્ષ હોવું જોઇએ. ક્ષ + ૦ = ક્ષની જેમ કોઈ પણ રકમમાં શૂન્ય ઉમેરો કે બાદ કરો તેથી રકમમાં કોઈ ફેરફાર થતો નથી.

(મેતા) —શંકરભાઇ પટેલ

[* આ ચર્ચા હવે બંધ કરવામાં આવે છે.]

OUR FRIENDS ABROAD

જગતસંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

પરદેશનાં જિજ્ઞાસુઓ

Morris Kirk, R.T.I. Box No 512, New Paltz, New York, U.S.A. આ ભાઈ હાથીદાંત તથા લાકડાના કોતરકામવાળી કલાત્મક વસ્તુઓ, ધાતુની કલાત્મક ચીજો વગેરેમાં ખાસ રસ ધરાવે છે અને એવી ચીજો બદલાથી યા ખરીદીને મેળવવા ચાહે છે.

P. H. Sharma Esqr. Sew Dass Rd., U. P. Carapichaima, P.O. TRINIDAD, B. W. I. આ ભાઇ નીચેનાં સ્થળો વિષે જાણવા ત્યાંના મિત્રો જોડે પત્રવ્યવહાર કરવા ઈચ્છે છે: ૧) જૂની ફ્રેન્ચ હકૂમત નીચેના ભારતના પ્રદેશો; ૨) મલબારકાંઠો; ૩) નર્મદાનો ખીણપ્રદેશ; ૪) શિવની ડિસ્ટ્રિક્ટ; ૫) રતનપુર; ૬) રાયપુર શહેર; ૭) જમ્મુ અને કાશ્મીરની સરહદ પરનું સુખચેનપુર.

તેઓ એતિહાસિક વિષયો, ગેબી બાબતો, પ્રાણીઓ, પક્ષીઓ, સરિસૃપ જીવો, છોડવા, વનસ્પતિ, જડીબુટ્ટી, બીઆં, રત્નો તથા કીમતી ખનિજ પથ્થરો વગેરે બાબતોમાં રસ ધરાવે છે અને તે બાબત વિચારોની આપલે કરવા ચાહે છે.

ભારતીય પત્રમિત્રો માગતી જર્મનીની બહેનો

(1)Gabrieke Munzberg. 205 Hamburg–Bergedorf, Holtenklinker strabe 104 (Germany). Age 15 interest viewcards, hand–ball, reading etc. She wants a boy of 16 to 18 years; (2) Canilla Hubseh. 205 Hamburg–Bergedorf, Weidenbaumsweg 34 (Germany). Age 15, swimming, bicyle–ride, dancing, music etc. A boy of 16 to 18; (3) Degmar Roggentin. 205 Hamburg–Bergedorf, Chrysander strabe 127 b (Germany) Age 15, dancing music reading etc. A boy of 16 to 18;(4) Ulrike Muller,205 Hamburg–Bergedorf, Golden–Amsteet Baum 28, (Germany) Age 14, music animals, botany, customs of other countries, reading etc. A girl of 14 to 16; (5) Christa Hofmann, 205 Hamburg–Bergedorf, August–Bepel–strabe 91 (Germany) Age 14, viewcards, swimming stamps etc. A girl of 14 to 15. (ઉલ્લેખ: ચન્દ્રવદન પરીખ: કોલભાટ લેન, ગો. માતાની ચાલ, કાલબાદેવી, મુંબાઈ-૨)

જર્મનીનાં નવાં પત્રમિત્રો

(દરેક સરનામાને છેડે Germany ઉમેરવું)

(1) Margit Leonhardt, Landshut/Bay., Herzog Wilhelm Str. 13–Age 17 f; stamps, postcards, reading, sport. (2) Helen Gruber, Regensburg, Margaretau 31–17 f; Stamps, politics, sport. (3) Christa Kloecker, Regensburg, Dornierstr. 3–16 f; dancing, swimming, jazz. (4) Ilke schlichenmaier, stuttgart–W., Senefelder Str. 45 a–15 f; general interests, (5) Gerda Hopfensitz. 7921 Biudstein, bei Heidenheim Brenz–14 f; stamps, sport, music, movies. (6) Sylvia Fink, Hamburg–Altona, Biernatzki Str. 4–17 f; sport, dancing, reading, music. (7) Elfy Losslin, Sinsheim/Els., Klosterbuckel–17 f; reading, dancing, swimming, music. (8) Anneliese Umlauf, Haab obb. Maria ward, Str. 24, Institute–18 f; music, sport, reading, stamps. (9) Angelika schikors, 5039 weiss, bei Koln, zum Hedelsberg 64–16 f; reading, stamps, music, languages. (10) Anneli Jaritz, Kassel, Giessbergs tr. 11–19 f; sport, music, history, languages. (11) Christel Adick, Muinster/westf., Juist weg 33–14 f; postcards, stamps, photography. (12) Gunther Grauf, 7101 Lowenstein, Teusserbad—19 m; general interests. (13) Alfred Kohl, Heimschule Weierhof, Post Mornheim/Pfalz—17m; music, stamps, reading. (14) Helga wankerl, Rothenburg o.d.T., Georgengasse 9—15 f; stamps, sport, world affairs. (15) Helga Heeren, 2941 Narp-Urarp, Ostfriesland—15 f; sports, drawing. (16) Gisela G. Baer, Coburg/ofr., Lange Gasse 24—23 f; general interests. (17) Ingrid Dank, Schockingen/wuirtt. b. Leonberg, Leonberger str. 11—16 f; stamps, postcards, reading, dancing. (18) Anneli Jaritz, Bad wildungen, Lau str. 26—19 f; general interests. (19) Ursula Berner, Backnang, Fr. List str. 14—16 f; stamps, languages, reading. (20) Heinz Ljidke, Fellinghausen, Krs. Siegen, Auf dem Hainchen 9—21 m; sport, music, dancing. (ચાલુ)

પરિવર્તન

· હરિણી ·

નીલ ગગનમાં જાણે પીળી ફળી વળી ધૂસર,
પીળચટ ધસી આવ્યાં અભ્રો, ચડે જયમ કો જ્વર;
ફગવી દઈ સૌ અંકુશોને મદોન્મત્ત વાયરો
ગજ સમ વછૂટ્યો ઘૂમી હ્યાં ત્યાં બધે અકળાયલો;
જીવિત તરુ ને વલ્લી જાણે પરસ્પર હૂંફથી
પલકમહીં તો પિંખાઈને ગયાં ધરતી ઢળી;
નીડ થકી ધકેલાયાં પંખીશિશુ — હજી પાંખના,
પવનફૂંકથી પર્ણો સૂકાં સમાં અવકાશમાં...

અજબ પલટો! ધીમેધીમે રહ્યું નભ ઝમેરી
શુચિધવલ ફોરાં — શું જુલ્મી ગયું ઉર કો દ્રવી!
ટપટપ ખૂલ્યાં બારીદ્વારો, પ્રફુલ્લિત ટોળકી
ધસી રહી બહિર્ ભીંજાવાને વીંઝંત કરાંગુલિ!
જલધરતણી પૂંઠેથી ત્યાં ઢળ્યું મધુરું સ્મિત,
પરણુપરણે જાણે ઊડ્યા ઝગી ઊજળા દીપ!

જશવંત લ. દેસાઈ

ગાન

· ગાન ·

આ શાંત સમીરનું ગાન
સાંભળો ઝાકળ દઈને કાન!
આ શાંત સમીરનું ગાન!
ગગન ઊડે ને પાંખથી વરસે આછેરો કલરવ!
નીંદર ભીંજાતી સરી જાય, વરતાય નહિ પદરવ!
નજર ઢળે ત્યાં—
ગાઈ ઊઠે આ ઘાસલિયાળું હણુહણુ મેદાન!
સાંભળો ઝાકળ દઈને કાન!

ક્ષિતિજ ઉપર કળીઓ ફૂટે, સવાર સારી મ્હેકે,
અમથી ભમતી સુરભિ મારે ભીતર આવી ગ્હેકે!
તરુવરમાં પર્ણોની મર્મર — કવિતાનો શો પ્રાણ!
સાંભળો ઝાકળ દઈને કાન!
આ શાંત સમીરનું ગાન!

યોસેફ મૅકવાન

મર્મર-ધ્વનિ

· મિશ્ર ·

'અશ્વત્થનાં પર્ણતણો ન પાર!
હું એક; શે સર્વ તણી જ સંગે
રમી શકું?' — એમ લહી સમીરણે
શાં નૈક રૂપ નિજ આત્મ વિષે લીધાં સજી!
કીધું અશું નર્તન સ્નિગ્ધ-સૌમ્ય
કે વૃક્ષની ભીતર કૈં સૂતેલાં
જાગી ઊઠ્યાં બીજ અનંત ભાવી
પર્ણો તણાં; દિશ સહસ્રમહીં મુદાભર્યો
પ્રેરી રહ્યાં મંજુલ મર્મર-ધ્વનિ!

શંભુપ્રસાદ જોશી

જતાં તું

· શિખરિણી ·

જતાં તું, ઘરમહીં
મને ભીંસી દેશે તુજ વિહિનતાનો અજગર.

વિચારું હું સાંજે, સહજ મનમાં, ઑફિસ વિષે:
પછીતે જે બારી અધખૂલી, ઉઘાડી મૃદુ હવા
દબાતાં ચંપાતાં ભરતી પગલાં (તું નવવધૂ
હતી ત્યારે પ્હેલી રજની વખતે દ્વાર ભીડતી
હળુ પાસે આવી મુજ નજીક); મેજે હલચલ
મચી પારેવાની ઋજુ પર સમા કાગળ વિશે
તરુનાં પર્ણોની ગતિ મળી જતાં (રોમ પુલકયાં
થયો જ્યારે તારો પ્રથમ મુજને સ્પર્શ); છબિ પે
પૂજામાં મૂકેલું ફૂલ પડી ગયું (ઓઠ પરનું
ઊના સિત્કારોએ ગહન મન શું મૌન તુજનું
ખર્યું); છેલ્લું બેઠું નળ ઉપરનું બુંદ, ટીખળો
હવા એને કાને 'ફૂક' કરતી કે બ્હાર છટકી.
ટીખળો
હવા પેઠે કાને 'ફૂક' કરતું કે કોણ વહી ગ્યું?
વિચારું હું સાંજે સહજ મનમાં, ઑફિસ વિષે.

ચિનુ મોદી

શાન્તિને

· હરિણી ·

જલધિજલમાં એકાન્તે તું સરી રહી સ્વસ્થ થૈ;
નભપટપરે વ્યાપી ગૈ તું બની નરી નીલિમા.

સઘન વનમાં મધ્યાહ્ને શી રમે રળિયામણી;
કમલસરમાં ચાલી સાથે સરે જહીં સારસ.

શરદપૂનમે પૃથ્વીને તું રસી રહી ચંદ્રિકા;
કલકલ કરી જંપ્યાં વ્હેળાં શમી રજની થતાં.

અવિરત હસે પ્રાચી માંહીં પ્રકાશપરાયણા;
ઋજુઋજુ બની જોતી રે'તી ધવાડતી વચ્છને.

શિશુવખ થકી જોતી ત્યારે નર્યું શું કુતૂહલ!
દરદભરી કો વાણી સુણી બની જતી સ્તબ્ધ તું.

મૃત શરીરના સાન્નિધ્યે હા! મૂંગી હીબકી રહી;
અરવ પગલે ચાલી સાથે નિસાસ ભરીભરી.

સરળ વચને ગાંધીકેરે બની જતી ગંગ શી;
પુલકિત થતી જોતાં જોતાં અખંડ કલાકૃતિ.

હિમગિરિ પરે રૂપો ધારે અનંત અનંત કૈં;
સરતી નીરવે પંખી જ્યાંહીં તરે છ હવા મહીં.

ગહન બનતી યોગીચિત્તે અખંડ સમાધિમાં;
સરક ઊપડે નેપથ્યો ત્યાં પરાત્પર બ્રહ્મ શી.

મહેન્દ્ર દવે

ગમે છતાં યે

ભલે હજો કંટક આ ગુલાબને,
ને શ્યામ હો કોકિલ સાવ કાળો,
છો રાત્રિ હો ગાઢ તમિસ્રઘેરી,
વ્હાલાં તો યે સુરભિ, સૂર ને રૂપ એનાં અધિક.

વિજયશંકર કામદાર

સ્મૃતિ

· ગાન ·

મ્હેલમ્હેલી રે રેલતી વીજે
ઝબકારો જ્યાં કીધો,
અંજવાળે તો એહના, મેં શો
મલક નેણે પીધો!

પથરાને ગવરાવતાં સુણ્યું
દૂરનાં ભાદરપૂર,
વાદળે રંગી ધરતી ધારે
મોરલા કેરું ઉર!

ઝૂમતેલા તટ-બાવળિયાના
ટપકે પીળા સાફા,
વડ ને લીમડા ડોલતા, જાણે
વેલડીઓના માફા!

ભેખડનાં પડ ધ્રસકી ધ્રસકી
જળમાં હિંડોળાય,
કાનસૂરીની તંગ કમાને
જળના ઘોડા ધાય!

મનમોજી ઓવાળિયાં રમે
જળમાં ડૂબકીદાવ
એકતારા શું શિવના દ્હેરે
પડઘે અલખ ભાવ.

ઓઢિયાં અને મૂછ પરે શાં
ઊજળાં મોતી બાઝે!
આભનાં અમી નીરખી દિલે
મોલનાં સોણાં ગાજે.

વીજની સાથે કરતી વાતું
આંખો કૈં અણિયાળી,
વાટમાં રૂપ ઢોળાય ના ઝાઝું,
ગાતડીએ ગાંઠ વાળી.

ગળતી જેવા આભલામાંથી
રાત તો ગળતી જાય,
મ્હેંકતી મારી નીરવતામાં
ભાદર ભળતી જાય.

વ્રજલાલ દવે

સવાર

· ગાન ·

લલિત ગીત શી ખીલી સવાર!
લય ગુંજરતો મત્ત અલિનો,
પતંગિયાં શું પ્રાસ કલીનો,
મધુર વ્યંજના વહે હવામાં,
ઝલકે સૌરભ ધરા...
ચગ્યા અંતરા સમાં વિહંગો,
ભાવ ભાવના વિધવિધ રંગો,
કિરણ-અંગુલી પરસે મારો
રણકે અંતર તાર...

દિનેશ કોઠારી

મોત સાથે દોસ્તી બાંધી મોજીલી ફનાગીરી કરનાર ઠંડી તાકાત ને ધીટ ચારિત્ર્યબળના જીવંત દષ્ટાંત રૂપ

ઈ. ૧૯૫૬ની ૧૯મી તારીખે બ્રિટનના એક ખ્યાતનામ યુદ્ધવીર કમાન્ડર ક્રૅબ ગુમ થયા. સત્તાવાર ધારણા મુજબ તેઓ ડૂબી ગયાનું જાહેર થયું છે, પણ એ માનવાને પૂરતાં કારણ નથી.

પોતાને વિખ્યાતિ અપાવનાર કામગીરીની શરૂઆત એમણે જિબ્રાલ્ટરથી કરી હતી. માત્ર નજીવાં સાધનો સાથે એમણે 'ધી અન્ડરવૉટર વર્કિંગ પાર્ટી' નામે પોતાની એક ટુકડી ઊભી કરીને બીજા વિશ્વવિગ્રહ વેળા ઈટાલિયન નરમંડૂકો (ફ્રૉગમેન) સામે યુદ્ધની શરૂઆત કરી ત્યારે, પાણીની અંદર રહીને કામ કરનારી એ ટુકડીના આ નાયકને તરતાં પણ નહોતું આવડતું! અને છતાં નૌકાદળમાં લેવા માટે અયોગ્ય ઠરી ચૂકેલી એવી પોતાની શારીરિક સ્થિતિ સાથે પાણીની અંદરની અજાણ દુનિયામાં એણે જે પરાક્રમો કરી બતાવ્યાં એ કોઈ પણ સાહસપ્રિય માણસને રોમાંચ કરાવી દે એવાં છે:

યુદ્ધ વેળા પાણીની અંદર ચૂપકીથી પેસી ઈટાલિયન ફ્રૉગમેન સાથી–જહાજોનાં પડાણો પર સુરંગો ચોડી જતા કે પાણીની અંદર રહીને એમના પર દારૂગોળા છોડતા એ ભયંકર સુરંગોને ઉખેડવાનું અને શત્રુ ફ્રૉગમેનથી સાથી જહાજોને બચાવવાનું કામ કમાન્ડર ક્રૅબની ટુકડીએ માથે લીધું. અજાણી બનાવટની એ ભયંકર સુરંગોને પાણીની અંદર ખોળવી એ જ્યાં ચુસ્તપણે વળગી હોય ત્યાંથી યુક્તિથી એને ઉખેડવી અને એનો દારૂગોળો ફોડનારી કળને નકામી બનાવી દેવી એ બધી કામગીરી, એનું જોખમ સમજનારનાં હાંજાં ગગડાવી દે તેવી ભયંકર છે. ક્રૅબની ટુકડીએ એ કામ અદ્ભુત સફળતાથી પાર પાડીને નૌકાખાતાના તથા અંગ્રેજ પ્રજાના ધન્યવાદ મેળવેલા.

આવાં કાર્યોની હકીકતો કાલ્પનિક સાહસકથાઓ કરતાં યે વધુ રોમાંચક હોય છે. માનવીની ઠંડી તાકાત અને ધીટ ચારિત્ર્યનાં જીવંત દષ્ટાંતો એમાં વાચકો સામે ખડાં થાય છે. જેમને ભયંકરતા જરા યે ડરાવી નથી શકતી અને જેમને મન સેવા અને માનવતા એ જ જીવનનાં સારતત્ત્વો છે એવા માણસોની એ વાત હોય છે.

કમાન્ડર ક્રૅબનું જીવન પણ એવું જ છે. અહીં તો માત્ર એમના જીવનનો છેલ્લો પ્રસંગ જ ઉલ્લેખાયો છે. ખુદ પોતાની સરકાર પણ જેનાં જોખમોની કોઈ પણ જવાબદારી લેવાનો ઈન્કાર કરે એવાં સાહસોમાં સામે ચાલીને આપમેળે કૂદી પડનાર માણસને કઇ પ્રેરણા દોરતી હશે? મોત સાથે દોસ્તી બાંધવી એ મોજીલી ફનાગીરી પાછળ માણસને કયું બળ ખેંચી જતું હશે?



કમાન્ડર ક્રૅબ

૧૯મી એપ્રિલ ૧૯૫૬

ઇંગ્લંડના પૉર્ટસ્મથ બંદરના ઠંડા સાગરજળ પર તરતી તેલની રંગબેરંગી ઝાંયમાં થોડો સળવળાટ થયો. ચૂપકીદીથી એક માનવ આકૃતિ દરિયાનાં એ પાણીમાં ઊંડે સરકી ગઈ.

એકાદ ફિલ્મના દશ્ય જેવો એ બનાવ કોઈની નજરે ય પડયો હશે કે નહિ એની તો ખબર નથી, પણ એ પ્રસંગના અનુસંધાનમાં ઠંડી તાકાતવાળા એક બ્રિટિશ વીરની કથા વણાઈ ગઈ છે.

પૉર્ટસ્મથના બારામાં ત્યારે સોવિયેત જહાજ 'ઑર્ઝોનીકિડ્ઝ કે' નાંગરેલું હતું. સલામતી ખાતર બીજાં પણ સોવિયેત જહાજ તેની સાથે હતાં. સોવિયેત કૉમરેડ ક્રુશ્ચેવ અને પ્રમુખ બુલ્ગાનિનને તે ઇંગ્લંડની રાજકીય મુલાકાતે લઇ આવ્યાં હતાં. લોખંડી પડદા પાછળથી આવેલા એ બે રાજપુરુષોની શાંતિની વાતો પાછળ એ જહાજોમાં ન જાણે કેવાં યે રહસ્યો છુપાયાં હશે. એ રહસ્યોના રક્ષણાર્થે એમના દેશની છેલ્લામાં છેલ્લી વૈજ્ઞાનિક વ્યવસ્થાથી સજ્જ એ જહાજોની થોડીઘણી પણ માહિતી જો મળી જાય તો યે લશ્કરી દૃષ્ટિએ કદાચ એ ઘણી જ મહત્ત્વની નીવડી શકે.

હજી થોડા વખત પહેલાં આ જ બંદરે આવા એક બીજા રશિયન જહાજ 'સ્વેર્દલૉવે' અત્યાધુનિક રચના, હળવા પણ વજ્ર જેવા બદન ને બાજ જેવી ઝડપ વડે, બ્રિટિશ પાયલોટની મદદ લીધા વિના જ બારામાં પડેલાં બીજાં જહાજોની ભીડમાંથી સડસડાટ માર્ગ કરી પૉર્ટસ્મથના ધક્કા પાસે આવીને જે અદાથી લંગર નાખ્યું હતું એ જોઇને તો બ્રિટિશ નૌકાદળના અફસરો મોંમાં આંગળાં નાખી ગયા હતા. પ્રત્યેક વળાંક પરના ચોક્કસ કાબૂ સાથેનો એનો એ અદાભર્યો પ્રવેશ જોતાં એના પઠાણ, પંખા અને સુકાનની રચના જરૂર નવતર અને વિશિષ્ટ હશે એ વિષે બે મત હોઈ શકે જ નહિ. એ સ્વેર્દલૉવના કપ્તાને કોઇ પણ માણસને જહાજ નજીક ઢૂંકવા સરખો દીધો નહોતો, એટલે એની રચનાની માહિતી તો હજી બેમાલૂમ હતી. ત્યાં આ બંને રાજપુરુષોને લઈને એથી યે વધુ રહસ્યમય જહાજ પૉર્ટસ્મથના બારામાં આવી ઊભું. બ્રિટિશ નૌકાદળ એનું રહસ્ય પામવા ન મથે એ કેમ બને? અને એવી જોખમભરી કામગીરી તદ્દન છૂપી રીતે પાર પાડી

આવે એવી યોગ્યતા કમાન્ડર ક્રૅબ સિવાય બીજા કોનામાં હતી?

૧૯મી એપ્રિલે પાણીમાં ચુપકીદીથી સરકી જનાર એ નરમંડૂક (ફ્રૉગમૅન) કમાન્ડર ક્રૅબ જ હશે એમ માનવાને બીજાં પણ ઘણાં કારણો છે. એ દિવસ પછી જ ક્રૅબનો પત્તો નથી. રશિયન જહાજનો ભેદ પામવા માટે એનો ઉપયોગ તો થયો જ હશે એમ દુનિયા અચૂક માને છે, પછી ભલે બ્રિટિશ નૌકાદળ એ બાબત પર ઢાંકપિછોડો કરે.

પૉર્ટસ્મથના બારામાં એ નવતર જહાજ આવ્યું એ એક જ મોકો નૌકાદળે એને નજીકથી નીરખવા માટેનો હતો. અને એવા ગંભીર

કમાન્ડર ક્રેબ

લાયોનેલ ફિલિપ કેનેથ

લેખક
મનુભાઈ જે. જોશી

કાર્ય માટે ખાસ જરૂરી એવું શાંત સ્થિર ચિત્ત, ડરી તાકાત અને ધીટ ગંભીરતા આ નિરપેક્ષ ને કૃતનિશ્ચયી ક્રૅબમાં જ હતી. જીવનભર જિગરબાજ ક્રૅબ હમેશાં મોટાં સાહસોમાં ઝંપલાવવા નિર્ભયપણે આતુર અને તત્પર રહેતો. એની કામગીરી જોઇને નૌકાદળને પણ થઇ ગયું હતું કે એ માણસ તો માછલી કરતાં વિશેષ હતો! મિત્રો એને મજાકમાં 'વાળને બદલે ભીંગડાં અને પગને બદલે પૂછડી સાથે જન્મેલો' કહેતા. એ સદા આંધળું સાહસ કરતો છતાં એમાંથી નિપુણતા નીતરી રહેતી. પાણીની અંદર ૨૫૦ ફૂટ ઊંડે, રક્ષણ રહિત પોષાકમાં, માછલી જેમ સરકી જઇને જહાજોના માર્ગની તપાસ કે પાણીની અંદરનાં રક્ષણાત્મક વ્યૂહોની રચનાઓની મોજણી કરી લાવીને અને તેના ફોટો પાડી લાવીને તો એણે વિક્રમ કર્યો હતો. દુશ્મન જહાજનું પેટાળ દર્શાવતી એની એક વખતની તસવીરો, વહાણનો પંખો તેને કાપું કાપું થઇ રહેલો બતાવતી હતી! સબમરીનમાંથી છૂટતા ટૉર્પિડોને ફક્ત પંદર ફૂટ જેટલે દૂરથી એણે ફોટોગ્રાફમાં ઝડપ્યા હતા.

ક્રૅબી સમુદ્રમાં જન્મ્યો ન હતો, પણ તેનું જીવન સમુદ્રનાં પાણી જેવું જ શાંત છતાં તોફાની હતું. ઘણી વખત તે એકલવાયો બની જતો. જીવનમાં ઘણી નિષ્ફળતા પણ એણે અનુભવી હતી. પારીસમાં ચિત્રો વેચવાથી માંડીને ન્યૂ જર્સીમાં ગૅસની ટાંકીઓ ભરવા સુધીના અનેક વ્યવસાય એણે કર્યા હતા.

હિટલરે જ્યારે ઈ. ૧૯૩૯માં પોલૅંડ પર હુમલો કર્યો અને યુરોપ આખાને યુદ્ધની જ્વાળામાં હોમ્યું ત્યારે ક્રૅબી ઈંગ્લૅંડ માટે કંઈક કરી છૂટવા મથી રહ્યો. 'સ્નાનાગારના ટબનું પાણી જોતાં જેને દરિયાની બીમારી લાગી જતી' અને જેને તરતાં પણ આવડતું નહોતું એ ક્રૅબ બ્રિટનના શાહી નૌકાદળમાં જોડાવા ગયો! દાક્તરોએ એના '૫-૬''ની ઊંચાઈના હાડપિંજર જેવા દૂબળા દેહને નૌકાદળ માટે અયોગ્ય ઠરાવ્યો. નિકોટીનથી ખરડાએલાં તેનાં ફેફસાં કૅન્સરની નિશાનીઓ દર્શાવતાં; અને એક આંખ? એનું ખાતું તો લગભગ બંધ જ હતું! પોતાની આ શારીરિક અયોગ્યતાથી ચીડાએલો પણ નિરાશાને ન ઓળખનાર ક્રૅબ આખરે 'રૉયલ નેવી'ના સ્વયંસેવકોના અનામત દળમાં જોડાયો. ત્યાં કોઈ પણ જાતની તપાસ વગર એને લૅફ્ટેનન્ટ બનાવીને જિબ્રાલ્ટર મોકલવામાં આવ્યો. અહીં એની પાસેથી કારકુનીનું કામ લેવામાં આવતું.

આગાઉની એક ૧૯મી જ તારીખ! ૧૯મી સપ્ટેમ્બર ૧૯૪૧ના રોજ લૅફ્ટેનન્ટ ક્રૅબની ઑફિસના બારીઓનો એક ધડાકામાં ભૂક્કો ઊડી ગયો. દિઙમૂઢ થઈ ગએલા ક્રૅબે એક તેલવાહક જહાજને બારામાં સળગતું જોયું ને થોડીક ક્ષણોમાં તો તે સમુદ્રમાં સમાઈ ગયું. થોડા સમય બાદ બીજાં બે જહાજો પણ એ જ રીતે પાણીમાં ગારદ થઈ ગયાં.

સમજી શકાય એવું હતું કે પાણીના અંદરનું યુદ્ધ આરંભાઇ ચૂક્યું હતું. મુસોલિનીનું ઈટાલિયન નૌકાદળ પોતાનો પરચો બતાવી રહ્યું હતું. આ શું સબમરીને કરેલો હુમલો હતો? જિબ્રાલ્ટર જગતમાં વધુમાં વધુ સુરક્ષિત બંદરોમાંનું એક ગણાતું હતું. એના જ બારામાં આ ધડાકાઓએ તરખાટ મચાવી મૂક્યો. ઇંગ્લિશ ઍડમિરાલ્ટીએ આ કોયડાનો ઊકેલ લાવવો જ રહ્યો. ડૂબકી મારનારાઓએ શોધ શરૂ કરી ને થોડા દિવસમાં જ તેનું પરિણામ આવ્યું. સબમરીનને બારામાં આવતી રોકવા માટેની જાળમાં મોટાં કાણાં પાડવામાં આવ્યાં હતાં. તે ઉપરાંત સિગારેટ જેવા આકારના, બૅટરીથી ચાલે તેવા, અને માત્ર એક બે માણસ બેસી શકે તેવી બેઠકવાળા ટચુકડા વાહનના ભાગ પણ મળી આવ્યા. એ નવા પ્રકારના માનવસંચાલિત ટૉર્પિડો હતા. જિબ્રાલ્ટર ભયમાં હતું.

કમાન્ડર ક્રૅબના જીવનમાં આ પ્રસંગથી પલટો આવ્યો. નૌકાદળનું ગુપ્તચરખાતું બંધબારણે પૃથક્કરણ કરવા બેઠું. તે સમયે લાયોનેલ ક્રૅબે અને તેના મિત્ર બિલ બેઈલીએ બીજા ત્રણ અફસરો સાથે 'અંડરવૉટર વર્કિંગ પાર્ટી'—પાણીની અંદર કામ કરનારી પોતાની એક નિજી ટુકડી બનાવવાની મંજૂરી મેળવી લીધી. ક્રૅબ હવે ખુશખુશાલ હતો. તેની મહત્ત્વાકાંક્ષાને તક મળી; 'ઇટલીનું આ આંતરજલ આક્રમણ હું રોકવા માગું છું; મુસૉલિની સામેનું આ આપણું અંગત યુદ્ધ છે.' હજુ તેને તરતાં યે આવડતું ન હતું. પણ આવડતમાં જે ઓછું ઊતરતું તે હિંમતમાં સરભર થતું. તેણે કલાકો સુધી તરવાના પાઠ લેવા માંડ્યા.

બીજી બાજુ ઇટાલીના ફ્રૉગમેન સુસજ્જ ને પૂરા અનુભવી હતા. રોજબરોજ તેઓ વધુ કાતિલ રીતો અજમાવતા જતા હતા. તેમાંનો એક પ્રસંગ વર્ણવતાં વર્ષો પછી ક્રૅબીએ પોતાના એક મિત્રને કહ્યું હતું કે "એક વાર હું એક નળાકાર રાક્ષસને ભેટી ગયો! અમારા વહાણને એન્જિન રૂમના ભાગે લીલા રંગની અને ત્રણેક ફૂટ લાંબી એક વિચિત્ર સુરંગ લગાડેલી હતી. હું તેને છૂટી પાડવા મથતો હતો. ભય તો એ હતો કે એ કોઈ પણ ક્ષણે ફૂટી પડે! સપાટી પર આવી મેં બૂમ મારી: 'કૅપ્ટન, જહાજ પરના દરેકને નીકળી જવા કહો—એન્જિનરૂમવાળાને પહેલાં...' ફરી અંદર જઇને જોતાં એ સુરંગ કંઈક જુદા જ પ્રકારની લાગી. મને થયું કે ફ્યુઝ કાઢવા જઇશ તો તો તે ફૂટશે. એક જ માર્ગ બાકી હતો: આખી સુરંગ જ છૂટી પાડવી. ત્રણ ઠેકાણેથી એણે જહાજને પકડ લીધી હતી. પહેલી પકડ તો તુરત છૂટી ગઈ; બીજી પણ ઢીલી હોવાથી નીકળી ગઈ; પણ ત્રીજીએ તો મારા નાકે દમ આણી દીધો. સમય જતો હતો તેમ ઑક્સિજન પણ ખલાસ થતો હતો. એક એક સેકંડ વીતતી હતી ને મોત નજીક ઢૂકતું જતું હતું. આખરે જાણે યુગો વીત્યા હોય એટલા સમય બાદ એ ત્રીજી પકડ છૂટી શકી. પાછળથી અમને ખબર પડી કે એ ઘણા જ ભયાનક પ્રકારની સુરંગ હતી."

ઘણીખરી ઇટાલિયન સુરંગો એવા પ્રકારની હતી કે તેને જો પાણીની સપાટી પર લાવવામાં આવે તો એ ફૂટે! આથી ક્રૅબ તેને અંદર ને અંદર ઊંડાણમાં જ સ્ટીમરથી દૂર ધકેલી જતો અને એનું 'ડીટોનેટર' (બૉમ્બ ફોડનાર કળ) કાઢી લઈને પછી તેને ઉપર લાવતો. એમાં જો થોડી સેકંડનું પણ મોડું થાય તો ક્રૅબીનું શબ પણ હાથ ન લાગે!

યુદ્ધ પછી તેણે મિત્રોને બીજી એક વાત કહી હતી: 'એક વખત ૪-૫ ફીટ ઊંડા પાણીમાં અર્ધ અંધકારમાં એક વિશાળ આકારને મેં આવતો જોયો. તે જેમ નજીક આવ્યો તેમ મને તેનાં ગૉગલ્સ અને સફેદ લાંબા હાથ દેખાયા. તે દુશ્મન ઇટાલિયન ફ્રૉગમેન હતો. મારા પર તેણે અતિ તીક્ષ્ણ ને ભયાનક છરીથી હુમલો કર્યો. મેં પણ મારી કટાર ખેંચી, ને હાથોહાથનું આંતર-જલ યુદ્ધ શરુ થયું. અમે જાણતા હતા કે અમારામાંથી એક તો મરવાનો જ. પાણી અંદરનું યુદ્ધ ઘણી ધીમી ક્રિયાઓથી થાય છે. મારા દુશ્મનનો દરિયાઈ પહેરવેશ તેને નડ્યો. મારી ટૂંકી ચડ્ડી અને ટેનિસના બૂટને લીધે હું વધુ સરળતાથી હીલચાલ કરી શકતો હતો. લાગ મળતાં જ મેં મારી છરી હુલાવી દીધી.

દુશ્મનોની બે જ માણસ રહી શકે તેવી 'પિગ' સબમરીન કબજે કરીને તેને ચલાવી જાણનાર પણ સાથી રાષ્ટ્રોના નૌકાદળનો તે જ

પહેલો અફસર હતો. 'ડેપ્થ ચાર્જિઝ'થી તોડી નાખેલા દુશ્મનના ત્રણ પૈકી આ એક વાહનને ક્રૅબ અને તેના કેટલાક સાથીઓ પાણીમાંથી ખેંચી લાવ્યા અને તેમાં સમારકામ કરીને બાવીસ ફૂટ લાંબા એ રાક્ષસને ફરી ચલાવી શકાય તેવું બનાવી તેને 'એમિલી' નામ આપ્યું. પણ ક્રૅબ જ્યારે પણ તેને કામે લગાડતો ત્યારે દરેક વખતે કંઇ ને કંઈ આફતમાં એ મુકાઇ જતો. પહેલી વખત પાણીની અંદરના અણધાર્યા પ્રવાહથી ખેંચાઇને લોખંડી જાળમાં અથડાવાથી એનું માથું જાણે ખભા-થી લગભગ જુદું પડી ગયું હોય તેવો એને અનુભવ થયો! બીજી વેળા બૅટરીની ખામીને લીધે પચાસ ફૂટની ઊંડાઇએ એમાં પાણી ભરાવા માંડયું અને ઉપર આવવાનું મુશ્કેલ બની ગયું. ઑક્સિજન વાલ્વ પણ ઊઘડતો ન હતો, એટલે એ ગુંગળાઈને લગભગ અધમૂઓ થઈ ગયો! ત્રીજી સફરમાં 'એમિલી'ની બહારની પાઈપ તૂટી ગઈ, ટાંકીઓ ભરાઈ ગઇ ને તે તળીએ જઈ બેઠી! ત્યારે ક્રૅબ માંડ બચી શક્યો.

યુદ્ધનાં પાણી હવે વળતાં હતાં. ઇટાલીએ હિટલર તથા મુસૅાલિની-ને છોડી સાથી-રાષ્ટ્રોનો સાથ કર્યો હતો. ક્રૅબનું હવેનું કાર્ય બચેલ ઈટાલીઅન ફ્રૅાગમેન સાથે ઈટાલીનાં બારાંઓમાં પડેલી સુરંગોને નકામી બનાવવાનું હતું. આમ પાંચ વર્ષ સુધી પાણી અંદરની દુનિયા ખેડ-નાર ક્રૅબને લડાઈને અંતે ખબર પડી કે તે તો યુદ્ધનો એક વીર લેખાયો હતો ને દુનિયાનો સૌથી અનુભવી ફ્રૅાગમેન ગણાતો હતો. નબળાં ફેફસાં ને લગભગ એક આંખવાળો નૌકાખાતાનો એ કારકુન હવે બ્રિટિશ પ્રજાનો લાડીલો વીર હતો અને તેને કમાન્ડર બનાવવામાં આવ્યો હતો. 'ઑર્ડર ઑાવ ધ બ્રિટિશ એમ્પાયર' અને 'કિંગ જ્યૉર્જ ચંદ્રક' જેવાં બહુમાન ઉપરાંત વીરત્વના પાંચ ચંદ્રકો એને અપાયા હતા.

પણ યુદ્ધ પછીની દુનિયાને હવે એવાં દરિયાઈ સાહસોની જરૂર ન હોઈ. બ્રિટિશ નૌકાદળના ગુપ્તચર વિભાગે તેને નોકરીમાં રાખ્યો. પાણીની અંદરની ફોટોગ્રાફી એ તેનો શૉખ હતો. પશ્ચિમની સત્તાઓ માટે કેટલાક અતિ કિંમતી ફોટોગ્રાફો એણે લીધા. એમાંના ઘણા અત્યારે પણ લશ્કરી દફતરોમાં 'અતિ ગુપ્ત' સંદર્ભ તરીકે સંઘરાયા છે.

પણ નૌકાદળના ગુપ્તચર ખાતાના પગારદાર તરીકેની જ માત્ર હમેશાં તેની પ્રવૃત્તિ ન હતી. નૌકાદળના નિવૃત્ત ફ્રૅાગમૅન અને પાણી-ની અંદરના અનુભવી યોદ્ધાઓની એણે પોતાની એક ખાનગી ટુકડી બનાવેલી. આ ટુકડીએ સરકાર માટે સ્વૈચ્છિક કાર્ય શરૂ કર્યું. કોઈ નક્કી કરેલી યોજના નિષ્ફળ જાય અથવા તેમાં પીછેહઠ થાય ત્યારે સરકારને સત્તાવાર રીતે નામોશી ભોગવવી પડે, તે લક્ષમાં લઇને નૌકાખાતાએ આ ટુકડી સ્થાપવાની સંમતિ આપી.

વચ્ચે ૧૯૫૦માં ઘણા લાંબા સમય સુધી ક્રૅબ અદશ્ય થઈ ગયો હતો. લંડનના નાઈટ બ્રિજ ખાતેના તેના બાદશાહી ફ્લૅટ કે તેની માનીતી હૉટેલોમાં પણ મહિનાઓ સુધી તેને કોઇએ જોયો ન હતો.

તા. ૧૭મી એપ્રિલ ૧૯૫૬ને દિવસે કૉમરેડ ક્રુશ્ચેવ અને બુલ્ગાનિન સાથે 'આર્ઝોનીકિડ્ઝ઼ે'—અંગ્રેજોનું 'અવર જ્હૉની કિડ્સ કે' નાંગરે, તેના થોડા જ સમય પહેલાં તે પૉર્ટસ્મથમાં હજામતના એક સલૂનમાં દેખાયો હતો. ત્યારે તેની સાથે એક ઊંચો અને આકર્ષક ચશ્માંવાળો માણસ હતો. પૉર્ટસ્મથની જૂની સેલીપૉર્ટ હૉટેલમાં બંને જુદીજુદી રૂમોમાં ઊતર્યા હતા.

એની છેલ્લા દિવસોની હીલચાલ ફરીથી વિગતવાર જોઇએ:

મંગળવાર ૧૭મી એપ્રિલ ૧૯૫૬: ક્રૅબ પૉર્ટસ્મથ આવ્યો. સાથે ચાળીસેક વર્ષનો ઊંચો અને ચશ્મા પહેરેલો કોઈ એક મિ. સ્મિથ હતો. બંને સેલીપૉર્ટ હૉટેલમાં જુદીજુદી રૂમ રાખી ઊતર્યા. ક્રૅબ લંડનમાંના દફતર સાથે સંપર્કમાં રહેવા લાગ્યો.

બુધવારે ૧૮મી એપ્રિલે, એને ટેલિફોન પર વાત કરતાં કોઈએ એટલું બોલતાં સાંભળેલો કે 'હું માનું છું એવો બુઢ્ઢો થઈ ગયો નથી.'

આ દિવસે એ એક પેટી ઑફિસર અને લૅફ્ટેનન્ટ કમાન્ડરને પણ મળેલો જેમની સાથે એને ગાઢ મિત્રતા હતી, પણ ત્યાં યે ડૂબકીની કંઈ વાત થઈ નહોતી. હૉટેલની એની કૅબિનમાં પણ એ માટેની કંઈ સામગ્રી હતી નહિ. ક્રૅબના ભાગીદારે ક્રૅબ સાથે જે લેફ્૦ કમાન્ડર હતો એનો સંપર્ક સાધી ક્રૅબની તપાસ કરી, કેમકે એ દુકાન પર તો દેખાયો જ નહોતો. લેફ્૦ કમાન્ડર ૨૦મી તારીખે ક્રૅબને મળવાનો હતો. તેણે એની પૂછપરછ કરી. ત્યારે 'આ બાબતમાં ઊંડા નહિ ઊતરવા તથા ક્રૅબના ભાગીદાર સાથે ટેલિફોન સંપર્ક નહિ રાખવા'ની એને સૂચના મળી. બીજી બાજુ ૧૮મી તારીખે મિ૦ સ્મિથ હૉટેલનું પોતાનું અને ક્રૅબનું બિલ ચૂકવી બપોરે ૩-૩૦ વાગ્યે ત્યાંથી નીકળી ગયો.

ગુરુવાર ને ૧૯મીની સવારે ૧૦-૩૦ વાગ્યે ક્રૅબે મિ. સ્મિથના એક ચેક બાબત પોતાના ભાગીદાર પૅન્ડૉકને ફોન કર્યો.

બસ એ પછીની એની હીલચાલની કોઈ માહિતી મળતી નથી.

શનિવારે, ૨૧મી એપ્રિલે પન્ડૉક સ્કૅાટલૅન્ડયાર્ડની છૂપી પોલીસ પાસે ગયો ત્યારે તેને મોઘમ સૂચના મળી કે આ બાબતથી દૂર રહેવું.

પણ સમાચારપત્રોએ હવામાંથી વાત પકડી અને મૂંઝવણકારી હકી-કતો બહાર લાવ્યાં. બર્નાર્ડ એસ. સ્મિથ નામની એક વ્યક્તિએ પૅન્ડૉક-ક્રૅબ કંપનીમાંથી એક ડેનિશ આરામ ખુરશી ખરીદી હતી. તેણે તેની કિંમતનો ચેક આપ્યો હતો, પણ તેમાં તારીખ જુદી લખી હતી. ક્રૅબે પોતાના ભાગીદાર પૅન્ડૉકને ૧૯મી એપ્રિલે સવારે ૧૦-૩૦ વાગે ફોન પર કહ્યું હતું કે તે ચેક હમણાં ભલે રહ્યો. સ્મિથ બીજો ચેક લખી આપશે. હું તેને પૉર્ટસ્મથમાં તુરતમાં જ મળવાનો છું.'

નૌકાદળનું ગુપ્તચરખાતું મૌન રહ્યું. સરકારનું જાસૂસીખાતું M.I.5 પણ ચૂપ રહ્યું. સ્કૉટલૅન્ડ યાર્ડે પણ કંઇ કહ્યું નહિ. ક્રૅબની માતાને પણ સત્તાવાળાઓ તરફથી સહકાર ન સાંપડ્યો. માત્ર એટલું જણાવ્યું કે તેનો પુત્ર પૉર્ટસ્મથથી પાછો ફર્યો ન હતો.

હવે ક્રૅબના ખાસ મિત્રો ને સાથીદારોએ તેની શોધ શરૂ કરી. એક કમાન્ડર સીધો ઍડમિરાલ્ટીમાં ગયો. તેને કહેવામાં આવ્યું કે 'ચિંતા ન કરશો. ગુપ્ત વાતોને લગતા કાયદાને લીધે અમે કોઇ પણ જાતના સત્તાવાર સમાચાર આપી ન શકીએ તે તમારે સમજવું જોઇએ.'

ક્રૅબનો નિકટનો મિત્ર માર્શલ પુઘ નૌકાદળના ઉપસત્તાધીશ પાસે ગયો. તેને એવી માહિતી આપવામાં આવી કે 'કેટલાંક નવા પ્રકારનાં સાધનોની પરીક્ષા માટે ગયા પછી કમાન્ડર ક્રૅબ ગુમ થયા છે. સત્તા-વાર જાહેરાત થોડા સમયમાં કરવામાં આવશે.'

પુઘે કટાક્ષથી કહ્યું, 'અને હું ધારું છું કે જાહેરાતમાં એમ કહેવામાં આવશે કે ક્રૅબ તોફાન દરમિયાન ડેક પરથી દરિયામાં પડી ગયો!'

અમલદારે ગંભીરતાથી કહ્યું, 'આ મઝાકની વાત નથી. અમને કમા-ન્ડર ક્રૅબ માટે એટલું માન છે કે અમે એવું બેહૂદું બોલી ન શકીએ.'

ક્રૅબના અદશ્ય થયાના નવ દિવસ બાદ M.I.5ના એક સભ્યે પૉર્ટસ્મથ ખાતે આવેલી સેલીપૉર્ટ હૉટેલની મુલાકાત લઇને ગેસ્ટ રજિસ્ટ્રીનાં ચાર પાનાં ફાડી નાખ્યાં; પણ પેલા ભેદી મિ. સ્મિથનું નામ આ કિસ્સાથી દૂર રાખવામાં તે કાર્ય નિષ્ફળ નીવડ્યું. બધાં જ છાપાંએ આ વાત જાહેર કરી દીધી. ચેક પર ખોટી તારીખ લખનાર એ વ્યક્તિ બાબત દરેક અખબાર પોતપોતાની ધારણાઓ બાંધવા લાગ્યું.

રવિવાર તા. ૨૮મી એપ્રિલે પ્રજાના અવાજના દબાણને વશ થઈ નૌકાખાતાએ સમાચાર બહાર પાડયા કે 'કમાન્ડર ક્રૅબ પ્રયોગ માટે મારેલી ડૂબકી પછી પાછા ફર્યા નથી. ધારણા મુજબ ડૂબી ગયા છે.'

રીપૉર્ટમાં કહેવામાં આવ્યું કે આ પ્રયોગો 'સ્ટોક્સબે'માં (સોવીએટ જહાજો લાંગર્યાં હતાં તેનાથી ત્રણ માઈલ દૂર) થયા હતા, અને સમય ૧૦–૨૦નો આપવામાં આવ્યો હતો. અખબારોએ તુરત પ્રશ્ન ઊઠાવ્યો : 'ક્રૅબ સવારના દસ ને વીસે કઈ રીતે ડૂબકીના પ્રયોગમાં ગુમ થઈ શકે? તે દિવસે સવારમાં દસ ને ત્રીસે તો તેણે પોતાના ભાગીદાર સાથે ગેરતારીખના ચેક બાબત ફોન પર વાત કરી હતી!'

અઠવાડિયા પછી સોવિયેત સરકારે વિરોધયાદી લંડન મોકલી. તેમાં એવો આક્ષેપ હતો કે બ્રિટિશ નૌકાદળના ગુપ્તચર વિભાગે કમાન્ડર ક્રૅબને નવા રશિયન જહાજ પર જાસૂસી કરવાનો શરમજનક આદેશ આપ્યો હતો. તેમાં એમ પણ જણાવ્યું હતું કે એ બ્રિટિશ ફ્રૉગમૅન ક્યાં છે કે તેનું શું થયું છે તેની તેમને ખબર નથી.

બ્રિટનના ગુપ્તચર વિભાગમાંની ફાઇલોમાં વળી જુદા જ પ્રકારની હકીકતો છે : 'અવર જ્હોની કિડ્સ કે'ની વિદાય પહેલાંની પાર્ટીમાં એક રશિયન ખલાસીએ પોતાની સ્ત્રી-સાથીદારને વૉડકાની વધુપડતી અસરમાં કહ્યું : 'થોડા દિવસ પર તમારો એક માણસ પકડાયો છે.' પણ પોતે બાફી નાખ્યું છે એનું ભાન થતાં તે આગળ કંઈ ન બોલ્યો.

ત્યારે, આ વીર ફ્રૉગમૅનનું શું થયું? તેને ફાંસી આપવામાં આવી? કૉમ્યુનિસ્ટ ફ્રૉગમૅનોએ તેને પાણીમાં જ પકડીને મારી નાખ્યો? તે એ જહાજને સુરંગ લગાડી રહ્યો હતો? કે એ નવા જહાજની તરકીબોનું રહસ્ય જાણવા તેણે ડૂબકી મારી હતી?

પક્ષી પાછળ પડેલા બાજની પેઠે સોવિયેત અખબારો આ બાબત પર તૂટી પડયાં : 'રશિયનો જ્યારે મૈત્રીની શાંતિમય મુલાકાતે હતા ત્યારે તેમની ઉપર કાં તો કમાન્ડર જાસૂસી કરતો હતો, અથવા–તેનાથી પણ હીનકૃત્ય-તેમનું ખૂન કરવાનો તેણે પ્રયત્ન કર્યો હતો.'

સોવિયેત આક્ષેપને નકારી કાઢતાં બ્રિટિશ સરકારે જાહેર કર્યું કે 'અમે કમાન્ડર ક્રૅબ માટે કાંઇ જ જવાબદારી લેતા નથી. જો તેણે કંઇ પણ ખોટું કર્યું હોય તો તે તેની પોતાની જવાબદારી ઉપર કર્યું હશે.'

માર્શલ પુધને લાગ્યું કે સરકાર પોતાની ફરજમાંથી છટકી જાય છે. તેણે કટુતાથી કહ્યું : 'ક્રૅબ પોતાની ફરજ બજાવતાં મૃત્યુ પામ્યો. હવે તેઓ તેના પર નામોશી ઓઢાડવાનું કરે છે.'

પણ ક્રૅબ જો બારામાં જ ડૂબ્યો હોય તો તેનું શબ ક્યાં હતું?

'સિડની કાઉલ્સ, નામનો એક જૂનો ફ્રૉગમૅન અને યુદ્ધ સમયનો ક્રૅબનો મિત્ર, એના અવશેષ શોધવા પૉર્ટસ્મથ ગયો. બંદરના-ધક્કા પર જ ઍડમિરાલ્ટીના એક અફસરે એને અટકાવ્યો. 'ડૂબકી ન માર. ક્રૅબ ત્યાં નીચે નથી, માટે તેની ચિંતા છોડ.'

'તો શું તેનું શબ મળી આવ્યું?'

'મેં એમ કયાં કહ્યું?' ઉત્તર મળ્યો : 'અને હવે કોઈ બીજો પ્રશ્ન પૂછવાનું જોખમ ન ખેડીશ. મેં ગુપ્તતાની પ્રતિજ્ઞા લીધેલી છે. પણ કમાન્ડરનો કોઇ મિત્ર કંઈ જ ન મળવાનું હોય ત્યાં પોતાની જાતને જોખમમાં મૂકે તે મને પસંદ નથી, એટલે જ મેં તને આટલું કહ્યું કે તે ત્યાં નથી. હવે મહેરબાની કરીને ઘેર જા.' આ વાર્તાલાપનો ગમે તે અર્થ હોઈ શકે: કદાચ નૌકાદળે તેનું શબ મળી આવ્યાનું ગુપ્ત રાખ્યું હોય; અથવા સોવિયેત કેદી તરીકે ક્રૅબ જીવતો પણ હોય.

૧૦મી મેએ ઍડમિરાલ્ટીએ ક્રૅબની કેટલીક વસ્તુઓ તેની માને પાછી સોંપી. સેલીપોર્ટ હૉટેલમાંથી પેલા ભેદી સ્મિથે તે ભેગી કરી હતી. ક્રૅબની માતાની આશા વધી. તેણે કહ્યું; આમાં એક વસ્તુ ખૂટે છે. તેથી મને લાગે છે કે મારો દીકરો હજી જીવે છે. તેની પ્રિય લાકડી આ વસ્તુઓમાં નથી. બીજાઓ માટે તો તે નજીવી ચીજ હશે પણ ક્રૅબી જરૂર તે પોતાની સાથે તે લઇ જ જાય-સારા શુકન તરીકે.'

સમય વીતતાં લોકોના આ બાબતના રસમાં ઓટ આવવા લાગી. ચાર અઠવાડિયાં પછી એ સ્થળે ડોકા વગરનું એક ધડ માછલાંની જાળમાંથી મળી આવ્યું; પણ તે ઓળખાવું મુશ્કેલ હતું. જેમના મત મુજબ રશિયનોએ કમાન્ડર ક્રૅબને મારી નાખ્યો હતો તેમણે આ કેસ પૂરો થયો એમ કહ્યું.

પણ જેઓને એમ લાગતું હતું કે ક્રૅબ જીવે છે તેમને કેટલાંક અઠવાડિયાં પછીના એક વિચિત્ર બનાવે નવી આશા આપી.

એક સવારે પૅન્ડોકના ફર્નિચર સ્ટોરમાં મજબૂત બાંધાની અને પરદેશી છાંટવાળી ભાષા બોલતી એક અજાણી સ્ત્રીએ આવીને ત્યાંના કારકુનના હાથમાં એક ચેક આપ્યો અને કંપતા સ્વરે કહ્યું, 'આ મિ. પૅન્ડૉકને આપજો, અને તેમને ૧૯૫૫ની તારીખનો લખેલો ચેક ફાડી નાખવાનું કહેજો.' કારકુન જઈને પૅન્ડૉકને ચેક આપે છે ત્યાં તો પેલી સ્ત્રી ત્યાંથી ચાલી ગઇ. ચેક પર સહી હતી: 'બર્નાર્ડ. એસ. સ્મિથ.'

એ અજાણી સ્ત્રીની મુલાકાતે બે પ્રકારનાં અનુમાન ઊભાં કર્યાં : એક તો એ કે બ્રિટિશ ગુપ્તચર ખાતાએ આ ચેક આ કેસ કાયમ માટે બંધ કરવાના પ્રયત્નમાં મોકલાવ્યો હોય, કે જેથી સ્મિથની બાબતમાં પૅન્ડૉક આગળ માથું મારવા પ્રેરાય નહિ.

બીજું એ કે કદાચ કમાન્ડર ક્રૅબ પોતે જીવતો હોય અને તેણે જ ચેક મોકલ્યો હોય. કેમકે અગાઉ 'લોખંડી પડદા' પાછળ અદૃશ્ય થઇ ગએલા બે બ્રિટિશ મુત્સદ્દીઓએ પોતે જીવતા છે તેની નિશાની તરીકે સ્વિટ્ઝર્લૅન્ડમાંના પોતાના કુટુંબીઓને ચેક મોકલ્યા હતા.

પાર્લામેન્ટમાં પણ ક્રૅબનો પ્રશ્ન ચર્ચાયો. તેમાં આખરે વડા પ્રધાન ઍન્થની ઇડને, 'કમાન્ડર ક્રૅબ કેવી રીતે મૃત્યુ પામેલા ધારવામાં આવે છે તે કહેવું એ લોકોના હિતમાં નથી' એમ કહી એ ચર્ચાને સમેટી લીધી.

પણ હજી કેટલાક તો ચોક્કસ માને છે કે કમાન્ડર ક્રૅબ સોવિયેતના કબજામાં છે. 'અવર જ્હૉની કિડ્સ કે'ના પઠાણ પાસે તે પોતાની જિંદગી બચાવવા લડતો હશે ત્યારે રશિયનોએ તેને જીવતો પકડી લીધો હશે, કેમકે જે માણસ બ્રિટન-અમેરિકન અંડર વૉટર ઇન્ટેલિજન્સ, રૅડર, સોનાર અને નૌકાદળની અનેક વૈજ્ઞાનિક સામગ્રીનો જાણકાર હોય એને મારી નાખવા જેવી મૂર્ખાઇ રશિયનો કરે નહિ.

આ અભિપ્રાય સાથે હમણાં મૉસ્કોથી પાછા ફરેલા ઉચ્ચ દરજ્જાના ફ્રેન્ચ મુત્સદ્દીઓ પણ સહમત થાય છે. તેઓ કહે છે કે ક્રેમલિનના એ સત્કાર સમારંભમાં રશિયાના એક ઉચ્ચ અધિકારીએ કબૂલ કર્યું હતું કે 'અમારી પાસે માછલી જેવો એક બ્રિટિશ ગુપ્તચર છે.'

'એટલે, કમાન્ડર ક્રૅબ જીવે છે એમ તમે કહેવા માગો છો?'

અધિકારીએ કહ્યું : 'તેના જેવો. તેનો નંબર લેફોર્તોવો જેલમાં નંબર ૧૪૭ છે. ભયજનક સ્વભાવનો—તે ક્રૅબ! તે લગભગ છટકી જ ગયો હતો; પણ મહામુસીબતે પકડાયો. હવે અમે તેને જુદી જ કોટડીમાં રાખીએ છીએ. કદાચ અમે તેના પર કેસ કરીશું—કદાચ ન પણ કરીએ. એતો બ્રિટનના વલણ પર આધાર રાખે છે. એટલું ખરું કે તે ઘણા ઘણા લાંબા સમય સુધી લંડન નહિ જોઈ શકે.'

સત્ય ગમે તે હોય, પણ કમાન્ડર ક્રૅબ ઘણા ઘણા લાંબા સમય સુધી ભુલાશે તો નહિ જ. અને જો માનવીને શક્ય એવી એકાદ પણ તક હશે તો ઈંગ્લંડ પાછો નાસી આવવાનો પ્રયત્ન પણ તે જરૂર કરવાનો.

(અંગ્રેજી પુસ્તકોને આધારે)

જેની પ્રકાશન-શતાબ્દી હમણાં ઊજવાઈ

સત્-અસત્ વચ્ચેના સનાતન સંઘર્ષને આલેખતી રંગદર્શી ને આદર્શલક્ષી નવલ

અમર ફ્રેન્ચ સાહિત્યકાર

વિક્ટર હ્યૂગોકૃત જગત્-કાદંબરી

લ મિઝેરાબ્લ

ઈ. ૧૮૧૫માં ફ્રાન્સમાં ઝાં વાલઝાં નામનો માણસ ઓગણીસ વરસના કારાવાસ બાદ જેલમુક્ત થયો. પોતાની ભૂખી બેન અને તેના કુટુંબને ખવડાવવા માટે એણે રોટીનો એક ટુકડો એક વાર ચોરેલો તે માટે એને પાંચ વરસની જેલ થએલી, પણ પછી ત્યાંથી એણે નાસી જવાના પ્રયત્નો કરેલા તેથી એની સજા વધારવામાં આવેલી. કારાવાસમાં હતો ત્યારે એણે કેટલાક પ્રસંગે પોતાનું અપ્રતિમ શારીરિક બળ દાખવીને સૌને આશ્ચર્યચકિત કરી મૂકેલા.

કારાવાસમાંથી છૂટતાંવેંત જ એણે દેશના કોઈ દૂરદૂરના પ્રદેશ તરફ નીકળી જવા દડમજલ ચાલવા માંડયું. પણ રસ્તે મુશ્કેલી એ નડી કે મુક્ત થએલા કેદી તરીકેનો એનો પીળો પાસપોર્ટ જોઈ કોઈ પણ ધર્મશાળાવાળો એને રાતવાસો કરવા દેતો નહિ. બધેથી આમ નકારો પામતો અંતે તે એક વૃદ્ધ પાદરીના ઘર પાસે આવી પહોંચ્યો. સંત સરખા એ પાદરીએ એને સત્કાર્યો, એને ખાણા આપ્યું અને સૂવા માટે પથારી પણ આપી. રાત વધતાં પાદરી તો ઘસઘસાટ ઊંઘી ગયો; પણ વાલઝાંની આંખ મળતી નહોતી. એની નજર પાદરીની ચાંદીની કેટલીક ચીજો પર ચોંટી હતી. એટલે લાગ જોઇ તફડાવીને તે ત્યાંથી સરકી ગયો. પરંતુ રસ્તામાં જ એ પોલીસને હાથ પડી ગયો. તેણે એને ચોરીના માલ સાથે ફરી પાદરીને હવાલે કર્યો.

પણ પાદરીએ તો ઊલટો પોલીસને ભોંઠો પાડીને એ ચીજો તો પોતે જ વાલઝાંને આપી હતી એમ કહ્યું, એટલું જ નહિ પણ તેની આવી કનડગત થયાના વળતર તરીકે વધારામાં તેને પોતાની ચાંદીની બે દીવીઓ ભેટ આપી! પોલીસ આથી ઝંખવાણો પડીને વાલઝાંને છૂટો કરી પોતાને રસ્તે પડ્યો. પણ વાલઝાંના દિલ પર એ વૃદ્ધ પાદરીની કરુણાની ઘેરી ચોટ વાગી. પાદરીએ એને એ ચાંદીની દીવીઓ હવેની જિંદગી પ્રામાણિક પુરુષાર્થમાં ગાળવાની સલાહ સાથે આપી અને પાદરીના આશીર્વાદ લઈ તે ત્યાંથી ચાલી નીકળ્યો.

બે વર્ષ પછીની આ વાત છે. ઈ. ૧૮૧૭ના વર્ષમાં પારી(સ)માં ફાન્તીન નામની એક અત્યંત સ્વરૂપવાન પણ અબુધ કુમારી કોઈ યુવાનના પંજામાં ફસાઈ ગઇ. યુવાન તો એના જીવનમાંથી ચાલ્યો ગયો, પણ એના પાપનું ફળ એ યુવતીને ભોગવવું પડ્યું અને ફાન્તીનને એક બાળકી અવતરી. તેને પોતાની સાથે રાખવાની હિંમત ન ચાલતાં ફાન્તીને તેને થેન્દારદીઅર નામના માણસ પાસે તેનાં બાળકો સાથે ઉછેરવા મૂકી. થેન્દારદીઅર દંપતીએ એ છોકરી કોઝેટને પોતાને ત્યાં રાખી તો ખરી, પણ પછી દર મહિને ફાન્તીન પાસે તેના ઉછેર માટે વધુ ને વધુ રકમ માગતાં ગયાં અને ફાન્તીન એ આપતી પણ ગઈ. આમ છતાં બિચારી કોઝેટને તો ત્યાં પૂરું ખાવાપીવા પણ મળતું ન હતું અને હડધૂત થયા કરતી.

દરમિયાન ફાન્તીન કમાવા માટે એક ઉદ્યોગનગરમાં ગઈ અને ત્યાં ફાધર મેડેલીન નામના એક દયાળુ ને ઉદાર માણસના કાચના કારખાનામાં કામે રહી. એ ફાધર મેડેલીનના ભૂતકાળ વિષે કોઈને પણ કશી ખબર નહોતી. લોકો માત્ર એટલું જાણતા કે ગરીબો પ્રત્યે અત્યંત અનુકમ્પાશીલ એ સજ્જન આ શહેરમાં એક ગરીબ મજૂર તરીકે આવ્યા હતા અને પોતાના એક યારી આપનાર શોધના પરિણામે એ કારખાનું શરૂ કરી શક્યા હતા, જે હવે તો માતબર થઇ ગયું હતું. પાંચ વરસમાં તો શહેરમાં તે એટલા લોકપ્રિય બની ગયા કે ત્યાંના મેયર બન્યા. આ સાથે એની એક બીજી ખ્યાતિ પણ શહેરભરમાં હતી, કે તે

અસાધારણ શારીરિક તાકાત ધરાવતા હતા.

પણ શહેરમાં એક પોલીસ ઈન્સ્પેક્ટર જેવર્ટ જ એવો હતો કે જે મેડેલીનને શંકાદૃષ્ટિએ જોયા કરતો. એ જેવર્ટ જેલમાં જન્મ્યો હતો, અને એ હકીકતની અસર એના જીવન પર એટલી ગાઢ હતી કે જેલજીવનનો જાણે એ કીડો હતો. વળી પોતાની ફરજ અદા કરવાની બાબતમાં તે એવો તો નિશ્ચલ હતો કે સૌ એનાથી ફફડતા.

એણે મનમાં ગાંઠ વાળી કે ગમે તેમ કરીને પણ આ મેડેલીનના પૂર્વજીવનની ભાળ મેળવવી. એવામાં એક દિવસ એક ભારે ગાડા નીચે એક ડોસો આવી ગયો, તે જોતાંવેંત મેડેલીને અસાધારણ તાકાતથી ગાડું ઊંચકી એ વૃદ્ધને બચાવી લીધો.

જેવર્ટને એ જોઇને તરત યાદ આવ્યું, આવું અપ્રતિમ શારીરિક બળ ધરાવતો માત્ર એક જ માણસ પોતે જોયો હતો—અને તે કેદી વાલઝાં!

દરમિયાન ફાન્તીન તો એક ગેરકાયદે બાળકીની માતા છે એ વાત કારખાનામાં ફેલાવા પામી. પરિણામે મેડેલીનની જાણ બહાર એને કારખાનામાંથી છૂટી કરવામાં આવી. નિરાધાર બનેલી ફાન્તીને અંતે દેહ વેચવાનો વ્યવસાય અપનાવ્યો અને એ રીતે પૈસા મેળવીને તે, પોતાની કોઝેટના ભરણપોષણ માટે દિનપ્રતિદિન વધતી જતી થેન્દારદીઅરની પૈસાની માગણી પોષતી રહી. એક વાર તે રસ્તા પર આ રીતે રાતના રખડતી હતી ત્યારે પેલા જેવર્ટે એને પકડી લીધી.

ફાધર મેડેલીનને જ્યારે ફાન્તીનની આ બધી અવદશાની ખબર પડી અને વળી એને બીચારીને ક્ષય થયો છે એમ જાણ્યું ત્યારે એને ખૂબ લાગી આવ્યું. એણે ફાન્તીનને પોલીસમાંથી છોડાવી ઑસ્પિટલમાં મોકલી આપી; અને એનો જીવ કોઝેટમાં વળગ્યો છે એ જોઈ કોઝેટને પણ લાવી આપવાનું એને વચન આપ્યું.

મેડેલીન કોઝેટને લેવા ઊપડે એ પહેલાં જેવર્ટે કબૂલ કર્યું કે ફાધર મેડેલીન એ ઝાં વાલઝાં છે એવી બાતમી પોતે ભૂલથી પારી(સ)ની પોલીસને આપી હતી. વસ્તુતઃ સાચો વાલઝાં તો એક બનાવટી નામ હેઠળ આરા ખાતે હવે પકડાઈ ગયો છે અને બે દિવસ બાદ તેનો મુકદ્દમો પણ ચાલવાનો છે.

આ વાત જાણતાં ફાધર મેડેલીનને તો રાત વેરણ થઇ પડી અને એના મનમાં ભારે મનોમંથન ચાલી રહ્યું. સાચો વાલઝાં પોતે હોવા છતાં કોઇ નિર્દોષ આદમી કુટાઈ રહ્યો છે એ જાણતાંવેંત તે આરા ગયા અને અદાલત આગળ જાહેર કર્યું કે સાચો વાલઝાં હું છું. અને પછી પોતાનું ઠામઠેકાણું આપીને ફાન્તીન પાસે પહોંચ્યો. ત્યાં જેવર્ટ તેને પકડવા માટે આવ્યો. એને જોઇને જ ફાન્તીન તો એવી ગભરાઇ ઊઠી કે એની આંખો સદાને માટે મિચાઈ ગઈ! જેવર્ટ વાલઝાંને જેલમાં લઈ ગયો, પણ ત્યાંથી બીજે જ દિવસે તે છટકી ગયો!

થોડા દિવસ બાદ ફરી તે જેવર્ટના હાથે પકડાઇને જેલમાં આવ્યો ને વળી પાછો એ ભાગી છૂટ્યો. એ પછી થોડા સમયે તેણે થેન્દરદીઅર પાસેથી આઠ વરસની કોઝેટને મેળવી લીધી. તેના ઉપર તેને

જગત્-કાદમ્બરી 'લ મિઝેરાબ્લ'ના પ્રતિભાવાન લેખક વિક્ટર હ્યૂગો

ફ્રાન્સના સાહિત્યક્ષેત્રે કવિતા, નાટક, નવલકથા આદિ સર્વ સાહિત્યપ્રકારોમાં અનન્ય સર્જનપ્રતિભા દાખવી જનાર ને વિશેષત: તો સમગ્ર ફ્રેન્ચ સાહિત્ય-રચનામાં રંગદર્શિતાનો નવો યુગ સર્જી જનાર વિક્ટર હ્યૂગોનો જન્મ ફ્રાંસના બૅસાંસૉ ગામે લશ્કરી જનરલને ત્યાં ઈ. ૧૮૦૨ની ૨૬મી ફેબ્રુઆરીએ થએલો.

પારી(સ) અને માડ્રિડમાં અભ્યાસ કરી પિતાની સાથે સ્પેઇન, ઈટલી, કૉર્સિકા, ને નેપલ્સની સફરો દ્વારા વિવિધ દેશો ને લોકોનાં જીવનનો અનુભવસંચય કરવાનું પણ એને સદ્‌ભાગ્ય મળેલું.

ચૌદ વર્ષની ઉંમરે તો એણે એક કરુણિકા લખેલી. પણ ઇ. ૧૮૨૨માં 'ઓડ્ઝ ઍન્ડ બૅલૅડ્ઝ'નામના એના પ્રથમ કાવ્ય-સંગ્રહે એની વિશિષ્ટ કાવ્યપ્રતિભાનું દર્શન કરાવ્યું ને લૂઈ ૧૮માએ તેને પેન્શન બાંધી આપી એ પ્રતિભાને બિરદાવી.

૧૮૨૬માં 'ઓડ્ઝ ઍન્ડ બૅલડ્ઝ'નો બીજો ભાગ, અને ૧૮૨૭માં 'ક્રૉમવેલ' પ્રસિદ્ધ થયાં અને હ્યૂગો રંગદર્શી સાહિત્યપ્રકારનો સર્વમાન્ય અગ્રિમ બન્યો.

ઊર્મિસંવેદનોના અભિજાત કવિ હ્યૂગોએ ઇ. ૧૮૩૦માં 'હર્નાની' નામક નાટક લખી અગ્રિમ નાટકકાર તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરી, અને ઈ. ૧૮૩૩માં 'લ્યુક્રેસ બૉર્જિયા' નાટકે તો એની નાટ્યકાર તરીકેની પ્રતિભાને કીર્તિશિખરે પહોંચાડી દીધી; વળી 'નોત્રદામ દ પારી'ની ઐતિહાસિક નવલે એને નવલનવેશ તરીકે નામના અપાવી.

ઈ. ૧૮૩૦ સુધી હ્યૂગો રાજભક્ત વિચારસરણીનો હતો, પણ ધીમેધીમે તે માનવતાવાદી થતો ગયો. ફ્રેન્ચ બંધારણસભામાં હતો ત્યારે ઘડીમાં રાજાપક્ષે ને ઘડીમાં લોકપક્ષે મત આપતો; પણ ૧૮૪૮માં ધારાસભામાં ચૂંટાયા પછી તે સંપૂર્ણ લોકશાહીવાદી બની ગયો. પરિણામે ૧૮૫૧ના બળવા વખતે તે બ્રસેલ્સ ચાલ્યો ગયો અને તેને ચૅનલ ટાપુઓમાં દેશનિકાલી મળી. ત્યાંથી ઈ. ૧૮૭૦ની ૫મી સપ્ટેમ્બરે તે ઇંગ્લિશ ચૅનલના ગર્ન્સી ટાપુએથી અઢાર વર્ષે પારી(સ) પાછો ફર્યો.

આ દરમિયાન એની જગપ્રખ્યાત નવલ 'લ મિઝેરાબ્લ' લખાઈ.

દેશનિકાલીના છેલ્લા દિવસોમાં પત્નીના ત્યાગથી ને પુત્રીના એક અંગ્રેજ સાથે નાસી જવાથી ભાંગી પડેલા મનવાળો હ્યૂગો હવે ફ્રાન્સના રાજકારણમાં નામનો જ રસ લેતો. છતાં એ 'સાહિત્યના ભવ્ય વયોવૃદ્ધ પુરુષ'ની ૮૦મી જયંતીએ છ લાખથી યે વધુ નાગરિકોએ એનું અપૂર્વ સમ્માન કર્યું હતું.



૧૮૮૫ની ૨૩મી મેએ પારી(સ)માં એનું મૃત્યું થયું ત્યારે એને બહુમાનપૂર્વક પાંથીઑં ખાતે દફનાવવામાં આવ્યો.

હ્યૂગોની કાવ્યાત્મક ગુણવત્તા અને અભિજાત કલ્પના સાથે શબ્દસંગીત પરનું એનું પ્રભુત્વ ચિરસ્મરણીય રહેશે. અને એની રંગદર્શિતા ને માનવમર્ત્યેનો એનો ઊંડો સમભાવ જે એની કૃતિઓમાં સભરપણે વિસ્તરેલો છે તેણે તો એને જગતસાહિત્યમાં અમરપદ અપાવ્યું છે.

વાત્સલ્ય ફૂટયું અને પારી(સ)ની એક દૂરની ભાગોળે જઇને તેઓ બંને બાપદીકરી તરીકે રહેવા લાગ્યાં. ત્યાં પણ જેવર્ટે એનો પીછો પકડચો. એટલે વાલઝાં ત્યાંથી છટકી નીકળી કોઝેટને લઇને દૂર આવેલા એક કૉન્વેન્ટ (મઠ)ના બગીચામાં પહોંચી ગયો, જ્યાંના વૃદ્ધ માળી ફૉશેલેવાંએ એમને આશ્રય આપ્યો. એ હતો પેલો જ વૃદ્ધ જેને વાલઝાંએ ગાડા તળેથી બચાવ્યો હતો! વાલઝાં હવે એના મદદનીશ તરીકે રહ્યો અને કોઝેટને કોન્વેન્ટની શાળામાં અભ્યાસ કરવા મૂકી.

વળી કેટલાંક વરસ વીતી ગયાં, અને કોઝેટનો અભ્યાસ પૂરો થયો હોઇ વાલઝાં એને લઇને પારી(સ)ની એક આડશેરીમાં એક મામૂલી મકાન લઈને રહેવા લાગ્યો; જ્યાં એ બંને જણ ભાગ્યે જ કોઇની નજરે પડતાં.

આ દરમિયાન પેલો થેન્દારદીઅર પણ જૉન્દ્રેત નામ ધારણ કરીને પારી(સ)માં ગૉર્બો નામે માળામાં સકુટુંબ રહેવા આવ્યો હતો. તેની બાજુની ઓરડીમાં મારીઅસ નામનો એક યુવાન વકીલ રહેતો હતો. એ ક્રાંતિકારી વિચારસરણી ધરાવતો હોઈ એના શાહીવાદી ઉમરાવ દાદાએ એને કાઢી મૂકચો હતો. એનો પિતા લશ્કરી અમલદાર હતો અને વૉટર્લૂના યુદ્ધમાં થેન્દારદીઅરે એના પ્રાણ બચાવ્યા હતા, એટલે મરતાં પહેલા તેણે પુત્રને ખાસ ભલામણ કરી હતી કે જ્યારે પણ થેન્દારદીઅરનો ભેટો થઈ જાય ત્યારે એ ઉપકારનો બદલો વાળવાનું ચૂકતો નહિ. પણ મારીઅસને સ્વપ્ને ય ખયાલ નહિ કે આ જૉન્દ્રેત એ જ થેન્દારદીઅર છે! અલબત્ત, એકવાર ભાડું ચડી જવાને કારણે જૉન્દ્રેતને ખોલી ખાલી કરાવતા હતા ત્યારે મારીઅસે પોતાની નજીવી આવકમાંથી પણ તે ચૂકવ્યું હતું ખરું.

દરમિયાન એકવાર મારીઅસ સાંજના ફરવા નીકળ્યો, ત્યાં રસ્તામાં એને વાલઝાં અને કોઝેટ મળ્યાં. જતે દહાડે તે કોઝેટના પ્રેમમાં પડચો અને એક વાર તો એ બંનેની પાછળપાછળ છેક એમના ઘર સુધી ગયો. એ જોતાં વેંત વાલઝાંએ બીજે જ દિવસે ઘર બદલી નાખ્યું.

એક દિવસ સવારે મારીઅસને જૉન્દ્રેતની યુવાન પુત્રી એપોનાઈન તરફથી આર્થિક મદદ યાચતો એક કાગળ મળ્યો. મારીઅસને આથી એ લોકો વિષે કુતૂહલ જાગ્યું, અને ખોલી વચ્ચેના બાકોરામાં

વિક્ટર હ્યૂગોને વિશ્વવિખ્યાત બનાવનાર આ જગત્-કાદમ્બરીનું પહેલું ગુજરાતી રૂપાંતર આજથી લગભગ અરધી સદી પહેલાં જાણીતા ગુજરાતી નવલકથાકાર ભોગીન્દ્રરાવ ર. દિવેટિયાએ ત્યારના પ્રતિષ્ઠિત સાપ્તાહિક 'ગુજરાતી'માં 'અજામિલ યાને ગરીબનું નસીબ ગરીબ' નામથી ક્રમશઃ શરૂ કરેલું. દુર્ભાગ્યે શ્રી દિવેટિયાનું અવસાન થતાં એ રૂપાન્તર લાંબા સમય બાદ શ્રી તારાચન્દ્ર પોપટલાલ અડાલજાએ પૂરું કરેલું. તે પછી આ કથાનો અનુવાદ ભાવનગરના 'સંસ્કાર સાહિત્યમંદિર' તરફથી બહાર પડેલો, અને ત્યાર બાદ 'શિક્ષણ અને સાહિત્ય' માસિકમાં પણ બીજો સુવાચ્ય અનુવાદ પ્રકટ થઈ ગયો છે.

વિશ્વ સાહિત્યની શ્રેષ્ઠ પ્રશિષ્ટ સાહિત્યકૃતિઓમાં સ્થાન ભોગવતી હ્યૂગોની, વિશાળ ફલક પર વિસ્તરતી આ મહાનવલ તત્કાલીન સમાજસ્થિતિનું તાદશ ને ગવેષણાત્મક દર્શન કરાવવા ઉપરાંત જગતના અનાદિ સંઘર્ષનું નિરૂપણ કરે છે. આકર્ષક વસ્તુસંકલના, રંગદર્શી પ્રસંગનિરૂપણ, વૈવિધ્યભર્યું પાત્રાલેખન, રોચક વર્ણનો, નાટયાત્મક કાર્યવેગનું સાતત્ય અને જીવન-સચ્ચાઇનો રણકાર દાખવતી નિરૂપણશૈલી—આ બધું તેને જગતસાહિત્યમાં આગળપડતા સ્થાનની અધિકારી ઠરાવે છે.

નજર કરતાં એણે જૉન્દ્રેતને કહેતાં સાંભળ્યો કે ચિંતા કરવાનું કશું જ કારણ નથી; હમણાં જ આપણો દાતા પૈસા લઇને આવી પહોંચશે. અને થોડીવારમાં એ લોકોનો દાતા આવી પહોંચ્યો, તો એ માણસ તો પોતાની પ્રિયતમા કોઝેટની સાથે રહેતો પેલો વૃદ્ધ જ નીકળ્યો!

પછી એણે એપોનાઈન પાસેથી કોઝેટનું સરનામું મેળવી લીધું. પણ તે કોઝેટને મળે એ પહેલાં તેણે બાકોરામાંથી સાંભળ્યું કે એ દંપતી તો કોઝેટના એ પિતાને કોઈક ટોળકીના હાથમાં ફસાવવાનો ઘાટ ઘડી રહ્યું હતું! આથી તેણે તરત જ પોલીસ ચોકી પર જઇને ઈન્સ્પેક્ટર જેવર્ટને આ વાતથી વાકેફ કર્યો.

વાલઝાં ફરી જ્યારે પેલા જૉન્દ્રેતને પૈસા આપવા આવ્યો ત્યારે મારીઅસે ખૂબ ધ્યાનથી પેલા બાકોરામાંથી જોવા માંડયું. એ લોકોની વાતચીત ચાલતી હતી ત્યાં તો કેટલાક હથિયારબંધ માણસો ત્યાં આવી પહોંચ્યા અને જૉન્દ્રેતે એમને પોતાની સાચી ઓળખ આપી કે પોતે જ થેન્દારદીઅર છે! મારીઅસ તો આ વાત જાણીને આભો જ બની ગયો અને તેને વિચાર થઈ પડયો કે મારે હવે મારા પિતાનો જાન બચાવનાર આ થેન્દારદીઅરને બચાવવો કે પ્રિયતમા કોઝેટના પિતાને?

થેન્દારદીઅરે એ લૂટારુ ટોળીની મદદથી વાલઝાંને તંગ કર્યો, એટલે વાલઝાંએ પોતાની દીકરી પાસેથી વધારે પૈસા મંગાવી આપવાનું કબૂલ કર્યું, પણ એણે પોતાનું સરનામું ખોટું આપ્યું. આ ફરેબ ફૂટી જતાં પેલા લૂટારાઓએ વાલઝાંને મારી નાખવાની ધમકી આપી. મારીઅસે આ જાણીને ચેતવણીની એક ચિઠ્ઠી બાકોરામાંથી સરકાવી; એવામાં તો જેવર્ટ ત્યાં આવી પહોંચ્યો. એણે બધાને પકડી લીધા, પણ વાલઝાં બારી વાટે છટકીને પલાયન થઈ ગયો!

અન્તે મારીઅસે કોઝેટનો પત્તો મેળવ્યો. એક રાતે કોઝેટે તેને જણાવ્યું કે પોતે અને પોતાના પિતા ઇંગ્લંડ ઊપડી જવાનાં છે! આથી મારીઅસે ફરી પોતાના ઉમરાવદાદાને મળી પોતાને કોઝેટને પરણવા દેવાની અનુમતિ માગી. પણ દાદાએ તો ઘસીને ના પાડી દીધી. ભારે નિરાશ થઇને તે કોઝેટના ઘરે ગયો પણ તે તો ખાલી હતું! એટલામાં એને એપોનાઈન ત્યાં મળી અને ખબર દીધા કે મારીઅસના ક્રાંતિકાર મિત્રોએ બળવો શરૂ કર્યો છે અને તેઓ એની રાહ જોતા બૅરીકેઈડ્ઝ (કિલ્લેબંધી) આગળ ઊભા છે. કોઝેટ નહિ મળવાથી હતાશ બનેલા મારીઅસે ફનાગીરીની આ તક ઝડપી લીધી અને એપોનાઇન સાથે બળવાખોરો પાસે પહોંચ્યો. ત્યાં જઇને જુએ તો એ લોકોએ ઈન્સ્પેક્ટર જેવર્ટને જાસૂસી કરવા માટે પકડીને મુશ્કેટાટ બાંધી દીધો હતો.

અહીં ક્રાંતિકારો અને શાહી લશ્કર વચ્ચે જે ઝપાઝપી થઈ એમાં મારીઅસનો જાન બચાવવા જતાં એપોનાઇને પોતાની જાતને હોમી દીધી. મરતાં મરતાં એણે મારીઅસને કોઝેટે આપેલો પત્ર સોંપી દીધો. કોઝેટે તેમાં પોતાનું સાચું ઠેકાણું આપ્યું હતું.

આ પત્રના જવાબમાં મારીઅસે કોઝેટને લખ્યું: 'આપણાં લગ્ન માટે મારા દાદાની અનુમતિ હું મેળવી શકયો નથી. મારી પાસે રાતી પાઈ પણ નથી, અને હું હવે આ બૅરીકેઈડ્ઝ પર જ ખપી જવા માગું છું.' આ પત્રો વાલઝાંના હાથમાં આવ્યા એટલે લાગલો જ એ બૅરીકેઈડ્ઝ તરફ રવાના થયો. ત્યાં એણે જેવર્ટને બંધાએલો જોયો. તરત જ એણે એનાં બંધનો તોડી એને મુક્ત કર્યો.

પછી તો ત્યાં ખૂનખાર જંગ જામ્યો. બૅરીકેઈડ્ઝ પડી. આ ધમાલ-ધાંધલમાં મારીઅસ ઘવાઇને પડયો હતો ત્યાં વાલઝાં જઈ પહોંચ્યો અને તેને ઊંચકીને પારી(સ)ની ગટરના બોગદામાં સંતાઈ ગયો.

બોગદામાં અંધારે અથડાતાં-કૂટાતાં વાલઝાં મારીઅસને લઇ એક તાળાબંધ દરવાજા આગળ આવી પહોંચ્યો. ત્યાં અંધારામાં ન ઓળખાતો પેલો થેન્દારદીઅર એને મળ્યો અને થોડા પૈસા આપે તો દરવાજો ખોલી આપવાનું જણાવ્યું.

વાલઝાં જેવો બોગદાની બહાર નીકળ્યો એવો જ તેને જેવર્ટ મળ્યો, ને એણે તેને પકડી લીધો! વાલઝાંએ તેને વિનતિ કરી કે આ મારીઅસને તેના દાદાને સોંપી આવવા દે. જેવર્ટે ત્યાં દરવાજા આગળ તેની રાહ જોવાનું કબૂલીને હા કહી. પણ એકાએક કોણ જાણે તેને શું સૂઝયું તે તેણે દોડીને સીન નદીમાં જઇને પડતું મૂકયું! તેનું અંતઃકરણ તેને ડંખવા લાગ્યું હતું. એને થયું કે ફરજ તરીકે મારે એને નહોતો જવા દેવો; અને બીજી બાજુ જેણે મને બચાવ્યો એને શું હું જેલભેગો કરું? આ દ્વિધામાં અકળાઇને એણે નદીમાં પડી આપઘાત કર્યો.

મારીઅસ સાજો થયો એટલે તે અને કોઝેટ પરણ્યાં અને વાલઝાંએ કોઝેટને સારો એવો દાયજો આપ્યો...અને જીવનમાં આજ પ્રથમવાર જ કોઝેટને જાણ થઇ કે વાલઝાં પોતાનો સાચો પિતા નથી! વાલઝાંએ તેને નિખાલસપણે કહી દીધું કે પોતે એક ભાગેડુ કેદી છે અને મરી ગએલો લેખાય છે. તેણે મારીઅસ પાસે એટલું જ માગ્યું કે કોઝેટને મળવા માટે પોતાને અવારનવાર આવવા દેવો. મારીઅસે થોડા દિવસ તો એને આવવા દીધો, પણ પછી બંધી કરી દીધી.

પણ એવામાં મારીઅસને પેલા થેન્દારદીઅર પાસેથી જાણવા મળ્યું કે 'ઝપાઝપીમાં ઘાયલ થઇ તું બેહોશ હાલતમાં પડયો હતો ત્યારે તને ઊંચકીને તારા દાદાને ઘેર પહોંચાડનાર તો વાલઝાં જ હતો.' આ સાંભળી લાગલાં જ મારીઅસ ને કોઝેટ વાલઝાંને ત્યાં દોડયાં, તો વાલઝાં મરણપથારીએ પડયો હતો!

મારીઅસ અને કોઝેટને પોતાની પાસે આવેલાં જોઇને વાલઝાંને પરમ સંતોષ થયો કે પોતાનાં બાળકો પોતાને ચાહે છે અને પોતાનો સમગ્ર ભૂતકાળ સંકુલ મટીને સ્વચ્છ બની ગયો છે.

મરતાં પહેલાં એણે પેલા પાદરીએ પોતાને આપેલી ચાંદીની દીવીઓ કોઝેટના હાથમાં સોંપતાં કહ્યું: 'એ પાદરીએ મારામાં જે શ્રદ્ધા મૂકી હતી એ શ્રદ્ધાને લાયક નીવડવામાં મેં મારું આખું જીવન ગાળ્યું છે.' અને આટલું કહીને એણે આંખ મીચી દીધી.

એની કબર ઉપર કોઈ પણ નામ કોતરવામાં આવ્યું નહિ.

જીવનપટનાં સ્મૃતિચિત્રો

લેખક-આલેખક · રવિશંકર રાવળ



અમારા શિક્ષક મોહનલાલ લૉર્ડનાં બે દર્શન

૮૦ ચોથા ધોરણના અનુભવો

હું અંગ્રેજી ચોથા ધોરણમાં ગયો એ જ વર્ષે હાઈસ્કૂલના અભ્યાસક્રમો અને પાઠ્યપુસ્તકોમાં જમાના પછી પહેલી જ વાર મોટા ફેરફારો થયા જણાયા. નીચેનાં અંગ્રેજી ધોરણોની ગુજરાતી વાચનમાળાઓ બદલાઇ અને રાણીની કવિતાને બદલે 'ધન્ય ધન્ય એડવર્ડ રાજન્'ની લીટીઓ પ્રચલિત થઈ. હાઈસ્કૂલનો બધો અભ્યાસક્રમ અંગ્રેજી પાઠ્યપુસ્તકો મારફત ચાલતો. તે સમજાવવા માટે ગુજરાતી ભાષાનો પ્રયોગ થતો ખરો, પણ નોટબુકોમાં તો અક્ષરો અને આંકડા અંગ્રેજીમાં જ પડે.

હિન્દુસ્તાનનો ઇતિહાસ ફરી વાર અંગ્રેજીમાં બાબરથી બ્રિટિશો સુધીનો, ગણિત ગોખલેનું અંગ્રેજીમાં, ઍલજિબ્રા હૉલ ઍન્ડ નાઇટની, જ્યોમેટ્રી ગૉડફ્રેની અને વધારામાં સંસ્કૃત માટે ભાંડારકરની માર્ગોપદેશિકા ભા. ૧લો (થોડો ભાગ) તે પણ અંગ્રેજી અર્થો અને અંગ્રેજી વાક્યોવાળો, એટલે સંસ્કૃત ભણવામાં તેની પુત્રી ગુજરાતીની સહાય નહિ પણ ઓરમાન સાસુ જેવી અંગ્રેજી આવી બેસે. વળી અંગ્રેજી જ્ઞાન માટે ઓરીએન્ટલ સીરીઝનો ૪થો ભાગ, જેમાં 'સાઇમન ઍન્ડ ધ મૅડ ડૉગ' (સાઈમન અને હડકાયો કૂતરો)નો પહેલો પાઠ હતો.

એક હડકાયા કૂતરાને સામે આવતો જોઈ સાઈમને પોતાનો હાથ



સાઈમન અને હડકાયો કૂતરો

તેનાં મોંમાં ઘાલી કૂતરાને પકડ્યો અને અનેક લોકોને તેનો ભોગ થતા બચાવ્યા તે વાત હું હજી ભૂલ્યો નથી. આપણા દેશમાં તો ધર્મના ધજાગરા નાચે, વસતી-સમાજોએ હડકવાથી માણસોને નજર આગળ મરવા દીધા છે, બીજા ત્રાસો ચાલવા દીધા છે, જાનવરોને માટે માણસોના ભોગ આપ્યા છે. પરદેશગમનની આડખીલીઓ, બાળલગ્નો, વિધવાવિડંબન, કજોડાં, અનારોગ્ય, વ્યર્થ વરાઓ અને મૃત્યુભોજનો જેવાં અનિષ્ટો સામે ઝૂઝનારા સત્યનિષ્ઠો કેટલા પાક્યા? જ્યારે ઇંગ્લંડ જેવા નાના દેશે દરેક ક્ષેત્રે સ્વાર્પણવીરોએ જીવનભરના જંગ ખેલી સ્ત્રી-પારતંત્ર્ય, ગુલામી, મજૂરીના કેર વગેરે સામે વિજય ફરકાવ્યા છે.

નવી વાચનમાળાના પાઠોએ આમ અભ્યાસ ઉપરાંત મારા મનમાં ઉન્નત વિચારતંત્રનો સંચાર કર્યો હતો. એ સમયે ઈતર-વાચન ભાગ્યે જ મળતું, પરંતુ ભારતનાં સૌભાગ્ય છે કે રામ-સીતાની પુણ્યચરિત કથાઓ અને દર્શનમૂર્તિઓએ કેટલાયના જીવન-આદર્શોને સચેત અને પવિત્ર રાખ્યા છે. આપણી પ્રજાને રામાયણ જેવા પુનિત ગ્રંથનું પીઠબળ મળ્યું ન હોત તો જીવનમાં આગ ચાંપી દે એવી પળોમાંથી મારા જેવા ઘણા ય જીવો બચી શક્યા ન હોત.

હાઈસ્કૂલના વર્ગોમાં અમે વળી બીજી એક નવીનતા અનુભવી. વર્ગશિક્ષક તો મોહનલાલ લૉર્ડ હતા, પણ ઇતર વિષયો માટે જુદાજુદા શિક્ષકોના વર્ગમાં જવું પડતું, અથવા તેઓ અમારા વર્ગમાં આવતા. સંસ્કૃત શીખવનારા નર્મદાશંકર શાસ્ત્રી માત્ર પાઠશાળામાંથી સંસ્કૃત ભણી આવેલા. તે તુર્રાવાળી દક્ષિણી પાઘડીનું ખોખું પહેરીને આવતા. તેમની કેટલીક રમૂજ છોકરાઓમાં પ્રચલિત હતી. આવા બીજા વિષયો વખતે વર્ગશિક્ષક મુખ્ય ખંડમાં આરામ લે કે ચોપાનિયાં વાંચે.

આ મુખ્ય ખંડ મોટા દરબાર હૉલ જેવો વિશાળ, છતાં તેમાં કોઈ સુશોભનવાળી રચના કે શોભા નહોતાં. તેની ઊંચી ખાલી ભીંતો ઉપર એક બાજુ ઊંચે મહારાજા તખ્તસિંહજીની કેયૉનથી ચીતરેલી છબી માત્ર હતી. ભીંતને અડીને ચારેકોર કાળા પડી ગએલા વાર્નિશવાળા કબાટોમાં ચોપડીઓ ભરેલી હતી. વચમાં મોટું લાંબું ટેબલ હતું. તેની ફરતી વીસ-બાવીસ પોપટ-હાથાની ખુરશીઓ પડી રહેતી. વર્ગોથી મુક્ત બનેલા શિક્ષકો ત્યાં નિરાંતે લાંબા પગ રાખી બેસતા કે એકાદ ઊંઘ ખેંચી લેતા. આ બધો દેખાવ બહારના દાદર પર ચડ્યા પછી હૉલમાં પડતી ગૅલેરીમાંથી જોઈ શકાતો.

મોહનલાલ લૉર્ડના વર્ગમાં તોફાનીમાં તોફાની છોકરા પણ ડાહ્યા બની જતા. પાનવાડીને નાકે રસ્તા પર જ મોટા મકાનમાં તેમના નાનામોટા બીજા ભાઇઓ સાથે સંયુક્તપણે તે રહેતા. તેમના મોટા ભાઈ ગૌરીશંકર હવે રેલવેના એક ઉચ્ચ અધિકારી હતા. તેમને પોતાની ગાડી હતી, છતાં માસ્તર તો સ્કૂલમાં ચાલતા જ આવતા. તેમના પહેરવેશની છટા અનેરી હતી. કોટ કદી ન પહેરતા. એમનું લાંબી ચાળનું મલમલનું બાજુબંધી કેડિયું (અંગરખો), ફરફરતો ખેસ, છત્રી, બધું 'ઈસ્ત્રીટાઇટ' રહેતું. ક્લાસમાં આવે ત્યારે મખમલની કાળી ટોપી પહેરી આવે. ત્યારે તેમની ઓળાને સ્વચ્છપણે બેસાડેલી બાબરીના બાલ સાથે તે રાજવંશી જેવા લાગતા. રોજરોજ તેમની પાસેથી જુદાંજુદાં અત્તરોની મહેક છૂટતી. નાગરી સમાજના રૂપાળા પુરુષોમાં

પણ પ્રભાવ અને છાપ પાડી શકે એવા ઈતર કોમના પણ આવા કોઈ હોય તો તે મોહનલાલ લૉર્ડ જ માત્ર હતા.

એમના વર્ગમાં ગેરહાજર રહેનાર કે પાછળ રહેનારનું તો આવી જ બને. ઊપરવા કે થોથરાતા વિદ્યાર્થીને એમના તમાચાનો એક વાર સ્વાદ મળે પછી બીજી વાર તેની ઇચ્છા ન રાખે. મારી ઉપર તે ખાસ નજર રાખતા. હું પણ સમજી ગયો કે આપણે હવે હાઈસ્કૂલમાં છીએ અને મૅટ્રિકના ક્લાસની નજીક જઈ રહ્યા છીએ. મોટાભાઈ પણ તે વખતે મૅટ્રિકમાં હતા અને ભારે ચોપડીઓમાં ગોથાં ખાતાં હું તેમને જોઈ શકતો. મારા સાથી ત'ભાઈના ટાંટિયા ઢીલા પડવા માંડ્યા હતા, છતાં એ પોતાની સ્થિતિ પર કાબૂ મેળવી શક્યા નહિ. એમના દોસ્તદારો એમને છોડતા નહિ.

૮૧ ક્રિકેટ

દક્ષિણીના ડહેલામાં ચે શેરીના ક્રિકેટીઅરો અમને આવી મળ્યા. બબ્બે આના કાઢી અમે એક ક્રિકેટ ટીમ બનાવી. મેં મારે ખર્ચે જૂનું સેકન્ડહૅન્ડ બૅટ ખરીદ્યું સાંધેલો ચામડાનો ડયૂક બૉલ પણ મેળવ્યો. ઘર આગળ કંઈ ચોગાન જેવું નહોતું એટલે રેલવે સ્ટેશનની પાછળ મોતી તળાવની પાળે અમે પ્રૅક્ટીસ કરવા જતા. આ પ્રૅક્ટીસ ચાલતી હોય તે દરમિયાન કેટલાક નટખટ છોકરા બધાં જ કપડાં ઉતારી નહાવા-તરવાનો શૉખ પૂરો કરતા. મારા જેવા એકાદ ધોતિયું સાથે લાવે તેને ચોવડું કરી, ભીંજવીને પાણી ઉપર રાખી તેમાં હવા પકડીને ગોળો બનાવતા. તરતાં ન આવડે તે આ ગોળો પકડી પગ ધબાવતા.

બહારગામથી આવતી કૉલેજોની ટીમો ભાવનગરમાં મૅચ રમવા આવતી. તે માટે પારસી ગૃહસ્થ ભરૂચાએ જહાંગીર મિલની આગળ એક ખેતર રાખેલું. તેની ચારે તરફ તારની વાડ હતી અને અંદર એક બંગલો તથા પરસાળ હતી. તે ભરૂચાની ક્લબ અને ભરૂચાનું ફીલ્ડ કહેવાતાં. ત્યાં મૅચો રમાતી. તેમનો સામનો કરવા સ્થાનિકની એક 'ભાવસિંહજી ટીમ' બની હતી. તેને રાજ્યનો ટેકો હતો. તેમાં એક રામજી ખવાસ જાણીતા થયા હતા. ક્રિકેટની હોશિયારી માટે જ રાજ્ય તેને નિભાવતું. પાછળથી કાઝીએ પણ નામ કાઢ્યું હતું અને તેમની સાથેના ભાઇશંકર દવે પણ ક્રિકેટના બૉલર તરીકે પંકાતા.

મૅચો વખતે હાઈસ્કૂલમાં રજા પડી જતી. તે વખતે અમારી ખાનગી ટીમના ઉત્સાહી સભ્યો ચોપડીઓ સાથે સીધા ભરૂચાના ફીલ્ડ પર જઈ તારની વાડોની આસપાસ મળેલાં ટોળામાં પલોંઠા મારી બેસી જતા. બંગલાની પાસે એક ખાસ તંબૂ ઠોકાતો. તેમાં મહારાજા અને રાજ્યના અમલદારોની ખુરશીઓ રહેતી. ત્યાં તેમને માટે અને ખેલાડીઓ માટે સોડા-લેમનનાં પીણાં અને ચા તથા આઈસક્રીમની ગોઠવણ રહેતી. એ ભાગ્યશાળીઓને કેવી લહેર પડતી હશે તેની વાતોનો સ્વાદ અમને મળતો.

આવી બેચાર મૅચો જોયા પછી અમારી ટીમને ઊમળકો આવ્યો કે આપણે પણ એક મૅચ જમાવીએ. કોઈ એક અડગ સભ્યે અમારા જેવી એક બીજી ટીમ શોધી કાઢી. અમારી મજબૂતી કરવા ડેલાના કજિયો ઝીલનારા કાટ મેમ્બરોને મેળવી લીધા. તેમાંના એકને તત્કાલ ટીમના કૅપ્ટનનું બિરુદ આપી દીધું અને મોતી તળાવની પાળે મૅચ પકડાવી. ભરૂચાના ફીલ્ડ જેવી જાહેરાત અને મેદની તો અહીં ક્યાંથી હોય? પાસે તળાવની પાળે માત્ર કોઈ નવરાઓ કપડાં ધોતા હતા અને આઘે ભેંસો પીઅરમાં મહાલતાં હોય તેમ લુગડાંના ગાંસડા પાસે ધોકા ધમધબાવતાં હતાં.

સિક્કો ઉછાળતાં અમારી ટીમનો દાવ પહેલો આવ્યો. પણ કોણ જાણે અમારી તાલીમ ક્યાં ગઈ, ને ટપોટપ વિકેટો ઊડવા માંડી. હવે

૨૮૩ ('કુમાર' અંક ૪૭૫)

જો સામાના હાથમાં બૅટ જાય તો સાંજ સુધી અમારા ડૂચા કાઢવાના. છેવટે અમારામાંથી બટના બાગલા ઠોકનારો એક વીરો રહ્યો હતો. તેને મોકલતી વખતે ફૂંક મારી કે વિકેટ પડે એટલે વાંધો પાડવો અને બીજાઓએ તે દરમિયાન બૅટ બૉલ ને સ્ટમ્પ ઉપાડીને પલાયન થવું! અમારામાં કોઈ સાધુજન તો નહોતો. સાંજ સુધી ફીલ્ડિંગ ભરીને ડૂચો કઢાવવા કોઈ તૈયાર નહોતું. રમતનો હવે છેડો આવી જશે એમ લાગ્યું એટલે અમારા કૅપ્ટને કોણ જાણે શાયે તકરાર કરી કે સામા-વાળા ફીલ્ડિંગ છોડી તેની આસપાસ બૅટ મુકાવવા ભેગા થઈ ગયા. એ લાગ જોઈ અમે વિકેટો ખેંચી લીધી અને બૉલ ઝડપી લઈ ચાલવા માંડ્યું અમારા બે વીરોએ મોહાન સંભાળી લીધું.

અમે તો પાછળ જોયા વિના દક્ષિણીના ડહેલામાં દાખલ થઈ, ક્રિકેટનો સામાન કોઇ ખૂણે કરી છૂટા પડી ગયા. રાત્રે ખબર પડી કે સામા પક્ષના કૅપ્ટનને અમારા કૅપ્ટને હાથનો દાવ ચખાડ્યો હતો અને તેનું વેર લેવાની સામાએ ધમકી આપી હતી. હું એ ભાઈના વડીલોને ઓળખતો હતો એટલે ભય હતો કે ઘર આગળ કોઈ વાર તેમને લઈ આવી પહોંચશે. પરંતુ એ બહાદુરો પણ વીતેલું કહેવાને શરમાય એવા હતા. આ પછી અમારી ક્રિકેટ ટીમ ફરી કદી ભેગી થઇ જ નહિ. ક્રિકેટ વિષે ઘણી સ્તુતિ થાય છે કે તે ખેલદિલી ઉત્પન્ન કરે છે, સ્ફૂર્તિ લાવે છે, દિમાગ સુધારે છે, અંગ્રેજો ક્રિકેટના બળે રણમેદા-નોમાં જય મેળવે છે, વગેરે; પણ મને તો નાનપણથી ક્રિકેટમાં તકરારો અને 'અંચી' કરનાર જ જોવા મળ્યા, એટલે ક્રિકેટ ઉપર મારો ભાવ કદી વધવા પામ્યો જ નથી. મેં ક્રિકેટને હજારો માણસોનો સમય બગાડ-નારી તથા કોમોમાં ઈર્ષ્યા ને વેર વધારનારી રમત તરીકે જ જોઈ છે.

૮૨ માંડ છૂટ્યો

ત'ભાઈને રખડવા જવાનું બહાનું આપતી આ પ્રવૃત્તિ જતી રહેવાથી દુઃખ થયું હશે. જોકે રખડુ મિત્રો હજી તેમનો પીછો છોડતા નહોતા. હવે તેમાંના ઘણા પુખ્તપણું અનુભવતા હતા, કેટલાકને મૂછનો દોરો દેખાતો હતો, છતાં જૂની કુટણખોર વાતોમાં વધારે રસ અનુ-ભવતા થયા હતા. બીજી તરફ મારું મન તે બધાથી વિરક્ત બની ગયું હતું. કેટલાકને મેં ઘરમાંથી પૈસા લાવી ગમે તેમ વાપરતા જોયા; ભાઇ-બંધી જમાવવા માટે બહાર ફરવા જઇ ઈચ્છામાં આવે તેવા નાસ્તા કરતા જોયા. ત્યા સુધી તો ચલાવી લેવાય એમ લાગ્યું. પણ અમારી રૂમ હવે પાછી મળા ગઈ હતી, એટલે ફરી ચંડાળ ચોકડી ત્યાં મળવા લાગી. એવામાં એક વખત એક નટખટ ભરાડીએ સંસારમાં સ્ત્રીપુરુષ મળી શું કરે છે તેની ઉશ્કેરાટભરી વાતો કરી. વળી જેમને લગ્ન કરવાની સગવડ મળી ન હોય તેમને માટે બજારુ સ્ત્રીઓ શહેરને કોઇ ખૂણે દુકાનો ચલાવે છે એવી પણ વાત કરી, અને એ સાંભળનારાઓમાંથી માબાપનો એકનો એક લાડકો દીકરો મિત્રોને એ રસનો અનુભવ કરા-વવા પોતાના ખિસ્સામાથી ખર્ચ આપવા પણ તૈયાર થઈ ગયો.

તરત હું ઊભો થઈ તેમની પાસેથી નીકળી જવા ઊઠ્યો ત્યાં તો એક કાટ ગણાતા દોસ્તે મને હાથ પકડી રોક્યો અને બીજાઓની મદદ લઈ બહાર ઘસડ્યો,—ખરેખર ઘસડ્યો જ. મારી આંખમાં આંસુ આવી ગયાં. મેં હાથ જોડી કાકલૂદી કરી......અને એ જાલિમ પંજામાથી છૂટ્યો. આજની ઘડી ને કાલનો દહાડો. ફરી મેં તેમની સામે જોયું નથી. આ ઘટના વધુ લંબાવવાની ઈચ્છા પણ નથી.

આવી રીતે ફસેલા ઘણા તરુણો અને વિદ્યાર્થીઓની હાલત વર્ષો પછી મેં જાણી છે. એમાંનું કોઇ હયાત નથી. કોઈ બેકાર થઇને, અને કોઈ બિમારીથી મરી ગયાના ખબર મળ્યા, તો કોઈનું નામનિશાન રહ્યું નથી. સંસારમાં મન અને શરીરને દૂષિત કરી કોઇ હિત સાધી

શકાતું નથી. જાત હુમાવીને પછી કુટુંબ કે સમાજને અપવિત્રતાની આંખે જોનારા ઊજળું જીવન જીવી શકતા નથી. તે વખતે આસપાસના સંસારમાં લગ્ન અને નોકરી સિવાય તરુણો માટે અન્ય કોઇ ભાવી નહોતું. લગ્નો થતાં; લગ્નનું રહસ્ય અપ્રકટ હતું. નોકરી પેટ ભરવાનું કે ખર્ચ મેળવવાનું બારું હતું. ભણ્યા વગર નોકરી મળવાની નહોતી. નોકરી પહેલાં યુવાની મ્હોરતી તે આમ વેડફાતી.

દિવસો વીતવા લાગ્યા તેમ ત'ભાઈનું મન એમના અભ્યાસમાંથી તેમજ શાળામાંથી ઊઠી ગયું. ઘરમાં વડીલોની ટોકણી થતી ત્યારે માઠું લાગતું. મોટાં માને કંઈ કહેવાય તેમ નહોતું. એક વાર માથું દુખે છે એમ કહી ઘેર રહી મને રજા પુરાવવાનું કહ્યું. વર્ગમાં મોહનલાલ લૉર્ડે મને જોતાં જ પૂછ્યું, 'ત' કેમ નથી આવ્યો? મેં તુરત કહ્યું 'માથું દુખતું હતું એટલે રજા મંગાવી છે.'

'એમ કે?' માસ્તરે દાઢ પીસી નસ્કોરાં ફુલાવી કહ્યું. હું તેનું કારણ સમજી શક્યો નહિ. સાંજે હું વખતસર ઘેર પહોંચ્યો તે વખતે ત'ભાઈ ઘરમાં જ હતા. એવામાં તો મોહનલાલ માસ્તર પોતે જ આવી ચોકમાં ઢોલિયા પર બેઠા અને મને બોલાવી પૂછ્યું, 'ત' ક્યાં છે?' મેં કહ્યું 'ઉપર છે; માથું દુખે છે.' ત્યાં તો મારાં બા હતા તેમને માસ્તરે પૂછ્યું, 'એને શું થયું છે?'

'અમને તો કાંઈ ખબર નથી. સવારનો એ તો ચોપડીઓ લઈ ગયો હતો, તે નિશાળે ગયો હશે એમ જ અમે જાણીએ છીએ. નિશાળે આવ્યો હોય તો પૂછો રવિને.'

'બોલાવો તેને અહીં એટલે તમારી ખાતરી થાય.' બાએ સાદ પાડયો એટલે ઢીલે પગે ત'ભાઈ નીચે ઊતર્યા. માસ્તરે પૂછ્યું.

'કેમ મિસ્તર! આજ પીલ ગાર્ડન પાસે શું કરતા હતા?'

ત'ભાઇએ બોલ્યા વિના નીચું જોયા કર્યું. માસ્તર સાહેબે તેનો કાન પકડી કહ્યું, 'જુઓ બેન! એ ભાઈ આજ નિશાળમાં આવ્યા જ નહોતા. મેં મારી આંખે તેને પીલ ગાર્ડન આગળ કેટલાક રખડુ છોકરાઓ સાથે જોયો છે. હું ગાડીમાં હતો એટલે તેણે મને જોયો નહિ હોય, પણ ગુનો ઢાંક્યો રહેતો નથી. હવે તમારે એનું શું કરવું છે? ભણવામાં એનું મન જરા ય નથી.'

માસ્તર ગયા પછી ત'ભાઈએ રૂસણું લીધું. ખાવાની ના પાડી. હવે ગમે તેમ થાય તો યે કાલથી નિશાળે જવું નથી એવો સંકલ્પ જાહેર કર્યો. આમ તેણે નસીબ ઉપર સીલ મારી દીધું. પશ્ચાત્તાપ, પ્રાયશ્ચિત્ત કે નવા સંકલ્પોની કોઇ સંભાવના નહોતી. એનું મન એના ગામના નવરા, ચુગલીખોર દરબારીઓ અને ગામગોઠિયાઓ તરફ દોડયું હતું. યોગ્ય સંગાથ મળતાં તેનું પોટકું લઇને અસલ અખાડામાં પહોંચી ગયા.

તેના ગયા પછી ઘરમાં કંઈક હળવાશ—નવીનતા લાગી. ભળી ન શકે એવું તત્ત્વ, બધાને સાચાખોટાની ભંભેરણીની બીક અને મોટાં માને ઓછું ન લાગે તેની અદ્ધર જીવની તકેદારી એ બધું દૂર થયું.

૮૩ અવનવી તરકીબો

હવે હું ત્રંબકને ત્યાં વધુ જતોઆવતો થયો. આનંદરાવ અકોલકરનો પરિચય વધ્યો. નજીકમાં રહેતા એક પટેલ મિત્રની ઓળખાણ થઇ. તેના પિતા એક્સ્પોર્ટ-ઈમ્પોર્ટ, વીમા વગેરેનું કામ કરતા. તે સાથે 'મુંબઈ સમાચાર'ના એજંટ હતા. એટલે મને તેની પાસેથી પાર્સલના ભૂરા મજબૂત કાગળો મળ્યા. મને સારી લાહી બનાવતાં આવડતી હતી, એટલે મેં તે કાગળોમાંથી જાતજાતનાં બાકસો અને ટ્રીપૉય વગેરે બનાવ્યાં. મને આવી રીતે નવાંનવાં કામ ગમતાં જ હતાં અને મારી ઓરડીમાં " કેટલી યે જાતનો ખેરીચો ભેગો કર્યો હતો. એમાં મને એકવાર ચોરફાનસનો એક ઉપસેલો કાચ મળી ગયો.


ત્રંબક

તેને મેં એક નાના ખોખામાં બેસાડી અંદર એક ગ્યાસતેલની બત્તી ગોઠવી. પછી વોરાવાડમાં જઈ કાચની દુકાનો પાસેથી કાચ કાપતાં પડેલી પટ્ટીઓ લઇ આવ્યો. તે પર ચિત્રો કરી પેલા ચોરફાનસ આગળ ફેરવી જોઇ, પણ કંઈ દેખાયું નહિ. પણ એક નાનો આગિયો કાચ આગળ ધર્યો કે લાગલી ભીંત પર તેની મોટી છાપ દેખાઈ! તરત મને સમજાઇ ગયું કે ચોર-ફાનસનો કાચ પ્રકાશને એકરૂપ કરતો હતો, પણ આકૃતિની છાપ તો આગિયો કાચ સામે ફેંકી શકતો હતો. પછી જરા આઘુંપાછું કરી શકાય એવી રીતે આગિયા કાચ માટે મેં એક ભૂંગળું કરી, તેમાં તેને બેસાડી વચ્ચે ચિત્રની કાચ-પટ્ટી મૂકી શકાય એમ તેને ચોર-કાચ સામે બેસાર્યો અને બીજો બધો પ્રકાશ બંધ રહે એમ બત્તી પર ઢાંકણું કર્યું. થઈ ગયું એમ ઘર-બનાવટનું મૅજિક લૅન્ટર્ન.

પછી તો હું કોઈ પણ પારદર્શક કાગળ ઉપર ચિત્ર કરીને મૂકતો તે પણ દેખાતું; અને પારદર્શક કાગળ ઉપર શાહીથી ચિત્ર કરવાનું તથા રંગ ભરવાનું સહેલું હતું. મારા મિત્રોને આ તરકીબથી ખૂબ જ આશ્ચર્ય થયું અને તરકીબો કરનાર તરીકે મારી છાપ પડી.

પણ ત્રંબકને આવી ચીજોમાં કઇ જ રસ ન પડતો. તે આવે ત્યારે જીવનની ફિલસૂફી ચલાવે. મારા કેટલાંક ઉછાંછળાપણાં પર એ ટકોર પણ કરે. ત્યારે હું ચીડાઈને કોઇ વાર તેના પર ગુસ્સે થતો અને તેને ધબ્બો પણ મારતો. હું એને પુસ્તક–ડાહ્યો કહેતો. તેમ છતાં તેણે મને છોડયો નહિ. રોજ કંઈ ને કંઈ સારી વાત મારી નજરે પાડયા કરતો. એણે સારાં ચોપાનિયાં અને પુસ્તકો વાંચવા માંડેલાં. મને આ રીતે અકાળે વૃદ્ધ બની જવાનું ગમતું નહિ. વસ્તુતઃ વાચન અને પુસ્તકોના રસિયા મિત્રો જ મને મળ્યા નહોતા.

૮૪ મોટાં માનું અવસાન

એવામાં મોટાં મા ફરી માંદાં પડી ગયાં. આમે ય ખાટલામાં તો રહેતાં જ હતાં, પણ આ માંદગીએ તેમને સાવ અવશ કરી દીધાં. એક દિવસ સવારે અમને સૌને બાએ તેમના બિછાના આગળ ભેગાં કર્યાં. નાનામોટાં સૌએ તેમના પગમાં માથું અડાડી વંદન કર્યું. એ થાકીને પથારીમાં સૂતાં. કાકાકાકી અને બીજાં નજીકનાં સગાંવહાલાંને કહ્યું કે હવે કોઈ મારી પાસેથી દૂર થશો નહિ. તે હાંફતાંહાંફતાં બોલતાં હતાં. હું આશ્ચર્ય પામતો આ બધું જોઇ રહ્યો હતો.

રાત્રે અમને સૂવા મોકલી દીધાં, પણ ત્રણ વાગ્યે સૌ સબોસબ જાગી ગયાં. મોટાં માના ખંડમાં જઈને જોયું તો તેમને લીંપેલી ભોંય પર સુવાડયાં હતાં. માથા આગળ ઘીનો દીવો બળતો હતો. ખાટલો ઉપાડી આઘો મૂક્યો હતો. બીજી વસ્તુઓ પણ આઘીપાછી કરી હતી. અમને કોઈએ કહ્યું, 'મા તો ગયાં—ભગવાનને ત્યાં. કેવાં ભાગ્યશાળી! ભર્યું કુટુંબ અખંડ જોઇને ગયાં.' એક વડીલ બાઇએ કહ્યું, 'રવિ તું માને બહુ વહાલો હતો. તારે દોણી લેવી પડશે.' દોણી લેવાનો અર્થ હું સમજ્યો હતો. મરનારને સ્મશાનમાં ચિતામાં અગ્નિ મૂકવા ઘરનો અગ્નિ લઈ જવાનું માહાત્મ્ય હતું.





અંગત સગાં અને ન્યાતવાળાઓને કોઈ ખબર કરી આવ્યું હતું, એટલે સવાર પડતાં ધીમેધીમે લોકો ભરાવા માંડયાં. આવનાર હળવે સાદે ઓ...ઓ કરતા આવે અને તરત શાંત થઇ શબની નનામી બાંધવામાં જોડાઈ જાય. એ કામમાં અનુભવી માણસોની જરૂર હોય છે. બ્રાહ્મણોમાં રિવાજ પ્રમાણે શબને પવિત્ર રાખવા તેને ઊંચકનારા નાહીને મુગટા પહેરે છે. તેમના માટે એક બાજુ ઊનું પાણી મુકાઇ ગયું હતું. બાપુજી, કાકા, મોટાભાઈ ને પછી વહેવારના જુવાનો તૈયાર થઈ ગયા. માનું મરણ ભાગ્યશાળી હતું. પિતા, કાકા, તેમના સમોવડિયા એક સગા, અને મોટાભાઇ એમ ચાર જણ નનામી લઇ બહાર નીકળ્યા. એક વાર 'ઓ...મારી મા રે' એમ બોલી, નારાયણ! નારાયણ!ની ધૂન સાથે નનામી ચાલી. હું દોણી લઇ આગળ ચાલ્યો.

હું થાકું કે ડરું નહિ માટે એક પ્રૌઢ જન મારી સાથે હતા. વળી કોઇએ કહ્યું, 'દોણીવાળાથી પાછળ જોવાય નહિ.' એ વાત મેં અક્ષરશઃ પાળી. સ્મશાને પહોંચ્યા બાદ મેં દોણી નીચે મૂકી. પાછળ નનામી લઈ ડાઘુઓ આવી પહોંચ્યા. સ્મશાનમાં જ લાકડાંની ગોઠવણ હતી. અનુભવીઓએ ચિતા ગોઠવી અને શબ ઉપરનું વસ્ત્ર દૂર કરી માનું શરીર તે પર ગોઠવ્યું. બધું તૈયાર થયું એટલે જ્ઞાતિના શુક્લે પિતાશ્રી પાસે મંત્રોચ્ચારથી શબનું પૂજન કરાવ્યું, અને જે દેહમાંથી તેમનો જન્મ થયો હતો તે દેહને છેલ્લું નમન કરી પિતાશ્રીએ અગ્નિ મૂક્યો. બે કલાક મેં દેહના પંચભૂતોને અગ્નિ દ્વારા વાતાવરણમાં વિલીન થતા જોયા. પણ તેમાંથી અમારો વંશવેલો છોડનાર તત્ત્વ ક્યાં ગયું હશે?

સ્મશાનેથી સૌ ડહેલાના ઘેર આવ્યા અને પછીનો વિધિવ્યવહાર ત્યાં જ શરૂ થઈ ગયો. મોટાં ટોળાં વળી બૈરાંઓએ કૂટયું. દશા સુધીની રોજની કાણો પણ ચાલી. કોઈને તેમાં ફેરફાર કરવાની જરૂર જણાઈ નહોતી કે વિચાર આવ્યો નહોતો.

માના કારજ માટે મોટી તૈયારીઓ થઈ. પિતાના કારજ જેવું જ અને ઘરના હાલના મોભા પ્રમાણે થવું જોઇએ એમ ઠર્યું. નજીકનાં સગાંઓને તુરત અને બંધાતા સંબંધોમાં પછી કારજના દિવસનાં નોતરાં લખાયાં. પિતાશ્રી તરફથી સાણંદ, ગાંફ વગેરે સ્થળે અને માતા તરફના ઝાલાવાડ તથા મધ્ય સૌરાષ્ટ્રનાં ગામોમાં વેવાઈઓ, મોસાળો અને મામાફઇનાં જેટલાં નામ યાદ આવ્યાં તે બધાંને કાગળો લખાયા. ગામમાં વાડીની સગવડ નહોતી એટલે કારજ-પ્રસંગ માટે ગામ બહાર એક જીનમાં ઉતારા-ભોજન રાખવામાં આવ્યાં.

આ વખતે હું દૂરદૂરનાં સગાંઓને ઓળખી શક્યો. મોટું કુતૂહલ તો મેં મારા અને મારા નાના ભાઈના સસરાઓને જોયા ત્યારે થયું. ખાતરી થઈ કે ખરેખર મારા માટે પણ જીવનનો ઘાટ ઘડાઈ ગયો હતો. બીજી તરફ વીરમગામથી, બેનનો સંબંધ થવાથી, નવા બનેલા સંબંધીઓ પણ આ પ્રસંગે આવ્યા હતા. તેઓનો મુકામ અમારા સંસ્કૃતના શિક્ષક વઢવાણવાળા નર્મદાશંકર શાસ્ત્રીને ત્યાં હતો. તેમણે વળી વાત ચલાવેલી કે વીરમગામવાળા કાઠિયાવાડમાં ક્યાં પડયા? પણ સાણંદ-વઢવાણનાં બીજાં સગાંઓને જોઈ વીરમગામવાળાઓના મનનું સમાધાન થયું. આ હતી તે વખતની એક જ જ્ઞાતિસમૂહની ખણખોદ.

ગાંફથી પિત્રાઇ સંબંધીઓના જૂથમાં ત'ભાઈ પણ આવી પહોંચ્યા હતા. તેમની સિકલ જ બદલાઈ ગઈ હતી. માથે ફેંટિયું બાંધવા માંડયું હતું. ધંધુકા આવીને તેણે ભણતર આગળ કરવા માંડયું હતું પણ તેમા રસ નહોતો. રજાઓ પડે ત્યારે ખેતર પાદરમાં તો મોસમમાં ધ્યાન આપવાનું; બાકીનો વખત ઊંઘ, આરામ અને સવારસાંજ ગામઝાંપે કે મહાદેવમાં દેશપરદેશના તુક્કા ચલાવવામાં જતો. વિચારમાં અંધપરંપરા અને રૂઢિપાલનનો આગ્રહ; તેમજ કોમી અહંતા પાછળ સ્વાર્થ અને સગવડ જોવાની ટેવ પડી હતી. આ પ્રસંગ પછી વર્ષો સુધી અમારા જીવનના પાટા કદી ભેગા થયા જ નહિ. (ચાલુ)

તેરમી શિષ્ટવાચન પરીક્ષા

વડોદરા વિભાગ પુસ્તકાલય મંડળ તરફથી તેરમી શિષ્ટવાચન પરીક્ષા આગામી તા. ૧૫ સપ્ટેમ્બરે જે તે કેન્દ્રોમાં લેવાશે. તે માટે શ્રી બબલભાઈ મહેતા (તથા સંક્ષેપક શ્રી દેસાઇભાઈ ના. પટેલ) કૃત 'રવિશંકર મહારાજ' નામનું પુસ્તક રાખવામાં આવ્યું છે. નાનાં-મોટાં સૌ ભાઈ-બહેનો આ પુસ્તક વાંચે-વંચાવે, પરીક્ષાનો પણ લાભ લે-લેવડાવે. જે ગામેથી નિદાન દસ ઉમેદવાર ઊભા થશે ત્યાં કેન્દ્ર અપાશે. ઉમેદવાર દીઠ પ્રવેશ ફી ફક્ત ૨૫ ન. પૈ. રાખી છે. પરીક્ષામાં ઉત્તીર્ણ થનારને પ્રમાણપત્ર તથા ઉપલા નંબરોને ઈનામ આપવાની પણ યોજના છે.

લખો: વડોદરા વિભાગ પુસ્તકાલય મંડળ, ગુજરાત પુ. સ. સ. મંડળ લિ. સંસ્થા વસાહત, રાવપુરા, વડોદરા.

રંગગઠરિયાં (૩૧)માં **ચન્દ્રવદન મહેતા** કહે છે....

એક મરમેઈડની —નહિ, નહિ, ત્રણ મરમેઈડની વાત

એક વખત સાગરને તળિયે બહુ સુંદર ફૂલો ઊગતાં. ત્યાં પાતાળમાં લોકો પણ રહેતા. વળી ત્યાં મહેરામણ રાજવીનો બહુ સુંદર મહેલ હતો. મોતીથી મઢેલું તો એ મહેલનું છાપરું, સુખડ-સીસમની તો બારીઓ, અને ગણ્યા ગણાય નહિ એવા રંગબેરંગી પથ્થરોથી ચણેલી પગથારો. આ રાજાની રાણી ગુજરી ગઈ હતી, પણ એની માતા એની તથા એની છ કુંવરીઓની બરાબર સંભાળ રાખે. છ યે રાજકુંવરી રૂપાળી; પણ સૌથી નાનીના સૌંદર્યનું તો વર્ણન પણ ન થઈ શકે, એટલી દેખાવડી હતી. મહેલની બહાર એક સરસ બાગ. એમાં આ છોકરીઓ રમે-કૂદે અને સુંદર હલકભર્યા મધુરા કંઠથી ગીતો ગાય. એથી આખો વિશાળ મહાસાગર કિલકિલાટથી છલકાઈ જાય.

દાદીમાએ એક દિવસ બધી કુંવરીઓને બોલાવી કહ્યું કે જ્યારે તમે સોળ વર્ષની થશો ત્યારે તમે સાગરની ઉપર તરવા-ફરવા જઈ શકશો. સૌથી મોટીને પંદર વર્ષ થયાં હતાં, એટલે એ તો રાજીરાજી થઈ ગઇ; પણ સૌથી નાનીને હજી બીજાં સાત વર્ષ રાહ જોવાની, એટલે એ તો ક્યારે પોતે સોળની થાય એની ચિંતામાં દિવસ ગણવા મંડી. એમ કરતાં એક વર્ષ પણ વીતી ગયું, અને મોટી સોળની થઈ, એટલે એક સવારે તરતીતરતી ઉપર ગઈ અને પાછી આવી ત્યારે બધી બહેનોને ઊગતા સૂરજથી માંડી એણે જે જે જોયું હતું તે કહેવા મંડી પડી.

હવે સૌથી નાની તે આમ રૂપાળી તો ખરી, પણ એને પગને બદલે માછલી જેવી પંખાળી પૂછડી હતી. બધા કરતાં રૂપાળી, તેમ બધા કરતાં સારું ગાવાની શક્તિવાળી પણ ખરી. જતે દિવસે આ નાની જળ-કન્યકાને પણ સોળ વર્ષ પૂરાં થતાં સાગરની સપાટી ઉપર જવાનો વારો આવ્યો. હવે તમે કહેશો કે અમને આ વાતની ખબર છે; અમે પણ ક્યાંક વાંચી છે. તો જાઓ ત્યારે, અમે હવે આગળ નહિ કહીએ. આવડે છે તો કહોની, કે કોણે આ વાત લખી છે?

આવડે છે તો કહોની, કે ઉપર ગઇ ત્યારે એણે એક વહાણ જોયું; એમાં રોશની જોઈ; એમાં એક રાજકુંવરનો જન્મદિન હોવાથી ઉજાણી થઈ રહી હતી એ જોઈ એણે શું શું કર્યું? અને એના મનમાં શું શું થયું? રાત પડી, અને મોડું થયું, અને દરિયામાં તોફાન વધ્યું, અને વહાણ ઝોલાં ખાવા લાગ્યું, અને મોજાં વધારે ઊછળ્યાં, અને વહાણ ભાંગી ગયું. અને રાજકુમાર માંડમાંડ બે લાકડાના પાટિયાંને વળગીને તરે છે, અને આપણી જળકન્યકા જુએ છે, એ થાકીને મરવા જેવો થઈ જાય છે, અંતે બેભાન થઇ જાય છે, જળકન્યા એને હાથથી ઊંચકી પાટિયાં સાથે સાગરકાંઠે લાવી એક ખડક ઉપર સુવડાવે છે, પછી એને પંપાળે છે, એના કપાળ ઉપર એક ચૂમી કરે છે, છતાં એ જાગતો નથી, ભાનમાં આવતો નથી. સવાર થતાં બધા લોકો એને શોધતા આવે છે, ત્યારે માંડમાંડ એ જાગે છે અને આપણી જળકન્યકા નિરાશ થઈ આંખમાંથી સાગર ઊભરાય એટલાં આંસુ સારતી, પાછી પોતાને ત્યાં પાતાળમાં ચાલી જાય છે, એ વિષે કહોની!

ત્યાં ગમતું નથી, એટલે એ પાછી આવે છે. એને એક યંત્રી મળે છે. એ યંત્રી એની પાસેથી એનો સૂરીલો કંઠ લઈ લેવાની શરતે રાજ-કુમારનો પત્તો મેળવી આપે છે. રાજકુમાર એને પોતાના મહેલમાં રાખે છે. પણ એ મૂંગી હોવાથી હવે એને કશું કહી શકતી નથી. રાજ-કુંવરનાં બીજે લગ્ન લેવાય છે. એનાં લગ્ન થાય છે એને બીજે જ દિવસે એ પાછી સાગરનાં મોજાંનાં ફીણ જેવી થઇ પાણીમાં ભળી જાય છે. એને તો રાજકુમારને પરણવું હતું, પણ ઘટના બીજી બને છે.

ગમી આ વાર્તા? મારી કલ્પનાની આ વાત નથી. એ છે પ્રખ્યાત લેખક હાન્સ ક્રિશ્ચિયન ઍન્ડરસનની પરીકથાઓમાંની એક. એનું નામ ઘણી વાર સાંભળેલું, અને એની વાતો વારંવાર વાંચેલી, એટલે, એને આંગણે ચોખા મૂકવાનું અમને મન થયું. એનું ઘર ડેનમાર્કમાં, યુરોપના નકશામાં જરા ઊંચે, જમણે હાથે, ઉત્તરમાં. એ પ્રદેશ ઓળંગી જઇએ તો સ્વીડન પહોંચી શકાય.

આપણે અહીં સૂરત જઇએ તો નર્મદનું ઘર શોધતાં, કે અમદા-વાદ જઇએ તો અખાનું ઘર શોધતાં હરકત પડે; જ્યારે આ પ્રદેશો-માં કોઈ વિખ્યાત સાહિત્યકારનું ઘર પૂછતાં કશી હરકત તો ન જ પડે, પણ ઊલટું હરખના ઊમળકામાં આવી, એ વિષે બધી માહિતી પૂરી પાડી, એ સ્થાન ઉપર પહોંચાડી પણ દે.

ફિનલૅન્ડમાં સિબેલિયસના ઘર આગળ જતાં આપણે કેટલી શાંતિ અનુભવી હતી! એ તો સંગીતકાર હતો, પણ હાન્સ તો પરીલોકનો ભોમીઓ; એટલે કદાચ કંઈક અવનવું જોવાનું મળે એ હેતુથી, ડેન-માર્કથી એક એમિલ જૅકબસન હૉલેન્ડમાં નાટક જોવા આવ્યા હતા તે આપણી પેલી ફૉન્ડલ પાર્કમાં આવેલી ક્લબમાં ભટકાયા, અને ઍન્ડરસનના ઘરનું બારણું ટકોરવાનું મન થઇ આવ્યું.

કદીક અટકળમાં ન આવે એવી રીતે ઘટના પોતાની ઘડી સાધી દે છે. આમ તો હું મોડો નથી ઊઠતો, પણ તે દિવસે સવારના ઝર-મરિયા વરસાદે અજવાળાને અળગું રાખી, આંખનાં પોપચાં ઉપર અંધારાની ભૂખર પાથરેલી રાખી. પરિણામે અમારો નાસ્તાનો સમય વટાવી ગયા પછી પથારી હલકી કરી. તૈયાર થઈ નીચે જાત ને ચા માગત તો જરૂર મળત; પણ આપણે ખોટા હોઇએ તો યે હક્ક કરી, ઘાંટાઘાંટ ઉમેરી માગણી કરતાં અચકાતા નથી, એવી કેટલાક ભારત-વાસીઓની કટેવ હજી મને પડી નહોતી, એટલે ચૂપચાપ રસ્તા ઉપર ઊતર્યો; તો હવા મધમધાટ કરતી મગજમાં ખુશ્બો ભરી રહી હતી. ચાર ઘર કુદાવી રસ્તો ઓળંગ્યો, એટલે બાગમાં તો જાણે સાત વર્ષનું બાળક હાથમાંનો લોખંડનો ચીપિયો અડાડી નાનકડું લોઢાનું ચક્કર ફેરવતું દોડે એમ હું દોડી પહોંચી ગયો. એવી ખુશનુમા સવાર! તાજગી પગમાંથી પ્રસરતી આખા શરીરમાં! અને એવાં જ લહેરિયાં લેતા મન સાથે ક્લબમાં જઈ કૉફી, અને કૉફી સાથે ચીઝ અને રોટી-માખ્ખન મમળાવવાં શરૂ કરું છું ત્યાં આ એમિલ જૅકબસન પણ એવી જ શુભેચ્છાથી આવી ચડ્યા અને અમે જામી પડ્યા.

ઇટાલી-જર્મની-હૉલેન્ડનાં કેટલાંક સ્ટેશનો ઉપર ફરતાં ઘણી વાર 'ઑસ્લો એક્સ્પ્રેસ'નાં પાટિયાંવાળી ટ્રેનો જોઈ હતી, અને દરિયાના કેટલા ફાંટા પસાર કરો ત્યારે ઑસ્લો પહોંચાય એની જાણ હતી; એટલે આ ગાડી શી રીતે જઈ શકે એવો સવાલ પૂછતાં આ મહાશયે એનો પૂરો ખયાલ આપ્યો. પારી(સ)થી એક જ ડબ્બામાં યા ફ્રૅંકફુર્ટથી એક જ ડબ્બામાં ઑસ્લો જઇ શકાય એ જાણ્યું ત્યારે તો મનદીપક-નો મોગરો ઝબકી ગયો. વચ્ચે એવા પૂલો અને પછી સ્ટીમરો, કે જે આખી ને આખી ટ્રેનો પસાર કરી આપે. એમ તો આપણે ત્યાં વીરમ-ગામથી એક ડબ્બો અથડાતો હડસેલાતો કલકત્તા જાય છે જ, પણ

યુવાન વયે] કર્કેગાર્ડ [પાકટ વયે

અહીં તો સાગરરાણાના વિસ્તરતા સાથિયા. ડેનમાર્ક એટલે ઉત્તર-દખ્ખણ સાડીત્રણસો કિલોમીટર; મુંબાઈ–અમદાવાદના છેડાથી પણ નાનો અને પહોળાઈમાં એથી યે નાનો દેશ. એના સો ઉપરાંત ટાપુઓમાં જ વસ્તી; પોણીચારસો ટાપુઓ નિર્જન. એવો આ પૂલ-રસ્તાથી ગુંથાએલો મુલક.

એમિલનો ધંધો જુદો, પણ નાટકનો રસિયો. દુનિયાને ખૂણે જો કદિ યે જાય તો એ નાટક જ જોવા જાય. વાતો કરવામાં એવો તો ફડાકીદાસ કે કોઈ વિષય એવો નહિ હોય જે વિષે એને કંઈ કહેવાનું ન હોય. લડાઈ થશે કે નહિ થાય, કેવી થશે, કેટલી ચાલશે, ત્યાંથી માંડી બહુ ધૂમ્રપાન કરવાથી શું થાય, રસ્તે મોટર કેમ હંકાય, બજારમાં મેવામલીદો કેમ ખરીદાય, પ્રેમમાં કઈ રીતે પડાય, અને પડાય તો એમાંથી છટકવું હોય તો શી રીતે છટકાય, વળગણથી છૂટવાના ઉપાય, હાથી કેટલું ખાય, અને કીડી એક જીવતરમાં કેટલો સંઘરો કરી જાય,... ઓહોહો, એવી એવી અગણિત વાતો આસાનીથી કરવાની શક્તિવાળા આ ફક્કડભાઇ સાથે લંચના ટાણા સુધી વિવિધ વાતો કરી. અંગ્રેજી ભાષા અદાથી બોલે, અને ફ્રેન્ચ તો એના કુદરતી પ્રવાહમાં તરબોળ થઇને બોલે; જર્મન જોશીલું અને ડચ ડૅનિશ તો એની જીભને ટેરવે. વ્યવહારમાં કુશળતા, રીતભાતમાં નમ્રતા, વર્તનમાં ખાનદાની એવું બધું જોઈ એને વધારે ઓળખવાનું મન થાય એ સ્વાભાવિક હતું. મારે ફરીથી જવું જોસે ગ્રેકોનાં સ્પેનનાં નૃત્યો જોવા, અને એને તો જવું નાટકમાં જ. તો યે મારો ઠરાવ ફેરવવા જરા પણ દબાણ ન કર્યું, અને રાતે ફરી જમતી વખતે મળવાનું ઠરાવી અમે છૂટા પડયા.

હવે આખરના દિવસો. વળી હૉલૅન્ડથીવિદાય લેવાની. રીટાટ્રૅમેલ, માર્ટિના, ડૅાંજલ, ટર્માટન, માદામ મોનાસ, કયાં કયારે પાછાં મળશે, હરિ જાણે! એમિલ જૅકબસન રાતે ભોજન વખતે મળ્યા ત્યારે અગિયાર કલાકના વિરહે દોસ્તીને એવી દૃઢ બનાવી દીધી હતી કે વાતવાતમાં જતાં પહેલાં એક રાત ડેનમાર્કમાં ગાળવાનું નક્કી કરી નાખ્યું. હું પણ નાટકલેખનના ક્ષેત્રમાં ઝંપલાવનારામાંનો એક છું, રંગભૂમિ ખેલ્યો છું, બસ, આટલી હકીકત જાણ્યા પછી તો એ આફરીન થઈ ગયો, અને હાન્સ આન્ડરસનને આંગણે બે ફૂલ ચડાવવાની વાત સાંભળ્યા પછી તો એ ઘાયલ બની ગયો.

નસીબ પાધરું હોય છે ત્યારે ગજવામાં હાથ નાખતાં અલાદીનનો દીવો આંગળીએ અડી જાય છે. જવાનો દિવસ પણ નક્કી થઈ ગયો, અને ઊડવાની ફ્લાઈટ પણ ચોક્કસ થઈ ગઈ. મારે વહેલી સવારે ઊપડતા જહાજમાં નહોતું જવું, પણ એમિલ જૅકબસન કંઇ માને? અને એટલા વહેલા જવા માટે જે કારણ હતું તે એણે મને છેવટ સુધી કહ્યું પણ નહિ. પણ એનો આગ્રહ બહુ, એટલે હું પલળ્યો અને અમે ઊપડયા.

પહોંચ્યા તે સવારે જ એના ઘરના સુંદર નાસ્તા બાદ એણે મને કોપનહૅગનમાં રોઝનબર્ગ કિલ્લાથી જરા દૂર સ્વીડિશ દેવળ પાસે પેલી જલસુન્દરીની સમક્ષ ઊભો કરી દીધો! પથ્થરની ગોઠવેલી શિલા ઉપર આ જલસુન્દરીને એવી તો અદાથી મુલાયમ રીતે બેસાડી છે કે એ જોતાં જ આન્ડરસનનો આખો પરીમુલક નજર સામે તરવરવા લાગે. (જુઓ પૂ. ૩) સ્મારકો રચવામાં કૌશલ્ય ઉપરાંત કલ્પના પણ જોઇએ.

ગરીબ માબાપનો દીકરો. બાપ ધંધે મોચી. એને અગિયારનો મૂકી ગુજરી જવાથી માએ મજૂરી કરી ઉછેર્યો. ચૌદ વર્ષની ઉમરે (જન્મ ૧૮૦૫માં, એટલે ૧૮૧૯માં) કોપનહૅગનમાં ગાવાનો ધંધો શરૂ કરવા હાન્સ આવેલો. અને રંગભૂમિને ગીતથી યા અભિનયથી સર કરવા ઝંપલાવ્યું. પણ નસીબે યારી ન આપી. હજી ગરીબાઈમાં વર્ષો કાઢવાનાં બાકી હતાં. ભણતરમાં કંઇ જ નહિ; તો યે નટ ન બન્યો તો નાટકશાળા માટે નાટકો લખવા હિંમત ભીડી. એમાં જાણકારોને કંઈક ભલીવાર લાગી, એટલે ગાડી ચાલી આગળ. રાજા ફ્રેડરિક છઠ્ઠાએ એને ભણવાનો પ્રબંધ કરી આપ્યો. એથી ૨૪ વર્ષની ઉમરે એણે હાઈસ્કૂલનું શિક્ષણ પૂરું કર્યું. વળી રાજાએ એને દોઢેક વર્ષ ડેનમાર્ક બહાર પ્રવાસ કરવાની ગોઠવણ કરી આપી, એટલે એણે ઇટાલી જર્મની જેવા દેશો જોયા, અને એમાં મળેલા અનુભવ ઉપરથી એક 'ઇમ્પ્રોવાઈઝર' નામની નવલકથા લખી. એમાં જ એ નામના કમાયો. પછી તો થાળે પડેલી કલમને બુદ્ધિ એને લાયકનું માધ્યમ આપોઆપ જ બનાવી દે છે, એટલે હાન્સે, 'ઘણાં ઘણાં વર્ષો પહેલાં', 'એક હતી કુંવરી', 'એક હતો ભમરો', એવી એવી બાળવાર્તાઓ શરૂ કરી. એમાં અલકમલકના લોક, પરીભોમ, ફૂલપંખીની સૃષ્ટિ એવી તો ઉપજાવવા માંડી કે યુરોપભરમાં એક અજોડ સાહિત્યકાર તરીકે એની ગણના થવા માંડી. વિવેચકો એક મતે કહે છે કે હાન્સની કથાઓમાંથી નીતરતું ડહાપણ, તરવરતું નિર્દોષ લાવણ્ય, વર્ણવાતો કલ્પનાનો પ્રદેશ, એ ત્રણેનો એવો સુમેળ સધાય છે કે બાળકોથી માંડી વૃદ્ધો સુધી સૌકોઇ એક પ્રકારના અલૌકિક રસનો અનુભવ મેળવી રહે છે.

હું તો પેલી મરમેઈડ (જલસુંદરી) આગળથી ખસું જ શાનો? એના પગ જોઉં કે પગને ઊગેલી પાંખ જોઉં? એ પાણીમાં જુએ છે કે પાણીની પાર જુએ છે? એ સુખી છે કે દુઃખી લાગે છે? આવી જળકન્યકાઓ જીવતી હશે ખરી? માનવોને કદીક મળે છે એમ કેટલાક કહે છે. એ વાતમાં કંઈ માલ હશે? અને એક ટકો પણ એ વાત ખરી હોય તો એવી જળપરી યા જળકન્યકા મને મળી રહે ખરી? અને મળે તો—

એમિલ સાહેબ મને એની સામે ઉતારી પોતે કંઇ કામ ઉપર ઊપડી ગએલા, એ પાછા ફર્યા ત્યારે એણે મારી વિચારમાળાને તોડી. કોણ જાણે, એણે મારું મન વાંચ્યું કે શું? તે કહે આ તો પથ્થરમાં કોતરણી છે, ખરી જળપરી નથી; ચાલો! અને આન્ડરસનનું ઘર પણ અહીં કોપનહૅગનમાં નથી, એ તો છે ઓડેન્સ ગામમાં; આ આપણા ઝીલૅન્ડ ટાપુની પશ્ચિમે ફ્યુનન નામે બેટમાં. સવારે આપણે એની ઉપર ઊડીને અહીં આવ્યા. અહીંથી આશરે દોઢસો કિલોમિટર દૂર. એમાં આશરે પચ્ચીશ કિલોમિટરનો દરિયો ઓળંગવાનો. એટલે મોટરને વહાણમાં બેઠાબેઠાં આરામ મળશે. લંચ પછી જઇને રાત ભેગા પાછા. મોટર તૈયાર છે, પણ હું મહેમાનોની રાહ જોઉં છું. ચલો ઍરોડ્રોમ ઉપર.

મહેમાનો આવવાના હોવાથી અહીં વહેલા આવવાનું રાખ્યું હતું એ રસ્તામાં એણે મને જણાવ્યું. અને એ મહેમાનો કોણ છે તે પણ ત્યારે જ જાહેર કર્યું. એ જાણીને તો હું આભો જ બની ગયો! ન બોલ્યો કે ન જરી ચસ્યો. એટલે એણે તરત ઉમેર્યું, અને શરત કરી કે આ આવનારી વ્યક્તિઓ વિષે અહીં કોઇને કશો ઈશારો સરખો

કરવાનો નથી. એ બે આવશે એવા જ (સાથે બૅગ હશે તો તે એને ત્યાં મૂકી) તરત મોટરમાં નીકળી પડવાનું! ક્યાં તે એણે કાંઈ નામ દીધું. શહેરથી દૂર ઉત્તરે પ્રખ્યાત ફ્રેડનસ્બોર્ગ કૅસલની પાસે તળાવકાંઠે અત્યંત રળિયામણી નાનકડી વનરાજિમાં આવેલી એક જગ્યામાં પહોંચી ત્યાં જમી લેવાનું; અને મારે એકલા એની ગાડીમાં પશ્ચિમમાં કોરસોર બંદરેથી સ્ટીમરમાં લાધી, નાઇબોર્ગ બંદરે ગાડી ઊતરે એમાં ઓડેન્સ જઈ રાત સુધીમાં કોપનહૅગન પહોંચી જવાનું. દરિયો ઓળંગતાં પણ મોટરમાંથી ઊતરવાનું નહિ, અને શૉફર બધી વાતે જાણકાર તે કહે તે પ્રમાણે વર્તવાનું સહી, એમ નક્કી થયું.

વળી એણે રસ્તે બીજી પણ એક વાત કહી. જ્યાં જમશું ત્યાંથી થોડે દૂર ક્રોનબર્ગ કૅસલ પણ એ દેખાડશે. શેક્સપીઅરે હૅમલેટનું પાત્ર કલ્પી સમાર્યું, અને મોતને ખોળે સુવાડયું તે આ કિલ્લામાં. એ આખી ઘટના બનેલી એણે કલ્પી તે અહીં, આ સ્થળે; એટલે દર સાલ જૂન માસમાં અહીં શેક્સપીઅરનાં નાટકો ભજવનારા યુરોપના મશહૂર નટોમાંથી એકેકને અહીં હૅમલેટ ભજવવા આવવાનું નિમંત્રણ આપવામાં આવે છે. ગીલગુડ ને લૉરેન્સ ઓલીવીઅર જેવાઓએ અહીં આવી પાઠો કર્યા છે. જૂન તો પૂરો થઈ ગયો, અને એ પ્રસંગે હાજર રહેવાની તક મેં ગુમાવી એ માટે જીવ જરા બળ્યો.

શેક્સપીઅરે તો પોતાનાં પાત્રોને ક્યાંક વેનિસમાં તો ક્યાંક સ્કૉટલૅન્ડમાં, ક્યાંક ગ્રીસમાં તો ક્યાંક ડેનમાર્કમાં એમ ઠેકઠેકાણે બેસાડ્યાં છે એ તો બરાબર, પણ એને લઇને આ ડેન પ્રજાજનો આ રીતે આ મહાકવિને દર સાલ અંજલિ આપતા રહે છે, એ પણ રંગભૂમિ પરત્વે એક નોંધવાયોગ્ય બનાવ મને લાગ્યો છે. કંઇ નહિ તો આપણે સોમતીર્થ એટલે સોમનાથમાં શાકુન્તલનો ચોથો અંક તો ભજવી શકીએ ને? સોમતીર્થ નહિ તો બ્રહ્મક્ષેત્ર પાસે,—એટલે કે ખેડબ્રહ્મા પાસે કણ્વનો આશ્રમ હોવાનું મનાય છે ત્યાં તો ભજવી શકીએ ને? એ તો જૂની વાત, પણ બહુ જ વાર ભજવાએલું અને લોકપ્રિય થએલું રણછોડભાઈનું 'લલિતાદુઃખદર્શક' નાટક નડિયાદમાં તો દર સાલ ભજવાવી શકીએ ને? હજી આજે, લગભગ સો વર્ષ બાદ, દર છાશવારે નવી ઊઘડતી નિશાળ યા કૉલેજનાં વધતાં ભણતરે પણ નંદનકુમારોની આપણે ત્યાં ખોટ નથી, ત્યાં લલિતાઓનાં તો ટોળાં જ મળે. અથવા નર્મદાકાંઠે મહાસતી અનસૂયાનું નાટક ભજવવા પણ પ્રબંધ કરી શકીએ ને? થશે, એવી આશામાં આપણે જીવીએ. એમ જ તો વળી આપણે જીવીએ છીએ અને અનંતકાળ સુધી જીવ્યા કરીશું!

મરમેઈડ આગળથી ખસેડી એણે મને ડ્રાગોરના ઍરપોર્ટ ઉપર લઈ જઈ ત્યાંના પંખાળા ઍરપોર્ટના એક ખૂણામાં બેસાડયો. નાનકડું, નમણું, અત્યંત સગવડભર્યું, સરસ છે આ ઍરપોર્ટ. જાણે જાપાનિઝ યા સ્પૅનિશ ખુલતા પંખાનો જ આકાર! જ્યાંથી પંખો હાથમાં પકડીએ ત્યાં નાનાં પ્રકારનાં દફતરો, વચ્ચે બેસણું અને છેડે જુદેજુદે સ્થળે જવાના દરવાજા. હજી આમ્સ્ટર્ડામથી આવનારા પ્લેઈનને વાર હતી. મૂળ તો એ પારી(સ)થી આવનાર હતું. બે વ્યક્તિઓ તે હતી બંને બાઇઓ. એમાંની એકને તો હું ઓળખું—એટલે કે એને હું લંડનમાં મળ્યો હતો; બીજી વ્યક્તિ પણ અજાણી તો નહોતી, પણ એને મળ્યો નહોતો. મળાય કે ન મળાય, પણ એને જોવાને તો ઘણો જ ઈંતેજાર હતો. આજે તો એ જાતે હાજરાહજૂર અહીં મળશે એમ જાણી મને અંતરમાં અત્યંત આનંદ થતો હતો.

એમિલભાઈ કંઈ ભારે મડભાંજમાં હતા. એના એક બે ઓળખીતા મિત્રો પણ હાજર હતા એવું મને લાગ્યું. કશી ધમાલ વિના, આસાનીથી પાકો બંદોબસ્ત એણે કરી નાખ્યો હતો. મૂળમાં તો છાપા-



હાન્સ આન્ડરસન



કાજ મંક

વાળા અને ફોટાવાળાને દશ ગાઉ દૂર રાખવાની એની મકસદ હતી. એ તવંગર માણસ, એને મોટરોની સારી સગવડ, ડેનમાર્કના અનેક ઉદ્યોગોમાંના એક ઉદ્યોગ સાથે એ સંકળાએલો, એમાં એનો કંઈક કારભાર. બધી વ્યવસ્થા પૂરી કરી એ આવ્યો અને તરત એની પાછળ બે બે સોનેરી રંગે ચળકતાં મરોડદાર કાર્લ્સબર્ગ બીઅરના ગ્લાસ આવ્યા. અને એમાંનો એક ઉઠાવી હું પહેલો ઘૂંટડો ગળીને આ અતિ ઉત્તમ પ્રકારના બીઅરની બનાવટની અને ગ્લાસના ઘાટની પ્રશંસા કરું છું, ત્યાં તો એણે આવા ગ્લાસ તો જેટલા જોઇએ એટલા પોતે સાંજે આપશે, એમ કહ્યું. કારણ એ પ્રકારના ખાસ ગ્લાસ એ પોતાની બ્રુઅરી માટે બનાવડાવતા હતા. એ કાર્લ્સબર્ગ બીઅરની કંપની સાથે એ સંકળાએલો હોઇ, એ પેઢીની અનેક રસિક વાતો એણે કહી.

કોપનહૅગનમાં એક હાનસેન ફર્મેન્ટૉલૉજિસ્ટ થઈ ગયા. એણે 'ઑર્ગેનિઝમ ઈન બીઅર ઍન્ડ વૉર્ટ' ઉપર સંશોધનનું પુસ્તક લખી વિજ્ઞાનના વિષયમાં સારી ખ્યાતિ અને યુનિવર્સિટીમાં પદવીઓ પ્રાપ્ત કરેલી એ હકીકત હતી. કાર્લ્સબર્ગ લૅબૉરેટરીમાં કામ કરી આ બીઅરને એણે ઉત્કૃષ્ટ કોટિનો બનાવવામાં મોટો ફાળો આપ્યો હતો. એ પેઢીમાં થઈ ગએલા નબીરાઓએ પોતાની કમાણીમાંથી ડેનમાર્કમાં મ્યૂઝિયમો બાંધ્યાં, અને કલા તથા વિજ્ઞાનનાં ક્ષેત્રોમાં છેલ્લાં સો વર્ષમાં કરોડો ક્રોનર દાનમાં આપી કેટલી યે સંસ્થાઓને પગભર થવામાં મદદ કરી છે એ જણાવ્યું. આ સંબંધી વધારે લખવાથી કોઈ લાગતાવળગતા વળી, બીઅર એટલે દારૂ, ઓ હાય રે, તમે નર્કના કીડા, એવાં છાજિયાં લેવા માંડશે. એમને જાણ થાય કે હિન્દુસ્તાનમાં 'દારૂ' શબ્દથી જે અર્થવિસ્તાર ઉત્પન્ન થાય છે, તે જ આ બીઅર, વાઈન, બ્રૅન્ડી, જિન, લિકયોર, એવી એવી વિવિધ જાતિનાં તમામ પીણાંને લગાડવામાં આવે છે તે બરાબર નથી. બીઅર ને વ્હિસ્કી-બ્રાન્ડીના માદક પીણામાં આસમાન-પાતાળનો તફાવત છે એટલી જ હકીકત અત્યારને માટે પૂરતી છે, અને આ ચર્ચાના રમખાણમાં પડી એના સારાનરસા ગુણદોષ માટે જીભાજોડીમાં ઊતરવાની પણ અમારી મરજી નથી. આપણે ત્યાં જે દારૂબંધી છે તેને ઉતારી પાડવાની પણ અમારી ઈચ્છા નથી; તેમ જ્યાં એવી બંધી નથી ત્યાં બીઅર જેવા પીણાની એકાદ ગ્લાસિકા પીવાથી નર્કે જ જઇને કોઈ સબડશે એવું પણ અમે માનતા નથી. નર્કે તો જવા જોઇએ, જેઓ આઈસક્રીમમાં સફેદ બ્લૉટિંગ પેપરના માવા નાખી, લાલ મરચાંની ભૂકીમાં લાકડાંનો વ્હેર ભેળવી, તેલ-ઘી આદિમાં અનેક પ્રકારનાં મિશ્રણ કરી પ્રજાને ખવડાવે છે તે; યા દવાને નામે સફેદ ચાકની ભૂકી ભેળવે છે તે; યા ચોખાના લોટમાં બીજું કંઈ નહિ પણ ખાસ્સી શંખજીરાની-પથ્થરની ઝીણી ભૂકી ભરી, આંતરડાંમાં પથરા બંધાવી, લોકોની જિંદગી જોખમાવે છે તે.



ઈન્ગ્રીડ બર્ગમૅન



માદામ કાલાસ

કાર્લ્સબર્ગ બીઅરનું કેવડું મોટું સામ્રાજ્ય! દુનિયાના ઘણા ખૂણામાં એના ગ્લાસ મળે. આવા ધીકતા ઉદ્યોગના માલિક છતાં એમિલે જાણીતા નાટકકાર પોલ સાર્ત્રની ફિલ્સૂફીના પ્રણેતા કર્કગાર્ડનાં લખાણોનો ઊંડો અભ્યાસ કરેલો! થોડો વખત એણે તેના 'અથવા, વા' (આઈધર, ઑર) નામના પુસ્તક ઉપર ચર્ચા કરી, એકઝીસ્ટેન્શીઆલીઝમનાં સારાં-નરસાં પાસાં સ્પષ્ટ કરી બતાવ્યાં. કર્કગાર્ડ અહીં ડેનમાર્કમાં થએલો એની મને જાણ જ નહિ, અને એણે જુવાનીમાં કોઈ ભયંકર પાપ કર્યું હતું, એથી એનો જીવનપલટો સુધરવાને બદલે વકરાયો, વિચારધારા વંઠી, અને પોતાનું કર્યું છેવટ સુધી સંતાડી રાખ્યું, એ કારણ હોય કે ગમે તે હોય પણ છેવટે એ નાસ્તિક તે નાસ્તિક જ રહ્યો, એવી એવી ઘણી વિગતો એની પાસેથી જાણવા મળી.

પ્લેન આવવાને અરધો'ક કલાક રહ્યો હશે ત્યારે એમિલે આખા દિવસનો ક્રમ મને જણાવ્યો. એનાં બે મહેમાન, તેમાં એક તો માદામ મેરિયા મેનેગિની કાલાસ, લંડનમાં 'મીડીઆ'ની ઑપેરામાં સાંભળી હતી તે. હૉલૅન્ડ ફેસ્ટીવલમાં એનો પણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, અને ત્યાંથી એક દિવસ રસળવાનો આનંદ ભોગવવા ડેન્માર્ક પહોંચનાર હતી. કોઈ ગજબનું એનું ગળું છે. સૂરીલું, રસે લસલસતું, ઝીણામાં ઝીણી શ્રુતિ ભાવ સાથે રજૂ કરવાની શક્તિવાળું. વીસમી સદીમાં ઑપેરાના ગાયકો કારુસો અને મેલ્બા—જેના નામ ઉપરથી આઈસ્ક્રીમ અને પીચના મિશ્રણને પીચ-મેલ્બા નામ અપાયું છે! અને ત્યાર બાદ શાલિયાપીન અને ગીગલી જગમશહૂર બન્યા. પરંતુ મેરિયા કાલાસે પોતાની સૂક્ષ્મ બુદ્ધિ તથા કાવ્યતત્ત્વના ઝીણામાં ઝીણા ભાવને અભિનય દ્વારા તેમજ કંઠમાંથી સૂર મારફત વ્યક્ત કરવાની અદ્ભુત શક્તિને લઇને, અનોખું સ્થાન પ્રાપ્ત કર્યું છે. મૂળ ગ્રીસની. એની કીર્તિની આસપાસ હવે તો આખ્યાયિકાઓ ઝઝૂમતી થઈ ગઈ છે. એના રૂપની, એની દોલતની, એના મિજાજની, એના દોસ્તીદાવાની તથા એનાં કપડાંલત્તાં વિષે જાતજાતની ખરીખોટી વાતો વહેતી ચાલી છે. મીડિયાના પાઠમાં એણે જે અજોડ કીર્તિ સંપાદન કરી છે એટલી બીજી કોઈ વ્યક્તિએ પ્રાપ્ત કરી નથી.

પ્લેન આવ્યું, એમિલે જરા યે ઈંતેજારી બતાવી નહિ, એટલે હું પણ બેઠો રહ્યો. એમાંના પ્રવાસીઓ આવ્યા, પણ અમારાં બે મહેમાનો એમાં ન દેખાયાં. પ્લેન અહીંથી આગળ જવાનું હતું એટલે અરધો કલાક થોભવાનું હતું. એમાંથી બરાબર વીસ મિનિટ વીતી ગઈ એટલે એક એર હોસ્ટેસે આવી બે બૅગની બે પતાકડી આપી અને ચાલી ગઇ. એ બે બૅગેજ-સ્લિપો તરત જ એમિલના એક દોસ્તે, અમસ્થાં જ જાણે એક બાજુ સરકી, વાતવાતમાં જઇ લઈ લીધી. એટલામાં પ્લેનમાંથી સામાનનો ખટારો આવ્યો, એટલે પેલા ભાઇએ પેલી સ્લિપો બતાવી, બે બૅગો લઇ, બહાર નીકળી જઈ એકાદી ગાડીમાં બેસી રસ્તો પણ માપી લીધો. પ્લેનને ઊપડવાની તૈયારી થઈ ત્યારે અમે ઊઠયા, અને એના દરવાજા આગળ જઈ ઊભા, એવી જ બે મૂર્તિઓ આવતી જણાઈ. એમાંની એક તો માદામ કાલાસ, એના કપાળ ઉપરથી એને ઓળખવી અઘરી ન પડે. અને સાથે ઊંચી ટટ્ટાર વ્યક્તિ તે ઈન્ગ્રીડ બર્ગમૅન! કોણ એને ન ઓળખી શકે? જેને સેંટ જોન જેવી એકાદ ફિલ્મમાં એને કામ કરતી જોઇ હોય, એને ઓળખતાં જરા પણ વાર ન લાગે. આ બર્ગમૅન! હું જરા પણ અચંબો બતાવું તે પહેલાં તો મારે એમિલની સૂચના પ્રમાણે, એણે કહ્યું હતું તે પ્રમાણે મોટરમાં ગોઠવાઈ જ જવાનું હતું. એરપોર્ટથી મોટર ઊપડી ત્યાર બાદ જ ઊમળકાભરી વાતચિત શરૂ થઈ. લોકોનાં ટોળાં ટાળવા, અને ફોટોગ્રાફરોથી બચવા, અને બર્ગમૅનને જે કંઇ અહીં કામ હશે તે શાંતિથી કરવા, આટલી સાદાઈથી ને ચૂપકીથી એમને ઉતાર્યાં હતાં.

પેલી બે બૅગો અમારી જ મોટરમાં ગોઠવી દેવામાં આવી હતી. બીજી બે ગાડીઓ અમારી મોટરની પાછળ જ ઊપડી. એક તદ્દન ટૂંકડી બીજી કોઈ ગાડી પાછળ ન આવે એમ; અને બીજી થોડો રસ્તો વટાવ્યા બાદ સડસડાટ ચાલીને અમે જ્યાં પહોંચવાનાં હતાં ત્યાં જવા માટે આગળ નીકળી ગઈ. કોપનહૅગન શહેરમાં દાખલ થયા વિના, જરા આડકતરે રસ્તે ફરી, અમારી સવારી સીધી એલ્સિનોરને રસ્તે જ દોડવા મંડી. જતાં રસ્તામાં પેલી મરમેઇડ આવશે કે? એમ મેં એમિલને હળવેથી પૂછ્યું, તો 'તમારી આસપાસ આ બે મરમેઇડોને બેસાડી છે તે ઓછી છે કે ત્રીજી મરમેઈડની વાત કરો છો?' એવો જવાબ આપ્યો, અને વળી હસતાં હસતાં ઉમેર્યું કે આન્ડરસનની મરમેઇડ તો સાગરમાંથી તરીને ઉપર આવી હતી, આ બે તો હમણાં જ આસ્માનમાંથી ઊતરી આવી, કહો બેમાં કઈ મરમેઇડ સારી? જળપરી કે હવાપરી? એમિલની જીભને હવે જાતજાતના ફણગા ફૂટતા હતા. ઘડીકમાં ડૅનિશ, પછી ફ્રેન્ચ, કદીક અંગ્રેજી, એમ ત્રણ પંખાળી ડાંગરના ભાતની માફક એની જીભે ભાષા મઘમઘતી હતી.


મારા મગજમાં બેત્રણ ફિલ્મોના દેખાવો તરવરવા લાગ્યા. 'જોન ઑવ આર્ક', 'ઈન્ટરમેઝો' 'સ્પેલબાઉન્ડ' અને હિચકૉકનું 'અન્ડર કૅપ્રીકૉર્ન.' એ બધાંમાં ઈન્ગ્રીડ જોન તરીકે જ, આઝાદ સ્વાતંત્ર નારી તરીકે તરી આવતી જણાઈ. માદામ કાલાસ જોડે વાત કરતો હતો ખરો, પણ મારી આંખ તો ઈન્ગ્રીડની મધુરંગી કેશાવલી જોવામાં જ નાંગરેલી રહેતી. મોટા ભાગની કામની વાત એમિલે પોતાની યા સ્વીડિશ ભાષામાં એની સાથે કરી લીધી હતી. ત્યાર બાદ બધાં જ અંગ્રેજીમાં અલકમલકની વાતો કરતાં હતાં. બહારના રસ્તા ઉપરથી કોઈ રળિયામણો દેખાવ પસાર થતો, તો તરત ઇન્ગ્રીડ બાળકની માફક હરખાઈ જઈ ટહુકી ઊઠતી. ક્રોનબોર્ગ કૅસલમાં જ્યાં 'હૅમલેટ'નું નાટક દર સાલ થાય છે તે સ્થળ આગળ થોભી અમે સીધાં ભોજન માટે એક સરસ અને શાંત જગ્યામાં જઈ બેઠાં. જમીને તરત મારે આન્ડરસનનું ઘર જોવા નીકળી જવાનું હતું. આ ત્રણ જણાંમાંથી એકે, પોતાનું અંગત કામ આટોપવાનું હતું, એમાં બાકીનાં બે એને જરૂર પડે તો મદદ યા ફક્ત 'કંપની' આપવાનાં હતાં.

બપોરનું અસલી ડૅનિશ ઢબનું ખાણું ગળે ઊતરતાં જ હજમ થતું જતું હતું. ન થાય? પડછંદ ઉઠાવની, છતાં અત્યંત સુકોમલ, મુલાયમ સાદવાળી અને અનહદ આકર્ષક નૈસર્ગિક રંગની સ્વચ્છ ચામડીએ સુશોભિત, ઉપમા ન જડે એવા રંગનાં લટકતાં ઝુલ્ફાંવાળી, હસમુખી અને હસે ત્યારે સફેદ દૂધ જેવી એકસરખી હારમાં ગોઠવાએલી સૌન્દર્યમાં ઓર વધારો કરનારી દંતકળીવાળી, (અનુસંધાન પૃ. ૩૦૪)

ગુજરાતની જાલ-સમૃદ્ધિ

લેખકો
જયેન્દ્ર નાણાવટી
અને
મધુસૂદન ઢાંકી

(પુરાતત્ત્વ ખાતું
ગુજરાત રાજ્ય)




ચિત્ર : ૧ ખંભાતની જુમા મસ્જિદની પૂર્વ તરફ-ની એક જાળી : મુસ્લિમ રસમ–ઈ. સ. ૧૩૨૫

ભારતીય શિલ્પસ્થાપત્યની પરંપરાના મહાપ્રવાહને પોતાનું આગવું ગતિશીલ અને સમૃદ્ધ કલાનિર્ઝર અર્પનાર ગુજરાતે એ ક્ષેત્રે અનેક અભિનવ પ્રયોગો કરીને ઉચ્ચતર શિખરો સર કર્યાં છે. પ્રશમ રસની દિવ્ય દીપ્તિ વ્યક્ત કરતી, આભૂષણોથી વિભૂષિત અને લલિત ડોલનમાં સ્થિર અનર્ગળ દેવપ્રતિમાઓ, આપાદ-શિખા અલંકારમંડિત, સંસારની સમસ્ત જીવનલીલાને સમાવી લેતાં દેવવિમાન સમાં અનેક ભવ્ય મંદિરો, માડમોડ અને મંડપોના ક્રમથી શોભતી કેટલી યે અલંકૃત વાપીઓ, સોપાનમાલાની છંદલીલા અને કુલિકાઓની હારમાળાઓથી અનેરું દૃશ્ય રચતા અનુપમ કુંડો અને તટાકો, આક્રમકો પણ જ્યાં વિસ્મયથી થંભી જાય તેવા રૂપમંડિત ગવાક્ષ–પ્રતોલિ યુક્ત પુરદ્વારો, અને છેલ્લે ઈસ્લામના હાર્દને રમણીયમાં રમણીય રૂપે વ્યક્ત કરતી, સંસારભરમાં અજોડ એવી કમનીય મસ્જિદો સર્જનાર ગુજરાતે કંડારક્રિયાનાં અનેક પાસાંઓ સફળતાપૂર્વક ખેડી જોયાં છે. તે માંહેના એકમાં તો તેની સર્વોચ્ચ સિદ્ધિ વ્યક્ત થાય છે. એ છે એનું મધ્ય યુગમાં પૂર્ણતાએ પહોંચેલું અપ્રતિમ જાળીકામ.

અમદાવાદની મુસ્લિમ ઈમારતોની જાળીઓની અસરને લીધે, કે પછી મુસ્લિમ સંસ્કૃતિ સાથે જાળીઓના સદૈવ અને અવિભાજ્ય રહેલા આવશ્યક અંગ તરીકેના સાતત્યને કારણે, એક એવી દૃઢ માન્યતા પ્રચારમાં છે કે જાળીઓના ઉગમ અને વિકાસનું પ્રેરણાસ્થાન તથા પોષણકેન્દ્ર તો ઈસ્લામમાં રહ્યું હતું, ને મુસ્લિમ શાસનકાળ દરમિયાન તેનો ભારતમાં પ્રવેશ અને પ્રચાર થયો; તેમજ હિંદુ દેવાલયોમાં જોવામાં આવતું જાળીકામ પણ એ જ પ્રભાવના ફળ સ્વરૂપે પ્રગટેલું. આ માન્યતા કેવળ પાછલા યુગનાં દૃષ્ટાંતો પર જ નિર્ભર છે. ગુજરાતની જાળીઓની કલાનું રસદર્શન કરતાંની સાથે આ સમગ્ર વિષય તેની ઐતિહાસિક અને સાંસ્કૃતિક પાશ્ચાદભૂમાં ખડો થઈ રહે છે.


ખુદ ઇસ્લામની જનકભૂમિ અને આદિમ પ્રચારક્ષેત્ર, કે જ્યાં તેનાં તત્ત્વો સ્થાનિક સ્થાપત્યમાં વિશુદ્ધમાં વિશુદ્ધ સ્વરૂપે અંકિત થયાં છે તે મધ્યપૂર્વના દેશોમાં પણ, જાળીઓનો ઉપયોગ આઠમા શતક પહેલાં થયો જ ન હતો એવું મુસ્લિમ સ્થાપત્યના સમર્થ સંશોધકો અને કલાવિવેચકોનું કથન છે. તે વિસ્તારમાં જાળીઓનો આવિષ્કાર તો, અલબત્ત, આગળની રોમન સભ્યતામાં થઇ ચૂકેલો અને તેનો વારસો સીરિયાનાં બાઇઝેન્ટાઈન ખ્રિસ્તી દેવળોને મળેલો. ઈસ્લામનો પ્રાદુર્ભાવ થતાં તેણે જાળીઓનો પુરસ્કાર આ ખ્રિસ્તી પરંપરા પાસેથી મેળવ્યો અને આગળ જતાં તેમાં ખૂબ મૌલિક વિકાસ સાધ્યો.

જ્યારે ભારતમાં તો જાળીનાં દૃષ્ટાંતો ઈસ્વી સન પૂર્વની પહેલી-બીજી શતાબ્દીના આંધ્ર યુગના ભાજા, કોંડાણે અને પીથલખોરાનાં બૌદ્ધ શૈલચૈત્યો તથા વિહારોમાં જોવા મળે છે. કાષ્ઠપ્રથાને સંપૂર્ણ-તયા અનુસરતી, સાદી અને પ્રારંભિક દશાની તેમજ કાષ્ઠની અનુ-કૃતિઓ સમી આ જાળીઓના પછીના વિકાસનો શૃંખલાબદ્ધ ઇતિ-હાસ મેળવવો તો હજુ બાકી છે; પણ ઈસ્લામના જન્મ પહેલાં ભારતના બે પ્રદેશોમાં ફરીથી જાળીકામ જોવા મળે છે; જેમાંનું



ચિત્ર નં. ૨ : ઈ. પૂર્વે પહેલીબીજી સદીના સ્થાપત્યમાં જાળી : (મથાળે) કોન્ડાણેના મંદિરની અને (ડાબી બાજુ) ભાજા મંદિરની જાળી.


ચિત્ર : ૩ કર્ણાટકના ઐહોળેમાં લાડખાનના મંદિર-ની, પૂર્ણ વિકસિત કમળ અને ચાર પાંદડીની ચોકડી રચીને કરેલી હિંદુ શૈલીની જાળી (૬-૭મી સદી)







ચિત્ર ૩ અને ૪: ગુજરાતમાં મળી આવતી જૂનામાં જૂની હિંદુ શૈલીની જાળીઓના ત્રણ નમૂના: (૧) મથાળે સૌરાષ્ટ્રમાં પ્રભાસ પાટણ નજીક આવેલા કદ્વારના વરાહમંદિરના મુખમંડપની કમલયુક્તજાળી:ઇ.૬૦૦ આસપાસ; (૨) જમણી બાજુ : કિન્નરખેડાના સૂર્યમંદિરના ગૂઢમંડપની છિદ્રવિહીન જાળી: સાતમા સૈકાનો અંત ભાગ.




ચિત્ર નં. ૫: (૩) મથાળે–ગુજરાતની પ્રાચીનતમ હિંદુ શૈલીની જાળીનો ત્રીજો નમૂનો: સૌરાષ્ટ્રમાં પસનાવડાના ગાયત્રીમંદિરના ગૂઢમંડપની જાળી (આઠમા સૈકાનો પ્રારંભ) જેમાં કમળથી આગળ વધીને ભૌમિતિક આકૃતિઓ ઉપરાંત સ્વસ્તિક વગેરે છે.


એક છે ચાલુક્ય યુગનું કર્ણાટ અને બીજું છે મૈત્રકકાલીન ગુજરાત. કર્ણાટના એહોળેનાં છઠ્ઠા–સાતમા શતકનાં મંદિરોમાં અને ત્યાર બાદ ત્યાંના પાટનગર પટ્ટાડકલના વિરૂપક્ષ જેવાં વિખ્યાત દેવાલયોમાં જાળીઓ દેખા દે છે. ગુજરાતમાં પ્રાચીનતમ જાળીઓ પ્રભાસક્ષેત્રના સમીપવર્તી કદ્વારના મૈત્રકકાલીન વરાહમંદિરના મુખમંડપમાં જોવા મળે છે. અહીં મુક્તામંડિત વર્તુળોમાં પૂર્ણ ખીલેલા કમલનાં અત્યંત પ્રાણવાન સ્વરૂપો આલેખવામાં આવ્યાં છે. (ચિત્ર નં ૩) આવા જ પ્રકારની પણ જરા ઊતરતી કક્ષાની અને છિદ્રરહિત જાળીઓ કિંદરખેડાના સાતમી શતાબ્દીના સૂર્યમંદિરમાં અને થોડા રૂપાંતર સાથે ખીમેશ્વરના એ જ કાળના મંદિરમાં પ્રયોજવામાં આવી છે. (જુઓ ઉપર) તે પછી આઠમા શતકના પ્રારંભમાં રચાએલા પસનાવાડાના ગાયત્રીમંદિરની બે જાળીઓમાં ભૌમિતિક સુશોભનો ઉપરાંત સ્વસ્તિક, સિંહ, મૃણાલમુકુલ વગેરેનાં આલેખનો કંડારવામાં આવ્યાં છે. ગુજરાતમાં પાછળથી બહુ જ પ્રચારમાં આવેલી ખંડહાર જાળીના આ


ચિત્ર ૬: નીચે–દેલવાડા (આબુ)ના તેજપાળ નિર્મિત લૂણ વસહિ મંદિરની હસ્તિશાળાના મોરાની જાળી: સમય–ઈ. સ. ૧૨૩૧






ચિત્ર ૭૮-૯ : મથાળે: પંદરમી સદીના પૂર્વાર્ધમાં બંધાએલા, ગિરનાર પર્વત ઉપરના સંપ્રતિરાજાના મંદિર તરીકે ઓળખાતા પ્રાસાદના રંગમંડપની, દક્ષિણ બાજુની, સુદીર્ઘ ત્રણ હારવાળી ત્રેસઠ ખંડયુક્ત પ્રભાવશાળી શોભનસમૃદ્ધ જાળી. નીચે ડાબી બાજુ : એટલી જ ઉચ્ચ કક્ષાનું કામ દાખવતી, ઈડરપ્રદેશમાં આવેલા પોળોના જંગલમાં છુપાએલા એક વિશાળ જિનાલયના દક્ષિણ ગવાક્ષમાં મઢેલી ચાળીસ ખંડની અદ્ભુત જાળીનો એક ભાગ (પંદરમા શતકનો પૂર્વાર્ધ); નીચે જમણી બાજુ : ગુજરાતના સલ્તનત કાળ દરમિયાન વિકસેલી મુસ્લિમ પ્રથાનો પરામર્શ પામેલી, ઇડરગિરિ ઉપર આવેલા 'રણમલ ચોકી' નામે ઓળખાતા જૈનમંદિરની જાળી (સત્તરમી સદીનો પૂર્વાર્ધ).





જૂનામાં જૂના પણ હજુ સ્થૂળ કહી શકાય તેવા નમૂના છે. (ચિત્ર નં. ૫) ત્યાર બાદનાં દૃષ્ટાંતો કચ્છના કંથકોટના સૂર્યમંદિરની સમીપમાં ભગ્નાવશેષ રૂપે રહેલા (૧) નવમા શતકના મઠમાં અને (૨) દશમા શતકના પ્રારંભમાં નિર્માણ થએલા કેરાકોટના લાખેશ્વર મંદિરના તેમજ (૩) કોટાયના શિવાલયના ભદ્રગવાક્ષોમાં જોવામાં આવે છે.

સોલંકી યુગના પ્રારંભમાં રાજકીય, ભૌગોલિક અને સાંસ્કૃતિક પરિબળોના ઉત્થાનથી રાજસ્થાનનો કલાપ્રવાહ ગુજરાતમાં પ્રવેશ્યો અને સ્થાનિક પ્રણાલિઓ સાથે ભળી ગયો. તેમાં આવેલાં તત્ત્વોમાં ત્યાંની અભિજાત અને વૈવિધ્યપૂર્ણ જાલપ્રથા પણ હતી. રાજસ્થાનની પદ્ધતિમાં પણ, પસનાવડાનાં ઉદાહરણોની પેઠે, જાળીને પટ્ટિકાઓના સમચતુસ્ર વિન્યાસથી એકસરખા કદના સમતોલ સંખ્યાના ખંડોમાં વિભક્ત કરી દેવામાં આવે છે. દરેક ખંડમાં મોટે ભાગે અલગ અલગ ભૌમિતિક કે વસ્તુનિમિત્ત સુશોભન સ્થાન લે છે; પણ અહીં મધ્યમાં પટ્ટિકાઓ પર રત્નબંધ અને તેની ચિપ્પકાઓ પર મૃણાલપત્રની પંક્તિઓ કંડારવામાં આવે છે; તેમજ સંધો પર મણિપદ્દક કે વિકલ્પે પદ્મનાં જુદાંજુદાં સ્વરૂપો નિષ્ક્રાંત કરવામાં આવે છે. આ અપૂર્વ રચનાનાં પુરાતન દૃષ્ટાંતો મારવાડના ઓસિયા—પ્રાચીન ઉકેશનગરીના, વત્સરાજ પ્રતિહારના સમયમાં આઠમા શતકના અંતિમ ચરણમાં બંધાએલા, મહાવીરના મંદિરના ભદ્રગવાક્ષોને શોભાવી રહ્યાં છે. તે પછીનાં ઉલ્લેખનીય ઉદાહરણો તે જ નગરના સચિયા માતાના પ્રાચીન મંદિરના પ્રાંગણમાં રહેલી એક અગિયારમા શતકની દેવકુલિકાના મંડપમાં અને મેવાડના નાગદા (નાગદ્રહ)ના 'સાસબહુ' (સાસુવહુ)ના સમકાલીન મંદિરમાં જોઈ શકાય છે.





ચિત્ર નં. ૧૦ : મસ્જિદ-સ્થાપત્યનાં વિવિધ અંગ દાખવતો આલેખ

ગુજરાતમાં આ પદ્ધતિ પર રચાએલી જાળીનો સૌથી પુરાણો નમૂનો તો છે મોઢેરાના ઇ. સ. ૧૦૨૭માં રચાએલા વિશ્વવિખ્યાત સૂર્યપ્રાસાદમાં. તે પછી થોડો વિકાસ બતાવતા નમૂના સંડેરના દેવીના મંદિરના રંગમંડપના સ્તંભો વચ્ચે ભરેલી જાળીઓમાં દૃષ્ટિગોચર થાય છે. આ મંદિરનો કાળ અગિયારમા શતકના મધ્યનો હોવાનું હાલમાં જ નિશ્ચિત થયું છે. આ કાળ પછીનાં દૃષ્ટાંતો કુંભારિયાના ઇ. ૧૦૬૨-ના મહાવીર જિનાલયના વલાનકમાં અને છ ચોકીના ખત્તકોની ઊભણીમાં, તેમજ દેલવાડાના વિખ્યાત વિમલવસહિની નવ ચોકીના ખત્તકોની ઊભણીમાં જોવામાં આવે છે.

બારમા શતકમાં પ્રવેશતાં, વિકાસક્રમની કેડીએ કેડીએ મંત્રીશ્વર વિમલના એ મંદિરની સામે કુમારપાલના મંત્રી પૃથ્વીપાલે ઈ. ૧૧૪૮-માં બંધાવેલી હસ્તિશાલાની છિદ્રરહિત જાળીઓથી વાળેલી ભીંતોમાં જોઈ શકાય છે. ત્યાર બાદ ઈ. સ. ૧૧૬૫માં પૂર્ણ થએલા તારંગાના વિરાટ કુમારવિહાર પ્રાસાદના પ્રદક્ષિણામાર્ગના ગવાક્ષોમાં સુંદર જાળીઓ હજુ પણ મોજૂદ છે. એથી યે સુંદર અને વિકસિત ઉદાહરણો આબુના તેજપાળ નિર્મિત જગપ્રસિદ્ધ લૂણ વસહિની હસ્તિશાલાના મોરામાં વિદ્યમાન છે, જે પૈકીના બેનું યુગ્મચિત્ર અહીં રજૂ કરવામાં આવ્યું છે. (ચિત્ર નં. ૬) લગભગ આ જ સમયે દેલમાલના નિમ્બજા માતાના મંદિરના પ્રાંગણમાં એક વિનાયક કુલિકાની પ્રતિષ્ઠા થઇ. તેની દીવાલો પણ છિદ્રવિહીન જાળીઓથી ભરી દેવામાં આવી છે. ગુજરાતના હિંદુ સમયનાં અંતિમ દૃષ્ટાંત છે કર્ણદેવ વાઘેલાના સમયમાં ઇ.સ. ૧૨૯૪માં બંધાએલી વઢવાણની માધાવાવમાં કંડારેલી બંધ પ્રકારની જાળીઓ. પૂર્ણ વિકાસની કક્ષા આ જાળીઓમાં દેખાઇ આવે છે. અહીં સુશોભનોમાં વૈવિધ્ય સાથે ઝીણવટ પણ ભળી છે.

ચૌદમા શતકથી ગુજરાતમાં મુસ્લિમ શાસનકાળનો પ્રારંભ થયો અને મસ્જિદોનાં બાંધકામમાં હિંદુ પ્રથાનો આધાર લેવામાં આવ્યો. ત્યારથી થએલા જાળીકામના વિકાસના બીજા મહાન તબક્કાની વાત કરતાં પહેલાં એક વાતનો અહીં નિર્દેશ કરી લઇએ. અહમદશાહી સલ્તનત સ્થપાઈ તે પહેલાંના મુસ્લિમ સમયમાં જૂનાગઢ, ચાંપાનેર અને ઈડર જેવી હિંદુ રિયાસતો હજુ ટકી રહેલી અને તે કેંદ્રોમાં પંદરમા શતકના પૂર્વાર્ધમાં મંદિરનિર્માણનો એક મોટો જુવાળ આવેલો. આ કાળ દરમિયાન બંધાએલાં વિશાળ, ભવ્ય અને અલંકૃત દેવાલયોની નામાવલી ન ગણાવતાં જેમાં ઉત્કૃષ્ટ પ્રકારનું જાળીકામ જોવામાં આવે છે તેવાં બે જ દૃષ્ટાંતોનો ઉલ્લેખ અહીં પૂરતો થઈ પડશે. એમાંનું એક દૃષ્ટાંત તો છે પંદરમા શતકમાં બંધાએલા ગિરનાર પરના સંપ્રતિ રાજાના મંદિર તરીકે ઓળખાતા પ્રાસાદના રંગમંડપની દક્ષિણ બાજુની સુદીર્ઘ, ત્રણ હારવાળી, ત્રેંસઠ ખંડયુક્ત જાળીનું (ચિત્ર નં. ૭). આ પ્રભાવશાળી જાળી જેટલું જ ઉચ્ચ કક્ષાનું બીજું કામ ઇડર પ્રદેશમાં આવેલા પોળોના જંગલોમાં છુપાએલા એક વિશાળ જિનાલયના મંડપના ગવાક્ષોમાં તથા નવચોકીની દીવાલોમાં હજુ પણ મૂળ સ્થિતિમાં જોવા મળે છે. આ પૈકીની દક્ષિણ ગવાક્ષમાં મઢેલી ચાલીસ ખંડની અદ્ભુત જાળીનો એક ભાગ અહીં રજૂ કરવામાં આવ્યો છે (ચિત્ર નં. ૮) તેનો અલંકાર-વૈભવ વિસ્મિત કરે તેવો વિવિધ, રોચક અને કલાપૂર્ણ છે. ગ્રાસપટ્ટી અને હંસક્રીડા વચ્ચેના ભાગમાં ખંડ પાડી તેમાં ભૌમિતિક આકૃતિઓ ઉપરાંત નરયુગ્મો, અશ્વારૂઢ પુરુષો, કિન્નરો, સિંહવ્યાલ, મયૂરનાં જોડલાં વગેરેનાં સુશ્લિષ્ઠ રૂપાંકનો પણ કંડારેલાં છે.






ચિત્ર ૧૧-૧૨-૧૩ : ગુજરાતમાં જાળીકામની પરંપરા હિંદુ મંદિરોમાં મૂળથી ચાલુ હતી તે શરૂઆતનાં મુસ્લિમ સ્થાપત્યોમાં યથાતથ અપનાવી લેવામાં આવી. તેના અસંખ્ય નમૂનાઓ પૈકીના ત્રણ : મથાળે–ઇ. ૧૩૨૫માં બંધાએલી ખંભાતની આલીશાં જુમા મસ્જિદની મુખ્ય કમાન પરની એક જાળી; જમણી બાજુ : જૂનાગઢની માઇ ગઢેચ્ચીની મસ્જિદની ઉત્તર તરફની જાળી. નીચે : ધોળકાની હિલાલખાન કાજીની મસ્જિદમાં અંદર ઝનાના માટે અલગ રાખેલા વિભાગનું જાળીકામ તો એથી પણ ચડિયાતું હોઈ દેલવાડાની જલપ્રથાની ખિલાવટ દાખવે છે.

પંદરમા શતકના ઉત્તરાર્ધમાં બીધરા યુગમાં ગુજરાતનાં રાજપૂત રાજ્યોમાંનાં ઘણાંખરાંનો અસ્ત થયો અને મંદિરનિર્માણમાં ઓટ આવી; પણ સત્તરમી શતાબ્દીના પ્રારંભમાં શહેનશાહ અકબરની ધર્મસહિષ્ણુતાની નીતિને કારણે ફરીને વિશાળ સંખ્યામાં મંદિરો બંધાવા લાગ્યાં. તેમાં દેખાતા જાળીકામમાં ગુજરાતના સલ્તનતકાળ દરમિયાન વિકસેલી મુસ્લિમ પ્રથાનો પરામર્શ સ્પષ્ટ રીતે જ દેખાઈ આવે છે. ઈડરના પહાડની રણમલચોકીના જૈન મંદિરની જાળીઓ આ યુગના લાક્ષણિક દૃષ્ટાંત રૂપે બતાવી શકાય (પૃ. ૨૯૨ ઉપર ચિત્ર નં. ૯)


ફરી ચૌદમી શતાબ્દી તરફ વળીએ. મુસ્લિમ સ્થાપત્યની બે મુખ્ય કૃતિઓ—મસ્જિદ અને મકબરા. મસ્જિદની કાયાનાં પાંચ આવશ્યક અંગો—કમાન, કિબ્લા, મીનાર, ગુમ્બજ અને જાળીઓ (સામે ચિત્ર નં. ૧૦) કમાન અને કિબ્લાની અણીયુક્ત મહેરાબ તો મુસ્લિમ સંસ્કૃતિનું મૌલિક આકલ્પન છે. એ મહેરાબને ફરતું મંદિરોની દ્વારશાખા સમું ચોકઠું ઉમેરવામાં આવ્યું અને માથે વડનગર તથા સિદ્ધપુરનાં તોરણોના મસ્તકે છે તેવાં ઇલિકાવલણો મૂકવામાં આવ્યાં.

મીનારનો ખયાલ પણ મુસ્લિમ જ છે. પણ ગુજરાતમાં તેના ઊર્ધ્વછંદની રચનામાં મંદિરોમાં જોવામાં આવતાં પીઠ, વેદીબંધ, જંઘા વગેરે ઘાટવિધાનનો, સજીવ રૂપકામના તત્ત્વને ગાળી કાઢીને, સફળ પ્રયોગ કરવામાં આવ્યો; અને મંદિરોના મંડપો પર જોવામાં આવતી કૂટ અને ઘંટાના વિન્યાસથી રચાતી સંવરણાઓનું એ શણગાર કવચ ઉતારી લેવામાં આવે તો નીચે જે કાચલી ઘાટનો કરોટક રહે તેનું જ ગુંબજમાં પરિવર્તન થયું.





ચિત્ર નં. ૧૪ તથા ૧૫ : પાછલા ત્રણે નમૂનાઓ જેવે માંગરોળની ઈ. ૧૩૮૮માં બંધાએલી રહીમત મસ્જિદની જાળીઓમાં (જુઓ ઉપર) તથા તે જ ગામની ઈ. ૧૪૦૧માં બંધાએલી રાવળી મસ્જિદના પૂર્વ તરફના મિમ્બરની પાર્શ્વ-ભૂમિકામાં (જુઓ નીચેનું ચિત્ર) હિંદુ શૈલીની સ્થાનિક રંગછટા જ દાખવી છે.



છેવટે જાળીકામ : તેની તળપદી પણ બેનમૂન પ્રથા તો, આગળ ચર્ચી ગયા તેમ, ગુજરાતમાં પરંપરાથી અસ્તિત્વમાં હતી જ. મુસ્લિમ અભિરુચિને આ જાળી સંપૂર્ણ રીતે અનુકૂળ આવી ગઇ અને તેમનાં નિર્માણોમાં અવિચ્છિન્ન અંગ તરીકે સહેલાઇથી ગોઠવાઈ ગઇ. ઇ.સ. ૧૩૨૫માં બંધાએલી ખંભાતની આલીશાં જુમા મસ્જિદની મધ્ય કમાનની ઉપરની જાળીઓ આ પરંપરાને અનુસરે છે. (ચિત્ર નં. ૧૧)

આયોજનની સપ્રમાણતા માટે ખૂબ જ પ્રશંસા પામેલી અને ગુજરાતના જૂનામાં જૂના મીનારાઓ ધરાવતી ઈ.સ. ૧૩૩૩માં બંધાએલી ધોળકાની હિલાલખાન કાજીની સોહામણી મસ્જિદના પ્રવેશમંડપના ઉપલા મજલામાં પણ સુંદર નાના ખંડોવાળી જાળીઓ છે. પણ એથી યે ચડિયાતું કામ તો તેમાં જ અંદર ઝનાના માટે જુદા રાખવામાં આવેલા વિભાગની જાળીઓમાં જોવામાં આવે છે જેનું એક ચિત્ર અહીં રજૂ કર્યું છે. (ચિત્ર નં. ૧૩) દેલવાડાનાં મંદિરોમાં મંત્રી તેજપાળની હસ્તિશાળાની જાલપ્રથાની વિશેષ ખિલાવટ અહીં સહેજે જોઇ શકાય છે.

આ જ મસ્જિદના જાલાલંકૃત મિમ્બરની પણ અહીં નોંધ લઇએ. ભારતભરમાં અજોડ હોવાનું આ મિમ્બરને પ્રાપ્ત થએલું માન પણ તેની સોપાનશ્રેણીની બન્ને બાજુએ કોતરવામાં આવેલા ખૂબ ઝીણવટભર્યા, વૈવિધ્યપૂર્ણ અને ખંડયુક્ત જાળીકામને જ આભારી છે. આ મનોરમ કંડારકામ વઢવાણની માધાવાવની જાળીઓ સાથે ઘણું જ સામ્ય ધરાવે છે. બન્ને વચ્ચે માત્ર ચાલીસેક વર્ષનો જ ગાળો છે.

ધોળકાની જાળીઓની આ વાત સાથે, એક નાની પણ એટલી જ સુંદર જાળી જૂનાગઢની માઇ ગઢેચ્ચીવાળી મસ્જિદમાં છે તેની પણ નોંધ લઇએ (ચિત્ર નં. ૧૨). કૈંક સ્થાનિક રંગછટા સાથે આ જ પ્રથાનો ઉપયોગ માંગરોળની ઈ. ૧૩૮૮માં પૂર્ણ થએલી રહીમત મસ્જિદની જાળીઓમાં (ચિત્ર નં. ૧૪) અને ત્યાંની ઇ. સ. ૧૪૦૧માં બંધાએલી રાવળી મસ્જિદના પૂર્વ મિમ્બરમાં જોઈ શકાય છે. (ચિત્ર નં. ૧૫)


હવે આ તબક્કે એક મહત્ત્વના મુદ્દાની ચર્ચા કરી લઇએ. જોકે ગુજરાતમાં મુસ્લિમોએ હિંદુ જાલક્રિયાને અપનાવી, તોપણ તેમની પોતાની પણ એક નિજસ્વી, સંસ્કારગત જાલપ્રણાલિ હતી, જેનાં મૂળ તો છેક મધ્યપૂર્વના દમાસ્કસની ઈ.સ. ૭૧૫ની અલ'વલીદની મસ્જિદ અને મિસરની ઈ.સ. ૮૭૯માં પૂર્ણ થએલી ઈબ્ન તૂલૂનની મસ્જિદમાં મળી આવે છે. આ રસમના જાળીકામનું ગુમ્ફન ભૂમિતિની ખાસ ગણતરીઓ અને જટિલ સિદ્ધાંતો પર આધારિત છે. તેમાં ષટ્કોણ, અષ્ટકોણ, અતિકોણ, અને વર્તુળની છેદ અને સંકલનલીલાથી સમસ્ત ભાતનિષ્પત્તિ થાય છે. તેનાં વધુમાં વધુ વિકસિત સ્વરૂપોનો દિલ્હી અને આગ્રાનાં મુઘલ સ્થાપત્યોમાં મોકળે હાથે ઉપયોગ થયો છે. વર્ષો સુધી તેની રચનાનાં રહસ્યો અણઉકેલ હતાં. સજીવ રૂપકામને ચિત્રમાં કદિક સ્થાન આપનાર પરંતુ શિલ્પમાંથી કોઈક અપવાદ સિવાય સમૂળગું દૂર કરનાર મુસ્લિમ સંસ્કૃતિમાં નક્શાની સર્જનાત્મક કલાપ્રતિભાને અભિવ્યક્તિ માટે જે કૈં અવકાશ રહ્યો તે શિષ્ટ લિપિકારી અને જાલક્રિયામાં જ. તેમાં તેની તમામ શક્તિઓ કેંદ્રિત બની અને અનેક નવતર સ્વરૂપોનાં ઘડતર થયાં. આવા તરીકાની જાળીઓનો પ્રયોગ પણ ખંભાતની જુમા મસ્જિદમાં હિંદુ પ્રણાલિની જાળીઓ સાથે જોવામાં આવે છે, જેનો નમૂનો આ લેખને મથાળે આપ્યો છે.

એટલું ખરું કે આ જાળીના ઢાંચા માટે તો, મધ્યપૂર્વના ઈસ્લામી દેશોમાં જોવામાં આવે છે તેવી સળંગ જાળીઓને બદલે ભારતીય ખંડયુક્ત આયોજન પસંદ કરવામાં આવ્યું; અને તેમાં યે હિંદુ જાળીની માફક એક એક ખંડમાં બને ત્યાં સુધી પૃથક્ પૃથક્ આકારની જાલરચના કરવામાં આવી; પણ તેનો આંતરિક ઠાઠ તો પ્રધાનતયા મુસ્લિમ પરંપરાનો જ છે તેમ અચૂક જણાઈ આવે છે.


આ બન્ને પ્રથાની જાળીઓ વચ્ચે તાત્ત્વિક તેમજ દાર્શનિક એમ બન્ને પ્રકારની વિભિન્નતા રહેલી છે. હિંદુ મંદિરોની જાળીઓ દળદાર, કૌતુકમયી, ને ઉલ્લાસનો ભાવ ઉપસાવતા અલંકારોના સમાદર વાળી છે. તેની સુંદરતાનું આકલન બહારથી સૂર્યપ્રકાશના પડતા સીધા પ્રપાતથી મળે છે. તેનો ઉપયોગ વાતાયનમાં ભરવાના 'ચંદ્રાવલોકન' રૂપે જ છે.

જ્યાર મુસ્લિમ પ્રથાનો આદર્શ જુદો છે. તેની જાળીઓના ઘડતરમાં ઘટત્વને સ્થાને લાઘવભરી નઝાકતને અધિવાસિત કરવામાં આવી છે. મુસ્લિમ જાળીનું સર્જન સહેતુક અને મૃદુ વેષ્ટન રૂપે થયું છે. તેની ખૂબીનું ઈમારતની અંદરથી વિશેષ દર્શન થાય છે. લોબાનની ઊંચે સરી જતી ધૂમ્રસેરો પાસે થતા પવિત્ર કુરાનની આયાતનાં ઉચ્ચારણોથી પ્રકટ થતા ઈસ્લામના ગાંભીર્યને જો કોઈ યોગ્ય પાર્શ્વભૂમિકાનું અવલંબન સાંપડતું હોય તો તે છે આ પ્રકારની જાળીઓમાંથી ગળાઇને આવતાં સૂર્યકિરણોથી રચાતું, ચિરંતન સ્થૈર્યની અનુભૂતિ બતાવતું, અદ્ભુત અને નિગૂઢ છાયાચિત્ર ! ઈસ્લામના આત્માને મૂર્ત કરવામાં, તેને ઊંચું અર્થગૌરવ આપવામાં, મસ્જિદોના બુલંદ એલાનોને કે મકબરાઓની મૂક ગમગીનીને સ્ફૂટ કરવામાં આ જાળીઓ એક અત્યંત સમર્થ પ્રતીક અને વાહન બની રહે છે એમાં કોઈ શંકા નથી.

પંદરમા શતકના પ્રારંભથી હિંદુ કલ્પના અને મુસ્લિમ ખયાલાતનું જાળીકામમાં મિશ્રણ થતું ચાલ્યું અને અંતમાં બન્ને પ્રકારની પ્રથાઓ ભળી જઈ એકરૂપ બની ગઈ. આનાં પ્રથમ એંધાણ અમદાવાદની ઈ.સ. ૧૪૧૪માં પૂર્ણ થએલી અહમદશાહની મસ્જિદના ઝનાનાખંડની જાળીઓમાં દેખા દે છે. (ચિત્ર ૧૬) એ પ્રક્રિયાને સરખેજના રોજામાં (ચિત્ર ૧૭) અને તે પછી શાહઆલમના રોજામાં, દસ્તૂરખાનના મકબરાની ભાતીગળ જાળીઓમાં, ધોળકાની અલિફ્ખાનની મસ્જિદમાં, મહમૂદાબાદના મુબારક સૈયદના મકબરાની જાળીમાં, ચાંપાનેરની જુમા મસ્જિદના પ્રવેશમંડપની જાળીઓમાં (ચિત્ર ૧૮), એમ થોકબંધ દૃષ્ટાંતોમાં આગળ વધતી જોઈ શકાય છે. છેલ્લે સીદી સૈયદની ખંડયુક્ત જાળીઓમાં એ સમન્વય પરાકાષ્ઠાએ પહોંચી જાય છે. (ચિત્ર ૧૯) માર્દવભર્યો, અત્યંત સ્વચ્છ અને સામંજસ્યપૂર્ણ સુશોભનો ધરાવતી આ ચોસલાંદાર જાળીઓ પાસે ગ્વાલિયરના મહમદ ઘોસના ઇ.સ.




ચિત્ર : ૧૬



ચિત્રનં. ૧૭

પંદરમી સદીની શરૂઆતથી હિંદુ કલ્પના અને મુસ્લિમ ખયાલાતનું જાળીકામમાં મિશ્રણ શરૂ થયું તેના ત્રણ નમૂના. મથાળે: ૧૪૧૪માં પૂરી થએલી અમદાવાદની અહમદશાહની મસ્જિદના ઝનાનાખંડની જાળી; ડાબી બાજુ: અમદાવાદ પાસે સરખેજના રોજાની એક મસ્જિદને લગતી જાળી; નીચે: ચાંપાનેરની જુમામસ્જિદના પ્રવેશ-મંડપની એક જાળી (ઇ.સ. ૧૫૦૮)

ચિત્ર નં. ૧૮





૧૫૬૪ આસપાસ બંધાએલા વિખ્યાત મકબરાની સમદર્શી જાળીઓ કે આગ્રાના ઈ. ૧૬૨૮ના ઇત્તિમાદ્-ઉદ્-દૌલાના આલમમશહૂર રોજાનાં મોટાં ચાંદરણાં પાડતાં એકવિધ જાલાચ્છાદનો તો સ્થૂળ, યાંત્રિક અને ચિત્રશીલતામાં હીન ભાસે છે. ફતેહપુર સિક્રીના શેખ સલીમ ચિશ્તીના મકબરાની જાળીઓ કે તાજમહાલની આરામગાહને ફરતા જાલાવરણ જેવાં કેટલાંક દૃષ્ટાંતોમાં વૈવિધ્ય છે. પણ તે સીદી સૈયદની જાળીઓની તોલે તો નજ આવે.

પણ ગુજરાતની આ સૌ જાળીઓના શિરમોડ સમી તો છે એ જ સીદી સૈયદની પેલી મધરબી દીવાલમાંની બે કલ્પનાશીલ, જગનામી જાળી. (જુઓ ચિત્રપૂર્તિ. હિંદુ પરંપરાના ચાંચલ્યમય કલ્પદ્રુમ કે તરંગમયી ઊર્મિવેલાના સ્રોતમાંથી, કસીદાની કસબકારીને પરાજય આપે તેવી, અત્યંત આવેગમયી, સૂક્ષ્મ સંવેદનશીલ, અને લાલિત્યમય આવર્તનોથી વિસ્ફૂરિત, આંદોલિત થતી, શતમુખ પર્ણયુક્ત પ્રશાખાઓમાં વિભક્ત થતી શાખાઓવાળાં પ્રણાલિકાબદ્ધ છતાં યે કુમાશભર્યાં વૃક્ષોનું આલેખન કરતી, ભારતીય કલાના વિશ્વસમસ્તના કલાવિવેચકોની અંજલિઓની અધિકારિણીબનતી આ જાળીઓમાં ગુજરાતની જાલકલા તેના ચરમ બિંદુએ પહોંચી ચૂકી.

આ પછી મસ્જિદો પ્રમાણમાં કમ બંધાવા લાગી અને અહમદશાહી સલ્તનતના વિલોપન પછી તો ઘણી જ મંદતા આવી તથા તેની કલાકક્ષા પણ ઊતરતી ચાલી. સત્તરમા સૈકાનાં હિંદુ મંદિરોથી માંડી છેક અમદાવાદના હઠીસિંહના મંદિર સુધીની જાળીઓ આ મુસ્લિમ ઢંગનો પ્રભાવ બતાવી રહે છે. એ જ યુગથી કાષ્ઠકામમાં જાળીઓનો બહોળો પ્રયોગ થવા લાગ્યો. (ચિત્ર ૨૦: હળવદના રાજમહાલયનું જાળીકામ). પણ તેમાં આગળ જેટલી વિવિધતા ન રહી.


આધુનિક સ્થાપત્યના સંદર્ભમાં આ આખી યે વાત વિચારીએ તો ભારતીય વાતાવરણને અનુલક્ષીને જાળીઓનો સમાવેશ ગૃહઆયોજનમાં કરવાની જરૂરતનો પુરસ્કાર કરતી એક સબળ વિચારધારા હવે વહેતી થઈ હોવાનું આપણે જાણીએ છીએ. અદ્યતન વાસ્તુવિધાનના મહર્ષિ સમા લ કોર્બુઝિયેએ ચંદીગઢના નિયોજનમાં જાળીઓને આપેલા અગ્રિમ સ્થાનથી હવે સૌ કોઇ જ્ઞાત છે. અમેરિકન સ્થાપત્યવિદોને પણ આ ભારતીય જાલકલ્પના ખૂબ જ રુચી ગઇ છે; પણ અલંકારમાત્રને તિરસ્કૃત ગણતી અને કેવળ રેખાનાં રૂપ અને અપરૂપને જ સૌંદર્યસંપન્ન માનતી આજની વાસ્તુવિચારસરણીને ગુજરાતની આ અલંકાર પ્રધાન જાળીઓ અપનાવવા અનુરોધ કરવામાં આજે કદાચ શાણપણ ન લાગે, તો યે આ ટાંકણે પોતાના જમાનામાં એક પ્રચંડ કલાપુરુષાર્થ કરી જનારા, ઉત્કૃષ્ટ જાળીકામની મબલખ દૌલત દઇજનારા, ગુજરાતના એ અનામી હિંદુ અને મુસ્લિમ શિલ્પીઓનાં પ્રભુત્વભર્યાં અને ઓજસ્વી ટાંકણાંઓની ચિરંજીવ સિદ્ધિઓને નત મસ્તકે વંદના દેવાનું રખે ચૂકીએ.





ચિત્ર ૧૯: અમદાવાદની સીદી સૈયદની (ઇ. ૧૫૧૫) જગવિખ્યાત જાળીઓ. ચિત્ર નં. ૨૦ (જમણી બાજુ) કાષ્ઠમાં ઊતરેલા જાળીકામનો નમૂનો: હળવદનો રાજમહલ, ઇ. ૧૭૦૯.

(આ લેખમાંનાં ચિત્ર નં. ૨, ૩, ૧૦, ૧૬, ૧૭ તથા ૨૧ સિવાયનાં બધાં ચિત્રો ગુજરાત રાજ્યના પુરાતત્ત્વખાતાના સૌજન્યથી)



ચિત્ર નં. ૨૧: ઈ. ૧૧૬૫માં પૂર્ણ થએલા તારંગાના જૈનમંદિરની જાળીમાંની કેટલીક આકૃતિઓ

આહાર અને આરોગ્ય-૪૩

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

સૂર્યભગવાનની સંઘરાએલી શક્તિ કાર્બોહાઇડ્રેટ

★ ધરાવતાં ખાદ્યોની યાદી બાજુમાં

- ખાંડ ગોળ મધ
- આરારૂટ સાબુચોખા
- ઘઉં બાજરી ચોખા
- જુવાર જવ મકાઈ
- ખજૂર દ્રાક્ષ કેળાં
- સર્વ કઠોળો
- બટાટા શક્કરિયાં
- સૂરણ રતાળુ બીટ
- મગફળી બદામ પિસ્તાં
- કાજુ અખરોટ ચારોળી
- સર્વ તાજાં ફળો
- ભાજી લીલોતરી શાક

શરીર આહારથી ઘડાતું હોઇ આપણો ખોરાક સંતોષકારક હોવો જોઇએ. સંતોષકારક એટલે (૧) પૂરતો અને (૨) યોગ્ય પ્રકારનો. આપણે અગાઉ જાણી ગયા કે માનવશરીર છ સંયોજનનો (કૉમ્પાઉન્ડ)નું બનેલું છે. જીવનક્રિયાના પરિણામે સતત પેદા થતાં વ્યયદ્રવ્યોના નિકાસથી પડતી ખોટ ભરપાઈ કરવા માટે આપણા આહારમાં આ સંયોજનો હોવાં જરૂરી છે. એટલેકે આપણા ખોરાકનાં આવશ્યક ઘટકો આ પ્રમાણે જોઇએ: કાર્બોહાઇડ્રેટ, પ્રોટીન, ચરબી, ખનિજ દ્રવ્યો તથા ક્ષારો, વિટામિનો અને પાણી. સામાન્ય આહારમાં કાર્બોહાઇડ્રેટ ને ચરબી હોય છે ખરાં; પરંતુ કોઈ પણ સંજોગોમાં પ્રોટીન, વિટામિનો, ખનિજદ્રવ્યો અને પાણીવિના જિંદગીટકતીનથી.

છતાં માનવકુળના આહારનું મુખ્ય ઘટક તો કાર્બોહાઇડ્રેટ છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી; કારણ કે પૃથ્વી પરનાં ⅘ માણસોનો તે મુખ્ય ખોરાક છે. પશ્ચિમના લોકો આહારના કુલ ઉષ્ણાંકના ૬૦થી ૭૦ ટકા કાર્બોહાઇડ્રેટમાંથી મેળવે છે; તો મોટા ભાગના ભારતવાસીઓ માટે આ પ્રમાણ ૭૦ થી ૮૦ ટકાનું છે. 'બધા જીવોની શક્તિનો આદિ સ્રોત' કાર્બોહાઇડ્રેટ છે એમ ડબ્લ્યુ. આર. ઍક્રોઈડ તો કહે છે.

કાર્બોહાઇડ્રેટો એ 'સૂર્યભગવાનની સંઘરાએલી શક્તિ' છે. લીલા છોડવાઓનાં પાંદડાંના ક્લોરોફિલ કોષો, કાર્બન ડાયૉક્સાઇડ અને પાણીમાંથી કાર્બોહાઇડ્રેટ બનાવવા માટે સૂર્ય એ શક્તિ વડે પૃથ્વીનાં ખનિજ દ્રવ્યોમાંથી સતત સેન્દ્રિય દ્રવ્યો રૂપાંતરિત કરે છે; અને એ સેન્દ્રિય દ્રવ્યોમાંથી પછી આપણી જીવનક્રિયા દરમિયાન રોજિંદાં કામકાજ કરવાની અને આપણને જીવંત રાખવાની શક્તિ નીપજે છે.

ચરબીની જેમ કાર્બોહાઇડ્રેટમાં કાર્બન, હાઇડ્રોજન અને ઑક્સિજન છે. પણ ચરબી કરતાં એમાં આ તત્ત્વોનું પ્રમાણ જુદું છે. હાઈડ્રોજન અને ઑક્સિજન પાણી બનાવે એટલા પ્રમાણમાં છે. અને કાર્બન તથા હાઇડ્રોજન (સ્ટાર્ચ) બન્ને દહનશીલ દ્રવ્યો અનુક્રમે ૪૫ અને ૬ ભાગના પ્રમાણમાં છે.

કાર્બોહાઇડ્રેટનું કામ

કાર્બોહાઇડ્રેટનું મુખ્ય કામ શરીરમાં ગરમી અને શક્તિ પૂરી પાડવાનું છે. જોકે આ માટે ચરબીનું સ્થાન પહેલું છે, પણ ચરબી કરતાં કાર્બોહાઇડ્રેટમાંથી ગરમી અને શક્તિ વહેલી પ્રાપ્ત થાય છે. વળી ચરબીની ખોટ હોય ત્યારે કાર્બોહાઇડ્રેટો જીવનક્રિયા નિભાવવા માટે શરીરમાં ગરમી જાળવે છે. શર્કરાના દરેક ગ્રામમાંથી ચાર ઉષ્ણાંક ગરમી મળે છે; એટલે કાર્બોહાઇડ્રેટો શરીર માટે બળતણ-ખોરાક છે, જે શરીરની ⅔ કે ¾ ગરમી અને શક્તિ પૂરી પાડે છે.

શરીરની ગરમીનું નિયંત્રણ કરનાર કેન્દ્ર ઊર્મિમગજ (થેલેમસ)માં છે. પણ તેને એકધારી સપાટીએ જાળવવા માટે શરીરને પૂરતી ગરમી મળવી જોઈએ. ખોરાક દ્વારા મળતી આ ગરમીનું 'શક્તિ'માં રૂપાંતર થઈને જ આપણી બધી શારીરિક ક્રિયાઓ—શ્વસન, રુધિરાભિસરણ, પાચન, મળોત્સર્ગ, સ્રાવ, ઉષ્માનિયમન આદિ—થાય છે. સંપૂર્ણ આરામમય સ્થિતિમાં આ શારીરિક ક્રિયાઓ થવા માટે થતો શક્તિનો વ્યય એ 'મૌલિક જીવનક્રિયા' (બેઝલ મેટાબૉલિઝમ) કહેવાય છે. ઉમર, જાતિ, ઊંચાઈ, વજન અને બીજાં કારણોસર આમાં વ્યક્તિગત તફાવત રહે છે. શારીરિક અને માનસિક બંને કામમાં મોટા ભાગની આ 'શક્તિ'નો વ્યય થાય છે. એ કામકાજ જેમ સખત તેમ શક્તિ વધારે વપરાય છે. એ બધી શક્તિ આપણને ખોરાકમાંથી જ મળી રહે છે. શર્કરાની ઑક્સિજનથી એ શક્તિ પેદા થાય છે, અને તે માંસપેશીઓ દ્વારા કામકાજમાં જોતરાય છે.

કાર્બોહાઇડ્રેટની બે જાતો છે: સ્ટાર્ચ અને શર્કરા. શર્કરા એ કાર્બોહાઇડ્રેટનું દ્રાવ્ય રૂપ છે. આ રૂપમાં તે શરીરમાં ફરતું રહી બળતણ તરીકે વપરાય છે, જ્યારે અદ્રાવ્ય સ્ટાર્ચ શરીરમાં જઇને પ્રથમ શર્કરા રૂપમાં ફેરવાય છે અને તે પછી જ બળતણ તરીકે વપરાય છે.

કાર્બોહાઇડ્રેટના વળી બે પ્રકારો પણ છે: (૧) વનસ્પતિજ અને (૨) પ્રાણિજ. દૂધ, દહીં, કલેજું, મચ્છી વગેરે પ્રાણિજ ખાદ્યોમાં કાર્બોહાઇડ્રેટ જૂજ પ્રમાણમાં છે, જ્યારે વનસ્પતિ-ખાદ્યો તેનાથી સમૃદ્ધ છે. શુકધાન્યો અને કંદમૂળોમાં સ્ટાર્ચના ભંડાર છે, તો ફળો, દૂધ, મધ, શેરડી, બીટ વગેરેમાં સાદી અને મિશ્ર શર્કરાઓ ભરપટ્ટે છે. મધમાં તો એંશી ટકા શર્કરા છે.

અણુની રચના અનુસાર શર્કરાના ત્રણ વિભાગો છે: એક શર્કરા (મૉનૉ સેકેરાઈડ્ઝ), દ્વિ શર્કરા (ડાય સેકેરાઈડ્ઝ) અને બહુશર્કરા (પૉલી સેકેરાઈડ્ઝ). આ બધી શર્કરાઓ પાચન દરમિયાન દ્રાક્ષ-શર્કરા (ગ્લુકોઝ)માં પરિણમીને લોહીમાં શોષાય છે. કેળ ઉપર પાકેલાં કેળાંમાં દ્રાક્ષ-શર્કરા છે. બધી શર્કરાઓમાં મીઠામાં મીઠી ફળ-શર્કરા છે. મધ, ફળો અને થોડા પ્રમાણમાં ગોળમાં તે હોય છે. શરીરમાં તે ઝડપથી શોષાઇને દ્રાક્ષ-શર્કરામાં પરિણમે છે.

દૂધની શર્કરા (લેક્ટોઝ), ફણગાવેલાં અનાજની અને કઠોળની ધાન્ય-શર્કરા (માલ્ટોઝ) અને ખાંડ (સુક્રોઝ) એ બધી દ્વિ-શર્કરાઓ છે. આંતરડાંના આથવણથી તે દ્રાક્ષ-શર્કરા ને ફળશર્કરામાં રૂપાંતર પામે છે.

સ્ટાર્ચ એ બહુ-શર્કરા છે. મોઢામાં જ એનું પાચન શરૂ થઇને પ્રથમ ડેક્સ્ટ્રીન ને પછી ધાન્ય-શર્કરામાં રૂપાંતર થાય છે. આથી સ્ટાર્ચવાળો ખોરાક ખૂબ ચાવીને ખાવાનો છે; જેથી તેમાં લાળના સ્રાવો ભળીને સુપાચન થાય. બાકી રહેલા સ્ટાર્ચનું રૂપાંતર આંતરડાંમાં પૂરું થાય છે.

ડેક્સ્ટ્રીન પછીથી ધાન્ય-શર્કરા ને દ્રાક્ષ-શર્કરામાં પરિણમે છે; અને ધાન્ય-શર્કરા પણ છેવટે દ્રાક્ષ-શર્કરામાં પરિણમ્યા બાદ આંતરડાંમાં શોષાય છે. અનાજ કે કઠોળને ફણગાવાથી કે શેકવાથી જ સ્ટાર્ચનું (પચનીય એવા ડેક્સ્ટ્રીન અને ધાન્ય-શકરામાં) જલદી રૂપાંતર થાય છે. આ પૂર્વ-પચનીયતા (પ્રી ડાઇજેશન)ની ક્રિયા છે. સ્ટાર્ચનું પાચન અટપટું હોઈ તેનું આવું પૂર્વ-પચનીય રૂપ લાભદાયી છે. બાળકો, ઘરડાં, અશક્ત અને માંદલાંના આહારમાં એ વિશેષ ઉપયોગી છે.

કાર્બોહાઇડ્રેટ ધરાવતા પદાર્થો

આહારશાસ્ત્રી રૉબર્ટ મૅક્કૅરિસને કાર્બોહાઇડ્રેટ ધરાવતા ખાદ્યોની તેના પ્રમાણવાર આઠ વર્ગોમાં આ પ્રમાણે વર્ગણી કરેલી છે

(૧) મોરસ તેમજ બૂરું, ખાંડ, ગોળ, મધ, ટાપીઓકા, આરારૂટ અને સાબુચોખા; (૨) ચોખા, બાજરી, મકાઈ, જવ, ઘઉં, જુવાર વગેરે શૂકધાન્યો; (૩) ખજૂર, દ્રાક્ષ, આમલી વગેરે સૂકાં ફળો; (૪) સર્વ કઠોળો, વટાણા અને સોયાબીન; (૫) બટાટા, શક્કરિયાં, બીટ, સૂરણ, રતાળુ વગેરે કંદમૂળો તેમજ કેળાં; (૬) કવચવાળાં ફળો જેવાં કે બદામ, પિસ્તાં, કાજુ, મગફળી, અખરોટ, ચારોળી; (૭) તાજાં ફળો અને (૮) ભાજી તથા બીજાં તાજાં લીલોતરી શાક.

ખોરાકનાં બીજાં ઘટકોની જેમ કાર્બોહાઇડ્રેટો પણ આપણે વિવિધ ખોરાકોમાંથી જ એકત્ર કરીને ખાવાનાં છે. કાર્બોહાઇડ્રેટના સાધન તરીકે એકલી ખાંડ ખાધે ન ચાલે, કારણ કે એમાંથી તો નર્યું કાર્બોહાઇડ્રેટ જ મળે છે. એ જ રીતે એકલાં લીલોતરી શાકભાજી ને ફળોમાંથી પણ પૂરતાં કાર્બોહાઇડ્રેટ ન મળી શકે; તે માટે તો એ એટલા અતિશય પ્રમાણમાં ખાવાં જોઈએ કે જે આપણે પચાવી પણ ન શકીએ. આવી જ રીતે કાર્બોહાઇડ્રેટના સાધન તરીકે એકલાં કઠોળો ખાવા લઈએ તો તેની સાથે વધારે પ્રોટીનો આવવાથી માંદગીને નોતરવા જેવું થાય. માટે કાર્બોહાઇડ્રેટ તેમજ બીજાં આવશ્યક ઘટકો મેળવવા સારુ જુદીજુદી જાતના ખોરાકોની મેળવણી કરવી જ શ્રેષ્ઠ છે.

મોઢાનાં અને આંતરડાંનાં આથવણોથી શર્કરા અને સ્ટાર્ચ દ્રાક્ષ-શર્કરામાં પરિણમીને આંતરડાંમાંથી લોહીમાં શોષાય છે એ આપણે જોયું. પણ જુદીજુદી જાતના કાર્બોહાઇડ્રેટ પદાર્થોના શોષણના પ્રમાણમાં મોટો ફેર રહે છે. મધ અને ફળોની સાદી શર્કરા આંતરડાંમાંથી શોષાઈને સીધી લોહીમાં જાય છે. પરંતુ બીજા કાર્બોહાઇડ્રેટ પદાર્થો દ્રાક્ષ-શર્કરામાં ફેરવાયા બાદ જ લોહીમાં શોષાઈ શક્તિ માટે પ્રાપ્ય બને છે. એટલે પાચનક્રિયામાં જેટલો સમય જાય એ પ્રમાણે કાર્બોહાઇડ્રેટ પદાર્થો શરીરમાં શક્તિ માટે લભ્ય બને છે. મધ અને ફળો શરીરમાં જલદી વપરાય છે, ખાંડને થોડી વાર લાગે છે, જ્યારે સ્ટાર્ચને આ બધાં કરતાં વધારે સમય લાગે છે.

શોષાયા બાદ મોટા ભાગની દ્રાક્ષ-શર્કરા તો પાછી ગ્લાયકોજનના પ્રાણિજ સ્ટાર્ચમાં રૂપાંતર પામ્યા બાદ કલેજામાં સંઘરાય છે. બાકીની લોહીમાં રહેતી દ્રાક્ષ-શર્કરા માંસપેશીઓ અને બીજી પેશીઓમાં વપરાય છે. એ વપરાઈ રહે કે તરત કલેજામાંથી ગ્લાયકોજન પાછું દ્રાક્ષ-શર્કરામાં ફેરવાઈ લોહીમાં ભરપાઇ થાય છે અને કલેજામાં પડેલી ખોટ ખોરાકના પાચનમાંથી મળેલી ખાંડ વડે પુરાય છે. દ્રાક્ષ-શર્કરા સંઘરવા માટે કલેજું કોઠી જેવું કામ ઉપાડી લોહીમાં દ્રાક્ષ-શર્કરાનું એકધારું સતત પ્રમાણ જાળવે છે. શરીરમાં શર્કરા વાપરનારી માંસપેશીઓ છે. તે લોહીમાંથી શર્કરા લઈ તેનું ગ્લાયકોજનમાં રૂપાંતર કરી સંઘરો કરે છે, અને પછી જરૂરત પ્રમાણે તેનો વપરાશ કરી શક્તિ પૂરી પાડે છે.

શ્રમભર્યાં કામ અને કસરતથી માંસપેશીઓનો દ્રાક્ષ-શર્કરાનો અને કલેજાનો ગ્લાયકોજનનો જથ્થો જલદીથી ખૂટે છે. ભૂખ્યા પેટે લાંબા વખતનું શ્રમભર્યું કામ કરવાથી શરીરનો ગ્લાયકોજનનો બધો જથ્થો ખાલી થાય છે; એટલે કલેજામાં પૂરતા પ્રમાણમાં જો ગ્લાયકોજન હોય તો જ લાંબા સમયનું પુષ્કળ શ્રમભર્યું કામ સારી રીતે પાર પડે છે. એવરેસ્ટની ટોચ સર કરતાં અગાઉ એડમન્ડ હિલેરીએ મધ ખાધાની વાત કોને અજાણી છે?

વળી પ્રોટીન અને ચરબીના યોગ્ય વપરાશમાં કાર્બોહાઇડ્રેટ સહાયભૂત થઈ પડે છે. મૅક્કેરિસનના કહેવા પ્રમાણે લાકડાંનાં છોડિયાંની જેમ કાર્બોહાઇડ્રેટ જલદી બળે છે, જ્યારે ચરબી લાકડાંની જેમ ધીમેથી સળગે છે. આના આધારે આધુનિક આહારશાસ્ત્રનું વિખ્યાત કથન છે કે 'કાર્બોહાઇડ્રેટની આગમાં ચરબી બળે છે. શરીરને ઉપાડવાના કામના બોજા ઉપર કાર્બોહાઇડ્રેટના પ્રમાણનો આધાર રહે છે. જો શ્રમભર્યાં કામ માટે વધારે શક્તિની જરૂર પડે તો કાર્બોહાઇડ્રેટનું નહિ પણ ચરબીનું પ્રમાણ વધારવું હિતાવહ છે. કાર્બોહાઇડ્રેટની સાથે પ્રોટીન, ચરબી, ખનિજદ્રવ્યો અને વિટામિનો પણ યોગ્ય જથ્થામાં અને એકબીજા સાથે યોગ્ય પ્રમાણમાં જોઇએ. આમ થાય તો જ કાર્બોહાઇડ્રેટનું સહેલાઈથી અને સંપૂર્ણ પાચન થાય છે.

આપણા આહારમાં કાર્બોહાઇડ્રેટ

ભારતવાસીઓના આહારમાં કાર્બોહાઇડ્રેટ વધારે પ્રમાણમાં હોય છે એ મોટી ખામી છે. આમાંનો થોડો ભાગ આંતરડાંમાં પડી રહેવાથી કહેવાય છે અને વાયુ તથા દાહક ઍસિડો પેદા થાય છે. આ કારણે (મૅક્કેરિસન કહે છે) 'વાયુકોપ, અપચો અને ઝાડા થાય છે. વળી હોજરી અને આંતરડાંમાં કાર્બોહાઇડ્રેટની વિપુલતાથી પ્રોટીન, ખનિજદ્રવ્યો ને વિટામિનોના શોષણનો અવરોધ ઊભો થાય છે. જો ઝાડા થાય તો સમજવું કે દ્રવ્યો શરીરમાં શોષાયા વિના બહાર ફેંકાઈ જાય છે. કેવળ ચોખાના ખોરાક ઉપર નભતા લોકોની આ દશા થાય છે.'

વળી વધારે પ્રમાણના કાર્બોહાઇડ્રેટ આહારથી દાંતનો સડો થવાની પણ શક્યતા છે. સ્ટાર્ચ-ભરપૂર ખોરાકને ચાવવાની ખાસ જરૂર પડતી ન હોવાથી દાંતની કસરત મળતી નથી. ઉપરાંત એ ખોરાક દાંતોની વચમાં કે તેની આસપાસ અને અવાળાં ઉપર ભરાઇ રહેતો હોવાથી એમાં કહોવાટ થઇ ઍસિડ પેદા થાય છે; જે દાંતને ખાઇ જાય છે. આ કારણે 'ભોજનમાં છેલ્લું ગળપણ ન ખાવું' એવો આદેશ આપીને ડૉ. મિલ્ફ્રેડ કૈથાન કહે છે: 'જો ખાધું હોય તો તે ઉપર છાશ, ફળ કે ચાવવાં પડે એવાં કાચાં શાક ખાવાં, જેથી ચોખ્ખા થએલા દાંતને સડામાંથી રક્ષણ મળે.'

સગર્ભાવસ્થામાં અને સ્તન્યપાન દરમિયાન માતાના આહાર ઉપર બાળકના દાંતના બંધારણનો પણ આધાર છે. તેના રોજિંદા આહારમાં શૂકધાન્યો સાથે સવાશેર દૂધ ને પાશેર–દોઢપાશેર લીલોતરી શાકભાજી હોય તો તેને ખનિજદ્રવ્યો અને વિટામિનો પણ મળી રહે. પણ જો સગર્ભાવસ્થામાં માતા દૂધ ને શાકભાજી ન ખાય તો બાળકનું જડબું નાનું અને બેડોળ ઘાટનું બને છે; બાળકને મોડા ફૂટતા દાંત આડાઅવળા અને ઉપરાઉપરી ઊગે છે અને એમાં સડો પણ વહેલો લાગુ પડે છે. ખાતાં શીખેલા બાળકના આહારમાં પણ જો ખનિજદ્રવ્યો અને વિટામિનો ન હોય તો તેના દાંતને સડો લાગુ પડયા વિના નથી રહેતો.

વળી મીઠાઇ અને કાર્બોહાઇડ્રેટવાળા ખોરાક સાથે માણસને જો બગડેલા દાંત અને બેઠાડું જીવન હોય, તો તે મધુપ્રમેહ થવાનું કારણ બને છે. ઉપરાંત કાર્બોહાઇડ્રેટો ચરબીમાં રૂપાંતરિત થતાં હોવાથી તેની વિપુલતાવાળો ખોરાક મેદોવૃદ્ધિ કરે છે. કાર્બોહાઇડ્રેટના યોગ્ય દહન માટે વિટામિન 'બી-૧'ની જરૂર છે. ખોરાકમાં જેમ કાર્બોહાઇડ્રેટનું પ્રમાણ વધારે તેમ 'વિટામિન બી-૧' વધુ હોવું જોઇએ.

ખોરાકમાં કાષ્ઠકો

કેટલાક કાર્બોહાઇડ્રેટ ખોરાકમાં પાચક રસોથી પણ ન તૂટે એવા કાષ્ઠક (સેલ્યુલોઝ) અને રેસાદાર દ્રવ્યો હોય છે. કેટલાંક પ્રાણીઓ માટે એવું અન્ન શક્તિનું સાધન છે. ઢોર ઘાસ અને ચાર ખાય છે, આપણે તે ખાઇ શકતા નથી, કેમકે તેમાંના કાષ્ઠકને પચાવવાની આપણી પાસે પ્રાણીઓ જેવી કોઈ સુલભતાઓ (અનુસંધાન પૃષ્ઠ ૩૧૫)

ભટ્ટ બાપા

સત્યકથાઓ
૧૪

મુકુન્દરાય વિ. પારાશર્ય



મોરબીના ભટ્ટ મહીધર નંદરામ તથા રતનફઇના (જુઓ અંક ૪૬૭) મોટા પુત્રનું નામ ચન્દ્રશંકર. એને બુંદીના લાડુ બહુ ભાવતા, એટલે બાળપણથી બુંદા ભટ્ટ તરીકે ઓળખાતા. યુવાન વયે ખમીસની ચાળમાં દાળિયામમરા ને ખજૂર ભરી કુબેરનાથના મંદિરે કે હવેલીએ જઇ નાનાં બાળકોને એ વહેંચી દેતા ત્યારથી એ ભટ્ટબાપા તરીકે ઓળખાવા લાગ્યા. એ ભટ્ટ બાપાની આ વાત છે.

એમનો જન્મ ઈ. સ. ૧૮૬૨માં. સાત વર્ષની વયે નાના હરિરામ ભટ્ટ પાસે ભણવા બેઠા. તેની કુશાગ્ર ગ્રહણશક્તિ અને દૃઢ સ્મરણશક્તિથી નાના હરિરામ તથા શાસ્ત્રી શંકરલાલ માહેશ્વર મુગ્ધ થતા. ત્રણચાર વર્ષના અભ્યાસમાં લઘુસિદ્ધાન્ત કૌમુદી તથા મનુસ્મૃતિના સાત અધ્યાય કંઠસ્થ કરી ગએલા. રમતગમતમાં પણ એ આગળપડતો ભાગ લેતા. ચપલ અંગો અને અથાગ શ્રમશક્તિને અંગે તરવાની, કુસ્તીની, સાતતાલીની વગેરે રમતોમાં જોનારને એ આકર્ષતા. વિનય તથા ધર્મપરાયણતાને લીધે વડીલોને તે ગમતા. મહીધર ભટ્ટ રૂઢિવિરોધી હતા અને ઘર તરફ બેદરકાર હતા. કાકા ઝીણા ભટ્ટને એનું બહુ દુઃખ હતું તેથી આ છોકરાને જોઇને એ આશા વ્યક્ત કરતા: 'આ છોકરો કુળને દીપાવશે.'

પણ આ આશા નિર્મૂળ થઈ ગઈ. એક દિવસ અચાનક તેનાં વાણીવર્તન બદલાઈ ગયાં: ન બોલે, ન ચાલે. પ્રશ્નના આડાઅવળા જવાબ આપે. 'દાતણ કર, નાહી લે, કપડાં પહેર, જમવા બેસ' એમ કોઇ કહે ત્યારે તે તે કામ કરે. વૈદ્યને તબિયત બતાવી. મગજ નબળું પડી ગયું હશે માની દવા કરી. પણ ન સુધર્યું. ઝંડુ ભટ્ટજીએ કહ્યું: 'કોઈ આઘાત લાગ્યો હશે તેથી સ્વભાવ બદલાયો છે. બાકી ગાંડપણનો રોગ લાગતો નથી. એનાં માબાપના પરસ્પરના વૈમનસ્યનું પરિણામ પણ હોય.'

એને પરાણે ભણાવવાના યત્ન થયા ત્યારે ચન્દ્રશંકરે કહ્યું: 'ઇ તો હું ભૂલી ગયો છું.' નવી તાલુકાશાળાના એક શિક્ષકે, પોતે ગમે તેવા છોકરાને પાંસરો કરી ભણાવી શકે તેમ છે એમ કહી ભણાવવાનું માથે લીધું. એ શિક્ષકને શિક્ષાનો શોખ હતો. 'સોટી વાગે ચમચમ ને વિદ્યા આવે રૂમઝૂમ' એ કહેવત અનુસાર વારંવાર શિક્ષકે બહુ માર માર્યો. એક વખત શિક્ષક મારતાં થાકયા ત્યારે રડયા વગર, અદબ વાળી ચન્દ્રશંકરે શિક્ષકને કહ્યું: 'તમારે મારવો હોય તેટલો મારો, ગમે તે કરો, હું ભણવાનો નથી તે નથી જ ભણવાનો. તમે નકામી માથાકૂટ કરો છો.' શિક્ષકે રતનફઇને એ છોકરો પાછો સોંપતાં કહ્યું: 'આ છોકરો જરા ય ગાંડો નથી, પૂરો સમજુ છે, પણ જડભરત છે.'

ને ચન્દ્રશંકરનું ભણતર ત્યાંથી અટકયું.

કુટુંબમાં વડીલોને આશા હતી કે બેત્રણ વરસમાં છોકરો પાછો હતો તેવો થઈ જશે, કારણ કે તેવતેવડા છોકરાઓ તાણી જાય તો રમતોમાં એવો જ ભાગ લેતો હતો. ઝીણા ભટ્ટ માનતા હતા કે ઉમરલાયક થતાં પરણાવવાથી છોકરો બરાબર થઈ રહેશે. એક વાર તેમણે કહ્યું: 'બુંદા, તું હવે મોટો થયો. કાલો ન થા. કાલ સવારે તને પરણાવવો છે.'

'હું તો પરણ્યો છું'. બુંદાએ કહ્યું.

'કે દી' પરણ્યો? કોણે પરણાવ્યો?' ઝીણા ભટ્ટે પૂછયું.

'ઈ તો તમે પરણાવ્યો છે. આ જુઓ, લ્યો.' કહી ખમીસ તળેથી જનોઇ કાઢી બતાવી.

'એ તો જનોઈ દીધી કહેવાય.' દાદા ઝીણા ભટ્ટે કહ્યું: 'જુવાન થઈને તો પરણાય. તારા બાપદાદા બધા ય પરણ્યા'તા.'

'ઈ તો સૌના બાપદાદા પરણ્યા હોય.' બુંદાએ કહ્યું ને 'ઢઇયો!' એવો લાક્ષણિક અવાજ કરી ઊભા રહ્યા.

એક વખત ઘરની પછીતે સહિયારા ફળીમાં છોકરાઓ 'આંધળો પાડો' રમતા હતા. ચંદ્રશંકર પર દા' આવ્યો. પ્રભાશંકર તેની આંખે પાટા બાંધતા હતા ત્યાં કોઈ છોકરાએ કહ્યું: 'બુંદો તો ગાંડો છે. કુકા, ઈ કોઇને પકડી શકશે?' બુંદાએ પાટો બંધાવતાં કહ્યું: 'હું ગાંડો છું પણ જેમ ભક્તના હાથમાં જાતે આવીને ભગવાન પકડાય છે તેમ કુકો આવશે ને હું પકડી લઇશ.' ઘરની પછીતે બારીમાંથી દીકરાને આ બોલતો સાંભળી જનેતા રતનફઈ આર્દ્ર થઇ ગયાં.

એ ઉમરથી ચંદ્રશંકરે કદી યે પોતા માટે કોઇ વસ્તુ માગી ન હતી. ખાવા આપે ત્યારે ખાય, કપડાં આપે ત્યારે પહેરે. એક સ્થળે મૂંગામૂંગા બેઠા રહે. ઘરમાં ગાય હતી તેને ગળે જઇને અવારનવાર હાથ ફેરવી આવે; ખડ નાખે, પાણી પાય. બાકી ઘરમાં એકલા બેઠા રહે ને જનોઈ લઇ મંત્ર જપ્યા કરે. એ જોઇ રતનફઇએ તેને માળા લઈ આપેલી.

રતનફઇના અવસાન પછી ચંદ્રશંકર પોતાને મોસાળ દલપતરામ પટ્ટણી સાથે રહેતા. ત્યારથી એ ભટ્ટબાપા તરીકે જ ઓળખાતા. એમની ગણના ગાંડામાં હતી. એમની આંખમાં કોઈ વાર ગાંડપણનો છળ તરી આવતો. પણ એ તદ્દન નિરુપદ્રવી હતા. એકાંતમાં કે સમુદાયમાં એ બેઠા હોય તો ખબર ન પડે કે કોઈ બેઠું છે, એટલા મૂંગા તે બેસતા; સિવાય કે કયારેક કયારેક તેને ગાંડા ગણનાર પરિચિત માણસોની વચ્ચે તે શાંત બેઠાંબેઠાં વચમાં એકાએક 'ઢઇયો!' એવો લાક્ષણિક અવાજ કરી, મોરની ડોક જેવી હાથથી મુદ્રા કરતા.

સાવ અલગ રહેવા છતાં ભટ્ટબાપા કોઇ કોઈ વ્યક્તિનું નામ પાડી નાખતા. આ પરથી કોઇકોઇને એમ લાગતું કે સ્વભાવ-પરખની શક્તિ તેમનામાં ઘણી હતી. સર પ્રભાશંકરને તે જગદંબા કહેતા. ભાવનગર નરેશ ભાવસિંહજીએ નાટયરસિક ચીમનભાઇને વસુલાતી અધિકારી બનાવેલા, તેનું નામ 'ગલઢી મઢમ' પાડેલું. રમાબા પટ્ટણીના ભયંકર મંદવાડ પછી તેની સારવારમાં વિજયાબહેન નામે નર્સ આવેલાં. તે કડક સ્વભાવનાં ને તોછડાઈથી વર્તતાં. ભટ્ટબાપાએ તેનું 'દીપડી' નામ પાડેલું.

એક વખત જ્ઞાતિભોજન વખતે એક ભાઇને ઇચ્છા થઈ કે ભટ્ટબાપા તેનું નામ પાડે. પોતાની ડંફાસો મારવાની શક્તિ માટે તથા પોતાનું અપમાન કરનારની ભાટાઈ ગાનાર તરીકે એ ભાઈ જાણીતા હતા, પણ ભટ્ટબાપાને તેનો આવો પૂર્વ પરિચય ન હતો. તે ભટ્ટબાપાની બાજુમાં જમવા બેઠા ને વાતો કરીકરી બધો વખત પોતાનું નામ

પાડવા આગ્રહ કર્યો, તે એટલી હદે કે ભોજનની વચમાં ભટ્ટબાપાના હાથમાંથી દાળનો વાટકો પણ દૂર મૂકી દીધો.

જ્ઞાતિભોજન પછી સહુ પાન ખાતા હતા ત્યારે આ ભાઈ ફરી પાછળ લાગ્યા. અંતે ભટ્ટબાપાએ કહ્યું: 'કહી દઉં? તમારું નામ કહી દઉં?'

પેલા ભાઇએ હાથ ઊંચો કરી બૂમ મારી: 'ભાઇઓ, સાંભળો; ભટ્ટબાપા મારું નામ પાડે છે.' પાન બનાવતાં બધા એકધ્યાન થઇ ગયા. પેલા ભાઇએ કહ્યું: 'બોલો'.

ભટ્ટબાપાએ પેલા ભાઇને માથે હાથ મૂકી તેના મોં સામે જોયું ને ઉચ્ચાર લંબાવતા બોલ્યા: 'લં...બ...ક...ર...ણ!'

તરત કોઇકે દૂરથી કહ્યું: 'ભટ્ટબાપા બરાબર નામ પાડે છે.'

ભટ્ટબાપાને સુખદુ:ખ થતું પણ તેમની રમૂજની અભિવ્યક્તિમાં તે દબાઈ જતું. કોઇ વાર રસોયાને હાથે તોછડાઈથી પીરસેલું જમવાનું મળે ત્યારે 'બસ લ્યો; હવે નથી જો'તું.' કહી જમી લેતા, પણ તેવે પ્રસંગે કોઇ પૂછે: 'કાં ભટ્ટબાપા, જમ્યા?' તો કહેતા: 'હા ખાધું.' એ 'હા ખાધું' ના લાક્ષણિક ઉચ્ચારમાં તેમનો અસંતોષ દેખાઈ રહેતો.

એક દિવસ કોઈ કારણસર સવારે રાંધવાનું મોડું થયું ને મધ્યાહ્ન થવા આવ્યો. એ વખતે ભટ્ટબાપાની ઉંમર પંચોતેર વર્ષ ઉપરની હશે. તે રસોડે ડોકયા ને ઘરની જવાબદાર સ્ત્રીને કહ્યું: 'આજથી સાંજનું જમવાનું વહેલું કરવા માંડીએ તો?'

જે મેડીએ ભટ્ટબાપા રહેતા ત્યાં થોડાક વિદ્યાર્થીઓ તથા મહેમાનો રહેતા. વિદ્યાર્થીઓ બજારેથી લાવી નાસ્તો કરે ત્યારે કોઈ વાર ભટ્ટબાપાને આપે. એક વખત છસાત યુવાનો પેંડા-ચેવડાનો નાસ્તો કરવા બેઠા. ભટ્ટબાપાને પણ ચેવડો તથા એક પેંડો આપ્યાં તે પોતાની પથારીએ બેસી ખાતા હતા. એક યુવાનને સિહોરી પેંડા બહુ ભાવતા તે ઝડપથી પેંડો ખાઇ ગયા ને વધુની માગણી કરી. કોઇએ ન આપ્યો ત્યારે તે ભાઈની નજર ભટ્ટબાપા તરફ ગઈ. ત્યાં પેંડો અનામત હતો. તે યુવાન ભટ્ટબાપા પાસે ગયા, કહ્યું: 'ભટ્ટબાપા, ચેવડો ભાવે છે ને? પેંડો મને આપી દો,—આ પેંડો.'

કોઇએ કહ્યું, 'ભટ્ટબાપાનો પેંડો રે'વા દે?' ત્યાં તો પેલા ભાઇએ પેંડો ઊંચકી મોંમાં મૂકતાં કહ્યું: 'એને પેંડો નથી ખાવો.'

ભટ્ટબાપાએ કહ્યું: 'ઈ તો પેંડો એને ખાવો છે.'

કોઈએ ભટ્ટબાપાને પેંડો આપવા માંડ્યો. ભટ્ટબાપાએ પેલા ભાઇને ચીંધીને કહ્યું: 'એને આપો. એને જોઇએ છે.'

ભટ્ટબાપા પાસે તેમનાં મા રતનફઈએ થોડી વસ્તુઓ સાચવવાની ટેવ પડાવેલી. તેમની એક નાની ટ્રંક હતી. તેના તાળાની કૂંચી એ જનોઈએ રાખતા. બે ધોતિયાં ને બે ખમીસ; તેમાંથી એક પહેર્યું હોય; કોટ, પાઘડી ને મુગટો ખીંતીએ હોય; પાણી ભરેલો કળશ્યો ને પ્યાલો ખૂણામાં પડ્યા હોય. સવારે ધોતિયું-ખમીસ ધોઈને સૂકવે ને બીજાં પહેરે ત્યારે ટ્રંકમાં કંઈ ન હોય, છતાં ટ્રંકને તાળું મારે. આ જોઈ કોઇએ પૂછ્યું: 'ખાલી ટ્રંકને શીદ તાળું માર્યું?'

ભટ્ટબાપાએ કહ્યું: 'ટ્રંક ઉઘાડી ન રખાય, કોક અંદરથી ચોરી જાય.'

તે ભાઈએ ફરી પૂછ્યું: 'પણ ટ્રંકમાં કંઈ ન હોય પછી ચોર ચોરે શું?'

ત્યારે ઠાવકે મોંએ ઉત્તર આપ્યો: 'પણ ચોરને નો ખબર હોય ને કે ટ્રંક ખાલી છે!'

મકરસંક્રાંતિના એક દિવસે અનન્તવાડીમાં યાચકોનું ટોળું આવેલું. અન્નવસ્ત્ર દેવાતાં હતાં. લેનારની પડાપડી હતી. તેવામાં એક ખૂણે ફાટેલાં ખમીસ-ચોરણી પહેરેલો એક વૃદ્ધ થથરતો ઊભો ઊભો કોટ કે ધાબળાની માગણી કરતો હતો. એની બાજુમાં થઇ ભટ્ટબાપા નીકળ્યા. પેલાને જોઈ તે અટક્યા ને પોતાનો કોટ ઉતારી આપી દઇને ચાલતા થયા. અનંતવાડીના કામદાર ભાઈશંકરભાઈ યાચકોને અન્નવસ્ત્ર આપતા હતા તેમની નજર પડી. તેમણે બૂમ પાડી: 'ભટ્ટબાપા, તમારો કોટ પાછો લઇ લ્યો.'

'એને કોટ જોઇએ છે.' ભટ્ટબાપાએ કહ્યું.

'અમે એને દઇએ છીએ. તમે તમારો કોટ લઈ લો. એ તમારો છે.' કહી કામદાર નજીક આવ્યા. પેલા યાચક પાસેથી કોટ પાછો લઈ ભટ્ટબાપાનું કાંડું પકડી તેને પાછો પહેરાવ્યો.

ભટ્ટબાપાએ પૂછ્યું: 'તો આ ન દેવાય?'

'ના, નો દેવાય. આ તમારો કોટ છે. તમારાથી કોઇને ન દેવાય.' કામદારે કહ્યું. ભટ્ટબાપાએ મેડીએ જઇને ત્યાં સૌને કોટ બતાવી કહ્યું: 'જુઓ આ કોટ. આ મારો કોટ છે. આ કોટ મારો છે. મારો આ કોટ છે. કોઇને નો દેવાય. મારો છે. કોટ મારો છે. ઠઇયો!' કહી હસ્યા ને કોટને ઓશીકા તળે દાબી, માળા લઈ પથારીમાં સૂતા.

સવારે નાહી એક કળશ્યો પાણી ઝાડને પાવાનો ભટ્ટબાપાનો નિત્યક્રમ હતો. ભાવનગરમાં, અનંતવાડીમાં એક લીંબડી 'ભટ્ટબાપાની લીંબડી' તરીકે ઓળખાતી. એકવાર ભટ્ટબાપાની હાજરીમાં કોઇએ કહ્યું: 'આ ભટ્ટબાપાની લીંબડી છે.' સાંભળીને ભટ્ટબાપા લીંબડીને ભેટીને બોલવા લાગ્યા: 'લીંબડી દીકરી લીંબડી; ભટ્ટબાપાની લીંબડી'. ને પછી તેના પર હાથ ફેરવતાં બોલ્યા: 'દીકરી સુખી રહે.'

ભટ્ટબાપાના મામાફઈના ભાઈ, સમાન વયના ને બાલમિત્ર સર પ્રભાશંકર વર્ષોથી નીલમબાગમાં રહેતા. ફક્ત બે વખત જમવા અનંતવાડી આવતા. એક જાન્યુઆરીની રાત્રે પોણા દશે ભટ્ટબાપા અનંતવાડીના જૂના બંગલાના પોર્ચમાં ફૂંકાતા પવનમાં ઊભા હતા. ફાટેલી જગ્યાએ ગાંઠ મારેલું ધોતિયું ને ફાટેલું ખમીસ, બે જ કપડાં પહેર્યાં હતાં. એ ટાઢમાં આજુબાજુ કોઈ ન હતું. પોર્ચમાં મોટર પડી'તી. અંદર ડ્રાઈવર બેઠો હતો. થોડી વારે, જમીને સર પ્રભાશંકર દાદરો ઊતરી એકલા જ નીચે પોર્ચમાં આવ્યા. તેમણે કાશ્મીરી ઊનની કફની પહેરી હતી ને ઉપર ગરમ શાલ ઓઢી હતી. ભટ્ટબાપાને જોતાં હાથ જોડી તેમણે પૂછ્યું: 'આવી ટાઢમાં અહીં કેમ ઊભા છો?'

ભટ્ટબાપાએ કહ્યું: 'જગદંબાને જોવાનું મન થયું.'

'પણ ટાઢ નથી વાતી?' કહી સર પ્રભાશંકરે પોતાની કફની કાઢી આનાકાની કરતા ભટ્ટબાપાને પહેરાવીને માથે શાલ ઓઢાડી દીધી. સર પ્રભાશંકરની ખુલ્લી છાતી આડે તેમની સફેદ દાઢી રહી હતી. સર પ્રભાશંકરે કહ્યું: 'આ પહેરી રાખજો.' કફનીને જોતાં બતાવતાં ભટ્ટબાપાએ કહ્યું: 'કેવો લાગું છું?' અને પોણોસો વર્ષની વયના એ બન્ને વૃદ્ધો મુક્તકંઠે હસ્યા ને સામસામા ખભે હાથ નાખ્યા.

પછી તરત સર પ્રભાશંકર મોટરમાં બેઠા ને તેની પાછળ ભટ્ટબાપાએ શાલનો વીંટો કરી અંદર ફેંકી ને કહ્યું: 'લેતા જાઓ.'

ભટ્ટબાપા મેડીએ આવ્યા. સર પ્રભાશંકરની કફની જોઇ ત્યાં રહેતા હતા તેમણે પ્રશ્ન કર્યા. ઉત્તરમાં ભટ્ટબાપાએ કહ્યું: 'ઈ તો જગદંબાએ પે'રવા આપી છે.'

એ ઉંમરે પણ ભટ્ટબાપા સખત ટાઢ છતાં ખુલ્લી ઓસરીમાં જ સૂતા. તે રાત્રે એ કફની સોતા સૂતા. સવારે સહુ જાગ્યા ત્યારે ભટ્ટબાપાના શરીરે કફની ન જોઈ, કોઇએ પૂછ્યું: 'કફની ક્યાં ગઈ?' ભટ્ટબાપાએ ઉત્તર ન આપ્યો.

થોડી વારે કોઇ નીચે ગયું ને જોયું તો ઓટલાને ઓથે ખૂણામાં એક કૂતરીનાં ચાર છ બચ્ચાં એ કફનીમાં વીંટાએલાં પડ્યાંપડ્યાં અવાજ કરતાં હતાં.

કોઇએ પૂછ્યું: 'ભટ્ટબાપા, કફની તો ગલુડિયાં પર છે!'

'ઇ તો રાતમાં ટાઢમાં રોતા'તાં ને, એટલે. ઠઈયો!' એમ લાક્ષણિક અવાજ કરી બગલમાં મુગટો મારી તે ના'વા ચાલ્યા ગયા.

શતરંજ

કોયડા


લેખક • સુરેશ મોદી

3. Fairy Chess Problems

આ પ્રકારના કોયડાઓ ખાસ કરીને નાતાલ કે નવા વર્ષના અભિનંદન યા મનોરંજન માટે રચવામાં આવે છે એમાં શતરંજનાં સાધારણ મહોરાં ઉપરાંત બીજાં કાલ્પનિક મહોરાંઓ પણ હોય છે. ક્યારેક બોર્ડમાં પણ ફેર હોય છે કે અમુક ખાસ શરત પણ હોય છે. કોઈ કોયડાઓમાં એકથી વધુ રાજા પણ હોય છે. આ રીતે Fairy Chess Problemsમાં શતરંજના નિયમો ઉપરાંત કેટલીક છૂટછાટ ને ઉમેરણ કરીને ઘણી વિવિધતા લાવવામાં આવે છે. એનો એક ખાસ પ્રકાર છે–Help mate. એમાં બન્ને પક્ષ મળીને નક્કી કરેલ ચાલમાં કાળાને મ્હાત કરે છે. વળી બીજા એક પ્રકારમાં સફેદને એવી રીતે રમવાનું હોય છે કે કાળો ગમે તેમ રમે તો પણ ફરજિયાત રીતે તેણે સફેદને મ્હાત કરવો જ પડે, એને Self-mate કહે છે.

ગયે વર્ષે British Chess Magazine-ના ડિસેમ્બર માસના અંકમાં આવા કોયડાઓ ઉકેલવાની હરીફાઈ આવી હતી; તેમાંથી અહીં ચાર કોયડાઓ આપણે જોઈશું. એ કોયડાઓ એવી રીતે પસંદ કર્યા છે કે જેથી એમાં બને તેટલા વધુ પ્રકાર આવી જાય.

C. P. King-Favlow



white to play and mate
in two moves

6g1/16/5g2/4Pao KBk/5g2/3g+/8


સફેદે રમવાનું ને બે ચાલમાં મ્હાત કરવાનું. અહીં જે ચાર ઊંધા કાળા વજીર છાપ્યા છે તે Grasshopper છે. તે વજીરની માફક આઠે દિશામાં ચાલે છે પણ તે પોતાના કે સામા પક્ષના મ્હોરા ઉપરથી કૂદીને ત્યાર પછીના ખાના ઉપર જ ચાલી શકે. સફેદનો ઊંધો હાથી છે તેને Pao કહે છે તે ચાલે છે હાથીની જેમ જ પણ મારવા માટે તેનો નિયમ જુદો છે. પોતાના કે સામા પક્ષના કોઈ પણ મ્હોરા ઉપરથી કૂદીને ત્યાર પછીના કોઈ પણ ખાના ઉપરના સામાપક્ષના મહોરાને મારી શકે છે. (આમાં પણ દિશા તો હાથીની અસલચાલની જેમ ચાર જ).

Key-move: 1 Pao–R4 (waiting move). હવે કાળો શું ચાલી શકે તે આપણે જોઈએ. તેનો રાજા તો ચાલી શકે તેમ નથી. માટે તેના ગ્રાસહોપર સફેદ ઊંટ કે રાજાને કૂદીને ત્યાર પછીના ખાના ઉપર જઈ શકે. સફેદ કેવી રીતે મ્હાત કરે છે તે જોઈએ.

1..., GN6; 2 K×G (B5) mate.
1..., GN4; 2 K×G (B3) mate.
1..., GR4; 2 B×G (B5) mate.
1..., GR6; 2 B×G (B3) mate.

ઉપરના ચારેય variationsમાં સફેદનો રાજા કે ઊંટ સફેદના Pao અને કાળાના રાજાની વચ્ચેથી ખસી જાય છે. એટલે બેમાંથી એક જ મહોરું વચ્ચે રહે છે. તેથી તે કાળા રાજાને મારવાની ધમકી–એટલે કે શેહ આપે છે, અને તે શેહમાંથી બચવાનો રસ્તો નથી માટે મ્હાત થાય છે.

V. A. Cave



Maximummer: Self–mate in two

4N1nQ/4p1P1/2PpP2p/kb4R-K/6P1/5p1p/8/6n1.

આ કોયડામાં કોઈ નવાં મહોરાં નથી પણ અહીં એક ખાસ શરત એ છે કે કાળો તેની પાસે જેટલી ચાલ ચાલી શકાય તેમ હોય તેમાંથી જેમાં તેનું મહોરું સૌથી લાંબી ચાલ ચાલતું હોય તે જ ચાલ ચાલે. જો બે ચાલમાં સરખી જ લંબાઈ હોય તો કઈ ચાલ ચાલવી તે નિર્ણય તે પોતે લઈ શકે (ચાલની લંબાઈ જે ખાના ઉપર મહોરું હોય તેના મધ્યબિંદુથી તે જે ખાના ઉપર જાય તેના મધ્યબિંદુ સુધીનું અંતર ગણાય છે).

બીજું એક સૂચન એવું છે કે સફેદે એવી રીતે ચાલવું કે કાળો ગમે તેમ રમે તો પણ સફેદ બે ચાલમાં મ્હાત થાય.

આનો ઉકેલ સહેલો છે.


1 K–N6.

હવે કાળાની સૌથી લાંબી ચાલ છે ઘોડાની. (તેનો ઊંટ અણઊઠ છે એની નોંધ લેશો.) માટે તેની પાસે બે ચાલ છે અને બન્નેમાં સફેદની બીજી ચાલ એવી છે કે કાળા પર સફેદને મ્હાત કરવાની ફરજ પડે, જુઓ.

1..., N–B3; 2 K–B7, Q×N mate.
1..., N–K7; 2 K–B5 B–Q6 mate.

અહીં કાળાએ તેની લાંબામાં લાંબી ચાલ ચાલવાની શરત હતી તેથી ઉકેલ સહેલો થયો. નહિ તો Self-mate કોયડા ઘણા મુશ્કેલ હોય છે.

J. M. Rice



Billiard Chess:
Series Help–mate in four.

8/1k3p2/2q5/1r1n3K/4Br2/8/5p2/7b.

અહીં પણ કોઈ નવાં મહોરાં નથી.

આ કોયડાની ખાસિયત એવી છે કે તેમાં ઊંટ કે ત્રાંસી ચાલ ચાલતી વખતે વજીર જ્યારે બોર્ડની એક તરફ આવી જાય ત્યારે ત્યાં ન અટકતાં તેને ચાલવું હોય તો જેમ બિલિયર્ડમાં બૉલ દિવાલને અથડાઇને પાછો ફરે તેવી રીતે પાછો કાટખૂણે વળીને આગળ ચાલી શકે. આ રીતે ઉપરના ચિત્રમાં સફેદનો ઊંટ N1 અને પછી R2 ઉપર અથડાઇને આગળ ચાલીને કાળાના ઘોડાને મારી શકે. તેવી જ રીતે R7 અને N8 ઉપર અથડાઇને કાળા પ્યાદાને પણ મારી શકે. વળી કેરમની જેમ બોર્ડના ચાર ખૂણામાં પૉકેટ છે. વજીર કે ઊંટ ત્યાં આવે તો તે પોતાની મૂળ જગ્યાએ જઈ શકે.


હવે Series Help–mate in four એટલે શું તે જોઇએ. સાધારણ રીતે help-mateમાં પહેલાં કાળો ચાલે અને પછી સફેદ.

પણ બન્ને પક્ષ એક જ હેતુથી ચાલે અને તે કાળા રાજાને મ્હાત કરવાનો. અહીં Series help-mate in four છે તેથી કાળો એક સાથે ચાર ચાલ ચાલે ને પછી સફેદ ફક્ત એક જ ચાલ ચાલે ને તેમાં તે કાળાને મ્હાત કરે.

અહીં પણ કોયડો સહેલો છે. કાળાના ચાલ: 1 K–B1; 2 Q–Q1 (R1 થઇને મૂળ જગ્યાએ) 3 R–N1; 4 N–B2.

હવે સફેદની ચાલ. 1 B–B1 (R8 થઇને). અહીં એક મહોરા વડે બેવડી શેહ છે, કારણ કે ઊંટ R3 થઇને તેમ જ R6 થઇને રાજાને શેહ આપે છે. આથી વચ્ચે મહોરું મૂકીને શેહ અટકાવી શકાય નહિ અને રાજા મ્હાત થયો.

J. M. Rice



Grid Chess: Help mate in five.

24/5g/1k/g4K1p/3gP3/g7/3g4.

આ કોયડામાં પાંચ કાળા ગ્રાસહોપર છે. તેની ચાલ કેવી છે તે આપણે પહેલા કોયડામાં જોઈ ગયા છીએ. અહીં બોર્ડમાં ઘટ્ટ લાઈન છે તે બોર્ડના ૧૬ ભાગ પડે છે; અને શરત એ છે કે કોઈ પણ મહોરું ચાલે ત્યારે તેણે ઓછામાં ઓછી એક ઘટ્ટ લીટી ઓળંગવી જ જોઇએ. એટલે કે જે ભાગમાં હોય તે સિવાયના ભાગમાં જ જવું જોઇએ.

આ કોયડામાં કાળાની મદદથી સફેદે કાળાને પાંચ ચાલમાં મ્હાત કરવાનો છે. ઉકેલની શરૂની ચાલ તો તરત સૂઝે તેવી છે પણ છેલ્લી ચાલનો જલદી ખ્યાલ આવે તેમ નથી. જુઓ: 1 G–Q5, P×G; 2 G–N3, P–Q5; 3 G–K3, P×G; 4 G–Q2, P×G; 5 G–K1, P×G (=G).

અહીં પ્યાદાનું બીજું કોઈ મહોરું બનાવીને મ્હાત થઈ શકે તેમ નથી. તેને ગ્રાસહોપર બનાવવાથી જ થાય છે.

વિવિધ પ્રકારના (બાર) કોયડા જોયા પછી હવે વાચકને કોયડા શું છે, તેનો ઉકેલ કેવો હોય અને કેમ આવે તે વિશે સાધારણ સમજણ મળી ગઈ હશે. તેઓ બીજાં છાપાં કે સામયિકમાં આવતા કોયડા ઉકેલવા કોશિશ કરશે તો આ વિષયમાં વધુ જાણી શકાશે, અને વધુ આનંદ લઈ શકાશે.

શતરંજના કોયડા ઉકેલવાથી રમત સુધરે છે કે નહિ એ એક વિવાદાસ્પદ પ્રશ્ન છે, પણ સાધારણ રીતે એવો મત છે કે End Game Studies ઉકેલવાથી અંતના તબક્કાનું જ્ઞાન વધે છે અને તે લાભદાયી છે જ.

આ કોયડા અંતના તબક્કાની સ્થિતિઓ જેવા જ હોવાથી આવા કોયડાનો અભ્યાસ રમતના એ તબક્કામાં ઘણી વખત કામ લાગે છે પણ Direct-mate કે Fairy chess Problemsનું એવું નથી. તેનાથી કલ્પનાશક્તિ સતેજ થાય જ છે, પણ તેથી રમત સુધરતી નથી. ઊલટું મારું તો માનવું છે કે વધુ પડતા કોયડા ઉકેલવાથી રમત બગડે છે. કલ્પના વધુ સતેજ થવાથી તે હંમેશાં ચિત્રવિચિત્ર યોજનાઓ ઘડવામાં પડી જાય છે જે રમતમાં ભાગ્યે જ કામ આવેછેઅનેખયાલમાં રાખવા જેવીસાદીબાબતોનુંધ્યાનરહેતુંનથી.

એક પ્રશ્ન એ ઊઠે છે કે કોયડા ઉકેલવાથી રમત સુધરતી ન હોય તો કોયડા લોકપ્રિય કેમ થાય છે? આનું કારણ છે કે કોયડામાં એક અનેરો જ આનંદ છે. રમત મનોરંજન માટે છે. રમત સુધરે કે ન સુધરે છતાં પણ મનોરંજન મળતું હોય તો રમત સુધારવાની શી જરૂર? આ મનોરંજન અને બૌદ્ધિક સંતોષ એ કોયડાની લોકપ્રિયતાના ખાસ કારણ છે. વળી તમે એકલા હો તો રમત ન રમી શકો પણ કોયડાનો આનંદ તો એકલા એકલા પણ માણી શકાય છે.

પાંચમી રાષ્ટ્રીય શતરંજ હરીફાઈ

ગયા મે માસમાં મુંબઇમાં પાચમી રાષ્ટ્રીય શતરંજ હરીફાઇ યોજાઈ હતી. મુંબઇના ૨૪ વર્ષના યુવાન ફારૂકઅલી એમાં વિજેતા થયા છે. ચોથી રાષ્ટ્રીય હરીફાઇમાં તેમને ત્રીજું ઇનામ મળ્યું હતું. ગયે વર્ષે બલ્ગેરિયામાં રમાએલી આંતરરાષ્ટ્રીય હરીફાઈમાં પણ એમણે સારી રમત બતાવી હતી. '૬૨ની અમદાવાદની વિદ્યાર્થીઓની રાષ્ટ્રીય હરીફાઇના વિજેતા શેખર સામે એક હાર અને ચાર રમત ડ્રૉ થતાં એમને આ હરીફાઇમાં ૧૧ પૉઇન્ટ મળ્યા.

બીજું ઈનામ મુંબઈના શ્રીકૃષ્ણ સાખળકરને મળ્યું. હૈદરાબાદમાં રમાએલી આગલી રાષ્ટ્રીય હરીફાઈમાં પણ એમને બીજું ઈનામ જ મળ્યું હતું. અહીં પણ એમને ૧૦½ પૉઇન્ટ મળ્યાં.

આ રાષ્ટ્રીય હરીફાઇના પહેલા દસ ખેલાડીઓ અને એમને મળેલા પૉઇન્ટ આ પ્રમાણે છે:

૧ ફારૂકઅલી	(મહારાષ્ટ્ર)	૧૧	પૉ.
૨ શ્રીકૃષ્ણ સાખળકર	(મહારાષ્ટ્ર)	૧૦½	પૉ.
૩ હુસેન અલી	(હૈદરાબાદ)	૯½	,,
૪ નસર અલી	(ઉત્તર પ્રદેશ)	૯½	,,
૫ રૂસી માદન	(મહારાષ્ટ્ર)	૯½	,,
૬ જી. શેખર	(મહારાષ્ટ્ર)	૯½	,,
૭ પી. તિલક	(આંધ્ર)	૯	,,
૮ મહમ્મદ હસન	(હૈદરાબાદ)	૯	,,
૯ કે. કે. શુક્લ	(ઉત્તરપ્રદેશ)	૯	,,
૧૦ રામચંદ્ર સપ્રે	(મહારાષ્ટ્ર)	૮½	,,

આમાં ચાર ખેલાડીઓના એક સરખા ૯½ પૉઇન્ટ છે. આવી પરિસ્થિતિમાં કોને નંબર આપવો તે નક્કી કરવા માટે એક પદ્ધતિ છે. જે S B Score કહેવાય છે. એમાં રમનાર જેની સામે જીત્યો હોય તેનો પૂરો એક તથા જેની સામે ડ્રૉ મેળવી હોય તેના અડધો સ્કૉર તેને મળે છે. આ સ્કૉર જેનો વધારે થાય એને પહેલું સ્થાન મળે છે. હુસેન અલીને આ રીતે ત્રીજું ઈનામ મળ્યું છે.

પહેલા દસમાં પાંચ વિજેતાઓ તો મહારાષ્ટ્ર મુંબાઈ શહેરના જ છે. શતરંજ ક્ષેત્રે મુંબાઇનું સ્થાન કેટલું ઊંચું છે એ આના પરથી સમજી શકાય છે. ઈ. સ. ૧૯૫૯ અને '૬૧ના વિજેતા મૅન્યુઅલ આરન આ વખતે બહુ જ નબળો દેખાવ કરી શકયા હતા.

ગુજરાતના ચાર ખેલાડીઓએ પણ આ હરીફાઈમાં ભાગ લીધો હતો. જેમાં સુરેશ દવેને ૭½ પૉઇન્ટ, પ્રફુલ્લ ભટ્ટને ૭½, એ. સૈયદને ૬½ અને ઈન્દ્રવદન મોદીને ૬ પાઇન્ટ મળ્યાં. આમાંથી સુરેશ દવે ગુજરાતના ચૅમ્પીઅન છે. ગયે વખતે હૈદરાબાદમાં એમને ૭ પૉઈન્ટ મળેલાં. આ વખતે માત્ર અડધું પૉઈન્ટ જ વધારે મળ્યું, છતાં તેમની રમત ધ્યાન ખેંચે તેવી હતી. હરીફાઇમાં વચ્ચે તો એમની રમત એમને પહેલા પાંચમાં મૂકી દે તેવી આશાસ્પદ હતી. સાતમા રાઉન્ડમાંબંગાળના એસ. એન. દત્તને સખત હાર આપી ત્યારે એમના ૫½ પૉઇન્ટ થયા હતાં અને એક માત્ર ફારૂક અલી જ એમનાથી આગળ હતા. દસમા રાઉન્ડમાં એમણે હુસેન અલીને હરાવ્યા હતા. પણ પછી રમત કથળી ને છેલ્લા ચાર રાઉન્ડમાં એમને માત્ર અડધું પૉઇન્ટ જ મળ્યું.

પ્રફુલ્લ ભટ્ટે પણ સારાં પૉઇન્ટ મેળવ્યાં ગણાય. પહેલા રાઉન્ડમાં પહેલા રાઉન્ડમાં સૌથી વહેલી જીત એમણે મેળવેલી. સૈયદે પણ પહેલા રાઉન્ડમાં ભારત તરફથી આંતરરાષ્ટ્રીય હરીફાઈમાં રમી ચૂકેલા ભાલચંદ્ર મ્હાઈસ્કરને સુંદર રીતે હરાવ્યા હતા. સૈયદ અને ઇન્દ્રવદન મોદીએ એમના આ પ્રથમ

પ્રયાસમાં સારાં પૉઇન્ટ મેળવ્યાં ગણાય. મોદ્દી વધુ પૉઝિશનલ રમત રમે છે. આથી એમની ઘણી રમત ડ્રૉમાં પરિણમી હતી.

શતરંજના નવા વિશ્વવિજેતા

શતરંજની છેલ્લી આંતરરાષ્ટ્રીય હરીફાઇમાં જ્યૉર્જિયા (રશિયા)ના યુવાન ટાઈગ્રન પૅટ્રોશિયાને મિખાઇલ બોટવિનિકને ૨૪ રમતની મેચમાં હરાવીને દુનિયાના સૌથી શ્રેષ્ઠ શતરંજ–ખેલાડીનું પદ મેળવ્યું છે. '૬૬ સુધી તેઓ આ પદ પર રહેશે. '૬૬માં એક ખેલાડી એમને આહ્‌વાન આપી શકશે ને ૨૪ રમતની એ મેચમાં ૧૨½ કે એથી વધુ પૉઈન્ટ મેળવનાર નવો ચૅમ્પીઅન બનશે.

ઉપર્યુક્ત આહ્‌વાન કોણ આપી શકે તે જોઇએ. આ વર્ષના અંતમાં દુનિયાના જુદાજુદા વિભાગોમાં (આવા ૧૦ વિભાગ છે) વિભાગીય(ઝોનલ)ટુર્નામેન્ટ રમાશે. દરેક વિભાગને ત્યાંના શતરજના ધોરણ પ્રમાણે આંતરવિભાગીય (ઈન્ટરઝોનલ) ટુર્નામેન્ટમાં ૧, ૨, ૩ કે ૪ જગ્યા મળે છે. ભારત દસમા વિભાગમાં છે. તેની વિભાગીય હરીફાઈમાં ભારતના પહેલા ત્રણ ખેલાડી રમી શકશે. એમાં પ્રથમ આવનારને 'ઈન્ટરનેશનલ માસ્ટર'–આંતરરાષ્ટ્રીય ઉસ્તાદનું પદ મળશે. અને એને '૬૪ની આંતરવિભાગીય હરીફાઇમાં રમવા મળશે. ભારતના મૅન્યુઅલ આરન આમ રમી ચુકયા છે.

આંતરવિભાગીય હરીફાઈમાં ૨૨ કે ૨૩ ખેલાડી હોય છે. તેમાંથી પહેલા છને 'કૅન્ડિડેટ્સ' કે 'ચૅલેન્જર્સ' ટુર્નામેન્ટ (આહ્‌વાહક હરીફાઇ)માં રમવા મળે છે. આ હરીફાઇમાં આગલી હરીફાઈના પહેલા બે ખેલાડી પણ સીધા ભાગ લઈ શકે છે.

અત્યાર સુધી ચૅલેન્જર હરીફાઇ ટુર્નામેન્ટ જેમ રમાતી, જેમા દરેક ખેલાડીને બાકીના બધા ખેલાડી સાથે ચાર ચાર રમત રમવી પડતી. પણ હવે '૬૫માં તે knook–out ટુર્નામેન્ટની રીતે રમાશે. એમાં પહેલા અને બીજા રાઉન્ડ દસદસ રમતના ને છેલ્લું રાઉન્ડ બાર રમતનું હશે. એનો વિજેતા પૅટ્રોશિયાનને આહ્‌વાન આપી શકશે.

પૅટ્રોશિયાન નાનપણથી નામી ખેલાડીઓ પાસે પદ્ધતિસરની તાલીમ પામેલા ઉસ્તાદ ખેલાડી છે. એમની ચાલ સામે હજી કોઈ ટકી શક્યો નથી એટલો એમની ગણતરી ચોક્કસ હોય છે. અને એટલે તેઓ 'લોખંડી ટાઇગ્રાન' તરીકે ઓળખાય છે. બીજી બાજુ ભારતના આ વખતના વિજેતા ફારૂક અલી હજી ઊગતી પ્રતિભા છે. શાળાનું શિક્ષણ પણ એ પૂરું પામ્યા નથી. આજે યે આજીવિકા માટે તેઓ રીઝર્વ બૅન્કના ચોથા વર્ગના કર્મચારી તરીકે કામ કરે છે. શતરંજ ક્ષેત્રે ભારતનું નામ દીપાવે એવી એમની શક્તિ પણ પ્રીછી રહી ન જાય એ જોવાની શતરંજ પ્રેમી પ્રજા ને સરકારની પણ ફરજ છે એમ કહેવું વધુ પડતું નથી

અનુસંધાન] રંગગઠરિયાં [પૃષ્ઠ ૨૮૯થી

ચાળીસ બેંતાળીસ વર્ષે પણ યૌવનની એટલી જ તાજગી ધરાવનારી આવી રમણી, ભારોભાર ભરેલી સૅન્ડવિચમાંથી આ ખાઓ અને સાથે આ ખાઓ એનું વારંવાર સૂચન કરનારી હોય, ત્યાં ચવાએલા અન્નને પણ વહેલાં વહેલાં પચી જઈ લોહી રૂપે સજીવન થઇ શરીરના ધમણમાં ફરીફરીને તરવરવાનું મન ન થાય વારુ?

બે લેખકોની વાતમાં એને રસ પડ્યો: એક તો 'ડેનમાર્કના મોલીએર'નું બિરુદ પામનાર લુડવિગ હૉલબર્ગનાં પ્રહસનોની ચર્ચામાં; ને બીજી નવા જમાનાના લેખક કાઝ મંકની નાટચકૃતિઓની ભજવણીમાં. સુભાગ્યે કાઝ મંકનાં છ નાટકોનો અંગ્રેજીમાં સંગ્રહ લંડનથી મને મળી ગયો હતો, અને બધા જ મેં વાંચી નાખ્યાં હતાં, એટલે એમિલ અને ઈન્ગ્રીડ બંનેને કુદરતી રીતે મારે માટે માનની લાગણી થઈ. એમાં કાઝ મંકની નાટ્યછટાવાળી શૈલી ઈન્ગ્રીડને ઘણી ગમતી, એટલે એના લખાણમાંથી એક ફકરો એણે ડૅનિશમાં બોલી બતાવ્યો ત્યારે મને એ બાઈના અવાજની વેધક શક્તિનો પૂરો ખયાલ આવ્યો. અભિનયકલામાં એ જન્મથી પ્રવીણ હશે એવા મારા મનમાં ને મનમાં ઊભરાતા પ્રશ્નનો જવાબ તે જ દિવસે રાતે એમિલની વાતમાંથી મળ્યો. મને પણ એમિલના એ કથાવિસ્તારમાં સતતનો રસ રહ્યો છે એટલે ઝપાટાબંધ દિવસને આથમાવી દઈ રાતે એના ઘરના ડ્રૉઈંગરૂમમાં નિરાંતથી બેસવા ઊપડીએ.

લગભગ એકના શુમારે મારે વિદાય લેવી પડી. મારા કરતાં એમને વધારે ઉતાવળ હતી હું ધારું છું ત્યાં સુધી ઈન્ગ્રીડ બર્ગમૅનને એની પહેલા લગ્નથી થએલી સૌથી મોટી દીકરી પિયાને મળવાનું હતું. બીજું પણ કંઈક કામકાજ પતાવી સાંજના પ્લૅનમાં એ સ્ટૉકહોમ જાય, અને માદામ કાલાસ આમ્સ્ટર્ડામ તરફ જાય, ત્યાંથી લંડન જાય, એવી કંઈ ગોઠવણના વિચારગોફ ગૂંથાતો હતો. એમાં હું ભાગીદાર નહિ—અને પિયાને મળવા જોવાનું સુભાગ્ય પણ નહિ, એટલે મારે ત્રણેની—ખાસ તો બે મરમેઇડોની વિદાય લેવી પડી. છેક બહાર મોટર સુધી ઇન્ગ્રીડ વળાવવા આવી. કહે, 'તમે સ્કૅન્ડેનવિયામાં છો, એટલે અમારા પણ મહેમાન!' હિન્દુસ્તાન આવવા એને નિમંત્રણ આપવું કે ન આપવું એના વિચારમાં જ જીભ સીવાએલી રહી, અને હાથ હલાવતાં, એની આંખમાંથી નીતરતી તેજમીઠી અમીધારા પીતાં મેં વિદાય લીધી.


સ્વચ્છ રસ્તા, હરિયાળાં ખેતરો, હસમુખા લોકો, એક પછી એક આવતાં નાનાંનાનાં ગામો ને ગ્રેઈટ બેલ્ટનો સાંગરફાંટો વટાવી, ઓડેન્સ ગામ પહોંચી, મરમેઇડની વાર્તા લખનારા હાન્સ આન્ડરસનના ઘર આગળ ઊભા રહી, અંદર જઈ, અનેક પ્રકારની કલ્પનાની છોળે ઝબોળાઈ, અંધારું પથરાવાની શરૂઆત થવા અગાઉ કોપનહૅગન જવા ઊપડ્યો. કદાચને એમનો કાર્યક્રમ લંબાયો હોય, અને જમતી વખતે એ બે વ્યક્તિઓ હાજર હોય, એવા તરંગોમાં રસળાતાં એમિલને ત્યાં આવી પહોંચ્યો.

અમે શું ખાધું પીધું એમાં તમને શો રસ? એટલે એમિલે કહેલી વિદનવ્યથાથી ભરપૂર સંવેદનકથા જ આપણે સાંભળીએ. એમિલની એ સારી દોસ્ત, અને એને વિષે રજેરજ એ જાણે, એના પ્રત્યે ભક્તિભાવ, સ્નેહભાવ અને સમભાવ પણ વધારે, એટલે એના કહેવામાં ઊમળકો હોય એ સ્વાભાવિક છે.

'બહુ દુખિયારી બાઈ'—એમ એણે શરૂ તો કર્યું, પણ તરત ઊભા થઈ, બટનો દબાવી, મોટા ભાગની બત્તીઓ ઠારી દીધી. ફક્ત બે દીવા ટમટમતા રહ્યા. ઘાટમાં જૂનવાણી, કોઈ જૂના જમાનાના નૉર્ડિક વહાણોના ખુણાના એકાદા બંડકમાં બેઠા હોઈ એ, અને બહાર વહાણના અડીખમ લક્કડકામને પાણી છબછબિયાં માર્યા કરતું હોય એવો આ ખંડમા બેઠાબેઠાં ખયાલ આવે. વળી આ ખંડમા બધું જ લક્કડકામની બનાવટનું. ક્યાંક જૂનાં હલેસાં, ક્યાંક લંગર, ક્યાક જાળિયાં, ક્યાંક દોરડાં, વચ્ચે ઊંચે આકાશમા જતો ભારે ગલખમ જેવો થંભો, અને આસપાસ દેશપરદેશથી સાગરપારથી આણી ગોઠવેલી નાનીનાની અવનવી વસ્તુઓ. ઓરડો હાલે નહિ એટલું જ, બાકી ભરદરિયે જહાજ ઉત્તરધ્રુવ તરફ શાંતિથી મજલ કરી રહ્યું હોય એવું જ લાગે.

બહુ આરામથી અમે બેઠા. તે પહેલાં ફરી એણે ઊઠીને બાજુના ભંડારિયામાંથી બે ત્રણ આલ્બમો ઉથલાવી, એક જકડીને મારી આગળ ધર્યું. એમા ઈન્ગ્રીડ બર્ગમૅનનો છબીભંડાર હતો. હું એ ઉઘાડી જોઉં, ત્યાં તો એણે બેસી જઈને ઈન્ગ્રીડની સંસારનૌકાનો પગથાર શબ્દચિત્રે રચવા માંડ્યો.

(ચાલુ)




પચ્ચીસ વર્ષ પહેલાં

'કુમાર'માંના જેમના લેખનો સમુચ્ચય 'કચ્છનું સંસ્કૃતિદર્શન' નામથી ખ્યાત થઇને સાહિત્ય અકાદમીનું શ્રેષ્ઠ ગ્રંથ તરીકેનું રાષ્ટ્રીય પારિતોષિક પામ્યો તે અભ્યાસી લેખક શ્રી રામસિંહજી રાઠોડે પોતાની કલમ સૌ પહેલી આજથી પચ્ચીસ વર્ષ પર 'કુમાર'નાં પાનાં પર ચલાવેલી. પોતે જ્યાંની વનવિદ્યાની કૉલેજમાં ભણતા તે 'દેહરાદૂન' વિષે 'રખાલી' ઉપનામથી ત્યારે તેમણે લખેલા એ લેખમાં કાલિન્દી અને ભાગીરથીના અભિસારના એ પ્રદેશનું વર્ણન ત્યારની વિદ્યાર્થી દશામાં પણ એમણે કેવી પ્રાસાદિકતાથી આપ્યું છે તે જુઓ:

"પૂર્વે ભાગીરથી ને પશ્ચિમે કાલિંદીને રાખી દક્ષિણે પ્લક્ષપ્રસ્નવણ(શિવાલિક)પર્વત સુધી વિસ્તરેલી એક રમણીય હરિયાળી ખીણ નગાધિરાજ હિમાલયની ગોદમાં સમાએલી છે. એ પ્રદેશ તે આપણા સ્કંદપુરાણનો કેદાર-ખંડ. આજે તે દેહરાદૂનના નામે ઓળખાય છે.

'દૂન' એટલે તો ખીણ; પણ તેની આગળ 'દેહરા' ક્યાંથી આવ્યું? એ શબ્દ ત્યાં લગાડવાનાં ઘણાં કારણો બતાવાય છે. ઈ. સ. ૧૬૯૯માં શીખોના ગુરુ રામરાયે એ દૂનમાં 'ડેરા' (પડાવ) નાખેલા, તે પરથી એ પ્રદેશ 'ડેરાદૂન'ના નામે ઓળખાયો. કોઈ કહે છે કે એ જ ગુરુ રામરાયનો દેહોત્સર્ગ એ ખીણમાં થયો એટલે તેને 'દેહ+હરા'=દે'હરા+દૂન કહેવામાં આવી. વળી એવી પણ એક માન્યતા છે કે આચાર્ય દ્રોણની તપોભૂમિ એ પ્રદેશ; એટલે તે ખીણ દ્રોણદૂનના નામે પ્રસિદ્ધ થઈ; અને દ્રોણનું અપભ્રંશ દેહરા થયું.

આ પ્રદેશનું કુલ ક્ષેત્રફળ ૧૧૮૯ ચોરસ માઈલ છે. જેની ઉપરથી ખીણમાં નજર નાખતાં ચક્કર આવે એવાં, સૌંદર્યનામી 'મસુરી', 'માલકોટ','ચકરાતા','વાવર','ગઢૂલ', ઇતિહાસપ્રસિદ્ધ 'નાગસિદ્ધ' વગેરે હિમાલયના અગ્ર પહાડોના કેટલાક ભાગનો સમાવેશ આ પ્રાંતમાં થાય છે. તેમની ટૂંકો આઠ હજાર ફીટથી પણ વધુ ઊંચી હશે, અને એમાંની કેટલીક વરસમાં આઠેક મહિના સુધી હિમાચ્છાદિત રહે છે. આ પ્રદેશની નજીકમાં જ દક્ષિણે આવેલા બુઝર્ગ ગિરિવર શિવાલિક પાસે આજનો આ શૈલેન્દ્ર હિમાદ્રિ હજી તો ગઈ કાલનું બચ્ચું ગણાય.



દેહરાખીણની ઊંચાઈ પણ અઢી હજાર ફીટ કે તેથી વધુ છે. એની જમીનને ફળદ્રુપ બનાવતી ગંગા-જમના, ગંગોત્રી અને જમનોત્રીમાંથી નીકળી તેમની અનેક શાખાઓ સાથે આ પ્રદેશમાંથી જ વહે છે. અહીંનું વાતાવરણ મનોરંજક છે. માત્ર શિયાળાની ઠંડી ગરીબોને કષ્ટદાયક બને છે. વર્ષાઋતુમાં તો અહીંની નિસર્ગશ્રી પૂર બહારમાં ખીલી નીકળે છે. પ્રતિવર્ષ આશરે ૮૪ ઇંચ વર્ષાદ અહીં પડે છે. વસ્તીનો મોટો ભાગ ખેતી પર નભનારો છે અને કુલ જનસંખ્યા ૨,૩૦,૦૦૦ લેખાય છે. (આ તેમજ બીજા આંકડા આજથી ૨૫ વર્ષ પહેલાંના છે.) મૂળ નિવાસીઓ ગઢવાલી રાજપૂત કે બ્રાહ્મણો છે. ઉપરાંત બીજા ઘણા ધંધાર્થે આવી વસેલા છે.

દેહરાદૂન તેની ચાર 'ચ'કારની પેદાશ—ચોબ, ચૂનો, ચાવલ અને ચા—માટે પ્રસિદ્ધ છે. 'ચોબ' એટલે ત્યાંનાં મેદાનો અને પહાડો પરનાં ગીચ સુનિયંત્રિત જંગલોમાં થતાં સાલ, સૈન, સીસમ, ચાડ, દેવદાર વગેરે વૃક્ષોનું ઈમારતી લાકડું. ચૂનાના પથ્થરો તો અહીંના વહેળા અને નદીઓમાં પુષ્કળ તણાઈ આવે છે. તેમને ભઠ્ઠીઓમાં પકાવી ઉત્તમ ચૂનો ઠેરઠેર તૈયાર કરવામાં આવે છે. 'ચા'નું વાવેતર અહીં સને ૧૮૧૬માં થએલા અંગ્રેજ સરકારના આગમન પછી શરૂ થયું અને આજે ૫૫૦૦ એકર જમીનમાં ચા દેહરાદૂનમાં વવાય છે, જેમાંથી દર વર્ષે ૨૦ લાખ પૌંડ ચા તૈયાર થાય છે. અને પોતાના બાસમતી 'ચોખા' માટે તો દેહરા હિંદભરમાં પ્રસિદ્ધ છે. પણ હવે દિવસાનુદિવસ સંજોગાનુસાર ચોખાના વાવેતરનું સ્થાન શેરડીનું વાવેતર લેતું જાય છે. દેહરાદૂનની લીચી (એક સ્વાદિષ્ટ ને સરસ ફળ) પણ વિશિષ્ટ ખરી. હાથમાં લઇ ફરવાની લાકડીઓ અને ગુરખાઓના પ્રિય હથિયાર ખુખરીની બનાવટ પણ અહીંની ખાસ વખણાય છે.

નૈસર્ગિક સૌંદર્ય અને હિમગિરિ સિવાય બીજી પણ જોવા જેવી ઘણી જગ્યાઓ અહીં છે. દેહરાદૂનના નામે જાણીતું સ્વચ્છ અને સુંદર દેહરાનગર એ મુખ્ય શહેર છે. તેની વસ્તી ૪૦,૪૦૦ની છે, જેમાં નિવૃત્તિ લઇ વસેલા અંગ્રેજો અને ઍંગ્લો-ઇન્ડિયનોનો પણ સમાવેશ થાય છે. બાગબગીચાઓથી ઘેરાએલાં અહીંનાં ઘરોની રચના મનોહર લાગે. અહીંની 'ફૉરેસ્ટ રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (જંગલખાતાનું સંશોધનમંદિર) અને 'સર્વે ઑવ ઇંડિયા'ની જીઓડેટિક બ્રાંચની મુખ્ય ઑફિસ જોવાનો જો મોકો મળે તો કદી ન ગુમાવવો. કેટલાયે અજાણ યાત્રીઓ એ સંસ્થાઓ જોવાની અવગણના કરે છે, પણ તેમને એ સંસ્થાઓની સાધનસંપન્નતા અને ઉપયોગીપણાનો ખયાલ નથી હોતો. પ્રજાકીય અને સરકારી શિક્ષણસંસ્થાઓ પણ અહીં ઘણી છે. તેમાંની કેટલીક તો બિલકુલ અંગ્રેજી ઢબ પ્રમાણે કેળવણી આપે છે. કાંગડી ગુરુકુલ વિશ્વવિદ્યાલય જોડે સંબંધ ધરાવતું અહીંનું કન્યા ગુરુકુલ કન્યાઓના શિક્ષણ માટે એક મહત્ત્વનું સ્થાન ધરાવતી સ્વતંત્ર સંસ્થા છે. વનવિદ્યાનું શિક્ષણ આપતી 'ઇમ્પિરીઅલ ફૉરેસ્ટ કૉલેજ' અને સૈનિક શિક્ષણ આપતી 'ઇન્ડિયન મિલિટરી ઍકૅડેમી' તથા 'રૉયલ ઇન્ડિયન મિલિટરી કૉલેજ' પણ બીજી શિક્ષણ-સંસ્થાઓ સાથે ખાસ જોવા જેવી ખરી.

રાજપુરથી પૂર્વે ત્રણ માઈલ પર એક પહાડી કેદરા આવેલી છે. અહીં પાણીનો એક સુંદર ધોધ સહસ્રધારાઓથી નીચે પડે છે, એ 'સહસ્રધારા'ની પાસે ગંધકના પાણીનું એક ઝરણ છે, જેના પ્રયોગો આરોગ્યવર્ધક મનાય છે. દેહરાદૂન કૅન્ટોન્મેન્ટની ઇશાનમાં થોડે દૂર સુદૃઢ ભેખડો વચ્ચેથી પાણીની એક ધારા વહે છે. એ 'ગચ્ચૂપાની'નું દૃશ્ય પણ મનોહર છે.

જમનાને કિનારે લાખામંડલ નામે પાંડવોનું એક મંદિર છે, તેમાં પાંડવોની સેંકડો મૂર્તિઓ છે. કહે છે કે પાંડવોએ ત્યાં એક મોટો યજ્ઞ કરેલો. રાજા વિરાટની રાજધાની વિરાટગઢનાં નિશાનો પણ હજી દેહરાખીણમાં મળે છે. કાલિંદીને તીરે કાલસી પાસે ચિત્રશિલા નામે સ્થળ છે. અહીં મહારાજા અશોકની મહાનતા અને ઉચ્ચ વિચારો દર્શાવતો એક શિલાલેખ છે. સમ્રાટ અશોકના બધા મળી ચૌદ શિલાલેખો પ્રસિદ્ધ છે પણ તેમાંથી માત્ર ચાર જ આજે પૂર્ણ સ્વરૂપે મળે છે. આ કાલસીની અશોકશિલા તે માંહેની એક છે. હૃષીકેશ, ચંદ્રવની, ગુરુદ્વારા, રામરાય વગેરે તીર્થસ્થાનો પણ જાણીતાં છે. દેહરાદૂનમાં ગુરુદ્વારા રામરાય પર પ્રતિ વર્ષ ચૈત્ર વદ પાંચમે ભરાતા મોટા ઝંડા મેળામાં દૂરદૂરથી હજારો માણસો આવતાં હોઈ વેપાર વગેરે માટે લોકસમૂહની નજરે એ અગત્યનો છે. જંગલોમાં પણ સિદ્ધ

૩૦૫ ('કુમાર' અંક ૪૭૫)

મહાત્માઓની ઘણી સમાધિઓ છે. દેહરાદૂનથી બહુ દૂર નહિ તેવાં પહાડી નિવાસસ્થાનો ચકરાતા અને મસૂરી તો દેશભરમાં જાણીતાં છે.

આ પુરાણપ્રસિદ્ધ દેહરાદૂને પણ કેટકેટલી રાજસત્તાઓ જોઈ હશે? અશોકના પ્રતાપી રાજ્યની આબાદી તેણે અનુભવી તેમ તૈમુરની લૂંટનો પણ ભોગ તે બન્યું. ગઢવાલી, મુઘલાઈ અને ગુરખા સત્તાઓનું શાસન ઘણાં વર્ષો સુધી દેહરાદૂનમાં રહ્યું. શીખ અને મરાઠા અહીં પહોંચેલા. છેવટે ઈ. ૧૮૧૬માં કલિંગાના કિલ્લામાં ગુરખાઓનો પરાજય કરી બ્રિટિશ સરકારે દૂનમાં પોતાની હકૂમત જમાવી.

દૂનમાંથી હિમાચ્છાદિત નગાધિરાજનાં અનેકાનેક સ્વરૂપ નીરખીએ કે કલકલ નિનાદ ગજવતાં વહેતાં જતાં રમ્ય ઝરણાંનું ગીત સાંભળીએ, યા તો વનસ્પતિથી ભરપૂર ઊંડી ખીણો અને ઉચ્ચ શિખરો કે ત્યાંનાં ગામડાંઓનું રૂપદર્શન કરીએ; એ બધું ત્યાંની ભવ્યતા અને ખૂબી આપણી પાસે રજૂ કરે છે. ત્યાંનાં ગ્રામજનોનું રસિક જીવન જાણીએ કે ઘેટાં ચારતા સાલસ ભરવાડ ને મોહક ચાલે ચાલી આવતી મસ્ત ગોવાલણને જોઇએ તો અનેરો આનંદ આવે. પણ વાંસ કે લાકડાંના ભારા માથે મૂકી કે મોટા વજનદાર ટોપલા ઊંચકી પર્વત ચડતા અહીંના મજૂર કે કંગાલ ખેડૂતના જીવનની ભીતરમાં નજર નાખતાં તો જરૂર દુઃખ જ થાય, અને મનને ક્લેશ થાય કે દૂરદૂરથી આવી જીવનતીર્થ હરિદ્વારના પ્રવેશમાર્ગે દાખલ થતા પ્રવાસીને જે દૂનની નિસર્ગશ્રી બહલાવે છે અને જ્યાં પ્રાકૃતિક સમૃદ્ધિની છોળો ઊડે છે તેના જ પુત્રોના એવા બેહાલ શે?





કાગળની
કોતરણી
કરનાર
મગનલાલ
પટેલ

આ ચિત્રો આટલા નાના માપમાં કાતરથી કોતરવામાં મગનભાઈ પટેલે આકારોના સમુદાય ને રેખાઓના પદબંધ ઠીક સાચવ્યા છે. તરવડી જેવા ગામડાને ખૂણે ખેતી અને ગૃહસ્થાશ્રમનો ભાર ખેડતાં ખેડતાં આવો કલાપ્રેમ જાળવી રાખનારા સંસ્કારી યુવાનો થોડા હશે. તે સાથે એમાં એક પ્રકારની જે સંસ્કારિતા ને સફાઇ દેખાય છે તે પ્રશંસાપાત્ર છે. તેમને વધુ તાલીમ ને જ્ઞાનપરિચય મળે તો ઘણાં મૌલિક સર્જનોવાળી જાળીઓ, છાપો, મુદ્રાઓ તેઓ ઊપજાવી શકે. કાતરકામની એક મુશ્કેલી એ છે કે દરેક આકૃતિ કોઈ ને કોઇ બાજુથી ઝીલાઈ રહેવી જોઇએ; એટલે એવી આધારરૂપ રેખાઓનો ઉપયોગ કરતાં શોભાને આઘાત થવો ન ઘટે. ભાઈ મગનભાઇને કુદરતના વળાંકા વધુ ચોકસાઈથી ઉતારવા ભલામણ છે. ર. મ. રા.

નીચે: દેહરાદૂનનું એક
દૃશ્ય: ચિત્રકાર ર. મ. રા.





શબ્દકથા: 'રાસભ · ગર્દભ · ગધેડો'

સોંઘી પ્રસિદ્ધિ મેળવવા માટે હવાતિયાં મારનારને અને ગમે તેવા હાસ્યાસ્પદ ઉપાયો અજમાવનારને કટાક્ષમાં સલાહ અપાઈ છે કે 'ઘટં ભિન્દ્યાત્, પટં છિન્દ્યાત્, કુર્યાદ્ રાસભરોહણમ્'–ગોળો ફોડવો, કપડાં ફાડવાં, અરે 'રાસભારોહણ' એટલે કે ગધેડાની સવારી પણ કરવી: ગમે તેમ કરીને પ્રસિદ્ધ થવું.

ગધેડા માટે સંસ્કૃતના જાણીતા શબ્દોમાં 'ખર' 'રાસભ' ને 'ગર્દભ' ગણાવી શકાય. 'ખર' એટલે 'કઠોર', 'તીક્ષ્ણ'. જેનો અવાજ કઠોર છે—જે કર્કશ સ્વરે ભૂંકે છે તે 'ખર'. આ 'ખર' ઉપરથી આપણે 'ખરું'='કઠણ' કે 'પાકું', અને પછી લક્ષણાથી 'પાકું' એટલે 'ટકી શકે તેવું' અને એટલે 'સાચું' એવો અર્થ નિપજાવ્યો છે.

'ખર'ના જેવો જ અર્થ 'રાસભ'નો છે. 'રાસ' એટલે 'ચીસ પાડવી', 'ભૂંકવું'. ભૂંકતું પ્રાણી તે 'રાસભ'. 'ભ' પ્રત્યય 'વૃષભ', 'ટિટ્ટિભ', 'શરભ', 'રાસભ', 'ગર્દભ' વગેરે પ્રાણીનામોમાં મળે છે. 'ગર્દ્'નો અર્થ પણ 'ચીસ પાડવી' કે 'ચિત્કાર કરવો' થાય છે; એટલે એ રીતે 'ગર્દભ'='રાસભ'. 'ગદ્દભ' ઉપરથી પ્રાકૃતમાં 'ગદ્દહ' તે પરથી હિંદી 'ગદહા', આપણો 'ગધો', ગદ્ધો'; ને સ્વાર્થે 'ડો' પ્રત્યય લાગતાં 'ગધેડો'.

બીજાં બે ગર્દભનામ છે 'લંબકર્ણ' ને 'બાલેય'. 'લંબકર્ણ' એ ખરી રીતે ગધેડાને મળેલી ઉપાધિ છે (જેમ ઊંટ 'લંબૌષ્ઠ' ને ગણેશ 'લંબોદર' છે તેમ); અને 'બાલેય' એટલે ટીખળ માટે, અને લહેરમાં હોય તો સવારી માટે, જે પ્રાણી બાળકોને પ્રિય છે તે.

શિશુપાલે જન્મતાં સાથે જ કરેલું રુદન વર્ણવતાં મહાભારતમાં કહ્યું છે: 'રાસભારાવસદૃશં રરાસ ચ નનાદ ચ'—ગર્દભની ભૂંકને મળતો તેણે ચિત્કાર અને નાદ કર્યો.

હરિવલ્લભ ભાયાણી

સાહિત્યસંપર્ક

વોરા ઍન્ડ કંપની

પબ્લિશર્સ (મુંબાઇ)નાં પ્રકાશનો

આચાર્ય ચતુરસેન શાસ્ત્રીની નવલો

શ્રી સોમનાથ: તેરમા શતકમાં જમીનદોસ્ત થએલા એ દેવાલયનાં વૈભવ, પ્રતિષ્ઠા તથા વિનાશને અને રાજપૂતોનાં શૌર્ય તથા આંતરરાજખટપટને વર્ણવતી આ ઐતિહાસિક નવલકથા ઘટનાઓની ગૂંથણી અને એની રોચક શૈલીથી સાદ્યંત સ-રસ બની રહે છે. અનુવાદક: રાજન્ કડિયા રૂ. ૮–૫૦; **વૈશાલીની નગરવધૂ:** અનુવાદક–પ્રભાતસિંહ ઈનામદાર: ગુપ્તયુગની ખ્યાત વૈશાલી–(આમ્રપાલી)ના જીવનની આસપાસ ગૂંથેલી આ ઐતિહાસિક નવલકથામાં તત્કાલીન સમાજનાં વિધવિધ પાસાંઓનું પણ લેખક દ્યોતક શૈલીમાં સારું નિરૂપણ કરે છે. રૂ. ૨; **હું રાજરાણી?** અનુવાદક–ઈન્દુકુમાર જોષી: રાજવીઓના વિલાસી જીવનના અવશેષરૂપે અસ્તિત્વમાં આવેલી સ્ત્રીસંસ્થા (ગોલી) વિષે આત્મકથાનક રૂપે લખાએલી નવલ–રૂ. ૫. **આભા:** અનુવાદક–પ્રભાતસિંહ ઈનામદાર: અજ્ઞેય નારીજીવનને ભારતીય પરંપરાને અનુકૂળ એવા વિસ્તાર પામેલા દષ્ટિપટમાં વણી લેતી નવલકથા–રૂ. ૨–૫૦.

અંગ્રેજીના અનુવાદો

વસંત આવશે: અમેરિકન લેખિકા લૉરા ઈન્ગલ્સ વાઈલ્ડરની લખેલી, અમેરિકન ખેડૂના ગૃહજીવનના આનંદોલ્લાસ અને સાથોસાથ વિપત્તિઓનો હૂબહૂ ચિતાર આપતી આકર્ષક નવલકથાનો કુન્દનિકા કાપડિયાએ કરેલો રોચક અનુવાદ–રૂ. ૩; **મહામના થૉરો:** અમેરિકાના આ મહાન તત્ત્વજ્ઞ અને ચિંતકની વિચારસૃષ્ટિને અક્ષરદેહ આપતી વિલિયમ કૉન્ડ્રીની કૃતિનો સુંદરજી બેટાઇએ કરેલો આ અનુવાદ જીવનને સમજવા અનિવાર્ય એવી અનેક વસ્તુઓ આપણી સમક્ષ રજૂ કરી રહે છે–રૂ. ૨; **લોકશાહી વિષે ટૉમસ જેફરસન:** મૂળ: સોલ કે. પેડોવર, અનુ૦ રતિલાલ મહેતા–અમેરિકન રાજપુરુષ અને તત્ત્વચિંતક જેફરસનના અમેરિકન લોકશાહી માટે શાશ્વત વારસા સમા ગણાએલા પત્રો ને લેખોના સંગ્રહ–રૂ. ૩. મૂળ અર્નેસ્ટ એસ. ગ્રિફિથ કૃત **અમેરિકાની શાસનપદ્ધતિનો** ચંદ્રવદન શુક્લે કરેલો અનુવાદ: અમેરિકાનું શાસનતંત્ર મહદ અંશે અંતર્ગત અંકુશોવાળી પદ્ધતિનું છે એ વાતને મધ્યવર્તી રાખી એ શાસનપદ્ધતિને વિશદ રીતે સમજાવતું પુસ્તક રૂ. ૩–૫૦; **બેન્જામિન ફ્રેંકલિનની આત્મકથા:** અનુ૦ શ્રી મુકુલ કલાર્થી–પુરુષાર્થના પ્રતીક શા અને વ્યવહારુ અમેરિકન વિચારક બેન્જામિન ફ્રેંકલિનની જગનામી પ્રેરક આત્મકથાનો આ અનુવાદ અગાઉના સર્વ કરતાં રોચક અને રસભર્યો છે. રૂ.૪, **જીવન જીવતાં શીખો:** મૂ લે. શ્રીમતી એલિયાનૉર રૂઝવેલ્ટ; અનુ૦ જગન્નાથ દેસાઇ, ઘરગથ્થુ સવાલો ને સમસ્યાઓનું આકલન કરતું પુસ્તક રૂ. ૨–૫૦.


કિશોરસાહિત્ય

ગોવિંદ વલ્લભ પંત: લે૦ જગન્નાથ દેસાઈ–જીવનઘડતરને સતેજ બનાવે એવી પ્રેરક શૈલીમાં સ્વ. પંતનું જીવન આલેખતી પુસ્તિકા, ૫૦ ન. પૈ. **ઍન્ડરસનની પરીકથાઓ:** અનુ૦ બટુક વોરા–જગતને અમરને અમૂલ્ય પરીકથાઓ આપી જનાર હાન્સ ક્રિશ્ચિયન ઍન્ડરસનની ચુનંદી પરીકથાઓનો સંપુટ, રૂ. ૧–૨૫; **શ્રીફળ અને કાલાટોપી:** બંનેના લે૦ 'સ્નેહરશ્મિ'–કિશોરોમાં સાહસ ને મહત્ત્વાકાંક્ષા પ્રેરતી કૃતિઓ, દરેકના રૂ. ૧–૭૫; **વિનોદકથાઓ:** કિશોરોને લક્ષમાં રાખી 'ધૂમકેતુ'એ લખેલી હાસ્યરસિક વાર્તાઓ: રૂ. ૧–૭૫; **પ્રેમાનંદની આખ્યાનકથાઓ:** લે૦ રમેશ જાની: એક કાળે ગુજરાતના ઘરઘરમાં વંચાતાં ને જાણીતાં એ સમર્થ કવિનાં આખ્યાનોને આજની કંઈક વિમુખ બનેલી પ્રજા માટે સરળ અને સુવાચ્ય ગદ્યમાં મૂળનો રસ જાળવીને વાર્તારૂપે ઉતારવાનું પ્રશસ્ય કાર્ય આ પાંચ પુસ્તિકાઓમાં થયું છે. રૂ. ૮.

રાજાજીની સુંદર વાતો: અનુ૦ ઉષા વોરા–ચક્રવર્તી રાજગોપાલાચાર્યની તત્ત્વપૂર્ણ ને રસદર્શી વાર્તાઓનો સુવાચ્ય અનુવાદ. રૂ. ૧-૫૦. **નગરના દીવા:** નગર-જીવનની નિરવધિ લીલાને વણી લેતી ચુનીલાલ મડિયાની આ વાર્તાઓ ઊછરતી પેઢીની સાહિત્યરુચિને પથ્ય તથા પોષક બને એવી છે. રૂ. ૧-૨૫. **સુંદર બંગાળી વાતો:** અનુ૦ રમણલાલ સોની–ગુજરાતના કિશોરવર્ગને આનંદ આપે તેવી બંગાળી જીવનની વાર્તાઓ, રૂ. ૧-૫૦. **રવીન્દ્ર જીવન-માનસ:** બાળકોના જીવનઘડતરને ઉપયોગી થાય એવા કવિવર ટાગોરના જીવનમાંથી શ્રી. ગ. લ. ચંદાવરકરે સંપાદિત કરેલા પ્રસંગો. રૂ. ૨.

જાણીતી નવલોના સંક્ષેપ

કળિયુગ: સુરુચિભર્યું વાચન પૂરું પાડતી ઈશ્વર પેટલીકરની ધ્યેયલક્ષી નવલકથા. રૂ. ૨-૨૫. **ઘરનો મોભ:** કુટુંબજીવનની સમસ્યાઓ ચર્ચતી પીતાંબર પટેલની નવલકથા.




અગાઉ 'કુમાર'ના ૨૩મા વર્ષની શરૂઆતથી (૨૫૩મા અંકથી) છેલ્લા પાના ઉપર આપણા દેશના સિક્કાઓનો ટૂંક પરિચય આપવો શરૂ કર્યો હતો અને તે માળા ઠીકઠીક સમય ચાલી હતી. એ વિષયમાં રસ જાગ્રત કરે એવું એક હિંદી પુસ્તક તાજેતરમાં બહાર પડ્યું છે જેનો પરિચય આ નીચે આપ્યો છે. સિક્કાઓ પર રાજાઓનાં મહોરાં, રાજ્યઅમલની સાલ કે રાજાના ગૌરવનો ઉલ્લેખ છાપવાની પ્રથા આપણે ત્યાં ગ્રીકોની અસરથી શરૂ થઇ તે પહેલાં સિક્કાઓ પર માત્ર જુદીજુદી સંજ્ઞાઓનાં 'પંચ' (અડી)ની છાપ પાડવામાં આવતી. આવા 'પંચ-માર્ક'વાળા (અડી છાપના) સિક્કા હિંદભરમાંથી મળી આવે છે. એવી અડીઓની કેટલીક છાપની આકૃતિઓ પ્રસ્તુત પુસ્તકમાંથી આ ઉપર આપી છે; તથા નીચે 'કુમાર'ના ૨૫૩-મા અંકમાં આવી ગએલા રાજા કનિષ્કના સિક્કાની છાપ આપી છે.

આપણા દેશના સિક્કા

કોઈ પણ રાષ્ટ્રની અર્થવ્યવસ્થામાં સિક્કાનું સ્થાન અતિ મહત્ત્વનું છે, અને તેને અનુષંગીને આજની સ્થિતિએ પહોંચતાં સિક્કાએ સાધેલા ક્રમિક વિકાસના ઐતિહાસિક તબક્કાઓનું જ્ઞાન આવશ્યક તેટલું જ રસભર્યું થઈ પડે છે. એ તબક્કાઓની ઉત્ક્રાંતિ આપણને માનવ-ઉત્ક્રાંતિના અતીત પર્યંત લઈ જાય છે. અર્થવ્યવસ્થાનો ઘડનાર માનવી જ હતો, તો એ વ્યવસ્થાનું મુખ્ય આલંબનસ્થાન સિક્કો હતો.

પ્રાગૈતિહાસિક કાળમાં જેમ પથ્થર જ માનવીના ક્રમિક વિકાસમાં મુખ્ય સાધન હતો, એ જ રીતે સિક્કાનો ઇતિહાસ પણ પાષાણયુગથી જ આરંભાયો છે. માનવીને જીવનઉપયોગી બીજાં સાધનસગવડની જરૂરિયાત જે ઊભી થતી ગઈ તે શરૂઆતમાં એ પથ્થરમાંથી બનાવેલાં વિવિધ શસ્ત્રોના બદલામાં મેળવવા લાગ્યો, પછી જતે દહાડે તેણે વિનિમયમાં ચલણનું અસ્તિત્વ શક્ય બનાવ્યું. પછી તો જીવનોપયોગી ચીજોથી માંડીને ગાય પણ ચલણમાં ગણાઈ! ઈ. સ. પૂર્વે ૭૦૦ પહેલાં સૌ પ્રથમ સિક્કો અસ્તિત્વમાં આવ્યાનું ઇતિહાસે નોંધ્યું છે. બ્રાહ્મણ ગ્રંથો તો ભારતમાં એથી યે એક સદી પૂર્વે સિક્કાનું અસ્તિત્વ શરૂ થયાનું જણાવે છે.

આપણા દેશના સિક્કાની એ વિકાસકથા પ્રમાણભૂત રીતે વર્ણવતું એક નાનું પણ રસમય પુસ્તક શ્રી પરમેશ્વરીલાલ ગુપ્તે હિંદીમાં લખ્યું છે. તેમાં આપણા ભારતીય સિક્કાઓનો સિલસિલાબંધ ઇતિહાસ આપવાની સાથે દુનિયાની ભિન્નભિન્ન સંસ્કૃતિઓના મુકાબલે આપણી સંસ્કૃતિના વિકાસમાં સિક્કાનું રહેલું મહત્ત્વ પણ નિરૂપ્યું છે. લેખકની ઊંડી સંશોધનદૃષ્ટિ ને અભ્યાસસંનિષ્ઠાના પરિપાક જેવી આ પુસ્તિકામાં આપણા સિક્કાઓ વિષે સંપૂર્ણ માહિતી મળી રહે છે. (હમારે દેશ કે સિક્કે, લેખક: પરમેશ્વરીલાલ ગુપ્ત, પ્રકાશક: વિશ્વ-વિદ્યાલય, ગોરખપુર, પૃ. ૫૦, રૂ. ૧-૫૦.)



કનિષ્કનો સિક્કો

રૂ. ૧-૭૫. **ચંદ્રગુપ્ત મૌર્ય :** આ ઐતિહાસિક નવલકથામાં 'ધૂમકેતુ'એ ગુપ્ત યુગના સમાજનું હૃદયંગમ ચિત્ર આલેખીને તત્કાલીન આર્યાવર્તનું દર્શન કરાવ્યું છે. રૂ. ૨-૫૦. **અંતરનાં અજવાળાં :** કૂટ સામાજિક સમસ્યાઓને સ્પર્શતી પીતાંબર પટેલની નવલકથા. રૂ. ૧-૫૦.

વિવેચનસાહિત્ય

સમીક્ષા : આપણા સૌજન્યશીલ અને પ્રાસાદિક વિવેચક અનંતરાય રાવળે મધ્યકાલીનથી અદ્યતન ગુજરાતી સાહિત્ય સુધીના કાળની કવિતા, નાટક, નવલકથા, વાર્તા, નિબંધ, વિવેચન, જીવનચરિત્ર એમ લગભગ બધા સાહિત્યપ્રકારોની ઉત્કૃષ્ટ કૃતિઓનો મૂલ્યદર્શી પરિચય આ લેખસંગ્રહમાં આપણને કરાવ્યો છે. રૂ. ૪-૫૦.

કાવ્યવિમર્શ : લેખક. મનસુખલાલ ઝવેરી. પચ્ચીસ વર્ષ સુધી પ્રા. મનસુખલાલ ઝવેરીએ પોતાના વિદ્યાર્થીઓ સાથે કલાવિવેચનના સિદ્ધાંતો અંગે જે કામ કર્યું છે તેના નિચોડરૂપ તારવેલા આ પુસ્તકમાંના વિચારોમાં કવિતાનાં સર્જન અને ભાવન અંગેના કૂટ પ્રશ્નો ને સમસ્યાઓની જે ચર્ચા છે તે કાવ્યરસિકો તથા અભ્યાસીઓને રુચિકર ને ઉપયોગી થશે. રૂ. ૩-૭૫.

અંતર તારો તાગ : ચંદ્રવદન શુક્લે આ નવલકથામાં માનવના આંતરજીવનના પ્રવાહોનાં વિધવિધ વહેણો ને તબક્કાઓની સમસ્યાઓનું નિરૂપણ નાનાવિધ પાત્રો દ્વારા કર્યું છે. સંવેદનશીલ ભાવોના આલેખનમાં લેખકની લેખનક્ષમતાની પ્રતીતિ થાય છે. રૂ. ૮-૫૦.

ભમીએ ગુજરાતે : ચંદ્રવદન મહેતા એ જાણીતા લેખકની આગવી રમતિયાળ શૈલીમાં લખાએલી આ પ્રવાસપુસ્તિકામાં ગુજરાતના વિવિધ પ્રદેશોની ખાસિયતો અને વિશિષ્ટતાઓ મનભર રીતે રજૂ કરાઈ છે. રૂ. ૧-૫૦.

પાયાની કેળવણીમાં અનુબંધની કળા : આજે વિજ્ઞાન અને લોકશાહીમાં થએલી પ્રગતિએ માનવજીવનને નવી દૃષ્ટિ અને નવાં મૂલ્યો આપ્યાં છે ત્યારે નવા માનવીના વિકાસ માટે ગાંધીજીની સર્જક અને તેજસ્વી પ્રતિભાએ પાયાની કેળવણીના નામે નવી શિક્ષણપદ્ધતિ આપી. 'સેકન્ડહેન્ડ' માહિતીઓને નિષ્ક્રિય ભાવે પચાવ્યે જવાને બદલે જે કંઇ બાળક શીખે તે તેની વિકસતી જતી જીવનક્રિયામાં વણાતું જાય એવા હેતુવાળી આ પાયાની કેળવણીમાં અનુબંધ પદ્ધતિ જેવા વિષય પર શ્રી એ. બી. સોલંકીએ લખેલો આ મહાનિબંધ છે. અનુવાદક: શ્રી શાંતિલાલ મગનલાલ દેસાઈ, રૂ. ૨-૫૦.

અતિ વસ્તીનો સવાલ : વસ્તીવધારાના પ્રશ્નને પહોંચવા સરકારી કે બિનસરકારી તોર પર સંતતિનિયમનનો જે જુવાળ ચાલ્યો છે તેનાથી સહેજ જુદી રીતે પોતાના તથા શ્રી જોસે દ કેસ્ટ્રો, શ્રી કોલિન ક્લાર્ક તથા ગાંધીજીના વિચારોનો શ્રી મગનભાઇ પ્ર. દેસાઇએ કરેલો આ સંગ્રહ મનનમંથનને યોગ્ય છે. રૂ. ૧ ૨૫. આ ઉપરાંત ગાંધીજીના વિવિધ વિચારોને વિવિધ ખંડોમાં સંગ્રહિત કરી 'પ્રેમપન્થ'માં રજૂ કરતી શ્રી વાલજી ગો. દેસાઈની પુસ્તિકાઓ પણ હવે તો જાણીતી છે. પ્ર. નવજીવન પ્રકાશન મંદિર, કિ. ૪૦ન.પૈ.

હમણાં જેમનું અવસાન થયું એ અમેરિકાવાસી અંગ્રેજ અદાકાર ચાર્લ્સ લૅાટને 'ધ ફૅબ્યુલસ કન્ટ્રી' નામથી વાર્તાઓ, લેખો ને કાવ્યોની ૫૦ ચૂંટેલી કૃતિઓનું એક સુંદર સંપાદન કર્યું છે. આ દરેક કૃતિમાં અમેરિકાના કોઇ ને કોઈ પ્રદેશનું રસિક ચિત્રણ થએલું છે અને એ બધી કૃતિઓનો એમણે પોતે પોતાની રીતે પરિચય કરાવ્યો છે. એમનું આ સંપાદન વાચકોને માટે એક 'ઉત્તમ ચયન-ગ્રંથ' ઉપરાંત જે દેશમાં એણે કાયમી રહેણાક સ્વીકાર્યું એના વિષેની એમની લગનીની પ્રતીતિ પણ છે.

કંકાવટી

અવકાશયાત્રી

સાહિત્ય અને વિજ્ઞાનમાં જ નહિ, હિંમત, કાર્યનિષ્ઠા ને સાહસમાં પણ નારીનરસમોવડી હોવાની પ્રતીતિ ગયા માસ(જૂન)ની ૧૬મીએ એક રશિયન યુવતીએ કરાવી; એટલું જ નહિ, સ્ત્રીઓ માટે નવું ભાવિ ખુલ્લું કર્યું.


અવકાશયાનની કપરી સફરે ચડીને આજ સુધી પુરુષો જ અવકાશમાં પૃથ્વી પ્રદક્ષિણા કરવામાં જીવન હોડમાં મૂકતા. કુ. વેલેન્તિના તેરેશ્કોવાએ એ વાડ પણ તોડી, એટલું જ નહિ, લાગટ ત્રણ દિવસ લગી ૨૦ લાખ કિલોમીટરનો અવકાશપ્રવાસ ખેડી પ્રથમ મહિલા-અવકાશયાત્રીનો વિશ્વવિક્રમ સ્થાપ્યો.

સોવિયેત સંઘના યારોસ્લાવલ પ્રદેશના માસ્લેનિકોવો ગામમાં ઈ. ૧૯૩૭ની ૩જી માર્ચે એનો જન્મ. પિતા: વ્લાદિમિર તેરેશ્કોત નામનો ટ્રેક્ટર ડ્રાઈવર. માતા: યેલેના તેરેશ્કોવા કાપડમિલમાં કારીગર.

શાળાના અભ્યાસ બાદ પ્રથમ પોતાના ગામની જ રબર ફૅક્ટરીમાં અને પછી માતા નોકરી કરતી હતી એ મિલમાં એ જોડાઇ. એક વર્ષમાં તો પોતાની વિધવા માને નોકરીમાંથી નિવૃત્તિ લેવડાવી પોતે ભાર ઉપાડી લીધો.

નોકરી દરમ્યાન ફાજલ સમયમાં કૉલેજમાં અભ્યાસ કરી ટેક્સ્ટાઇલ ટેકનૉલૉજીમાં સ્નાતિકા થઇ ને સૂતર-કાતણ વિષયની નિષ્ણાત બની. મિલ-કામદારોએ એને 'કોમસોમોલ' સમિતિના મંત્રી તરીકે ચૂંટી.

ઈ. ૧૯૫૯માં શહેરની ફ્લાઈંગ ક્લબમાં હવાઇ છત્રી દ્વારા કૂદવાની તાલીમ પામીને પોતાની મિલમાં પણ હવાઇ છત્રી-મંડળની સ્થાપના કરી, અને તે સાથે ગયે વરસે અવકાશયાત્રીની શાળામાં તાલીમ લઈ લેફ્ટેનન્ટ જુનિયરની પદવી પ્રાપ્ત કરી.



એના આ સાહસને સોવિયેત સરકારે 'સોવિયેતસંઘના માનવંતા ક્રીડાવીર'ના બિરુદથી, અને વિમાનવ્યવહારખાતાએ 'પાયલોટ મેલિયોનર'ના ઇલકાબથી નવાજ્યું, તો ક્રાંસનાં મોન્ત્રીય તથા ક્રાંસી શહેરોએ એને 'શહેર-નાગરિક' ગણી સુવર્ણચંદ્રક એનાયત કર્યા.

'વંઠેલી'ની વેદના

ભણીગણી, સ્વતંત્ર વિચાર દર્શાવ્યા, જરૂરત હોવાથી હિંમતથી નોકરી કરવા માંડી, એમાં કમનસીબે બેએક પ્રેમપ્રકરણ નિષ્ફળ ગયાં... પરિણામે સમાજમાં 'વંઠેલી' તરીકે વગોવાઈ. પણ એને પક્ષે ય કાંઈક કહેવાનું હતું; તે નિંદા ને તિરસ્કાર અળગાં કરી સાંભળીએ:

"હું શું કરું? મારે કમાવું પડે છે, બહાર ફરવું પડે છે. અનેક પુરુષો મારા સંપર્કમાં આવે છે. ને ખોટું નહિ કહું, હું ય યોગ્ય પુરુષની શોધમાં જ છું; કારણ કે સામાન્યતઃ પુરુષના સહારા વગર સ્ત્રી જીવી શકતી નથી. આવડા મોટા જગતમાં કોઈ 'મારું' હોય, મને પ્રેમ કરતું હોય, મને ઝંખતું હોય, એવી વ્યક્તિ માટે સદા ય ઝૂરું છું. પુરુષો મને ઘણા મળ્યા. મારે તો સીધા માર્ગે જવું હતું, પરણીને સુંદર ઘર વસાવી બેસવું હતું. પણ... દરેક પુરુષ સ્વાર્થ સંતોષી, ખુશામત કરી, વચન આપી, પછી દૂર ચાલ્યો જાય છે. હું સાચું કહું છું. પત્ની બનવા, ઘર વસાવવાની મહત્ત્વાકાંક્ષાથી જ હું પુરુષ તરફ આંખ માંડું છું; પણ મારું એ કમનસીબ છે, કે પછી પુરુષોની જાત જ એવી છે, કે કોઈ ને કોઈ બહાને તેઓ છેવટે મને છોડી જાય છે.

મેં એવો તે શો અપરાધ કર્યો છે કે મારા જીવનમાં કુટુંબસુખ ન હોય? એક બાજુ પુરુષો જ સ્ત્રી-કેળવણી માટે બૂમાબૂમ કરી રહ્યા છે ને બીજી બાજુ એની એ જ પુરુષજાત, ભણીગણીને નોકરી કરતી સ્ત્રી પ્રત્યે હલકી નજરે જુએ છે! એને લગ્ન માટે લાયક ગણતા નથી!

પેટ ભરીને ખાવું, મોજશોખથી ફરવું, બંધન વગર જવું-આવવું, એટલાથી સ્ત્રીને સુખ નથી લાગતું. એને હૂંફ મળે એવું એનું પોતાનું માણસ હોય, ઘર હોય અને બાળકો ય હોય, એવી ઝંખના એને યોગ્ય કાળે જાગે જ. પણ એને ખબર નથી કે એની એક એક નિષ્ફળતા એને લગ્નને માટે વધુ ને વધુ અયોગ્ય ઠરાવતી જાય છે."

(ગુજરાતમિત્ર) —સરોજબહેન પાઠક

મીણ વડે માકડમાંથી મુક્તિ

માકડના ઉપદ્રવથી સૌકોઈ જાણકાર છે. સુઘડતા, સાફસૂફી અને કાળજીના અભાવે એ પેદા થાય છે. કોઈ વાર પાડોશીના ઘરની કે બહારથી આવેલાં બિસ્તરા-પોટલાં વગેરેની પણ એ ભેટ હોય છે. એક વાર ઉત્પન્ન થયા પછી એને કાઢવા મુશ્કેલ છે. થોડાનો નાશ કરીએ, ત્યાં અનેક ઉત્પન્ન થાય છે. એનો વંશવેલો ખૂટતો નથી. એની આ અખૂટતાનું કારણ એનાં ઈંડાં છે. ઉપસ્કરોની ઝીણી તીરાડો ને ભીંતની ચીરાડો વગેરેમાંથી તેનાં ઇંડાનો આમૂલ નાશ કરવાથી જ માકડથી મુક્ત થવાય.

એક શેર કોપરેલમાં અધોળ મીણ નાખી, ગરમ કરી, બંને એકરસ થયા પછી ચૂલા પરથી ઉતારી જરા ઠરવા દેવું. તેમાં નવટાંક ટર્પેન્ટાઇન મેળવવું. આ દ્રાવણ ખાટલા, બારણાં, બારસાખ, ટેબલ આદિ બધે જ તથા તીરાડોમાં સીંચવું. મીણની ચીકાશને લીધે ઇંડાં તેમાં ચોંટી જશે, ટર્પેન્ટાઇન તેનો નાશ કરશે. સુકાઇને ફોતરીઓ નીકળશે. ભીંતો માટે સાબુ ને ચૂનાનું પાણી સીંચવું. ખાડા ધોળી નાખવા.

(સંસ્કારલક્ષ્મી) —ચુનીલાલ ડી. વ્યાસ

ખારો શીરો

સામગ્રી: ાા શેર સોજી; સાથે તેના પ્રમાણમાં આદુ, મરચાં, કોથમીર, દહીં, મીઠું, અડદના દાણા, કાજુ અને મીઠા લીમડાનાં પાન.

રીત: કડાઈમાં તેલ મૂકી, અડદના દાણાનો વઘાર કરી સોજીને શેકાવા દેવી. બરાબર શેકાઈ ગયા બાદ તેમાં જો એક વાટકી લોટ હોય તો બે વાટકીને હિસાબે પાણી નાખવું. પછી ઉપરનો મસાલો નાખવો. શીરા જેવું થાય એટલે ઉતારી લેવું અને તેના ઉપર કોપરાનું ખમણ ભભરાવવું. આ વાનગી અચાનક આવી ચડેલા મુલાકાતીને ચા સાથે નાસ્તામાં આપી શકાય છે. —શોભનાબેન પરીખ



મોટી પેપરક્લિપનો બહારનો છેડો આ રીતે કાટખૂણે વાળી દઇ એમાં ટચૂકડી ચાવીઓ સાચવી શકાશે. વધુ વપરાતી ચાવી ઓછી વપરાતી ચાવીઓથી અલગ તારવીને રાખવાથી વધુ સવલત રહેશે.

આ અંકનું મુખચિત્ર

માછીમાર

કુ. કોકિલાબહેન દેસાઇએ કપડા ઉપર, જાવાનીઝ બાતિકની પદ્ધતિએ કરેલા આ ચિત્રમાં દરિયાકાંઠે ત્રણ મત્સ્ય-કન્યાઓ અને એક માછીમાર નિત્યક્રમ પ્રમાણે કામ કરતાં દર્શાવ્યાં છે. ચિત્રાલેખનની વિશિષ્ટતા, એમણે જે સાદા ભૌમિતિક આકારોની ગૂંથણી વડે ઇજિપ્તની અસરવાળી માનવકૃતિઓ વગેરે સર્જ્યો છે તેમાં અને બાતિકકામને લીધે કાપડમાં પડેલી તિરાડો ચિત્રાલેખનની એ શૈલી સાથે જે મેળ લઈ તેને જોરદાર બનાવે છે. ટોપલા, જાળી પર માછલીઓની માંડણી, કઠેડો અને પાછળ દરિયામાં ડોલતી પડેલી હોડીએ એ બધાંનો રેખાવિન્યાસ એક શોભનાત્મક સપ્રમાણ સંયોજન રચે છે.

દાદીમાની ડાયરીમાંથી

['ગુજરાત સમાચાર'માં આવતી 'ઘરઘરની જ્યોત' નામની લોકપ્રિય કટારોમાં શ્રી વિનોદિની નીલકંઠ પોતાનાં માતુશ્રી વિદ્યાબહેનની ડાયરીમાંથી ગૃહઉપયોગી ને અનુભૂત ટુચકા-નુસખા આપતાં આવ્યાં છે. તેમાંથી—]

માથાનું ધુપેલ

મીઠું તલનું તેલ અગર કોપરેલ ૧૦ રતલ, વેરણના વાળા ૦। રતલ, સુખડનો વ્હેર ૦॥ રતલ, મળિયાગરનાં છોડાં ૦। રતલ, અગરનાં છોડાં ૦। રતલ, ગુલાબનાં સૂકાં ફૂલ ૦। રતલ, કપૂરકાચલી ૦। રતલ, પડોપાંદડી ૦। રતલ, કપૂરની એક ગોટી, એલચી ૧ તોલો, ઘઉંલા નખલા, તેલીઓ દેવદાર, તથા છડીલો બે આનાનો (દાદીમાની ડાયરીમાં તો બબ્બે પૈસાનો લખ્યો છે!) ઉપલેટ અધોળ, સીસમનાં છોડાં નવટાંક, આમળાં ૦॥ રતલ. (આ યાદીમાંની કેટલીક ચીજો કદાચ અત્યારે બજારમાં અપ્રાપ્ય હોય તો તે વગર ચલાવી લેવું.)

કપૂર તથા ગુલાબનાં ફૂલ સિવાય બધી વસ્તુઓ સાફ કરીને ખાંડી, થોડા પાણીમાં એક રાત કરમોડેલી રહેવા દેવી. બીજે દિવસે તેને તેલમાં નાંખી ઊકળવા દેવું. ઊકળી રહ્યે પાણીનો ભાગ મુદ્દલ ન વર્તાય ત્યારે ઝીણા કપડાથી ગાળી લેવું. ગાળેલા તેલમાં કપૂર તથા ગુલાબનાં ફૂલનો ભૂકો નાખી ફરી જરા ઉકાળીને ફરી ગાળી લેવું. આ તેલમાં મેંદીનાં પાન તથા દૂધીનું છીણ પણ નાખી શકાય.

આ દેશમાં સર્વત્ર થતા આ ફળના ઘણા ગુણધર્મો અને ઔષધીય પ્રયોગો આપણા પ્રાચીનોએ બતાવ્યા છે. નાનાં જાંબુનાં સંસ્કૃત નામોમાં ભાવમિશ્રે 'જલજમ્બુકા' નામનો પણ ઉલ્લેખ કર્યો છે. જાંબુનાં ઝાડ ઘણે ભાગે સરોવરની પાળે, તળાવડીના કાંઠે કે નદીતટો પર જોવા મળે છે. નદીતટે થતાં હોઈ સંસ્કૃતમાં એને 'નાદેયી' પણ કહે છે. નાનાં જાંબુ ગ્રાહી, રુક્ષ, તથા કફ, પિત્ત, રક્તવિકાર અને દાહનો નાશ કરનાર છે. (ભાવપ્રકાશ)

અતિસાર

અતિસાર એટલે ઝાડા. આ રોગમાં અતિ પ્રમાણમાં અને અતિવાર મળનું સરણ થતું હોઈ એને અતિસાર કહે છે. જાંબુ ગ્રાહી છે. પાતળા મળને જે બાંધે તે ગ્રાહી. અતિસારમાં જાંબુનો ઘણી રીતે ઉપયોગ થઇ શકે છે. વિસ્તારભયે અહીં એકબે રીતો જ જોઇએ: જાંબુનાં કોમળ પાંદડાનો રસ એક તોલો કાઢી, મધ મેળવી દિવસમાં ત્રણ વખત પીવા આપવો. અથવા જાંબુ તથા આંબાની છાલ બબ્બે તોલા લઇ એનો કાઢો બનાવી દિવસમાં ત્રણ વાર પીવો. ક્વાથમાં પીતી વખતે ધાણાજીરુંનું ચૂર્ણ ચપટી મેળવી દેવું. સગર્ભા સ્ત્રીના અતિસારમાં પણ આ ક્વાથનું સેવન લાભદાયી છે.

લોહીના ઝાડા

જાંબુ લોહીના વિકારને દૂર કરનાર તથા પિત્તનું શમન કરનાર હોઇ લોહીના ઝાડામાં પણ જાંબુનો ઉપયોગ લાભદાયી છે. એક તોલા જાંબુની છાલનું ચૂર્ણ બકરી કે ગાયના ૨૦ તોલા દૂધમાં નાખી, દૂધમાં ૨૦ તોલા પાણી નાખી ઉકાળવું. પાણીનો ભાગ બળી જાય એટલે ઉતારી ગાળી લેવું અને ઠંડું થયા પછી સાકર મેળવીને પી જવું. રોગીની ઉમર, બળ વગેરેનો વિચાર કરી પ્રમાણ ઓછુંવધતું કરી શકાય.

પિત્તની ઊલટી

જાંબુ પિત્તશામક છે. ચરકે ઊલટીને અટકાવનાર દ્રવ્યોમાં જાંબુનાં પાંદડાંનો ઉલ્લેખ કરીને એક પ્રયોગ આપ્યો છે. જાંબુ અને આંબાનાં બે તોલા કૂમળાં પાંદડાંને અધકચરાં ખાંડી ૩૨ તોલા પાણીમાં ઉકાળવાં. આઠમા ભાગનું પાણી બાકી રહે એટલે ઉતારી લેવું. ઠંડું થયા પછી ગાળીને મધ મેળવી પીવું.

પ્રમેહ

જાંબુના ઠળિયા મધુમેહ (મીઠી પેશાબ)નું ઉત્તમ ઔષધ છે એ વાત હવે ઘણી જાણીતી છે, ને ચિકિત્સકો જાંબુની વિવિધ બનાવટોને ડાયાબિટિસમાં વાપરતા થયા છે. જાંબુ કફનાશક અને રુક્ષ છે. પ્રમેહમાં મુખ્ય દોષ કફ હોય છે. જાંબુ રુક્ષતાથી કફનો નાશ કરે છે. પ્રમેહમાં મૂત્રનું પ્રમાણ વધી જાય છે, કેમકે શરીરના ક્લેદનું મૂત્રમાં પરિવર્તન થતું હોય છે. 'પ્ર' એટલે પુષ્કળ, ને 'મેહ' એટલે મૂત્ર. આચાર્ય ચરકે સ્પષ્ટ રીતે જાંબુને મૂત્રનું સંગ્રહણ કરનાર (રોકનાર) કહ્યા છે; એટલે પ્રમેહમાં જાંબુની ઉપયોગિતા સમજાઇ જશે. જાંબુના ઠળિયાના ૦। તોલો ચૂર્ણના ત્રણભાગ કરી મધ સાથે દિવસમાં ત્રણ વખત સેવન કરવું.

એક વાતનો નિર્દેશ કરવો જરૂરી છે. ચરકે જાંબુને વાયુની ઉત્પત્તિ કરનાર પદાર્થોમાં સર્વશ્રેષ્ઠ કહ્યા છે; એટલે જાંબુનો અતિ ઉપયોગ કરનારને વાયુની વૃદ્ધિ, અગ્નિમાંદ્ય, અરુચિ વગેરેનો ભોગ થવું પડે છે. આથી ડાયાબિટિસના દર્દી જાંબુનો બેશુમાર ઉપયોગ કરે તો ઘણો ગેરલાભ થાય છે. વળી વાતજન્ય પ્રમેહમાં અને વાયુની પ્રકૃતિવાળા રોગીમાં પણ જાંબુનો ઉપયોગ વિચારપૂર્વક થવો જોઇએ.

ચોમાસામાં વાયુનો પ્રકોપ થાય છે. ઉનાળો પૂરો થતાં જાંબુ વેચાવાં શરૂ થાય છે. આથી જાંબુને ફળ તરીકે ખાનારે જમ્યા પહેલાં જાંબુનો ઉપયોગ કરવો નહિ; બપોરે જ કરવો. વાયુની પ્રકૃતિવાળા તથા જેમને અવારનવાર વાયુના રોગો થઈ આવતા હોય એમણે જાંબુનો ઉપયોગ નહિવત્ કરવો.

લાભશંકર ઠાકર



ખામીવાળાં ફર્નિચર અગવડકર્તા બનીને શરીરને પણ નુકસાન કરે છે તે દર્શાવતું બીજું ઉદાહરણ: ડાબી બાજુની આરામ ખુરશીની બેસણી વધારે પડતી લાંબી હોવાથી બેઠક જમાવવા જતાં પગની પિંડીને નડે છે; પરિણામે કમર અને માથું આરામથી નહિ ગોઠવાતાં અદ્ધર રહે છે, જે જતે દહાડે દુખાવામાં પરિણમે; વળી તેના હાથા પણ વધુ પડતા ઊંચા છે. જમણી બાજુની ખુરશીમાં એ ખામીઓ ન હોવાથી બેઠક સંપૂર્ણ આરામથી જમાવી શકાઈ છે.





એક નાનકડું ન જેવું ભલે નિર્ઝર છીએ,
દિલ છલી જાય છે ત્યારે તો સમંદર છીએ.
દોસ્ત, ખુશ્બોમાં નથી ઓછા અમે ફૂલોથી,
ધૂમડું છીએ છતાં આગલું અત્તર છીએ.
આપ માનો છો નથી એવા અમે કંઈ મુફલિસ,
આવતી કાલના જીવનનું મુકદ્દર છીએ.–ગાફિલ

પુરાવસ્તુવિદ્ ડૉ. પરમેશ્વરીલાલ ગુપ્ત

નિરન્તર વિદ્યાસાધક અને સતત અભ્યાસશીલ વૃત્તિ દાખવનાર તથા આચારવિચારમાં સન્નિષ્ઠ નિખાલસ ને નિરભિમાની, મુંબાઇના પ્રિન્સ ઑાવ વેલ્સ મ્યૂઝિયમના વિદ્વાન સિક્કાશાસ્ત્રી અને પુરાવસ્તુવિદ્ ડૉ. પરમેશ્વરીલાલ ગુપ્તને આજે આપણે જોઇએ તો ખયાલ પણ ન આવે કે આ શાંત, સૌમ્ય અને ધીર પ્રકૃતિનો માણસ એક કાળે (ઈ. ૧૯૩૦માં) સ્વાતંત્ર્યયુદ્ધનો એક ઉદ્રેકભર્યો સેનાની હશે!

એમનો જન્મ ઉત્તરપ્રદેશના આઝમગઢના એક ઉચ્ચ અગ્રવાલ કુટુંબના ધારાશાસ્ત્રી ને વેપારી શ્રી ગોપાલદાસને ઘેર થયો. સમજણા થયા ત્યારથી જ એમણે મનમાં એક દૃઢ સંકલ્પ કરી લીધો કે બાપીકી પૂંજી કે પ્રતિષ્ઠા પર પોતાની જિંદગી ગાળવી નહિ. આ સંકલ્પને એમણે આજીવન પાળ્યો છે. આજે એમણે જે કંઈ સિદ્ધિ કે પ્રતિષ્ઠા મેળવી છે એ એમના પોતાના સતત અધ્યયન અને સન્નિષ્ઠ સાધનાને જ આભારી છે.

ઈ. ૧૯૩૦માં તેઓ આઠમા ધોરણમાં હતા એ અરસામાં સરકારે સત્યાગ્રહ આંદોલન અંગે પંડિત જવાહરલાલની ધરપકડ કરી. એના વિરોધમાં એમણે શાળામાં હડતાળ પડાવી અને પરિણામે એમને શાળામાંથી બરતરફી મળી. પણ આ વાત એમને માટે ઇષ્ટાપત્તિ રૂપ બની. એમણે અભ્યાસ છોડી સ્વાતંત્ર્યયુદ્ધમાં ઝંપલાવ્યું અને કારાવાસ ભોગવ્યો. શ્રી નેહરુએ આ રત્નને પારખ્યું અને એમની કર્મઠ વૃત્તિને પરિણામે જિલ્લા કૉંગ્રેસ સમિતિનું સુકાન સોંપ્યું. ઈ. ૧૯૩૦ થી ૧૯૪૨નાં વરસો દરમિયાન એમણે અનેક વાર જેલ ભોગવી.

ત્યાર બાદ ઈ. ૧૯૪૩માં બનારસના રાષ્ટ્રીય હિંદી અખબાર 'આજ'માં તેઓ જોડાયા અને પછી તરત જ પોતાનો અધૂરો રહેલો અભ્યાસ ફરી શરૂ કર્યો. શાળાનો અભ્યાસ પૂરો કરી તેઓ કૉલેજમાં ગયા અને પ્રથમ વર્ગમાં પ્રથમ આવી એમ. એ. થયા.




બીજી બાજુ પત્રકારત્વક્ષેત્રે પણ એમણે પ્રશંસનીય સિદ્ધિ પ્રાપ્ત કરી લીધી. 'આજ'ના તેઓ સહતંત્રી બન્યા; અને ઈ. ૧૯૪૮માં ઉત્તર પ્રદેશની સરકારે નીમેલી એક તપાસ સમિતિના તેઓ સભ્ય પણ થયા હતા.

પ્રાચીન ભારતીય ઇતિહાસ તથા સંસ્કૃતિના વિષયો લઈ એમણે એમ.એ.ની ઉપાધિ પ્રાપ્ત કરી અને બનારસ હિંદુ યુનિવર્સિટી મ્યૂઝિયમના પુરાતત્ત્વ ખાતાના આસિ. ક્યૂરેટર બન્યા. ત્યાંથી ઇ. ૧૯૫૫માં મુંબાઇના પ્રિન્સ ઑાવ વેલ્સ મ્યૂઝિયમના પુરાવસ્તુ વિભાગના ક્યૂરેટર થઇને આવ્યા. આ સમય દરમિયાન એમણે પ્રાચીન ભારતીય કલા ને સંસ્કૃતિ અંગે મહાનિબંધ લખી ડૉકટરેટ મેળવ્યું.

આજે એમને કોઈ પૂછે કે 'રાજકારણ છોડી

સીલ




સીલ એ ધ્રુવપ્રદેશોનાં સસ્તન માંસાહારી જળચર પ્રાણીઓ છે. એની એક જાત તે ગયા અંકમાં આવી ગએલું 'વૉલરસ' બીજી સી-લાયન (જલ કેસરી–જુઓ ઉપર)'સી-બેર' (જલ રીંછ–નીચે) વગેરે ઉપરાંત 'ખરાં' સીલ (કાન વિનાનાં)ની પણ કેટલીક જાતો છે. જેમના પાછલા પગ ને પૂછડી મૂળમાંથી જોડાએલાં હોઈ જમીન પર ચાલવાના કામનાં નથી.

સી-લાયન અને સી બેર જલચર હોવા છતાં પોતાનાં પાછલાં ફ્લિપર (હલેસાં જેવા પગ)ને આગળ વાળી જમીન પર ચાલી શકે છે. સી-લાયન કદમાં ૧૨ થી ૧૩ ફૂટનાં હોય છે. સી બેર એથી નાનાં પણ એમનાં શરીર પરની રુવાંટી વધુ ગીચ ને રુંવાળી હોઈ એમનો શિકાર વધુ થાય છે.

વસંતઋતુ આવતાં લગભગ બધાં સીલ અમુક ચોક્કસ સ્થળે પ્રજનન અર્થે એકઠાં થાય છે. પ્રથમ નર એ સ્થાને પહોંચી જઇને અનુકૂળ સ્થાન શોધી રાખે છે. મોડા આવનારા નર સીલ સારી જગ્યા પચાવી બેઠેલા નર જોડે લડીને એ જગ્યા પડાવી લેવા મથે છે. છેલ્લે જ્યારે માદા સીલનાં ટોળાં આવે છે ત્યારે પણ પોતાને માટે વધુમાં વધુ માદા મેળવવા સારુ પણ નર-સીલ અંદરોઅંદર લડે છે. દરેક નર પંદર સત્તર માદાનો ઝનાનો રાખે છે. અને પછી એ ઝનાનાની ચોકી પાછળ એ ખાવા પણ નવરો પડતો નથી. આથી શરૂઆતમાં તગડા લાગતા નરની ચરબી ઋતુ પૂરી થતાંમાં તો ઘટી જઈને એ સાવ દૂબળો પડી જાય છે.

માદા જમીન પર જ એક બચ્ચાને જન્મ આપે છે. નવજાત બચ્ચું ત્રણથી ચાર રતલનું ને મોટેભાગે સફેદ હોય છે.



આ ક્ષેત્રે કાં આવ્યા?' તો એ જવાબ આપે કે 'સ્વાતંત્ર્યયુદ્ધનો હેતુ ભારતની સ્વતંત્રતા પ્રાપ્ત કરવાનો હતો, જે હવે સર થયો છે. એક સૈનિક તરીકે મેં મારી ફરજ પૂરી કરી છે. હવે ત્યાં મારી જરૂર નથી.'

મુદ્રાતત્ત્વવેત્તા તરીકે એમણે દાખવેલી પ્રશંસનીય કામગીરીની કદર તરીકે ભારતની ન્યુમિસ્મૅટિક સોસાએટીએ એમને ઇ. ૧૯૫૨માં ચક્રવિક્રમ ચંદ્રક અર્પણ કર્યો, ને એ જ વર્ષે બનારસની નાગરી પ્રચારિણી સભાએ પણ એમની 'ભારતીય વાસ્તુકલા' (હિંદી) કૃતિ માટે હીરાલાલ સુવર્ણચંદ્રક એનાયત કર્યો. આ જ કૃતિને અગાઉ ઉત્તર પ્રદેશની સરકારે પારિતોષિક આપ્યું હતું.

એમની આવી પ્રશંસનીય સંશોધનશક્તિ ને સિક્કાશાસ્ત્રના વિશેષ જ્ઞાનની જાણ થતાં લંડનના બ્રિટિશ મ્યૂઝિયમે એમને પોતાના મુદ્રાતત્ત્વ (સિક્કા) વિભાગમાં થોડો સમય એમની સેવા આપવા નિમંત્રણ આપ્યું. ત્યાં પણ એમણે પોતાની બુદ્ધિમત્તાનો સારો પરિચય કરાવ્યો ને લંડનની રૉયલ સોસાએટી ઑવ ન્યુમિસ્મૅટિસ્ટ્સ તરફથી ડિપ્લોમા મેળવ્યો. આ ઉપરાંત લંડનની રૉયલ સોસાએટીના માનાર્હ સભ્યપદનું તથા ઑસ્ટ્રેલિયાની મુદ્રાતત્ત્વ પરિષદમાં એશિયાના પ્રતિનિધિ તરીકે એમણે મેળવેલું માન ભારત માટે એક ગૌરવનો વિષય છે.

ઐતિહાસિક સંશોધનક્ષેત્રે એમની મહાન દેણગી તો છે એમણે આજ સુધી અજ્ઞાત શા રહેલા ગુપ્ત રાજા રામગુપ્તના ત્રાંબાના સિક્કાની કરેલી શોધ. અત્યાર સુધી રાજા રામગુપ્ત એ માત્ર કવિ વિશાખદત્ત રચિત 'દેવી ચન્દ્રગુપ્તમ્' નાટકમાં પાત્ર તરીકે જ ઉલ્લેખાયો હતો અને તેના અસ્તિત્વને ઐતિહાસિક આધાર ન હતો. ડૉ. ગુપ્તની આ શોધે એ આધાર સાબિત કર્યો, એ જ રીતે એમણે કેમ્બ્રિજમાંની એક હસ્ત પ્રતમાંનાં ગોરખપુરમાં ચીતરાએલાં ૨૪ ચિત્રો શોધીને સાબિત કર્યું કે ભારતીય ચિત્રકળામાં પૂર્વભારતીય શૈલી એક જુદી જ હતી.

આ ઉપરાંત એમણે એક સાંસ્કૃતિક 'ચોરી' પણ પકડી છે. યુરોપની પોતાની સફર વેળા એમણે આપણા મથુરાના મ્યૂઝિયમમાંથી ચોરાઈ ગએલી એક મહામૂલી બુદ્ધ-મૂર્તિનો ફોટોગ્રાફ પશ્ચિમ બર્લિનના એક મ્યૂઝિયમમા જોયો! એ મ્યૂઝિયમને એ મૂર્તિ વેચવાનો પ્રસ્તાવ આવેલો, પણ નકારાએલો. હાલ એ મૂર્તિ સ્વિટ્ઝર્લૅન્ડના એક ખાનગી સંગ્રહમાં છે. સ્વદેશ આવીને એમણે તરત આ ખબર ઉત્તર પ્રદેશની સરકારને આપ્યા અને તે અંગેની તપાસ ચાલુ છે.

ગયા માસમાં ડૉ. ગુપ્તની નિમણૂક બિહારના પટણા મ્યૂઝિયમના મુખ્ય ક્યૂરેટર તરીકે થતાં તેઓ ત્યા ગયા છે.

એમણે લખેલા મુખ્ય પુસ્તકોમાં 'અપરાધ ઔર દંડ', 'ભારતીય વાસ્તુકલા', 'પુરાતત્ત્વપરિચય', 'હમારે દેશ કે સિક્કે', (એ પુસ્તિકાના પરિચય માટે જુઓ આ અંકનો 'સાહિત્યસંપર્ક' વિભાગ) 'પ્રસાદ કે નાટક', 'બંદી કી કલ્પના' વગેરે ગણાવી શકાય. મૌલાના દાઉદ કૃત 'ચંદામાન'ના એમના સંપાદનમાં એમની ઊંડી સંશોધનવૃત્તિ તથા સાહિત્યિક રસજ્ઞતાનો સુંદર પરિચય થાય છે.

અણુ-ઘડિયાળ વિષે વધુ

તાજેતરમાં અણુ ઘડિયાળો ('કુમાર' અંક ૪૬૧માં આવેલા લેખના અનુસંધાનમા) વિષે કેટલુંક વિશેષ જાણવા મળ્યું છે.

નૉઈશાતેલમાં આવેલી સ્વિસ વૉચ રીસર્ચ લૅબૉરેટરીમાં એક એવું અણુ-ઘડિયાળ બનાવવામાં આવ્યું છે જેમાં સમયગણતરીમાં સત્તાવીસ હજાર વર્ષે એક સેકંડથી પણ ઓછો ફરક પડે.

અણુ ઘડિયાળો અણુઓમાંના નિયમિત ને અવિરત સ્પન્દોના આધાર પર રચાય છે. થૅલિયમ, સીસિયમ અને રૂબિડિયમ નામનાં રાસાયનિક દ્રવ્યોના અણુઓ દર સેકંડે અનેક અબજ સ્પન્દોની ગતિથી કંપિત બને છે. આપણાં સૌથી વધુ ચોક્કસ સમય આપતાં ઘડિયાળોની ઉપર આ અણુઓ અંકુશ રાખે છે.

થૅલિયમ એક મુલાયમ, સફેદ અને સીસા જેવું દેખાતું દ્રવ્ય છે. અને નવા સ્વિસ ઘડિયાળમાં એના અણુઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે. એ એક વિચિત્ર વાત છે કે આ દ્રવ્યનો બીજો એકમાત્ર ઉપયોગ ઉંદરો મારવા માટેનું ઝેર બનાવવામાં થાય છે. સીસિયમ અને રૂબિડિયમના અણુઓ અથવા ઍમોનિયાના રેણુઓ (મૉલેક્યુલ) વાળાં બીજાં અણુ ઘડિયાળો કરતાં સ્વિસ પ્રયોગશાળાનું આ થૅલિયમનું ઘડિયાળ ઘણું વધારે ચોક્કસ સમય આપે છે.

આ અણુ-ઘડિયાળોની સમય માપવાની રીત તો બીજાં સામાન્ય કાળમાપનનાં સાધનોના જેવી જ છે, પણ તેઓ બીજાં કોઈ પણ સાધન કરતાં વધુ ખાતરીમય઼ાં છે. બીજાં સાધનો બરાબર સમય આપે છે કે નહિ તે નક્કી કરવા માટે તેમને પૃથ્વીની ચોવીસ કલાકની દૈનિક પરિભ્રમણગતિ સાથે સરખાવવામા આવે છે. વેધશાળાઓમાં આ દૈનિક ગતિની નોંધ અમુક નક્કી કરાએલો તારો પૃથ્વી પરના અમુક બિંદુ પરથી ક્યારે પસાર થાય છે તેના ઉપરથી કરવામાં આવે છે. પણ પૃથ્વીનો પરિભ્રમણ-સમય બરાબર ચોવીસ કલાકનો નથી. કોઈ હજી સુધી અજ્ઞાત રહેલાં કારણોને લીધે એમાં નહિ જેવો તફાવત પડે છે. આને પરિણામે વખતની ગણતરીમાં ૨૩૧ દિવસે એક સેકંડ જેટલી ભૂલ ઊભી થવા પામે છે. આમ તો આ અનિયમિતતા ખૂબ જ નાની છે, પણ વિજ્ઞાનની નજરે એ ઘણી અગત્યની બની જાય છે. પરંતુ અણુ પૃથ્વી કરતાં વધુ નિયમિત ગતિથી સ્પન્દો ઉત્પન્ન કરે છે અને તેથી પૃથ્વી કરતાં એ વધુ ભરોસાપાત્ર ઘડિયાળ બને છે.

દરેક અણુ અથવા રેણુની સ્પંદિત થવાની રીતનો આધાર એના ઘડતર પર છે. દાખલા તરીકે, ઍમોનિયાના રેણુમાં ચાર અણુઓ છે અને તેઓ ત્રણ બાજુઓવાળા પિરામિડના આકારમાં ગોઠવાએલા હોય છે. આ પિરામિડના પાયાના દરેક ખૂણામાં એક-એક એમ ત્રણ હાઇડ્રોજન-અણુઓ છે અને એની ટોચ પર એક નાઇટ્રોજન-અણુ છે. એવી કલ્પના કરી શકાય કે આ નાઇટ્રોજન-અણુ પાયામાં રહેલા ત્રણ હાઈડ્રોજન-અણુઓ સાથે શક્તિના 'ઇલૅસ્ટિક (રબ્બરની જેમ ખેંચી શકાય એવા) પટાઓ'થી જોડાએલો છે. જો રેડિયો-તરંગોના રૂપની શક્તિ ઍમોનિયાના રેણુ પર ચલાવવામાં આવે તો હાઇડ્રોજન-અણુઓના ત્રિકોણમાં થઇને નાઇટ્રોજન અણુ આમથી તેમ દર સેકંડે ત્રેવીસ અબજ સત્યાશી કરોડ (૨૩,૮૭,૦૦,૦૦,૦૦૦) વખત સ્પંદિત બને છે. ઍમોનિયા-ઘડિયાળનો આ ટિક્-ટિક્ અવાજ છે.

ઍમોનિયા-ઘડિયાળની અંદર એક લાંબી ચક્રાકાર (spiral) નળીમાં રહેલો ઍમોનિયા ગૅસ રેણુઓ પૂરા પાડે છે. નળીના એક છેડાને રેડિયો-તરંગોથી ઉત્તેજિત બનાવવામાં આવતાં આ રેણુઓ ગતિમાન થાય છે. સીસિયમ-ઘડિયાળમાં વપરાતી સીસિયમ ધાતુ સામાન્ય તાપમાનમાં ચાંદી જેવી એક પ્રવાહી ધાતુ છે. આ ઘડિયાળના અણુઓ દર સેકંડે બરાબર નવ અબજ એ ગણીસ કરોડ વીસ લાખ વખત સ્પંદિત બને છે અને એ ઘડિયાળમાં દર ત્રણસો વર્ષમાં બહુમાં બહુ તો એક સેકંડનો જ ફરક પડવાની શક્યતા છે.

દેખીતી રીતે તો આટલી બધી ચોકસાઈથી સમયની ગણતરી કરવાનું અર્થહીન લાગે છે, પણ આજનાં વૈજ્ઞાનિક સંશોધનોમાં આવું ચોક્કસ કાળમાપ ખૂબ જ અગત્યનું છે. સેકંડના કરોડોમા ભાગમા કાળગણતરી કરવી પડે એવા ઘણા પ્રસંગો વિજ્ઞાનના ક્ષેત્રમાં ઊભા થાય છે. ખાસ કરીને અવકાશયાત્રાની બાબતમાં તે અનિવાર્ય જ છે. (અંગ્રેજી ઉપરથી)

–રજનીકાન્ત મેંદી

સાંકેતિક લિપિઓ-૩] · · · · · **ઔષધપલ્લવી** · · · · · [સુશીલા આર. પટેલ

પ્રિય બહેન,

તમે અમદાવાદથી થોડા દિવસમાં પાછાં ફરવાનાં છો તો જ્યારે વીરમગામ આવો ત્યારે નીચે જણાવેલી વસ્તુઓ જરૂર લેતાં આવશો :

કેસર તોલો-૧, વાલ-૫
પિસ્તાં તોલા-૫, વાલ-૨
યોગરાજ ગૂગળ તોલા-૨, વાલ-૧.

આ વસ્તુઓ રાયપુર ચકલામાં મળે છે.

લિ. સુશીલા પટેલ

તદ્દન સાદોસીધો જણાતો આ પત્ર ઔષધ–પલ્લવીની સાંકેતિક ભાષામાં 'કુમાર' સૂચન કરે છે.

ખુલાસો; 'કેસર' શબ્દ 'ક' વર્ગ જણાવે છે, તોલાનો અંક તે વર્ગનો કેટલામો અક્ષર છે તે જણાવે છે (૧ તોલો છે માટે પહેલો અક્ષર 'ક' થયો), વાલનો અંક સ્વર જણાવે છે. ('ઉ' પાંચમો સ્વર છે તેથી ક+ઉ=કુ). આમ 'કેસર તોલો-૧ વાલ-૫'નો સંકેત 'કુ' થયો.

'પિસ્તા' શબ્દ પ વર્ગ જણાવે છે, પ તોલા એ 'પ' વર્ગનો પાંચમો અક્ષર 'મ' દાખવે છે, અને '૨' વાલ એ 'આ' સ્વર ઉમેરવાનું સૂચવે છે; એટલે 'પિસ્તા' તોલા-૫ વાલ-૨'નો સંકેત 'મા' થયો.

આ જ રીતે 'યોગરાજ ગૂગળ' શબ્દથી 'ય' વર્ગ, તોલા-૨ તે વર્ગનો બીજો અક્ષર 'ર', અને વાલ-૧ પહેલો સ્વર જણાવે છે, તેથી 'યોગરાજ ગૂગળ તોલા-૨ વાલ-૧'નો સંકેત 'ર' થયો. આમ, બાહ્ય રીતે તો ઓષધિઓ મંગાવી હોય તેવું જણાય છે, પણ ખરી રીતે 'કુમાર'નું સાંકેતિક સૂચન છે.

ઔષધ-પલ્લવીની આ રચના કોઇ આયુર્વેદાચાર્યે કરી હશે તેમ લાગે છે. સંસ્કૃત ભાષામાં 'અ ક ચ ટ ત પ ય શ' એ આઠ વર્ગો ગણાય છે. ઔષધ-પલ્લવીનું નિર્માણ કરનારે એ વર્ગોના સાંકેતિક શબ્દો માટે અનુક્રમે આઠ ઔષધિઓ સૂચવી છે: અગર, કેસર, ચંદન, ટંકણખાર, તગર, પિસ્તાં, યોગરાજ ગૂગળ, અને શિલાજીત. પણ આ જ નામ લેવાં એવું બંધન ન હોય. 'અ' વર્ગ માટે 'અ' અક્ષરથી શરૂ થતી કોઇ પણ ઓષધિ લઇ શકાય છે; એખરો, આંબલી વગેરે; એ જ રીતે 'ક' વર્ગ માટે કસ્તૂરી, કમળકાકડી વગેરે. આ જ રીતે બીજા વર્ગો માટે.

'અ' વર્ગમાં ૧૬ સ્વરો છે : અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, ઋ, ૠ, ઌ, ૡ, એ, ઐ, ઓ, ઔ, અં, અઃ, અને ૧૬ વાલનો એક ગદિયાણો થાય છે, તેથી સ્વરો માટે વાલનો અંક ઔષધપલ્લવીમાં ઉપયુક્ત રીતે યોજાયો છે.

પણ ઔષધ-પલ્લવીની રચના જોતાં જણાય છે કે તેમાં લાંબા વાક્યોવાળા સંદેશાની રચનાઓ કરવી અસંભવિત છે. એટલે માત્ર થોડા એક શબ્દો કે પૂર્વયોજિત સંકેતમાં ગૂંથી શકાય.

રક્ષાબંધન શા માટે?

ભારતીય સંસ્કૃતિમાં માનવીનો વિચાર એના સર્વાંગ જીવનની દૃષ્ટિએ કરવામાં આવ્યો છે. આપણાં પર્વો પણ આ વિચારનાં પ્રતીકો છે. વિજ્ઞાનની આજની દુનિયામાં માણસ એકેએક પ્રક્રિયાને વિજ્ઞાનની કસોટીએ મૂલવીને જ એનો સ્વીકાર કરે છે. આ દૃષ્ટિએ રક્ષાબંધન વિષે પણ આટલા પ્રશ્નો થાય છે : (૧) 'રક્ષાબંધન' શ્રાવણ સુદ પૂનમના દિવસે જ શા માટે? (૨) રક્ષાબંધન હાથના કાંડા ઉપર જ શા માટે? (૩) બહેન ભાઇને રક્ષાબંધન કરે તેવું શા માટે?

શ્રાવણ માસની પૂનમથી શરદઋતુની શરૂઆત થાય છે. રક્ષાબંધનનું જો કેવળ સાંસ્કારિક–ધાર્મિક મૂલ્યાંકન હોત તો એનો વિચાર ગમે તે પૂનમે કરી શકાત, પણ આ સંસ્કારના મૂલ્ય સાથે એમાં આરોગ્યને પણ સાંકળવામાં આવ્યું છે, અને આથી જ બીજી કોઈ પૂનમને બદલે શ્રાવણ માસની જ પૂનમ ઠરાવવામાં આવી છે.

શ્રાવણ સુદ પૂનમે વર્ષા જાય છે અને વદ એકમથી શરદ બેસે છે. શરદ ઋતુ એ રોગોની માતા છે. આ ઋતુમાં ભેજ, ગરમી, ગંદકી એ ત્રણનો યોગ થઈ જાય છે. ભાદરવાનો શરદનો તડકો પિત્તજ દોષ પેદા કરે છે અને ભેજ મંદાગ્નિ નોતરે છે. જ્યારે ગંદકી જંતુજન્ય વિકૃતિ લાવે છે. આમ આ ત્રિવિધ સ્થિતિમાં આરોગ્યરક્ષા માટે આહાર અને વિહારનાં બંધન સ્વીકારવાં એ વિચારથી શ્રાવણ માસની પૂનમને રક્ષાબંધન તરીકે નક્કી કરવામાં આવી છે.

નાનીમોટી તમામ ક્રિયા માણસ પોતાના હાથ દ્વારા કરે છે, એટલે આવા તમામ પ્રસંગે હાથ ઉપર બાંધેલી રાખડી સતત એક પ્રકારની દીવાદાંડી બને છે. જે વિચાર અને સંકલ્પ સાથે બંધનનો સ્વીકાર કર્યો છે તે સંકલ્પનું સદા સ્મરણ રહે, તેનું બળ તૂટે નહિ, માનવી અનેક પ્રલોભનોવાળી સ્થિતિમાં પણ પોતાના સંકલ્પને છોડે નહિ અને આવા છોડવાના પ્રસંગોએ સહજ રીતે દેખાતી હાથ ઉપરની રાખડી પ્રલોભનોને જીતવામાં પ્રેરકબળ પૂરે એવી એની પાછળની ભાવના છે.

માનવી સમાજમાં સ્ત્રી કેવળ રક્ષણની જ અધિકારી નથી. એ હૂંફ પણ આપી શકે. અને બહેન ભાઇને રાખડી બાંધે તેની પાછળની મહત્ત્વની ભાવના મંગળકારી હૂંફની છે. આ પવિત્રતાના વિચાર સાથે જ માનવીના મનને એક પ્રકારનો ઉલ્લાસ, સ્વસ્થતા ને શાંતિ મળે છે, અને પરિણામે માનસિક શક્તિનો વિકાસ થાય છે.





રક્ષાબંધનનું આ મૂલ્યાંકન છે. રક્ષાબંધનનો વિચાર રક્ષણ માટે, નીરોગિતા માટે, બંધન સ્વીકારવાનો એક જીવંત માર્ગ બતાવી જાય છે.

(જન્મભૂમિ-પ્રવાસી) 'ચિકિત્સક'


માછલીની ગંધશક્તિ

માનવીની ગંધપરખ શક્તિ એ કુદરતની એક અજબ કરામત છે. પણ માણસ કરતાં યે વધુ તીવ્ર ગંધપરખ માછલીની છે. ઈ. ૧૯૪૧માં જર્મન પ્રાણીશાસ્ત્રી પ્રોફેસર ફૉન (વૉન) ફ્રિશે એને વિષે માહિતી મેળવી હતી. નદીની નાની પોકિસ્નસ માછલી પરના પ્રયોગમાં એમણે જોયું કે લાંબા અંતરેથી પણ ગંધ વડે કોઈ પણ વસ્તુની ભાળ એ માછલીઓ મેળવી લેતી હતી. પોતાના ખોરાક કે શિકારને એ ગંધ વડે જ પરખતી હતી. એમાંની કોઇ એક માછલી ઘાયલ થાય તો એના શરીરમાંથી એક વિશિષ્ટ ગંધ પાણીમાં પ્રસરતી, જેને પારખી જઈને એમાંની બીજી માછલીઓ સલામતી માટે દૂર નાસી જતી.

ગીસેન વિદ્યાપીઠના પ્રાણીશાસ્ત્રી પ્રો. ડૉ. હેરલ્ડ ટીકમાને પણ

અમદાવાદના આસ્તોડિયા ચકલામાં આવેલી દસ્તૂરખાનની મસ્જિદની ભીંતોની બેશુમાર આકલ્પનો ધરાવતી જાળીઓનાં બીજાં ચાર ઉદાહરણ









ટિકિટસંગ્રહ

ત્રણ નવી અમેરિકન શતાબ્દી ટિકિટો. પ્રથમ આંતર-રાષ્ટ્રીય ટપાલવ્યવહાર પરિષદની શતાબ્દી નિમિત્તે અમેરિકાએ ગયા મે માસની ૩જી તારીખે એરમેઈલની એક ખાસ ટિકિટ બહાર પાડી છે. ઉપર પહેલી આપેલી એ ટિકિટમાં એ વખતના પોસ્ટમાસ્ટર જનરલ મૉન્ટગૉમેરી બ્લેરને પણ અંકિત કરીને માન આપ્યું છે. એ પરિષદમાં એમણે રજૂ કરેલા વિચારના પાયા ઉપર આજનું 'યુનિવર્સલ પોસ્ટલ યુનિયન' રચાયું છે. એ પછીની ટિકિટ વેસ્ટ વર્જિનિયાને અલગ રાજ્યપદ મળ્યાને સો વર્ષ થયાના નિમિત્તની છે. ગયા જૂનની ૨૦મીએ તે બહાર પડી છે. પ્રેસિડેન્ટ લિંકને ગુલામોને સ્વતંત્ર કરવાનું જે હિંમતભર્યું ને ઐતિહાસિક પગલું લીધું તેની શતાબ્દી નિમિત્તની એ ટિકિટ પર તૂટી જતી સાંકળની કડીનું આલેખન દ્યોતક છે. (યુસિસ) ડાબી બાજુની આ ટિકિટ કેન્યા, યુગાન્ડા અને ટાંગાનિકા (તથા ઝાંઝિબાર)ની કૉલેજોને સાંકળી લેતી 'યુનિવર્સિટી ઑવ ઇસ્ટ આફ્રિકા'નું ગઈ ૨૮મી જૂને ઉદ્ઘાટન થયું એ નિમિત્તની છે. (મોકલનાર: હસમુખ ડી. શાહ-નાકુર, માધવજી ડાહ્યા-ઇરિંગા, સૂર્યકાન્ત દેસાઈ અને ઉષા તથા દીપક-દારે-સલ્લામ). જમણી તરફની ત્રણ ટિકિટોમાં પહેલી આયર્લૅન્ડની અને બીજી ઝાંઝિબારની 'ભૂખનિવારણ' આંદોલન નિમિત્તની ટિકિટો છે. (મોકલનાર: ડૉ. રજનીકાંત વૈદ્ય-નેલ્સન અને પ્રતાપસિંહ પરમાર-વેટે-પેમ્બા). છેલ્લી ઇથિયોપીઆની નવી બહાર પડેલી એક રંગીન ટિકિટ છે.









આ વિષે વધુ પ્રયોગો કરી જોયું કે જાતભેદે માછલીઓની ગંધપરખ શક્તિનું પ્રમાણ વત્તુંઓછું હોય છે. એમણે એક સરળ પ્રયોગ કર્યો. માછલીને એમણે અમુક જીવડાંનો ખોરાક આપવા સાથે અમુક ગંધ પણ પાણીમાં પ્રસરાવવા માંડી. આ અજાણ્યા ખોરાક સાથે જ પેલી ગંધ પણ આવતી હોઈ માછલીઓ એને આ જીવડાં સાથે જ સાંકળવાને ટેવાઈ ગઈ. એ પછી ડૉ. ટિકમાને એકલી ગંધ જ પ્રસરાવીને જોયું તો પોતાનો ખોરાક આવ્યો છે એમ સમજી તુરત માછલીઓ ગંધની દિશામાં દોડી જવા લાગી હતી. પેકિન્સ માછલીઓ એ ગંધથી એવી ટેવાઇ ગઇ હતી કે પાણીમાં એનું પ્રમાણ ૬૭૦ લાખના ભાગ જેટલું મંદ પાડવા છતાં પણ એ એને પરખી જતી!

ટ્રાઉટ માછલી તો આથી યે વધુ તીવ્ર શક્તિ ધરાવે છે. પાણીમાં ૯૯,૦૦૦ લાખમા ભાગ જેટલી મંદ ગંધ પણ એ પકડી લે છે. લીંબુની વાસ ફક્ત ૪ લાખમા ભાગથી ઓછી હોય તો માણસ એ ઓળખી ન શકે. એ હિસાબે માછલીઓની આ શક્તિ ગજબની જ કહેવાય.

ઈલ માછલીની ગંધપરખ શક્તિ કદાચ તીવ્રતમ જણાઈ છે. યુરોપના સૌથી મોટા કૉન્સ્ટન્સ સરોવર કરતાં યે ૫૮ ગણા મોટા જળાશયમાં માત્ર એક ઘન સેન્ટીમીટર જેટલું અત્તર નાખવામાં આવે તો એટલા અતિમંદ દ્રાવણમાંની સુગંધ પણ આ ઈલ પારખી લે છે. પોતાના શિકારની ૭,૮૮,૦૦૦ કરોડમા ભાગ જેટલી મંદ ગંધ પણ પારખી લઇને એના ભણી એ દોડી જાય છે. ઈલનાં અતિ લાંબા અંતરનાં સ્થળાંતરો પાછળ એની આ શક્તિ પણ કામ કરે છે. દરિયામાં ભળતા નદીના પાણીની પણ એને વાસ આવે છે ને એને અનુસરીને એ એમાં પ્રવેશે છે. સામન માછલીઓ નદીના પાણીની વાસ પારખીને જ પોતાના મૂળ સ્થાનકે આવે છે. ('ગ્લોબલ')

'શ્રીકૈલાસ' શિખરનાં આરોહકો


ગઈ ૧૪મી મેએ 'પરિભ્રમણ' સંસ્થા તરફથી ૪૨ જેટલાં ગુજરાતી પર્વતારોહકોની એક ટુકડી ગંગોત્તરી બાજુએ આવેલા ૨૨,૭૪૨ ફીટ ઊંચા 'શ્રીકૈલાસ' નામના હિમશિખરનું આરોહણ કરવા ગએલી તેમાંની કુમારી કોકિલા મહેતા (ઉમર ૨૨) તથા નંદિની મહેતા (ઉમર ૨૦), એમ બે બહેનોએ ને શ્રી રજની પટેલ (ઉમર ૨૬) નામના એક ભાઇએ તા. ૧૨-૬-૬૩ના રોજ શ્રીકૈલાસ શિખરનું સફળ આરોહણ કર્યું છે આ માટે એમને ધન્યવાદ ઘટે છે.

ઉપરના સમાચાર વાંચી જિતાએલા હિમશિખર શ્રીકૈલાસ વિષે લોકો ભ્રમણામાં પડે છે. કેટલાક લોકો આ શ્રીકૈલાસને તિબેટમાં માનસરોવર બાજુએ આવેલા-ભગવાન શંકર અધિષ્ઠિત-કૈલાસ પર્વત સમજે છે; પણ પ્રસ્તુત શ્રીકૈલાસ એ હિમાલયની ભારત બાજુએ આવેલો છે, જ્યારે પરાપૂર્વ-પ્રસિદ્ધ કૈલાસ હિમાલયની બીજી બાજુએ આવેલો છે, અને હજુ સુધી તે કોઈ પણ માનવીથી પાદાક્રાંત થયો નથી.

(પ્રબુદ્ધ જીવન) —પરમાનંદ કાપડિયા

કૌશલ(જાદુ)કળા-૭ / વિચિત્ર મણકાઓ


સળંગ દોરીમાં પરોવેલા મણકાઓને અદ્ભુત રીતે છૂટા પાડવાનો આ પ્રયોગ જેટલો સરળ તેટલો જ અસરકારક છે. રહસ્ય તદ્દન મામૂલી હોવા છતાં ચતુર પ્રેક્ષક પણ તેને પામી શકતો નથી. તેથી જ દેશી મદારીઓમાં અને રંગમંચ પર ખેલ કરતા જાદુગરોમાં તે એકસરખો પ્રચલિત છે. આ ખેલ મૂળ ભારતમાં જ શોધાએલો હોઈ પરદેશમાં તે Indian bead mystery ને નામે પ્રચલિત છે.



જાદુગર એકસરખા માપના દોરીના બે ટુકડા લે છે. એમાં પ્રથમથી જ લાકડાના ત્રણ મોટા મણકા પરોવી રાખેલા છે. જાદુગર પ્રેક્ષકોને એ નજીકથી પણ બતાવે છે.

આ પછી એ કોઈ પણ બે પ્રેક્ષકોને પાસે બોલાવી, સામસામે ઊભા રાખી એમની પાસે પેલી દોરીના છેડાઓ પકડાવે છે. [આ. ૧] હવે જાદુગર તેમાંનો એકેક છેડો લઇને મજબૂતી ખાતર મણકા પાસે બે-ત્રણ ગાંઠ લગાવી દે છે. આથી બન્ને પ્રેક્ષકોના હાથમાં હવે એકેક છેડો રહે છે જેમાં વચ્ચે પેલા મણકાઓ અને દોરીની ગાંઠ લટકતા રહે છે. [આ. ૨] જાદુગર પ્રેક્ષકોને સાવધાન કરી 'એક... દો... તી... ન' એમ બોલતાં જ વચલા મણકા પર પોતાની જાદુઇ લાકડી ફટકારે છે. ત્યાં તો પેલા મણકા જમીન પર આવી પડે છે. ને દોરી? એ તો એ લટકે! એનો એક એક છેડો પ્રેક્ષકોના હાથમાં જ છે ને બીજાની જે ગાંઠ મારી હતી એ એમ જ અકબંધ છે. [આ. ૩] પ્રેક્ષકો અવાક્ થઇ જાય છે.

રહસ્ય : બન્ને દોરીઓ જેમ શરૂઆતમાં જણાય છે તેમ સળંગ નથી, (નીચેની આકૃતિ જુઓ.) પરંતુ વચ્ચેથી બેવડી વાળેલી છે.



વળાંક આગળથી પાતળા દોરા વડે એ બન્નેને બાંધી રાખી છે. આ જોડાણ પર વચલો મણકો આવી જાય છે તેથી બન્ને દોરીઓ સળંગ લાગે છે. જાદુઇ લાકડીના ફટકાથી પેલો પાતળો દોરો તૂટી જાય છે અને દોરી ખેંચાતાં મણકા સરી પડે છે. બે છેડાની ગાંઠ વાળવી અનિવાર્ય છે તે હવે સમજાયું હશે.

નિરંજન ઠક્કર

અનુસંધાન] **આહાર અને આરોગ્ય** [પૃ. ૨૯૯થી

નથી. પ્રાણીઓમાં આથવણોથી તેનું વિભાજન થાય છે, તેમનાં આંતરડાંમાં રહેલાં જીવાણુઓ દ્વારા તેનું અન્નશક્તિમાં રૂપાંતર થાય છે અને તેમનાં વિશાળ આંતરડાંમાં ખોરાક ધીમેથી પસાર થતો હોવાથી તેને પાચનનો પૂરતો સમય મળી રહે છે.

છતાં આપણને આંતરડાંમાં ખોરાકના અવશેષો તથા મળનું કદ વધારી મળોત્સર્ગની ઉત્તેજના વધારનાર તરીકે કાષ્ઠકની જરૂર તો છે જ. આથી અશોષણીય એવા 'અગર-અગર'નો બંધકોશની સારવારમાં સફળતાથી ઉપયોગ થાય છે. માનવીનાં ખાદ્યોમાં કાષ્ઠકસમૃદ્ધ ખોરાક તે શાકભાજીઓ, ફળો અને આખા શૂકધાન્યો છે. અનાજનાં છોડાંમાં પણ કાષ્ઠક છે. માટે જ છડેલી દાળને બદલે છોડાંવાળી દાળ ખાવી હિતાવહ છે. વળી ડૉ. કેયાન કહે છે કે આંતરડાંમાં કાષ્ઠકની હાજરીથી વિટામિન 'બી-૧'ની સંશ્લેષણાને ઉત્તેજના મળે છે.

ખાઈ શકાય એવી લીલી શાકભાજીઓ (જેવી કે લૂણી, પાલખ, મૂળા, સુવા) કાચી ખાવાની છે. એમાં આવેલાં આથવણો કાષ્ઠકને તોડતાં હોવાથી તે સુપાચ્ય છે. રાંધવાથી આ આથવણો નાશ પામે છે. કરેપાક, લીલા લસણનાં પાંદડાં વગેરે ચટણી માટે લસોટવાથી એમનાં અપાચ્ય કાષ્ઠકોમાંથી પોષકદ્રવ્યો છૂટે છે જે પોષણદાતા નીવડે છે.

શારીરિક અને આર્થિક દૃષ્ટિએ કાર્બોહાઇડ્રેટ મિતવ્યયી—કરકસરિયાં—ખાદ્યો છે. ખોરાકની સુવિધાવાળા દુનિયાભરના મોટા ભાગના દેશોમાં પ્રોટીન અને ચરબી કરતાં કાર્બોહાઇડ્રેટનું પ્રમાણ વધારે રહે છે. શરીરને ગરમી અને શક્તિ તેમાંથી મળતાં હોવાથી વિશાળ માનવસમુદાયનાં એ પાયાનાં ખાદ્યો છે; પણ એમના વધારે પડતા આહારથી શરીરનો ઈષ્ટમાન (ઑપ્ટિમમ) વિકાસ અને શારીરિક કાર્યક્ષમતા સધાતાં નથી. (હવે પછી 'પ્રોટીન')

આ માસ (જુલાઇ) ઇતિહાસમાં • વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

વ્ય. વિ. સર ટૉમસ સ્ટૅમ્ફર્ડ રૅફલ્સ



'જેમજેમ મારો વિરોધ થતો જશે, મારી યોજનાઓ ઊંધી વળાશે, એને સાવ ભૂસી નખાશે કે એ-થી તદ્દન ઊલટો જ વ્યવહાર થશે તેમ તેમ હું મારા મત-ને વધુ ચુસ્તતાથી વળગતો જઈશ, કેમકે મને ખાતરી છે કે હું ખરોજ છું.'

હમણાં નવા રચાનારા રાષ્ટ્ર મલયેશિયાના સમવાયમાં જોડાવામાં પોતાની આર્થિક સ્વ-તંત્રતાના નિમિત્તે જેણે વાંધો લીધો છે તે સિંગાપોરના આદ્ય સ્થાપક, ધીટ અને કૃત-નિશ્ચયી સર સ્ટૅમ્ફડ રફલ્સના આ શબ્દો છે.

ઈ. ૧૮૧૮માં જોહોરના સુલતાન પાસેથી મેળવેલા માછીમારોના એક ગામડા જેવા કાદવિયા ને ભેજયુક્ત સિંગાપોરને વિરલ ગણાય એવી ઝડપે એક ધમધમતું બંદર અને સમૃદ્ધ સંસ્થાન બનાવનાર ઇંગ્લંડના એ સપૂ-તનો જન્મ, જમૈકાથી દૂર મધદરિયે ઈ. ૧૭-૮૧ની ૫મી જુલાઇએ થયો હતો. ૧૪ વર્ષની વયે તે ઈસ્ટ ઇંડિયા કંપનીની લંડનની મધ્યસ્થ કચેરીમાં કારકુન બન્યા. ૨૫ વર્ષની વયે કંપ-નીના પિનાંગ સંસ્થાન પર આવ્યા. ભાષા-ઓનો શૉખ હોઈ ફ્રેંચ તો એમણે નાનપણમાં જ શીખી લીધું હતું. પિનાંગ આવીને અહીં-ની ભાષા પણ શીખી લીધી.

તે પછી અસ્વસ્થ તબિયતને કારણે એને મલાક્કા જવું પડ્યું. ત્યાંથી ઈ ૧૮૧૧માં જાવા-ના ગવર્નર બન્યા પછી અણે એ આખો ટાપુ બ્રિટિશ અમલ તળે આણી દીધેલો. એટલું જ નહિ ત્યાંના સમાજજીવનમાં ઘણા પ્રગતિ-ગામી સુધારા પણ કર્યા. ૧૮૧૫માં જાવા ને મલાક્કા તેના અસલ માલિક ડચ લોકોને પાછા સોંપાતાં એમને ઇંગ્લંડ બોલાવી લેવાયા. ૧૮-૧૬માં એમને 'નાઇટહુડ' મળ્યું. ઇંગ્લંડમાં રહી બે વર્ષ સુધી એમણે ઈસ્ટઇંડિઝ ટાપુઓ-ના ઇતિહાસ, ભૂગોળ પ્રાકૃતિક વિશેષતાઓ અને પુરાતત્ત્વનું ઊંડું અધ્યયન કર્યું.

ઈ. ૧૮૧૮માં બેન્કૂલનના ગવર્નર તરીકે તે પૂર્વમાં આવ્યા ત્યારે ડચ લોકો એ બાજુ ફરી પગદંડો જમાવવા લાગેલા. એમને પછાડ આ-પવા કંપનીના નિર્ણયની ઉપરવટ જઇને પણ એમણે જોહોરના સુલતાન પાસેથી સિંગાપોર-નો એ વખતનો કંગાળ ટાપુ ખરીદી લીધો. એ સમુદ્ર વિસ્તારમાં ચાવીના સ્થાને આવેલા સિંગાપોરના એ ટાપુનું આજનું ભૌગોલિક મહત્ત્વ જોતાં એમણે કેટલી દૂરંદેશી વાપરી હતી એ સમજી શકાય છે. સિંગાપોરનો લગ-ભગ સમસ્ત વિકાસ એમના જ પુરુષાર્થ અને વહીવટને આભારી છે.

પણ વિષુવવૃત્તીય આબોહવા એમને ન સદી. તનતોડ મહેનતે પણ એમનું શરીર ભાંગી નાખ્યું. એમનાં ચાર સંતાનો પણ આ જ પ્રદેશોમાં મરી ગયાં. ૧૮૨૪માં તે ઇંગ્લંડ પાછા ફર્યા. રસ્તામાં વહાણમાં આગ લાગતાં એમના અભ્યાસનો સંગ્રહ, લખાણો વગેરે બધું પણ ખાક થઈ ગયું. આ બધા આઘાતો-થી તબિયત ખલાસ થઈ ગઈ અને ઈ. ૧૮૨૬-ની ૫મી જુલાઇએ એમનું અવસાન થયું. જીવ-નનાં છેલ્લાં વર્ષોની એમની મહત્ત્વની કામ-ગીરી તે ઇંગ્લંડની 'ઝૂઓલૉજિકલ સોસાઍટી'-ની સ્થાપના તથા એ વખતમાં નવી સ્થપાએલી આજની જગતવ્યાપી સંસ્થા 'બાઇબલ સોસાએટી'નું પ્રમુખપદ.

કંપનીની વેપારુ અને રૂઢિચુસ્ત વિચારસર-ણીથી એમના વિચારો ઘણા આગળ હોઈ કંપનીને તે અમુકાંશે 'મનસ્વી' લાગતા. નોક-રીમાંથી નિવૃત્ત થયા ત્યારે એમના કાર્યની કદર બૂઝવાને બદલે કંપનીએ એમણે કરેલી 'સાહસિક' પ્રવૃત્તિઓ માટેનું ૨૭,૦૦૦ પાઉન્ડ-નું લેણું કાઢ્યું! સિંગાપોરમાં બ્રિટિશ હિતો સ્થિર કરવા માટે એમણે કરેલા કેટલાક ખર્ચ-નો પણ એમાં સમાવેશ હતો.

સ્વભાવે પ્રેમાળ ને ઋજુ. ભાષાશાસ્ત્ર, પ્રકૃતિવિજ્ઞાન અને પ્રાણિવિજ્ઞાન વગેરેના શૉખીન, ગુલામીની પ્રથાના વિરોધી અને પૂર્વના દેશોનું ઊંડું ને સર્વાંગી જ્ઞાન ધરાવનાર એમણે નાજુક તબિયત છતાં જીવનની એક પણ પળ વેડફાવા દીધા વિના પૂર્વમાં બ્રિટિશ હિતો સ્થાપવા માટે અખૂટ ખંતપૂર્વક જે અવિશ્રાંત પ્રયત્નો કર્યા એના પાયા પર જ એક સદીનું અહીંનું બ્રિટિશ રાજ સરજાયું હતું.

પ્રસંગવિશેષ: બંગાળની સ્વતંત્ર રાજવટનો અંત. ૧૨મી જુલાઈ, ૧૫૭૬

ભારત સમગ્રના ઇતિહાસને પડછે ગૌડ દેશ–બંગાળનો પ્રાંતીય ઇતિહાસ અસ્પષ્ટ છે. ઉત્તર ભારતમાં પ્રસરેલા આર્યો ત્યાં પહોંચ્યા નથી. હર્ષવર્ધનથી મૌખરી રાજાઓ સુધીનો ઇતિહાસ પણ સ્પષ્ટ નથી. એ વખતે ત્યાં બૌદ્ધ ધર્મ પ્રચલિત હતો. આદિસૂરે કનોજથી બ્રાહ્મણો બોલાવી ત્યાં બ્રાહ્મણધર્મની પુનઃસ્થાપનાના પ્રયત્નો કરેલા, પણ રાજકીય અસ્થિરતાથી ત્રાસી પ્રજાએ આખરે ઈ. ૭૫૦ની આસપાસમાં ગોપાલ નામે એક રાજા ચૂંટ્યો. એના પુત્ર ધર્મપાલે લાંબો વખત રાજ કરી પોતાની સીમા પણ વધારી. વિક્રમશીલાની વિખ્યાત બૌદ્ધ વિદ્યાપીઠ એણે સ્થાપેલી. શુદ્ધ બૌદ્ધ તત્ત્વજ્ઞાનથી દૂર એવા મહાયાન પંથના હીન સ્વરૂપ જેવો બૌદ્ધ ધર્મ ત્યારે પળાતો હતો. ધર્મપાલ અને એના પુત્ર દેવપાલે મળીને લગભગ એક આખી સદી સુધી રાજ કર્યું. એમના નામને છેડે 'પાલ' આવતો હોઈ તેઓ પાલવંશી રાજાઓ ગણાયા. આ વંશના નવમા રાજા મહિપાલના વખતમાં દક્ષિણના મહેન્દ્ર ચોલે બંગાળ પર આક્રમણ કરેલું. મહિ-પાલના પુત્ર નયપાલના વખતમાં 'અટિસા'નું મંડળ ધર્મપ્રચારાર્થે તિબેટ ગએલું.

ચોલ આક્રમણ પછી સત્તા વધારતા ગએલા દક્ષિણના સેનવંશમાં બલ્લાળસેન વિખ્યાત રાજા હતો. ભારતના જ્ઞાત ઇતિહાસમાં આ પાલ અને સેન વંશ જ કદાચ બે એવા રાજવંશ છે જે પેઢીઉતાર સળંગ સાડા ચાર સદીઓ સુધી ટક્યા હતા. સેન વંશનો છેલ્લો રાજા લક્ષ્મણ-સેન નદિયામાં રાજ કરતો હતો. સોદાગરના વેષમાં છેક એના મહેલમાં એકાએક ઘૂસી જઈ મહમ્મદ ખિલજીએ એને મારવાનો પ્રયત્ન કર્યો. ચેતી ગએલો લક્ષ્મણસેન ઢાકા તરફ નાસી ગયો, જ્યાં એના વંશજોએ કેટલોક વખત ઠકરાતો ભોગવી. દિલ્હીના કુત્બુદ્દીનના પ્રોત્સાહનથી મહમ્મદે નદિયાનો નાશ કરી ગૌડ (લક્ષ્મણપુર)માં પોતાની રાજધાની સ્થાપી. ત્યારથી આરં-ભાએલું એ મુસલમાન રાજ પણ દિલ્હીથી ઘણું દૂર હોઈ લગભગ સ્વતંત્ર જ હતું. દિલ્હીમાં કોઇ શક્તિશાળી પાદશાહ આવે ને માગે તો થોડું નજરાણું આપી આ મુસલમાન રાજાઓ પોતાની સ્વતત્રતા ટકાવી રાખતા. એમાં છેલ્લો સ્વતંત્ર રાજા હતો અફઘાન વંશનો દાઉદખાન. એણે અકબરની સત્તાને નકારી. એ એવો તો માથાભારે હતો કે એની ઉદ્ધતાઇને ઠેકાણે લાવવા ખુદ અકબરને ભરચોમાસે ચડાઈ કરવી પડી. અકબર એને હરાવી પાછો ફર્યો, પણ પાછળ એના સેનાપતિએ સંધિમાં નરમાશ બતાવી. દાઉદખાને ફરી તાકાત મેળવી લીધી ને પછીનાં બે વર્ષ દિલ્હી સામે લડ્યો. આખરે ઈ. ૧૫૭૬ની ૧૨મી જુલાઇએ એ હાર્યો, એનો વધ થયો. બંગાળની સ્વતંત્ર રાજવટ પૂરી થઈ. બંગાળ મુઘલ સલ્તનતનો ભાગ બન્યું ને ત્યાં મુઘલ સુબો નીમાયો. પ્લાસીના યુદ્ધમાં અંગ્રેજોએ પણ એવી જ સરળતાથી જીત મેળવી હતી.

અથાણું

નિજ ઘરનું પરનું વરે, ત્યાં તેવો મન રંગ;
દરજી પહોળું વેતરે, મોચી વેતરે તંગ.
—દલપતરામ

વિદ્યાર્થીકાળમાં સ્વામી રામતીર્થ રાત્રે વાંચવા માટેના તેલનું ખર્ચ ઓછાં કપડાં વાપરીને કે એક ટંક ભોજન વિના ચલાવીને કાઢતા. કૉલેજની એમની તેજસ્વી કારકિર્દીથી મુગ્ધ થએલા પ્રિન્સિપલે એમને સિવિલ સર્વિસની પરીક્ષા માટે મોકલવાનું નક્કી કર્યું. એની જાણ થતાં એમણે નમ્રતાથી પ્રિન્સિપલને કહ્યું: 'સાહેબ, જ્ઞાનનો મારો પાક 'વેચી' દેવા નહિ પણ 'વહેંચી'ખાવા માટે મેં પરિશ્રમ કર્યો છે; એટલે હકૂમતી અમલદાર થવા કરતાં હું સામાન્ય શિક્ષક જ થવાનો છું.'

ગણિતગમ્મત: ત્રણ ક્રમિક બેકી સંખ્યાઓમાં પહેલી અને છેલ્લી સંખ્યાઓનો ગુણાકાર વચલીના વર્ગ કરતાં '૪' જેટલો ઓછો હોય છે. દા. ત. ૪, ૬, ૮, એમાં ૪×૮=૩૨; ૬×૬=૩૬; તફાવત ૪. બીજો દાખલો: ૧૦, ૧૨, ૧૪. એમાં ૧૦×૧૪=૧૪૦; ૧૨×૧૨ ૧૪૪; તફાવત ૪. —સુરેશ ઠાકર(બડોલી)

અનેકાર્થી શબ્દ: 'ભોગ'=મોજમજા-ભોગવવું તે; ભોગવવાની સામગ્રી; દેવને ધરાવવાનો પ્રસાદ; અમલ; બલિદાન; શિકાર, ભક્ષણ; અપૂર્ણાંકમાં ઉપલો અંશ; આવક; સ્તંભાકારે ગોઠવેલો સૈન્યનો વ્યૂહ; કબજો; રેખાંશ-લૉન્જિટ્યૂડ; ગાળ-અપમાન; નક્ષત્રનું પસાર થવું તે; પ્રભાતિયું; પ્રારબ્ધ: પાપ પુણ્યનું ફળ; સર્પની ફેણ; પાંથી-સેંથો, ભાડું; ભાન, અનુભવ.


કહેવતોના અર્થ: 'કડવી કારેલી ને લીમડે ચડી!'–મૂળે કડવી વસ્તુ અને પાછી કડવાનો સહારો પામી, એટલે એની કટુતામાં શી મણા રહે?–એ દર્શાવતું આ સુંદર રૂપક કેવા પ્રકારના માણસો માટે વપરાય છે તે સહજ સમજી શકાય એવું છે. ઉદ્ધતને ઉત્તેજન મળે, અભિમાનીના હાથમાં સત્તા આવે, નાગાને મળતિયા મળે, ત્યારે તેનું જે ચડી વાગે ને કાબૂ બહાર જાય એ દર્શાવવા જ્ઞાની કવિ અખાએ એક છપ્પામાં આના જેવી જ ચોટદાર અનેક ઉક્તિઓ સમાવી છે:

ઓછું પાત્ર ને અદકું ભણ્યો,
વઢકણી વહુએ દીકરો જણ્યો;
મારકણો સાંઢ ને ચોમાસું મ્હાલ્યો,
કરડકણી કૂતરીને હડકવા હાલ્યો;
મર્કટ ને વળી મદિરા પીએ,
અખા એથી સૌ કો બીએ.

ખાળના મોંમાંથી અળસિયાં આવતાં હોય તો મીઠું છાંટી રાખવું. અળસિયાં પર મીઠું છાંટશો તો થોડી વારમાં તેના શરીરનું વિસર્જન થઇ જશે. (જ. પ્ર.)

વીજળીની પહેલી શોધ ઈ. ૧૭૯૯માં ઈટાલિયન વિજ્ઞાની 'વૉલ્ટા'એ કરી. આજે વિદ્યુત્પ્રવાહના એકમને 'વૉલ્ટેજ' તરીકે ઓળખવામાં આવે છે તે તેના જ નામ પરથી.

ટાંકણી, સોય ખોસવા માટે કાંઈ ન મળેતો એકાદું મોઢું બૂચ રાખોને! ખોવાતાં અટકશે.



કલાકણિકા: કલાના નવોત્થાનકાળની જર્મનીની સુશોભિત ખુરશીનાં બે દૃશ્ય. ડાબી બાજુ પીઠ પરનું રત્નજડિત શોભનકામ દર્શાવતું સંમુખદર્શન આપ્યું છે; જમણી બાજુ: પડખેનું દર્શન છે.

આપણા લોહીને આખા શરીરમાં ફરી વળતાં પંદર સેકંડ લાગે છે. તેનું ભ્રમણ એક મિનિટે ૨૦૭ વારનું થાય છે; એક કલાકે તે લગભગ ૭ માઈલનું, એક દિવસે ૧૬૮ માઈલનું અને એક વર્ષે ૬૧૩૨૦ માઈલનું થાય છે।

જાણીતો લેખક વિલિયમ હૉવેલ્સ અતિશય જાડો હતો. પણ બધા જાડા માણસો હોય છે તેમ રમૂજી પણ ઘણો હતો. એક વાર તેનો એક લાંબો ને દોરડી જેવો દૂબળો મિત્ર તેને મળવા આવ્યો. તેણે વાતવાતમાં કહ્યું, 'હૉવેલ્સ, હું જો તારા જેટલો જાડો હોત ને, તો આપઘાત જ કરત.'

હૉવેલ્સે જવાબ આપ્યો. 'એમ? તો ભલે, હું હવે જ્યારે આપઘાત કરવાનો વિચાર કરીશ ત્યારે દોરડા તરીકે તારો ઉપયોગ કરીશ.'

'મારો કૂતરો ખોવાઈ ગયો.'
'તો છાપાંમાં જાહેરખબર આપોને.'
'પણ એ બીચારો વાંચી ક્યાં શકે છે?'

ઘરાક (હોટેલવાળાને કટાક્ષમાં): આ માખી મારી ચામાં પડીપડી શું કરે છે?

હોટેલવાળો (ઠંડકથી): તરતાં શીખતી લાગે છે, સાહેબ.

ટ્રેનમાં મુસાફરી કરતા ભૂલકણા પ્રોફેસર પાસે ચેકરે ટિકિટ માગી. પ્રોફેસર તે શોધતાંશોધતાં ગભરાઈ ઊઠયા. એટલે ચેકરે કહ્યું: 'ફિકર નહિ, પ્રોફેસર સાહેબ. હું તમને ઓળખું છું. જડે ત્યારે નિરાંતે બતાવજો.'

પ્રોફેસર: એ તો બરોબર; પણ હું તો એ વિમાસું છું કે હું કયે ગામ જઈ રહ્યો છું.

યુવાન શેઠે નવા સેક્રેટરીને કહ્યું: 'આવતા રવિવારે મારે જેમને જેમને મળવાનું ડાયરીમાં લખેલું હોય તે સૌને જણાવી દ્યો કે એ મુલાકાત રદ કરવામાં આવે છે.'

રવિવારે જેની સાથે શેઠનાં લગ્ન થવાનાં હતાં તેનું નામ પણ ડાયરીમાં હતું; એટલે સેક્રેટરીએ તેને પણ જણાવી દીધું કે તમારી સાથેની આજની મુલાકાત રદ છે!

પ્રોફેસર: કદાચ મારી ભૂલ થતી હશે મિસ્ટર; પણ મને લાગ્યું કે તમે કલાસમાં વાતો કરતા હતા.

વિદ્યાર્થી: આપની ભૂલ જ થાય છે સાહેબ; મને ઊંઘમાં બકવાની ટેવ નથી.

નવી કહેવતો

પહેલું સુખ તે જાતે વર્યા.
દીકરી ને ગાય, માથું મારીને ખાય.
ટ્રામ ગઈ ને પાટા રહ્યા.
કલાકનું ઊંઘવું ને સાહેબનું આવવું.
કાનને પણ ભીંત હોય છે.
'છોટમ'



વિસામો

ફોટો · નરેન્દ્ર અ. વોરા